
પર્યુષણ વિશેષાંક


# કલ્યાણ



★ વર્ષ ૧૫ : અંક : ૬-૭ ★

સંપાદકઃ સોમચંદ ડી. શાહ

ઘોઘા [સૌરાષ્ટ્ર] તીર્થ : શ્રી ડાહ્યાલાલ એસ. દોશી— મહેસાણાના સૌજન્યથી



•

લાલબાગ-ભૂલેશ્વર મુંબઇ ખાતે શ્રી મહાવીર સ્વામીના જિનાલયમાં પૂ. પંન્યાસજી મ. શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવરના સ્વર્ગારોહણ નિમિત્તે પ્ર. શ્રાવણ શુદી ૭ થી શુદિ ૧૫ સુધી જે અષ્ટોત્તરી શાંતિસ્નાત્રનો ભવ્ય મહોત્સવ ઉજવાયેલ તેનાં બે દશ્યો.

(૧) શુદિ ૧૫ ના ઝવેરાતની ભારે આંગી રચાયેલી તેનું દશ્ય.

(૨) અષ્ટોત્તરી શાંતિસ્નાત્રના પ્રસંગનું દશ્ય.

મહોત્સવના આઠે દિવસોમાં ઝવેરાતની ભવ્ય આંગી રાધનપુરનિવાસી ભાઇ રમણિકલાલ રચતા હતા.

•



વર્ષ : ૧૫ સપ્ટેમ્બર-ઓકટોબર અંક ૬-૭

# કલ્યાણ

## મનની શુદ્ધિનું મહાપર્વ

વૈદ્યરાજશ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

કાયાને વળગેલો મેલ માનવીને એક પળ માટે ય નથી ગમતો અને જેને ગમતો હોય છે તેને આપણે એદી કહીએ છીએ.

અને કાયાનો મેલ દૂર કરવા માટે આપણે કેટલી કાળજી રાખીએ છીએ ? પુરતા પાણીથી નહાઇએ છીએ, મેલ ઝટ દૂર થાય એટલા ખાતર ગરમ પાણીનો પણ ઉપયોગ કરીએ છીએ, સારો સાબુ વાપરીયે છીએ, ખૂબ ચોળીને નહાઇએ છીએ અને છેવટે અંગને ઘસીને લુછીએ પણ છીએ.

આટલી આટલી માવજત કરવા છતાં બીજે દિવસે કાયા પર મેલ વળગેલો જ હોય છે, અને આપણો કાર્યક્રમ પણ એ મુજબ ચાલતો જ હોય છે. અર્થાત્ એવી ને એવી કાળજીભરી સ્નાનક્રિયા !

અને કદાચ સમયના અભાવે એકાદ દિવસ સ્નાન ન થયું તો તે દિવસે રાતે મીઠી નીંદર નથી આવતી.

આમ કાયાનો મેલ દૂર કરવાનો આપણો પ્રયત્ન ચાલ્યા જ કરે છે.

પણ મનને વળગતા મેલને ધોવાનો પ્રયત્ન આપણે કયારે કરીએ છીએ ?

પર્યુષણ પર્વનું તાત્વિક રહસ્ય કોઇ હોય તો તે એક જ છે કે મનનો મેલ ધોઇ નાખી મનને નિર્મળ બનાવવું, વિશુદ્ધ બનાવવું, મનને વળગેલી રજ દૂર કરવી.

અને મનનો મેલ ધોવાનું આવું પર્વ સામુદાયિક રીતે વર્ષમાં આઠ દિવસ પુરતું જ આવે છે.

આમ તો પર્વની યોજના રોજની હોય છે. પાપથી પાછા વળવાની એક આવશ્યક ક્રિયા પ્રતિક્રમણના રૂપે હંમેશ આદરવાની હોય છે.

પણ આપણા કમનશિબ છે કે આપણે કાંતો ક્રિયા પ્રત્યે શ્રધ્ધાની નજરે જોતા નથી અથવા ગતાનુગતિક ભાવે જ આચરતા હોઇએ છીએ.

શરીરનો મેલ સ્વચ્છ કરવાને સાબુ ખાવાથી જેમ ધાર્યું પરિણામ લાવી શકાતું નથી, તેમ મનનો મેલ ધોવાની ક્રિયાનો હેતુ સમજ્યા વગર પ્રયત્ન કરવાથી ધાર્યું પરિણામ મેળવી શકાતું નથી.

સંસારભરની વિધવિધ સંસ્કૃતિએ પોતપોતાનાં પર્વોને વિધવિધ સ્વરૂપે રજુ કર્યાં છે, પરંતુ જૈનોની શ્રમણ સંસ્કૃતિએ પોતાના નાનાં-મોટાં તમામ પર્વોની યોજના એક જ રંગવાળી કરી છે. એ રંગનું નામ છે ત્યાગ.

ત્યાગ એ મનનો મેલ ધોવાનું જળ છે.

તપ એ મનનો મેલ ધોનારો સાબુ છે.

જ્ઞાન એ મનનો મેલ ધોવામાં સહાયક થતી દૃષ્ટિ છે.

શ્રધ્ધા એ મનનો મેલ ધોવાનું પાત્ર છે.

પાત્ર વગર જળ કે સાબુ રાખી શકાતો નથી, તેમ શ્રધ્ધા વગર ત્યાગ, તપ અને જ્ઞાનનો શુધ્ધ ઉપયોગ કરી શકાતો નથી.

જૈનોના પ્રત્યેક પર્વોમાં આ વાત સહજ ભાવે પડેલી છે.

પાંચ તિથિ ગણો, દસ તિથિ ગણો કે બાર તિથિ ગણો ! ઓળી ગણો, ઉત્સવ ગણો કે વિશિષ્ટ પર્વો ગણો...બધાયનો હેતુ એક જ છે કે મનનો મેલ ધોવા માટે પુરુષાર્થ કરવો.

અને આ બધી પર્વ તિથિઓના સમ્રાટરૂપે પર્વાધિરાજ પર્યુષણ ગણાય છે. કારણ કે એક સાથે આઠ દિવસ સુધી આરાધના કરવાની હોય છે. અને તપ, ત્યાગ, જ્ઞાન અને શ્રધ્ધા વડે આભ્યંતર કચરો સાફ કરી જીવનને કંચન જેવું બનાવવાનું હોય છે.

આપણા પર્વોનો આ આદર્શ છે.

પણ........

કઇ જીભે કહેવું કે આપણી ભાવના આજ ફુટેલાં પાત્ર જેવી બની ચૂકી છે !

કઈ કલમે લખવું કે આપણે આજ એટલા આંધળા બની ગયા છીએ કે વસ્તુને વસ્તુ તરીકે ઓળખી પણ શકતા નથી !

પર્યુષણ આવ્યાં........

કેટલીક વર્ગ એમ જ માનશે કે આ પર્વો ક્યારે પતી જાય? ક્યારે આ બધી જુનવાણી પ્રથા પૂરી થાય !

વર્ષ ૧૫ઃ અંકઃ ૬-૭ શ્રાવણ-ભાદરવો ૨૦૧૪ ઓગસ્ટ-સપ્ટેમ્બર ૧૯૫૮

## ★ વિ ષ યા નુ ક્ર મ ★


કેટલુંક કહેવા જોગું — સંપાદકીય ૩૪૪
મનશુદ્ધિનું મહાપર્વ — શ્રી મોહનલાલ ધામી ૩૪૫
સામાયિક વ્રત — પં૦ શ્રી ભદ્રંકરવિજયજી મ૦ ૩૪૮
નંદનવનનાં પુષ્પો — શ્રી સૂર્યશિશુ ૩૫૧
ફુલ અને ફોરમ — પં૦ શ્રી પ્રવીણવિજયજી મ૦ ૩૫૩
શંકાસમાધાન — આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ૦ ૩૫૬
રાજદુલારી — શ્રી મોહનલાલ ધામી ૩૫૯
મોતી છોડી છીપમાં રાચે છે — શ્રી ચાંપશીભાઇ ઉદેશી ૩૬૯
સુખની ચાવી — મુનિરાજ નિત્યાનંદવિજયજી ૩૭૦
મનન માધુરી — શ્રી વિમર્શ ૩૭૩
મધપૂડો — શ્રી મધુકર ૩૭૬
ધર્મ અને ક્રિયા — ડૉ૦ વલ્લભદાસભાઇ ૩૮૨
કથા કલ્લોલિની — પં૦ શ્રી કનકવિજયજી મ૦ ૩૮૭
જૈનદર્શનનો કર્મવાદ — મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મ૦ ૩૯૩
હૃદયપલટો — શ્રી એન. બી. શાહ ૩૯૫
આધ્યાત્મિક બલ — શ્રી ગુણવંતરાય આચાર્ય ૩૯૮
જ્ઞાનગોચરી — શ્રી ગવેષક ૪૦૪
ઔદયિકભાવ — મુનિરાજ માનતુંગવિજયજી મ૦ ૪૧૦
વિવેકના વશીકરણ — મુનિરાજ કરૂણાવિજયજી ૪૧૫
મહાસાગરનાં મોતી — આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦ ૪૧૭
નોંધપોથીનું પાનું — પંન્યાસજી કનકવિજયજી મ. ૪૨૦
જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા — શ્રી કિરણ ૪૨૩
સાધનામાર્ગની કેડી — શ્રી પથિક ૪૨૭
આજના રોગો — શ્રી અમૃતલાલ મોદી ૪૩૧
અષ્ટોત્તરી મહોત્સવ — સંકલિત ૪૩૬
ક્ષમાનું મહત્ત્વ — શ્રી સંતોષ સકસેના ૪૪૨
દ્રવ્યાનુયોગની મહત્તા — પંન્યાસજી ધુરંધરવિજયજી મ૦ ૪૪૪
અનુભવની એરણપરથી — જુદા જુદા લેખકો ૪૪૭
પ્રતિજ્ઞાના પ્રકારો — મુનિરાજ મિત્રાનંદવિજયજી ૪૫૨
પુનર્મુદ્રણને યોગ્ય — શ્રી બાબુભાઇ હિરાલાલ લાલન ૪૫૭
મંગળપ્રાણ — આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિજી મ૦ ૪૬૦
આયુષ્યનું રહસ્ય — શ્રી નેમીદાસ અભેચંદ ૪૬૩
અંતરમાં ડોકીયું — શ્રી અમરચંદ માવજી શાહ ૪૬૬
પર્વાધિરાજ — મુનિરાજ જિનેન્દ્રવિજયજી મ૦ ૪૭૧
ઉભો થા! — શ્રી ઉજમશી જુઠાભાઇ શાહ ૪૭૪
ચાતુર્માસિક સ્થળો — સંકલિત ૪૭૭
નવાં પ્રકાશનો — શ્રી અભ્યાસી ૪૮૪
ક્ષમાની મહત્તા — શ્રી રાજેશ ૪૮૫
દેશ દુનિયા — શ્રી સંજય ૪૮૭
સમાચાર સાર — સંકલિત ૪૯૫


736


ઘેર ઘેર વસાવવા જેવું પ્રકાશન

**૦ અ મી ઝ ર ણાં ૦**

પોસ્ટેજ સહિત ૦-૧૦-૬

છેલ્લામાં છેલ્લી ઢબની ફીલ્મી તર્જો ઉપર બનાવેલાં સ્તવનો કે જે જૈન સમાજમાં ખૂબજ લોકપ્રીય બન્યાં છે. આજ સુધીમાં ૪૦ હજારથી પણ વધુ નકલોનો ફેલાવો થઈ ચૂકયો છે. જૈન સમાજમાં પોતે બનાવેલાં સ્તવનોને પ્રગટ કરી સુંદર ફેલાવો કરતી આ એક જ સંસ્થા છે.

: રચયિતા તથા પ્રકાશક :

**શ્રી જૈન સંયુક્ત મંડળ**

૭૪, કોલસા સ્ટ્રીટ ક્રોસ લેન પાયધુની

મુંબઇ-૩


## સુધારો

**સાધનાની પગદંડીએ**ની જાહેરખ ૪૧૬ પેજ પર આવી છે તેમાં મૂલ્ય નયા ૫૦ પૈસા જણાવેલ છે, તેના બદલે પોસ્ટેજ સહિત ૬૯ નવા પૈસા એટલે કે ૧૧ આના સમજવા અને તે એક નકલ દીઠ મોકલવા.

## આભારી છીએ.

'કલ્યાણ' માસિકને ધંધાની કે સંસ્થાની જાહેરખ આપી જે સહકાર, લાગણી અને શુભેચ્છા દર્શાવી છે, એ બદલ અમે દરેકના આભારી છીએ.

લેખો સમયસર મોકલી શ્રી પર્યુષણવિશેષાંકને સર્વાંગ સુંદર બનાવવામાં જે સહકાર આપ્યો છે, એ બદલ લેખકોના પણ આભારી છીએ.

## ★ કેટલુંક કહેવા જોગું ★

પર્વાધિરાજને સત્કારવાનાં પુણ્ય કાર્યમાં અમે પણ અમારી શક્તિ મુજબ ફાળો આપી રહ્યા છીએ. 'કલ્યાણ' દર વર્ષે પર્યુષણ પર્વના સુઅવસરે પોતાનો ખાસ વિશેષાંક પ્રસિદ્ધ કરે છે. વર્ષોથી ચાલી આવતી પ્રણાલીને અનુસરીને પર્યુષણા મહાપર્વના મંગલકારી પ્રસંગે 'કલ્યાણ'નો આ દલદાર વિશેષાંક આજે અમે આપ સહુના કરકમલમાં મૂકયો છે. કેટ-કેટલો પરિશ્રમ, ભોગ, કાળજી તથા લાગણીભર્યા કેટ-કેટલાયે આપ્ત પુરૂષોના સહકારનો નોંધપાત્ર ફાળો આ કાર્યમાં અમને પ્રાપ્ત થયો હશે? એની સ્હેજે કલ્પના આવી શકે છે.

'કલ્યાણ' આજે વર્ષોથી જૈનસમાજમાં આદરણીય બન્યું છે, શ્રદ્ધેય બન્યું છે, અને સહુ કોઇનું પોતાનું બન્યું છે. એ માટે અમે અમને અમારા કાર્યમાં, તન, મન તથા ધનનો સહકાર આપનારા સહુ કોઈ શુભેચ્છકો, સભ્યો, પ્રશંસકો તથા ગ્રાહકો અને વાચકોનો તેમજ અમારી પર કૃપાભાવ રાખનારા આપ્ત પુરૂષોનો જેટલો ઋણભાવ સ્વીકારીએ તેટલો ઓછો છે.

### ક્ષમા યાચના

'કલ્યાણ' ના સંપાદન કાર્યને અંગે લેખકો, શુભેચ્છકો, વાચકો, ગ્રાહકો વગેરે અનેકોના પરિચયમાં સાક્ષાત્ કે પત્રવ્યવહાર દ્વારા આવવાના અમારે પ્રસંગ બન્યા હોય તેમાં કોઇની સાથે જાણતાં-અજાણતાં અપ્રીતિ ઉત્પન્ન થવામાં નિમિત્ત રૂપ બન્યા હોઈએ, તેઅંગે દરેકની પાસે અમે અંતરથી ક્ષમા યાચીએ છીએ. આ અમારો પર્યુષણ વિશેષાંક છે, એટલે આ અંકમાંજ ક્ષમા યાચી લઇએ છીએ. —સં૦

રૂા. સાડા પાંચના લવાજમમાં આ રીતે દર મહિને ૮ થી ૯ ફરમા લગભગનું નિયમિત વાચન આપવા ઉપરાંત ૨૦ ફરમાઓના વિશેષાંકો આપવા એ જૈન સમાજના માસિકોની દુનિયામાં એક પ્રકારનું સાહસ જ કહી શકાય. છતાં ગુણજ્ઞ, ધર્માનુરાગી તથા સંસ્કારશીલ અમારા સંખ્યાબંધ શુભેચ્છકોના આશિર્વાદથી અમે આ રીતે સાહસોને ખેડતા આવ્યા છીએ, ને શાસનદેવ પ્રત્યે પુનઃ પ્રાર્થીએ છીએ કે, સમાજમાં ધર્મ, સંસ્કાર, શ્રદ્ધા, તથા શિક્ષણનો પ્રચાર કરવા કાજે શુભ નિષ્ઠાથી જન્મ લેનાર, 'કલ્યાણ' હજુ પણ વિશેષ રીતે વિકાસના માર્ગે ડગ ભરે; સાહિત્યમાં, આકર્ષકતામાં તથા બાહ્ય અને અભ્યંતર સૌંદર્યમાં હજુ પણ આગળ ને આગળ કૂચ આદરે, તેવું બલ, સામર્થ્ય કે પ્રોત્સાહન અમને મળો!

પર્વાધિરાજના પવિત્ર પ્રસંગે દાન, શીલ, તપ, તથા ભાવના આ ચાર પ્રકારના ધર્મની આરાધના કરનારા ધર્મશીલ આત્માઓએ; આવા દિવસોમાં પોતાનાં આંગણે આવનારી દેરાસર, ઉપાશ્રય, પાંજરાપોળ યા સાત ક્ષેત્રોની ટીપોમાં શક્તિ મુજબ પોતાનો ફાળો ભરાવવો. ટીપે-ટીપે સરોવર ભરાય છે, એમ સમજી 'ફુલ નહિ તો ફુલની પાંખડી' પરમાર્થના કાર્યોમાં ઉત્સાહપૂર્વક ખરચવામાં કોઇએ ઉપેક્ષા ન જ રાખવી.

તેમજ પંદર-પંદર વર્ષથી જૈન સમાજમાં કેવળ ધર્મ, શ્રદ્ધા, સંસ્કાર અને સ્વાધ્યાયના પ્રચાર કરવા માટે પોતાનું સર્વસ્વ ખર્ચનાર 'કલ્યાણ'ને યાદ કરી તેની આપ્ત મંડળની યોજનામાં, પંચવર્ષીય વિકાસ યોજનામાં યા તેના ગ્રાહકોની સંખ્યા વધારવા માટે, એ રીતે તેને સહાય કરવા જરૂર સહુ કોઇ શકય કરશે જ, એ વિનંતિ સાથે હું વિરમું છું.

તા. ૨૯-૮-૫૮

સોમચંદ ડી. શાહ

—સં૦ 'કલ્યાણ'

# નંદનવનનાં પુષ્પો

શ્રી 'સૂર્ય શિશુ'
અમદાવાદ

જેમ પુરબહાર ખીલેલ પ્રકૃતિસૌંદર્યનાં નર્તન નિહાળતાં પહેલાં આત્માને રસવાન અને પ્રશાંત બનાવવાની આવશ્યકતા છે, તેમ આત્માના ઔદાર્યને નિહાળવા ત્યાગ અને વિરાગભાવનાની કેળવણી ઉત્તમ છે.

❀

જ્યાં સાહસ-પગ ચૂમે છે, ત્યાં સિદ્ધિ સલામી ભરે છે....સાહસની દાસી સિદ્ધિ છે.... પ્રેરણા સહચારિણિ છે....સંકલ્પબળની દૃઢતા એની જનની છે...

❀

સંસાર અને મુક્તિ વચ્ચે અનુલ્લંઘનીય પહાડ છે. તેનું ઉલ્લંઘન કરનાર જ ખરો સાહસિક....ધીર અને વીર....મુક્તિના અપ્રતીમ સૌન્દર્ય અને સુખને પ્રાપ્ત કરે છે. પહાડોની ભયંકરતા અને વિકટતાને જોઇ ભાગી જનાર કાયર છે....એ રસતા એને અલભ્ધ્યમાન છે.

❀

ભાગ્યની શેરી બહુ જ સાંકડી છે. એ સાંકડી ગલીમાંથી સમતાથી પસાર થવું એ શું એક અભિનવ પ્રયોગ નથી ?....અલબત્ત, છે જ....

❀

અગાધ રત્નાકરનું સૌન્દર્યપાન એના તટે રહીને જ કદાચ છે, નહિ કે ભીતરમાં ઉતરીને.... ભીતરમાં ઉતરનારનું મરણ થાય છે....તેવી રીતે પૌદ્ગલિક સુખનો અનુભવ અનાસક્તિમય હોવો જોઇએ.

❀

આસક્તિમય ભાવ (અનુભવ કર્યાં વિના પણ) સંસારના તળીયે લઇ જાય છે....

વશીકરણુ મંત્ર જો હોય તો તે શ્રદ્ધા, સેવા તથા સમર્પણુ છે. જે સુદેવ, સુગુરુ તથા સધ્ધર્મ પ્રત્યે થાય. તો સ્વપરનું સાચું કલ્યાણ જ છે....

❀

પ્રત્યેક માનવીની આંખમાં પ્રતીક્ષાની ઝળક ઝળકે છે....પરદેશ ગયેલ પુત્ર માટે માતાની, તેવી જ રીતે ગુરુશિષ્યને, પિતાપુત્રને, પતિપત્નીને સુમિત્રને, પરંતુ સાચી પ્રતીક્ષા તો ભવોભવ નિવારિણી; એક ત્યાગીની અખંડાનંદ અર્પનારી મુક્તિપ્રાપ્તિથી જ છે....

❀

જગતમાં વૃત્તિથી જો નાનામાં નાનો હોય તો તે ક્ષુદ્ર હૃદયનો કૃપણુ....અણુ પરમાણુથી પણુ સંકુચિત છે.

❀

સ્વાર્થવૃત્તિને એક કોણુમાં સંગૃહીત રાખી મોટો અર્થ કરવાથી કે કીર્તિસ્થંભના ચણતરની ચાહનાથી પરમાર્થ નથી....જીવનના ભોગે પરને ઉપકાર કરવાની કેવળ ભાવનાથી પણુ નહીં જ.... પરન્તુ તન, ધન, સુખની આસક્તિનો ત્યાગ.... કેવળ અનાસક્તિપૂર્ણુતા અને કાર્યપરાયણુતા.... એ જ પરમાર્થ...

❀

ગાઢ કર્મના ઉદયથી પતિત થાય તેટલા માત્રથી જીવ ધર્મ માટે નાલાયક બની ગયો ? એવું નથી....

જેમ અમાસની ઘોર રાત્રિના અંધકાર પછી સૂર્યનું આગમન નથી એવું કહેનાર કોણુ છે ?

❀

ધનના અર્થીજનોના ચિત્ત વિરામ પામતા નથી, જ્યારે ધર્માર્થીજનોના ચિત્ત સદૈવ

વિસ્મિત છે....

❁

જેમ એક ભાજનમાં બે વિરૂધ્ધ સ્વભાવના પદાર્થો સંપૂર્ણપણે રહી શક્તા નથી....તેમ મન અને આત્માને અંગે પણ....અર્થ અને કામની સાધ્યતા સાથે ધર્મ અને મોક્ષની સાધ્યતા રહી શકતી નથી....

❁

જીવનમાંથી વિનાશ થયેલ સંપત્તિ પુનઃ પ્રાપ્ય છે, પરન્તુ ત્યજાયેલ સજ્જનનો સંસર્ગ દુર્લભ છે.

❁

કુવાનો ખોદનાર ભૂગર્ભમાં ઉંડો ઉતરતો જાય છે, જ્યારે પ્રાસાદને બનાવનાર મનુષ્ય ઊંચો ચઢતો જાય છે; તેમજ....“જૈસી કરણી તૈસી પાર ઉતરણી” ઉચ્ચકક્ષાની કરણી મુક્તિમાર્ગે દોરનારી છે. જ્યારે નીચ કક્ષાની પાપકરણી અધોગતિના પંથે ડુબાવનારી છે.

❁

બીજમાંથી બીજ ઉગે છે. દીવામાંથી દીપક પ્રગટે છે....તેમ હે જ્યોતિર્ધર આત્મા! ધર્મ-બીજમાંથી જ આત્મધર્મ ઉગે છે, અને જ્ઞાન-દીપકમાંથી....જ આત્મતિમિર નષ્ટ થાય છે.

❁

જમીનની ખાઇને જેમ જેમ ખોદે તેમ તેમ ઊંડી જાય છે, જ્યારે તૃષ્ણારૂપી ખાઇ તો નવ્યતા ધરાવે છે, એને જેમ જેમ ભરે તેમ વધુ ઊંડી ઉતરે છે....

❁

માછલી જાળમાં સપડાયા પછી નીકળવાના પ્રયત્ન કરે તો વ્યર્થ છે, તો હે ભવ્યાત્મન્! અલ્પ સમયમાં મુક્તિગામી થવા ઈચ્છતો હોય તો મમતારૂપી જાળને દૂર કર....કે જે મુક્તિના પગરણમાં વજ્રબંધન સમાન છે....

❁

સુલભબોધિ પુણ્યાત્માને....પુણ્ય અને મમતા બેડી સમ ભાસે છે....બેડી સોનાની છતાં બેડી જ માને છે...

જ્યારે દુર્લભબોધિને એ એક અલંકાર ભાસે છે....બેડીને તોડનાર જો સામગ્રી હોય તો એક વૈરાગ્યવાસિત વીરનિર્દેશક માર્ગના વિહારી ગુરુદેવશ્રીની વાણીરૂપ કાકિણીરત્ન અમોઘ શસ્ત્ર છે.

❁

રાજઆજ્ઞાનું ઉલ્લંઘન તો ફક્ત એક જીવનની બરબાદી કરનાર છે જ્યારે જિનાજ્ઞાનું પ્રતિપાલન નહિ કરનાર તો, સંસારકારાગૃહમાં, અને ગતિમાં અનેક પ્રકારના ભ્રમણ કરી ભવો-ભવને વિષે દંડાઇને દુઃખ પામે છે.

❁

બાહ્ય આડંબર અને કાર્યથી ફક્ત માન-વનું મૂલ્યાંકન નથી....પરંતુ રક્ત કુન્દનવત્... સુખદુઃખની વક્રગતિએ ભાવપરિણુતિ અને સુપ્રસન્નતાયુક્ત નિર્ગમનથી જ છે.


**તમારી કિંમતી ફાઉન્ટનપેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**

**હ રિ હ ર**

**ફ્લ્યુડ** : કિંમતી પેન માટે ઉત્તમ છે.

**શાહી** : લખવા માટે સુંદર છે.

**ગુંદર** : ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.

દરેક વેપારીને ત્યાં મળશે.

એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.

બનાવનાર : **હરિહર રીસર્ચ વર્કસ**

૬૦ માંડવી પોળ, **અમદાવાદ.**

# શંકા અને સમાધાન

સમાધાનકાર

**પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ—અમદાવાદ**

ઘણા વર્ષોથી આ વિભાગ ચાલુ છે, વાંચકોનું આ વિષય પરત્વે સારૂં એવું આકર્ષણ છે. પૂ૦ આચાર્યદેવ અમારી વિનંતિનો સ્વીકાર કરી દરેક શંકાઓનું સમાધાન સરળ અને સચોટ શૈલિમાં લખી મોકલે છે, એ બદલ પૂ૦ આચાર્યદેવના ઋણી છીએ. વાંચકો પોતાને ઉદ્ભવતી શંકાઓ અમારા ઉપર લખી મોકલશે, તો ક્રમશઃ તે શંકાઓનાં સમાધાન સાથે 'કલ્યાણ'માં રજુ થશે.

[પ્રશ્નકાર :- **શ્રી કનૈયાલાલ ફકીરચંદ શાહ-મ્હેસાણા**]

**શં૦** દેવવંદન પહેલાં ગુરુવંદન થઇ શકે?

**સ૦** પૌષધમાં હોઈએ તો સવારના દેવવંદન કર્યા પહેલાં ગુરુવંદન થઇ શકે નહિં, અન્યથા દેવવંદન પહેલા ગુરુવંદન કરવામાં વાંધો નથી.

**શં૦** આયંબિલમાં ચણા, ધાણી, વગેરે ખવાય છે, તો પછી મમરાને મીઠું ચડાવીને ખાઈ શકાય કે નહિ?

**સ૦** આયંબિલમાં સ્વાદિષ્ટ જેટલી વસ્તુ ઓછી ખવાય તેટલું સારૂં.

[ પ્રશ્નકારઃ- **મોતીબેન રાયમલ શાહ.** ]

**શં૦** ઋતુવંતી સ્ત્રીએ અડચણ પાળી ન હોય તો જિનદર્શન કેટલા દિવસે કરી શકે?

**સ૦** સાત દિવસ બાદ તે સ્ત્રી જિનદર્શન કરવા જઇ શકે છે. ત્યારબાદ પણ જો અશુદ્ધિ માલુમ પડતી હોય તો શુદ્ધિ કર્યા બાદ જિનમંદિરે જવું જોઇએ. જેથી આશાતનાથી બચી જવાય, શ્રાવિકાઓએ ઋતુધર્મ પાળવો જોઇએ.

**શં૦** ઋતુવંતી જે ઘીને અડી હોય તેનાથી ભગવાનને દીવો થાય કે નહિ?



**સ૦** તેવા ઘીથી ભગવાનને દીવો ન થાય.

**શં૦** ભગવાનની સન્મુખ પ્રભાવના વ્હેંચાય?

**સ૦** ભગવાનની સન્મુખ પ્રભાવના વ્હેંચાય નહિ.

**શં૦** આપણે સાથીયા ઉપર ફલ-નૈવેદ્ય મુકયું હોય તે શ્રાવકના છોકરા ખાઇ શકે કે નહિ?

**સ૦** સાથીયા ઉપર મૂકેલ ફલ-નૈવેદ્ય

શ્રાવકના છોકરાઓથી ખવાય નહિ.

**શં૦** જિનેશ્વર દેવ પાસે જૈનેતર ધર્મ કે સીનેમાના ગાયનો ગવાય ?

**સ૦** જિનેશ્વરદેવ પાસે જૈનેતર ધર્મના કે સીનેમાનાં ગાયનો ગવાય નહિ

[ પ્રશ્નકાર :- **સેવંતીલાલ હીરાલાલ જૈન-ભાભર** ]

**શં૦** શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનનાં પગલાંની પૂજા કેવી રીતે કરવી ?

**સ૦** દરેક પ્રભુજીનાં પગલાંની પૂજા તેમના અંગુઠા ઉપર કરવાની હોય છે.

[ પ્રશ્નકાર :- **મ્હેતા વખતચંદ ભાયચંદ ભુટકીઆવાલા** ]

**શં૦** ઉપાશ્રયમાં બીડી પીવાય ?

**સ૦** ઉપાશ્રયમાં બીડી પીવાય નહિ.

**શં૦** જિનમંદિરમાં સોપારી, બીડી છીંકણી લઈ ગયા હોઇએ તો ઉપયોગમાં આવે કે નહિ ?

**સ૦** તે ઉપયોગમાં ન આવે.

**શં૦** સાધુ ભગવંતોએ ધર્મલાભ આપી હોય તે વસ્તુનો શ્રાવક ઉપયોગ કરી શકે ?

**સ૦** ધર્મલાભ આપેલ વસ્તુનો ઉપયોગ શ્રાવકોથી કરી શકાય નહિ.

[ પ્રશ્નકાર :- **શ્રી અનંતરાય એ. દોશી-આકોલા.** ]

**શં૦** શ્રી પર્યુષણની શરૂઆત કોણે કરી ? અને કોના વખતમાં થઇ ?

**સ૦** શ્રી પર્યુષણપર્વ અનાદિકાળથી ચાલુ છે, એટલે કોણે શરૂઆત કરી અને કોના વખતમાં થઇ ? આ પ્રશ્નને સ્થાન નથી.

[પ્રશ્નકાર :- **રોલીયા પનાલાલ કકલદાસ ભાભર.**]

**શં૦** મહાવિદેહમાં દેરાસર હોય કે નહિ ? હોય તો શ્રી સીમંધર ભગવાન ત્યાં જાય કે નહિ ?

**સ૦** મહાવિદેહ ક્ષેત્રમાં ઘણાં જિનાલયો છે. શ્રી સીમંધર સ્વામીજી જિનાલયે દર્શનાર્થે જાય નહિ એવો તેમનો કલ્પ છે. કારણ કે તેઓશ્રી કેવલજ્ઞાનથી આખા લોકાલોકને જુવે છે. તેઓશ્રીજી દર્શનીય છે. તેઓશ્રીને અન્યના દર્શનથી જરૂર નથી.

**શં૦** સુઘોષા ઘંટનો અવાજ કેટલા ટાઈમ સુધી રહી શકે ?

**સ૦** સુઘોષા ઘંટનો અવાજ અંતર્મુહૂર્ત સુધી રહે છે.

[ પ્રશ્નકાર :- **રોલિયા ઇશ્વરલાલ હરગોનદાસ ભાભર** ]

**શં૦** અનુત્તરવાસી દેવોને કેટલામું ગુણઠાણું હોય ?

**સ૦** તેઓ ચોથે ગુણસ્થાનકે હોય છે.

**શં૦** અન્યલિંગે મોક્ષે જઇ શકે તો પછી અન્ય ધર્મને માનવામાં વાંધો શો ?

**સ૦** વેષ અન્ય હોય અને શ્રદ્ધા શ્રી વીતરાગ ધર્મની હોય તો મોક્ષે જઇ શકે છે, એટલે અન્ય મતે નહિ પણ અન્યલિંગે સમજવું. અર્થાત્ અન્ય મતે મોક્ષે જઇ શકાતું નથી. અન્ય ધર્મ માનવામાં મોક્ષે જનારને માટે મોટો વાંધો છે.

[प्रश्नकार :- सीरेमल बी. म्हेता महालुंगे डुंगले ]

शं० क्यों मृत्यु के पश्चात् भी आत्मा का अस्तित्व कायम रहता है ?

स० आत्मा शाश्वत-नित्य है, इसलिये मरे बाद भी आत्मा कायम रहता है। सिर्फ शरीर बदलता है।

शं० मनुष्य पाप करने के पश्चात् अगर प्रायश्चित कर ले तो क्या वह कर्म बंधनोसे छूटकारा पा सकता है या नहीं?

स० सुविहित गीतार्थ पास प्रायश्चित लेने से और कहे हुए तपश्चर्या करने से उसके कर्म बहोत हलके हो जाते है और सामान्य पाप प्रायश्चित से भी छूट जाते है।

[ પ્રશ્નકાર :- **શ્રી બાબુલાલ મફતલાલ રોલિયા ભાભર** ]

**શં૦** આ ભરતક્ષેત્રમાં થીણધ્ધિનિદ્રા હોય કે નહિ ?

**સ૦** હોઇ શકે છે. આજ સુધી તે નિદ્રા વાલા આત્માઓ અનંતા થઇ ગયા છે.

[ પ્રશ્નકાર :- **જિનભક્ત અમદાવાદ** ]

**શં૦** શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા-ભક્તિ સાત્વિકી, રાજસી, અને તામસી એમ કહેવાય છે તો તે કેવી રીતે ?

**સ૦** શ્રી વીતરાગ પ્રભુના ગુણના વિષે અત્યંત રક્ત, દુઃસહ ઉપસર્ગો થયે છતે પણ નિશ્ચલ ભાવ યુક્ત રહે, તથા શ્રી જિનેશ્વર સંબંધી કાર્યમાં જોઇએ તેટલું દ્રવ્ય આપી મહામહોત્સવ પૂર્વક યથાશક્તિ નિરંતર નિઃસ્પૃહતાથી ભક્તિ કરે તે **સાત્વિકી ભક્તિ** જાણવી. ઇહલૌકિક સુખની પ્રાપ્તિને અર્થે અથવા જનરંજનાર્થે કે પોતાની આજીવિકાર્થે શ્રી જિનેશ્વર દેવની ભક્તિ કરવી તે **રાજસી ભક્તિ** જાણવી. શત્રુ વિનાશાર્થે, આપત્તિ ટાળવા નિમિત્તે અને ચિત્તમાં અહંકાર અથવા મત્સર ધારણ કરી શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિ કરવી તે **તામસી ભક્તિ** જાણવી.

**શં૦** શ્રી જિનેશ્વર ભગવંતની આભોગ ભક્તિ અને અનાભોગ ભક્તિનુ સ્વરૂપ શું ?

**સ૦** શ્રી જિનેશ્વર ભગવંતના ગુણને સમ્યક પ્રકારે જાણી તેનું યથાર્થ વર્ણન કરી વિધિપૂર્વક શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરવી તે **આભોગથી દ્રવ્ય સ્તવ ભક્તિ** જાણવી. આથી અનુક્રમે ચારિત્રનો લાભ થાય છે અને તેથી સંસારસમુદ્રમાં ભ્રમણ કરાવનાર અષ્ટ કર્મનો નાશ થયે અનન્ત અવ્યાબાધ એવા મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે. શ્રી જિનેશ્વર ભગવંતના ગુણોથી અને પૂજા-વિધિથી અજ્ઞાત પરંતુ શુભ પરિણામપૂર્વક શ્રી વીતરાગ પ્રભુની ભક્તિ કરવી તે **અનાભોગ દ્રવ્ય** સ્તવ ભક્તિ જાણવી. આ રીતે જિનગુણથી અજ્ઞાત હોય પરંતુ શ્રી જિનબિંબ દેખી જેનાં હૃદયમાં અત્યંત ઉલ્લાસ ઉદ્ભવે છે, તે ભવ્ય જનના અશુભ કર્મનો ઉચ્છેદ થવાથી ભવિષ્યમાં ભદ્રકારી એવા સમકિતની પ્રાપ્તિ થાય છે.

---

**અમારે ત્યાં પૂ૦ સાધુ-સાધ્વી મહારાજોની ભક્તિ થાય છે.**

**હાડવૈદ્ય રંગાણી**

ઠે૦ જીવનનિવાસ સામે **પાલીતાણા**

પૂ૦ સાધુ-સાધ્વીજી મહારાજોની પૂ૦ સાધ્વીજી **શ્રી ચંદ્રોદયાશ્રીજી મહારાજ**ના સદુપદેશથી અમદાવાદનિવાસી સ્વ૦ **શેઠ શ્રી બકુભાઈ મણીલાલ**નાં ધર્મપત્ની **નારંગીબેન** તરફથી તા. ૧-૧-૫૮ થી તા. ૩૧-૧૨-૫૮ સુધી ફ્રી ટ્રીટમેન્ટ કરવામાં આવે છે.

**અમારો વર્ષોનો અનુભવ આપની સેવામાં.**

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા........

# રાજદુલારી



લેખક: વૈદરાજ શ્રી. મોહનલાલ ચુનીલાલ ધામી


**મહાગૂજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર, તથા ઐતિહાસિક કથાલેખક વૈદરાજ શ્રીયુત મોહનલાલ ધામીની સિદ્ધહસ્ત કલમે આલેખાયેલી રસમય ઐતિહાસિક કથાનો આ છેલ્લો હપ્તો પૂર્ણ થાય છે. લગભગ છેલ્લા ૧॥ વર્ષથી ચાલુ 'કલ્યાણ'ની રસમય વાર્તા માટે સવ કોઇનું આકર્ષણ એકસરખું રહ્યું છે. 'કલ્યાણ' પ્રત્યેની આત્મીયતાની અનન્ય લાગણીથી ભાઇ શ્રી ધામીએ જે પરિશ્રમપૂર્વક આ કથા આલેખી છે તે માટે અમે તેઓના ઋણી છીએ! 'કલ્યાણ'ના વાચકો માટે ભાઇ શ્રી ધામી આગામી અંકથી નવી અદ્ભુત રસો વહાવતી રસમય ઐતિહાસિક કથા શરૂ કરનાર છે. તો 'કલ્યાણ'નો વાચકવર્ગ તેના લાભથી વંચિત ન રહે તે અમારૂં વિનમ્ર નિવેદન છે—** સં.

## પ્રકરણ ૨૩ મું

## શોધ

જુદા જુદા વનોમાં રાજા શંખે આશા–નિરાશાના ઝૂલે ચડીને એક મહિના પર્યંત અવિરત શોધ ખોળ કરી, પરંતુ કયાંયથી મહાદેવીના કશા વાવડ ન મળ્યા.

શ્રીદત્ત જો હિંમત ન આપતો હોત અને આશ્વાસન તથા પ્રેરણા રૂપી અમૃત ન પાયા કરતો હોત તો રાજા શંખ કયારનો નિરાશાના અંધકારમાં પોતાના જીવનને રઝળતું મૂકી દેત.



શ્રીદત્ત એક જ વાત કહેતો: "મહારાજ, જ્યાં સુધી મહાદેવીના કોઇ અવશેષ ન મળે ત્યાં સુધી તેઓ જીવિત છે એમ જ માનવું જોઈએ. આશાનો દોર મૂકી દેવાથી ઘણીવાર સાંપડેલી સિદ્ધિ નષ્ટ થઇ જાય છે."

શ્રીદત્તની આવી પ્રેરણા વડે જ રાજા શંખે ઘોર નિરાશા વચ્ચે રહીને પણ આશાનો દોર પકડી રાખ્યો હતો.

અને બીજા દસ દિવસ પછી સારથી આકસ્મિક રીતે એજ વનમાં બધાને લઇને આવી ચડયો.

અને એનાં નયન ચમકી ઉઠયાં... એજ વન... એજ વૃક્ષ ઘટા... એજ નદી... એજ પત્થર... એજ સુંદર સ્થળ! તે એકદમ બોલી ઉઠયો: "મહારાજ! આજ સવા મહિના પછી શ્રમ સફળ થયો!"

"કેમ સારથી, શું બન્યું?"

"જે સ્થળે મહાદેવીને હું લાવ્યો હતો તે સ્થળ એકાએક મળી ગયું છે...."

કયાં?"

"આપ નીચે પધારો... હું બતાવું" કહી સારથી રથ ઉભો રાખીને નીચે ઉતરી ગયો.

ત્યાર પછી શ્રીદત્ત અને શંખ સારથી સાથે નદી કિનારે ગયા, સારથીએ પત્થર દેખાડીને કહ્યું: "કૃપાવતાર, આ પત્થર પર મેં એ મહાસતીના બંને હાથ રાખીને કાંડા કાપી લીધાં હતાં..."

રાજા શંખ પાગલ માફક એ પત્થર પાસે

જઇને વળગી પડયો અને ગળગળા સ્વરે તથા રડતા હૃદયે બોલી ઉઠયો: "પ્રિયે... તું અહીંથી કયાં ગઇ હશે? તારા આ નિર્દય સ્વામીને ક્ષમા માગવાનો કોઇ અધિકાર નથી રહ્યો... પણ..."

બોલતાં બોલતાં રાજા શંખ એકદમ રડી પડયો. શ્રીદત્તે મિત્રને બેઠો કરતાં કહ્યું: "મહારાજ, ખરી હીંમત તો હવે જ સાચવવાની છે, આપણે આ સ્થળે જ પડાવ નાંખીએ અને આસપાસ તપાસ કરીએ."

રાજા શંખ થોડીવાર પછી સ્વસ્થ થયો અને શ્રીદત્તે ત્યાં જ પડાવ નાખવાની આજ્ઞા કરી.

તરત જ પાલ નખાવા શરૂ થઈ ગયા.

પડાવ નાખતાં સાંજ પડી ગઈ એટલે બીજે દિવસે સવારે તપાસ માટે નીકળવાનું નક્કી થયું.

વૃદ્ધ તાપસ છેલ્લા સવા મહિનાથી આ સ્થળે સ્નાનાર્થે આવી શકતો નહોતો, કારણ કે કલાવતીને છોડીને જવાનું તેને મન થતું નહોતું પણ ત્રણ દિવસ પહેલાં જ કલાવતી સવા મહિનાનું ન્હાણ નાહીને વિશુદ્ધ બની ગઇ હતી. તેનો જીવ પણ સુંદર બાળકમાં પરોવાઈ ગયો હતો... આજ વૃદ્ધ દાયણ ઘેર જવાની હતી, એટલે વૃદ્ધ તાપસ પરોઢીયે પોતાના આશ્રમમાંથી નીકળીને નદીકિનારે સ્નાનાર્થે આવ્યો હતો.

આખી રાત વિચારો કરી કરીને રાજા શંખ છેક પાછલી રાતે નિદ્રાધિન થયો હતો...પરંતુ શ્રીદત્ત વહેલો જાગી ગયો હતો.

તેના કાનપર નદી કિનારેથી કોઇના મંત્રસ્વર સંભળાયા અને તે બહાર નીકળ્યો.

ઉષાના અજવાળાં પથરાવા શરૂ થયાં હતાં. શ્રીદત્તે જોયું, નદી કિનારે એક વૃદ્ધ તાપસ સ્નાન કરી રહેલ છે અને સ્નાન કરતાં કરતાં મંત્રોચ્ચાર કરી રહેલ છે.

શ્રીદત્તના મનમાં થયું, અહીં નહાવા માટે જે આવેલ છે, તે આ વનમાં જ કયાંક રહેતો હશે. એને પૂછવાથી કદાચ કંઇક સમાચાર મળી શકે.

આવો વિચાર કરીને શ્રીદત્ત વૃદ્ધ તાપસ પાસે ગયો. એ પહોંચ્યો ત્યારે વૃદ્ધ તાપસ નદીના નિર્મળ જળમાંથી બહાર નીકળી પોતાના વસ્ત્રો બદલાવી રહ્યો હતો.

શ્રીદત્તે નજીક જઇ નમસ્કાર કરતાં કહ્યું: "મહાત્મન્! નમસ્કાર!"

"કલ્યાણમસ્તુ" કહીને વૃદ્ધ તાપસે શ્રીદત્ત સામે જોયું... અને ત્યારપછી તેની નજર થોડે દૂર પડેલા પડાવ પર ગઇ.

"મહાત્મન્! આપ આ વનમાં જ રહેતા હો એમ લાગે છે."

"હા વત્સ, થોડે દૂર મારો આશ્રમ છે... આપ કયાંથી આવો છો?"

મહાત્મન્! અમારી કહાણી ભારે કરુણ છે... જો આપ મને એક માહિતી આપો તો..."

"સંકોચ વગર પૂછી શકે છે, ભાઈ!"

"લગભગ દોઢ બે માસ થયા હશે, આ સ્થળે... આ પત્થર પર એક રાજરાણીના બંને કાંડાં કાપવામાં આવ્યાં હતાં..."

શ્રીદત્ત વાકય પુરું કરે તે પહેલાં જ વૃદ્ધ તાપસે કહ્યું:" હા વત્સ... એ મહાસતીનું નામ કલાવતી છે ને?"

"હા મહારાજ, આપ કલાવતીને ઓળખો છો?"

"હા વત્સ, પરંતુ આ માહિતી જાણવાની તને શી જરૂર પડી?"

"મહાત્મન્! હું એમના સ્વામી મહારાજા શંખનો મિત્ર છું, અને વહેમને વશ થઇને રાજાએ અવિચારી આજ્ઞા કરી નાંખી હતી, ત્યારપછી એના પસ્તાવાનો પાર નથી. આજ અમે સવા મહિનાથી વનેવન ઢૂંઢી રહ્યા છીએ... મુશ્કેલી તો એ વાતની છે કે રાજા શંખ જો પોતાની પ્રિયતમાને શોધી નહિ શકે તો ઝૂરી ઝૂરીને મૃત્યુ પામશે. આપ જો કૃપા કરીને મહાદેવીની માહિતિ આપો તો..."

વૃદ્ધ તાપસે પ્રસન્ન ભાવે કહ્યું: "આપ મારી સાથે ચાલો... હું રસ્તામાં આપને સઘળી વાત કહીશ."

શ્રીદત્ત તરત વૃદ્ધ તાપસ સાથે રવાના થયો.

થોડે દૂર ગયા પછી વૃદ્ધ તાપસે કહ્યું: "આ નદીના કિનારે મેં મહાદેવીને મૂર્છિત અવસ્થામાં જોયા હતા અને ત્યારપછી હું એમને મારા આશ્રમમાં લઈ ગયો હતો. મહાદેવી સગર્ભા હતા... પરંતુ કપાયેલા હાથ વડે તેઓ પોતાના બાળકનો ઉછેર કેવી રીતે કરી શકે, એ ભયના કારણે તેઓએ મૃત્યુના ખોળે જવું, એવી ઈચ્છા પ્રગટ કરી..."

"મહાત્મન્... પછી શું થયું?"

"મેં મારી એ ધર્મકન્યાને સમજાવી... સંસારમાં આવી રીતે સામાન્ય માનવીઓ મરણને શરણુ થાય; પણ વિશેષ માનવો આવું મરણ કદી ન ઈચ્છે. કલાવતી તો સતી હતી... એણે પ્રકૃતિ સામે સંગ્રામ ઉભો કર્યો, પોતાના નિર્મળ સતીત્વને કસોટીએ ચડાવ્યું અને સતીત્વનો તાપ પ્રકૃતિ ઝીલી શકી નહિં... કલાવતીના બંને કાંડાં પ્રાપ્ત થઇ ગયાં..."

"મહાત્મન્!"

"હું સત્ય કહું છું... વત્સ, સંસારની તમામ શક્તિ કરતાં સતીત્વની શક્તિ અજોડ છે. ઇદ્રને પણ એકવાર ધરતી પર પછાડવો હોય, સૂર્યને પોતાના હાથમાં લેવો હોય કે વાયુને સ્થિર બનાવવો હોય... આર્યાવર્તની સતી નારી એ બધું કરી શકે છે. કલાવતીના ચરણોમાં પ્રકૃતિ ઝુકી ગઇ અને ભગવાનની અપાર કૃપાથી કલાવતીના ઉછરંગમાં એક તેજસ્વી પુત્રરત્ન પ્રાપ્ત થયું."

"શું પુત્ર જન્મ થયો!" હર્ષથી શ્રીદત્તના નયનો સજળ બની ગયાં હતાં.

"હા વત્સ, પુત્ર અતિ તેજસ્વી, રૂપવાન અને સ્વસ્થ છે. સવા મહિના ઉપરનું બાળક છે, પરંતુ નજરે જોવાથી એમ જ લાગશે કે બાળક છ માસનું છે."

"મહાદેવી અને બાળકના કુશળ સમાચારથી મને ઘણો જ હર્ષ થયો... જો આપ આજ્ઞા કરો અને મારી સાથે પાછા ફરો તો પત્નીના દર્શન માટે ઝંખી રહેલા મારા મિત્રને સાથે લઇ લઉં!" શ્રીદત્તે વિનય ભર્યા સ્વરે કહ્યું.

વૃદ્ધ તાપસે કહ્યું: વત્સ, મારી પુત્રી શું ઈચ્છે છે, એ જાણ્યા વગર તને આ અંગે કશું કહી શકું નહિ. તું મારી સાથે આવ... મહાદેવીને મળી લે, બાળકને જોઇ લે... ! મહાદેવી તો સતી છે પોતાના સ્વામીનો કોઇ દોષ મનમાં રાખ્યો પણ નથી... છતાં તે શું ઈચ્છે છે, તે જાણવું જોઇએ."

"ભલે... હું આપની સાથે ચાલું છું" શ્રીદત્તે કહ્યું.

થોડીવાર પછી બંને આશ્રમમાં પહોંચી ગયા...

એક કુટિરના પ્રાંગણમાં જ કલાવતી પોતાના બાળકને ખોળામાં લઇને બેઠી હતી અને વૃદ્ધ દાયણ સાથે વાતો કરતી હતી.

કલાવતીનું ધ્યાન આ તરફ હતું નહિં, પણ શ્રીદત્ત જોઈ શકયો કે મહાદેવી ખૂબ જ પ્રસન્ન છે, અને તેના બંને કાંડાં હતાં તેવાં જ છે...

વૃદ્ધ તાપસે નજીક આવતા કહ્યું: "પુત્રી, આમ તો જો... આ અતિથિને ઓળખે છે?"

કલાવતીએ શ્રીદત્ત સામે નજર કરી. નજર કરતાં જ તે પ્રસન્ન વદને બોલી ઉઠી:" ઓહ્ શ્રીદત્ત ભાઈ! તમે આ વનમાં કયાંથી?"

શ્રીદત્ત નજીક આવ્યો. નમસ્કાર કરીને બોલ્યો: મહાદેવી! "છેલ્લા ચાલીશ દિવસથી હું ને મહારાજ આપને શોધી રહ્યા છીએ... આજ અમારા ભાગ્ય ખૂલી ગયાં અને આપને જોઇ શકયા..."

કલાવતીએ શાંત સ્વરે કહ્યું: "મહારાજ કુશળ છે?"

"એ તો આપ એમને જોશો એટલે ખબર પડશે... એમના હાથે થઇ ગયેલા અપરાધ પછી શરીરને ચિંતાએ સાવ નિર્બળ બનાવી દીધું છે... દિવસ અને રાત તેઓ કેવળ આપનું જ ચિંતવન કર્યા કરે છે; જો આપ ન મળી શકયાં હોત તો તેઓ કદી પણ રાજધાનીમાં પાછા જાત નહિ અને..."

વચ્ચે જ કલાવતીએ કહ્યું:" ભાઈ, મહારાજના હાથે કશો અપરાધ નથી થયો... કર્મનું પરિણામ પ્રાણીમાત્રને ભોગવવું પડે છે... અને જ્ઞાની માણસો આવા પરિણામમાંથી જ કંઇક પામી શકે છે, મહારાજને તમે કહેજો કે મારી કોઇ ચિંતા ન કરે...

હું એક વૃદ્ધ પિતાની છાયામાં સુખ અનુભવી રહી છું…"

મહાદેવી, એટલે શું આપ મહારાજ પાસે નથી આવવા ઇચ્છતા? આપના અંતરમાં હજી પણ…"

આછા હાસ્ય સહિત પ્રસન્ન ભાવે કલાવતીએ કહ્યું:" ભાઇ, મારા અંતરમાં કોઈ પ્રકારનો રોષ નથી, દર્દ નથી, કે એમના પ્રત્યે રંજ નથી. જે કંઇ બન્યું છે તે કેવળ મારા જ કોઇ કર્મનું ફળ છે. અને એ ફળ પરથી જ હું સમજી શકી છું કે સંસારના સુખોમાં કેવળ સુખનો આભાસ જ હોય છે… સાચું સુખ અંશમાત્ર હોતું નથી. ફરીવાર સુખાભાસમાં પડવા કરતાં આ વન શું ખોટું છે?"

શ્રીદત્ત બોલ્યો: "મહાદેવી, જો આપ આ રીતે પણ મારા મિત્રનો ત્યાગ કરશો અને પુન: રાજભવનમાં નહિ પધારો તો હું ખાત્રીપૂર્વક કહું છું કે મારો મિત્ર ચિતા ખડકાવીને બળી મરશે આવો સંકલ્પ તેણે મને કહ્યો હતો… તે કહે છે કે મારા હાથે થયેલા પાપનું પ્રાયશ્ચિત આ સિવાય અન્ય કંઇ ન હોઈ શકે. મેં એને મહામહેનતે સમજાવેલ છે. વળી આપના સતીત્વનો પ્રભ.વ પણ તપસ્વીએ કહ્યો છે. મહાદેવી, આર્યસન્નારીના સતીત્વનો આ પ્રભાવ માત્ર આ વનમાં જ રહે એ પુરતું નથી, આ પ્રભાવ તો લોકદૃષ્ટિએ ચડવો જોઇએ. ભારતની નારીઓને આ પ્રભાવથી યુગયુગ સુધી શિયળના રક્ષણનું બળ મળતું રહેશે. બહેન, હું હમણાં જ મારા મિત્ર પાસે જઉં છું અને તેને લઈને અહીં આવું છુ."

તરત જ કલાવતી બોલી ઉઠી: "ભાઇ, તમારે એમને બોલાવવા જવાની કોઇ જરૂર નથી. હું જ તમારી સાથે આવીશ."

વૃદ્ધ તાપસ બોલી ઉઠયો: "મા, તને ધન્ય છે, જે નારી પોતાના સ્વામીના દોષને પણ અમૃત માનીને પચાવી જાય છે તે જ નારી જગતની પૂજા પામી શકે છે" ત્યારપછી તેણે શ્રીદત્ત સામે જોઇને કહ્યું: "વત્સ તું મારો અતિથિ છે… થોડો આહાર કરી લે, તે દરમ્યાન મારી ધર્મકન્યા તારી સાથે આવવા તૈયાર થઇ જશે."

એમ જ થયું.

એક પ્રહર પછી શ્રીદત્ત, મહાદેવી કલાવતી, તેનો પુત્ર અને વૃદ્ધ તાપસ પડાવ તરફ જવા વિદાય થયા.

દાયણ પણ થોડો જે સરસામાન હતો તે માથે ઉપાડીને પાછળ પાછળ ચાલવા માંડી.

*

## પ્રકરણ ૨૪ મું.

### રત્ન મળ્યું.

અહીં પડાવમાં રાજા શંખ જ્યારે જાગ્રત થયો ત્યારે સૂર્યોદય થઇ ગયો હતો.

જાગીને તરત તેણે એક પરિચારકને આજ્ઞા કરી: "શ્રીદત્તને અહીં લઇ આવ."

પરિચારક નમસ્કાર કરીને વિદાય થયો… થોડીવાર પછી તે પાછો આવ્યો અને બોલ્યો:" "કૃપાવતાર, શ્રીદત્ત શ્રેષ્ઠિ વહેલી સવારે કયાંક બહાર ગયા છે, હજી સુધી પાછા નથી આવ્યા."

શ્રીદત્ત કયાં ગયો હશે?

રાજા શંખ શિબિરમાંથી બહાર નીકળ્યો અને તપાસ કરવા માંડી. રક્ષકો પાસેથી તે માત્ર એટલું જ જાણી શકયો કે શ્રેષ્ઠિ શ્રીદત્ત વહેલી સવારે નદી તરફ ગયા હતા. ત્યારપછી તેઓ પાછા આવ્યા નથી.

વૃદ્ધ તાપસ સાથે શ્રીદત્ત વનમાં ગયો છે, એ કોઈની નજરે ચડયું નહોતું.

રાજા મુંઝાયો. તેણે આસપાસ તપાસ કરવા માંડી. માણસો દોડાવ્યા પણ કયાંથી પત્તો ખાય?

રાજાના મનમાં થયું. શ્રીદત્ત થાકીને ચાલ્યો ગયો લાગે છે. અથવા કોઇ વનચરના હાથમાં સપડાઇ ગયો લાગે છે. હવે કોઈ રીતે મહાદેવીને શોધી શકાશે નહિં.

રાજાના મનમાં બીજો વિચાર એ પણ આવ્યો કે મહાદેવીના એવા કોઈ અવશેષો શ્રીદત્તને મળ્યા હોય કે જે પરથી એમ કલ્પી શકાય કે મહાદેવીની હસ્તિ હવે રહી નથી. આથી મિત્રને દુ:ખ ન થાય એટલાં ખાતર તે કોઈને કશું કહ્યા વગર ચાલ્યો ગયો હોય.

આમ અનેક વિચારોની જ્વાળામાં સીઝાતો રાજા શંખ એક પ્રહર પર્યંત ધૈર્ય રાખી શકયો. ત્યારપછી તેણે સારથીને બોલાવીને આજ્ઞા કરી: "સારથી, જે પત્થર પર તેં મહાદેવીના બંને હાથ કાપ્યા હતા, તે પત્થર પાસે જ ત્યાં એક ચિતા ખડકાવવી શરૂ કરી દે."

"પરંતુ મહારાજ..."

"હું મારી આજ્ઞાનું પાલન ઈચ્છું છું."

સારથી અવાક્ થઇ ગયો. એ પળ પછી બોલ્યો: "મહારાજ, શ્રેષ્ઠિવર્યને આવવા દો... સંભવ છે કે તેઓને કોઈ સૂત્ર મળ્યું હોય ને એકલા તપાસ કરવા ગયા હોય."

"ભાઇ, એવું કોઈ સૂત્ર મળવાનો સંભવ છે નહિ... મને લાગે છે કે શ્રીદત્તને એવું જ કાંઇ સૂત્ર મળ્યું હોવુ જોઇએ કે જે પરથી મહાદેવી આ સંસારમાં નથી રહ્યાં એવી તેને ખાત્રી થઇ હોય અને મને દુઃખ ન થાય એટલા ખાતર તે ચાલ્યો ગયો હોય. તું મારી આજ્ઞાનું પાલન કર... કૃપા કરીને પાલન કર... હવે હું એક પળ માટે આ સંસારમાં જીવવા લાયક રહ્યો નથી."

સારથી ધડકતા હૈયે નમસ્કાર કરીને બહાર આવ્યો અને ચાર છ સૈનિકોને સાથે રાખી સૂકા લાકડા એકત્ર કરવા લાગ્યો.

આ તરફ ચિતા રચાવા માંડી અને પેલી તરફથી વૃદ્ધ તાપસ સાથે બધા આ તરફ આવવા માંડયા.

અહીં ચિતા તૈયારી થઇ ગઇ.

સૂર્ય મધ્યાકાશમાં આવ્યો. રાજા પોતાના જીવનનો અંત આણવા ખાતર મનમાં નવકારમંત્રનું સ્મરણ કરીને નદીએ નહાવા ગયો.

બધા સેવકો ને માણસો જળતા હૈયે ચિતા પાસે એકત્ર થઈ ગયા.

પોતે કરેલા મહાન અપરાધના પ્રાયશ્ચિત નિમિત્તે સદેહે સળગી મરવા ઇચ્છતો રાજા શંખ નાહીને ચિતા પાસે આવ્યો અને પોતાના સર્વ માણસોને ઉદ્દેશીને કંઇક કહેવા જાય તે પહેલાં જ વનમાંથી નીકળતી દૂરની પગદંડી પર સારથીની નજર પડી અને તે હર્ષ ભર્યા સ્વરે બોલી ઉઠયો: "મહારાજ આ તરફ નજર કરો... શ્રીદત્ત ભાઇ અને..."

સારથી બહુ બોલી શકયો નહિ. હર્ષાવેશના કારણે એના શબ્દો રૂંધાઈ ગયા.

રાજાએ પગદંડી તરફ નજર કરી... સૌથી આગળ શ્રીદત્ત હતો... તેની પાછળ વૃદ્ધ તાપસ હતો અને તેની પાછળ...

રાજા ચમકયો...

શું પ્રિયતમા હાથમાં ગુલાબના ફુલ જેવા બાળક સાથે આવી રહી છે, શું આ સત્ય છે કે સ્વપ્ન છે? શું આ મારો માનસિક ભ્રમ તો નથી ને?

ત્યાં તો શ્રીદત્તે દૂરથી બુમ મારી: "મહારાજ... મહાદેવી મળી ગયા છે... એમના સતીત્વનો પ્રભાવ સંસાર જોઇ શકે એવી રીતે એમના બંને કાંડા હતાં એવાં બની ગયા છે..."

રાજા શંખ તો અભિભૂત બનીને એ દિશા તરફ જોઇ જ રહ્યો હતો.

શ્રીદત્ત દોડતો નજીક આવ્યો અને ખડકાયેલી ચિતા જોઇને એકદમ બોલી ઉઠયો "મહારાજ, આ શું?"

પણ મહારાજા શંખનું ધ્યાન શાંત ભાવે પ્રસન્નતાથી આવી રહેલી પ્રિયતમા તરફ હતું.

સારથીએ કહ્યું: આપ એકાએક ચાલ્યા ગયા અને તપાસ કરતાં યે આપના કશા વાવડ ન મળ્યા એટલે મહારાજ ચિતામાં પડવાની તૈયારી કરી રહ્યા હતા."

શ્રીદત્તે મહારાજ સામે જોયું અને કહ્યું: "મહારાજ, આવું ગાંડપણ..."

પરંતુ રાજા શંખ એ વખતે આવી રહેલ પ્રિયતમા સામે દોડતો જઈ રહ્યો હતો.

શ્રીદત્ત એ તરફ સ્થિર નજરે જોવા લાગ્યો.

રાજા શંખ દોડતો પોતાની પત્ની પાસે પહોંચી ગયો અને એકદમ બે હાથ જોડી બોલી ઉઠયો: "દેવી, ક્ષમા માગવા જેટલો યે હું અધિકાર નથી

રાખી શકયો... છતાં..."

પણ એના શબ્દો આંસુના વેગ વચ્ચે વેરાઇ ગયા.

કલાવતીએ સ્વામીના બંને હાથ પોતાના એક હાથ વડે પકડી લઇ કહ્યું: "સ્વામી, મને અપરાધિની ન બનાવો... આપનો કોઈ દોષ નથી. કર્મરાજાની વિચિત્ર ગતિનું જ આ પરિણામ છે.. આ આપની પ્રતિકૃતિને નિહાળો... એનું હાસ્ય કેટલું નિર્મળ છે?

રાજા શંખે પત્ની પાસેથી બાળકને લઈ લીધું અને વહાલથી તેને હૈયા સરસુ રાખી તેના ગાલ પર, કપાળ પર અને મસ્તક પર ચુંબનો લેવા માંડયાં.

વૃદ્ધ તાપસે કહ્યું: "રાજન્. દેવતાઓને પણ અપ્રાપ્ય હોય એવું નારી રત્ન આપને મળ્યું છે. સંસારમાં બધુ મળવું સુલભ છે... પરંતુ રત્નો મળવા દુર્લભ છે... અને પુણ્યયોગે રત્ન મળે તો તેને સાચવી રાખવું એ ખૂબ જ કઠણ કામ છે. રાજન્, આ દેવદુર્લભ રત્નને સાચવી રાખજો."

રાજાએ પત્નીના હાથમાં બાળક મૂકીને વૃદ્ધ તાપસના ચરણમાં મસ્તક નમાવ્યું.

વૃદ્ધ તાપસે આશીર્વાદ આપ્યા. ત્યારપછી કલાવતી સામે જોઇને કહ્યું: "પુત્રી, હંમેશા ધર્મમાં સ્થિર રહેજે... તારા ઈષ્ટદેવને કદી ભૂલીશ નહિ."

કલાવતી વૃદ્ધ તાપસના ચરણમાં બાળક સાથે નમી પડી અને બોલી: "બાપુ, આપ અમારી સાથે પધારવાની કૃપા કરો."

"મા, હું તો વનવાસી છું... વનવાસ એ જ મારી મર્યાદા છે. જે વસ્તુ છોડી છે તે વસ્તુ તરફ ન આવી શકાય... ભગવાન તારી રક્ષા કરશે... મારા આશીર્વાદ સદાય તારી સાથે રહેશે." વૃદ્ધ તાપસે ભાવ ભર્યા સ્વરે કહ્યું.

ત્યાં તો શ્રીદત્ત, સારથી અને અન્ય માણસો આવી પહોંચ્યા.

રાજાએ વૃદ્ધ તાપસને કહ્યું: "મહાત્મન્! આપે મારા રત્નને બચાવીને મારા પર મહાન ઉપકાર કર્યો છે... આપ મારા પડાવમાં પધારો અને આપના જ્ઞાનનો લાભ આપો."

વૃદ્ધ તાપસે રાજાની વિનંતિ સ્વીકારી.

સહુ પડાવ તરફ ગયા.

પડાવમાં પહોંચ્યા પછી રાજાએ વૃદ્ધ તાપસને પોતાની શિબિરમાં એક આસન પર બેસાડયા.

રાજાના આગ્રહથી વૃદ્ધ તાપસે કલાવતી પોતાને કેવી રીતે આ નદી કિનારે મળી અને તેના હાથ પાછા કેવી રીતે આવ્યા,. તેમજ પ્રસૂતિથી માંડીને આજ સુધીની વાત કહી સંભળાવી.

રાજાએ વૃદ્ધ તાપસને અને દાયણને સંધ્યા સુધી રોકી રાખ્યા.

બંનેને વિદાય આપતી વખતે રાજા શંખે વૃદ્ધ તાપસને સુવર્ણ ને રત્નના અલંકારો આપવા માંડયા, પણ વૃદ્ધ તાપસે હસીને કહ્યું: રાજન્! આ બધો એક પ્રકારનો બોજો છે... સંસારીઓને એ બોજો ગમે છે... અમારૂં સોનું અને અમારા અલંકાર ભગવાનની ભક્તિ સિવાય બીજા કોઈ ન હોઈ શકે.

વૃદ્ધ તાપસે કશું ન સ્વીકાર્યું.

રાજાએ દાયણને ખૂબ જ ધન આપ્યું.

અને રાજા, શ્રીદત્ત તથા સારથી ત્રણેય આ બંનેને વોળાવવા માટે તેમની સાથે વનપ્રદેશમાં ગયા.

★

## પ્રકરણ ૨૫ મું.
## પ્રતિજ્ઞા.

રાજા શંખ, શ્રીદત્ત અને સારથી જ્યારે વૃદ્ધ તાપસને વોળાવીને પડાવમાં પાછા આવ્યા. ત્યારે રાત્રિનો પ્રથમ પ્રહર પૂર્ણ થવા આવ્યો હતો અને પડાવની આસપાસ મશાલો સળગી રહી હતી.

રાજા શંખ પોતાની શિબિરમાં ગયો. જાણે વર્ષોના વિયોગ પછી પ્રિય વસ્તુનું મિલન થતું હોય એટલો આનંદ એના અંતરમાં ઉછળી રહ્યો હતો.

વનમાં જન્મેલું બાળક નિદ્રાધિન બની ગયું હતું, અને કલાવતી સ્વામીની રાહ જોતી બેઠી હતી.

શિબિરમાં એક દીપમાલિકા પ્રગટાવી હતી...

રાજા શંખ દીપમાલિકાના પ્રકાશમાં જોઈ શકયો

કે ગંગા કરતા યે પવિત્ર પ્રિયતમા કોઇ પ્રકારનો રોષ અંતરમાં રાખ્યા વગર પોતાના બાળક પાસે બેઠી છે.

સ્વામીને શિબિરમાં દાખલ થતા જોઇને કલાવતી એકદમ ઉભી થઇ ગઇ. સ્વામીના ચરણમાં નમસ્કાર કરવા આગળ આવી.

તે નમસ્કાર કરવા નીચે નમે તે પહેલાં જ શંખે પ્રિયતમાના હાથ પકડી લીધા અને કહ્યું; "પ્રિયે, મેં ઉત્તમ પુરૂષ તરીકેનો અધિકાર ગુમાવી દીધો છે... તારા નમસ્કારને લાયક હું રહ્યો નથી."

કલાવતીએ મૃદુસ્વરે કહ્યું: "સ્વામી, પશ્ચાત્તાપની પાવક જ્વાળામાં આપ હતા તે કરતાં યે વધારે વિશુદ્ધ બની ગયા છો."

કહીને રાજદુલારી સ્વામીના ચરણમાં નમી પડી.

"કલા, પ્રથમ મારા દોષની ક્ષમા..."

"સ્વામી આપ આવું ન બોલો... પત્ની કોઈ દિવસે પોતાના સ્વામીનો દોષ હૈયામાં સંઘરતી નથી. અને જ્યારે પત્ની પતિના દોષને સંઘરવો શરૂ કરે છે, ત્યારે તે સાવ સત્ત્વહીન બની જાય છે" રાજદુલારીએ કહ્યું.

"પ્રિયે, આ તારા ઉદાર હૃદયનો પરિચય છે... પરંતુ હું કેવા સંકુચિત માનસનો હતો કે તપાસ કર્યા વગર મેં તારી પવિત્રતા પર શંકા રાખી..."

"આજ સુધી જે કંઇ બન્યું તે ભૂલી જાઓ. પુરૂષોમાં જો કંઇ પણ દોષ હોય તો તે એક જ છે કે પોતાની પ્રિય વસ્તુને પણ ઘણીવાર શંકાની નજરે જોઈ લે છે. એથી પવિત્રતાને કોઇ કલંક નથી લાગતું."

"પુરૂષમાં આવો દોષ શા માટે છે તે મારાથી સમજી શકાતું નથી."

"આમાં સમજવા જેવું છે પણ શું ? પુરૂષનો સ્વભાવ જ કંઈક ઉતાવળીયો હોય છે... સ્ત્રી જેમ ધૈર્ય અને સમતાની મૂર્તિ છે, તેમ પુરૂષ હોતો નથી. આપને મારા પ્રત્યે એવો કયો વહેમ આવ્યો હતો ?" કલાવતી કશું જાણતી નહોતી એટલે સહજ ભાવે બોલી.

શંખે હીરક વલયની વાત કરી અને પોતે વહેમમાં કેવી રીતે પરેશાન થવા માંડયો, તે જણાવ્યું... ત્યારપછી પોતે કાંડા કાપવાનો મનથી જે વ્યૂહ રચ્યો તે કહ્યો..."

આ સાંભળીને રાજદુલારી હસી પડી અને હસતા હસતા બોલી: આ તો કર્મરાજાનું એક નર્તન હતું, પરંતુ એક રીતે જે કંઇ બન્યું, તે ઉત્તમ જ થયું. માનવી જ્યાં સુધી કસોટીએ નથી ચડતો ત્યાં સુધી એના જીવનની કિંમત કોઇથી સમજાતી નથી. પછી આપનો વહેમ દૂર કેવી રીતે થયો ?

રાજા શંખે કપાયેલા કાંડા લઇને સારથી આવ્યો અને હીરક વલય જોઇને તેમાં ભાઇની ભેટનો ઉલ્લેખ વાંચ્યો તે હકીકત કહી.

રાજદુલારી કલાવતીએ કહ્યું: "જે થયું તે ઉત્તમ થયું. જો આ ન બન્યું હોત તો મને પણ સંસારની વિચિત્રતાનો પ્રત્યક્ષ ખ્યાલ આવત નહિ."

"સંસારની વિચિત્રતા ?"

"હા સ્વામી, સમજવા છતાં માનવી સંસારના મોહમાં અંધ બનતો જ રહે છે. હું પણ એ રીતે અંધ બની ગઈ હતી... મને ય મનમાં થતું, મારા જેવું કોઇ સુખી નથી... સ્વસ્થ ને ઉદાર સ્વામી, રાજસુખ, અઢળક સંપત્તિ, રૂપ... આ બધાનો મને ય મનમાં ગર્વ રહ્યા કરતો હતો. માનવીના મનમાં પાંગરતા ગર્વનું ખંડન ન થાય તો માનવી અનંત કાળ સુધી ભવભ્રમણની જાળમાં સપડાઈ જાય છે. હું તો આ પ્રસંગને જીવનનો આશીર્વાદ માનું છું... જો આ પ્રસંગ ન બન્યો હોતતો સંસારની મરિચિકા કદી ન સમજાત."

"પ્રિયે... તારી વાત સત્ય છે, સંસાર ખરેખર વિચિત્ર છે... પરંતુ એક વાત મારા આશ્ચર્યનું શમન કરી શકતી નથી."

"કઇ વાત ?"

"કપાયેલાં કાંડાં પુનર્જીવિત બને એ શું ઓછું આશ્ચર્ય છે ?"

"સ્વામી, પાશવિક બળોમાં જેમ આશ્ચર્ય ભર્યું હોય છે, તેમ સાત્ત્વિક બળોમાં આશ્ચર્ય છૂપાયું હોય છે. તપસ્વી મહારાજે મારા પ્રાણમાં પ્રકૃતિના સત્ત્વો

સામે લડી લેવાની પ્રેરણા ભરી અને હું નમસ્કાર-મંત્રનું આરાધન કરવા મનમાં ગાંઠ મારીને બેસી ગઇ. તપસ્વી કહેતા હતા કે જગતમાં સતીત્વનું બળ મહાન છે. પરંતુ મારી શ્રદ્ધા તો એ જ છે કે, જે નવકાર-મંત્ર મોક્ષ સુધી પહોંચાડવાની શક્તિ ધરાવે છે, જે દેવલોક સુધી લઈ જાય છે, જે નવકારમંત્ર જીવનના પ્રત્યેક સુખો પુરવા સમર્થ છે... તે નવકારમંત્ર શું પ્રકૃતિના સત્ત્વશીલ બળોને કશી અસર ન કરી શકે? નવકારની આરાધના કરવાથી મને મારા કાંડા પાછા મળ્યાં એ મારે મન મોટી વાત નથી... મોટી વાત તો એ છે કે આવા ક્ષુદ્ર સુખ જો મળી શકતાં હોય તો શાશ્વત સુખ શા માટે ન મળે?"

રાજા શંખ પત્નીના શાંત, નિર્મળ અને તેજસ્વી વદન સામે જોઇ રહ્યો.

થોડી પળો સુધી બંને વચ્ચે મૌન છવાયું.

નાનું બાળક નિદ્રાની ગોદમાં કોમળ ફુલના ઢગલા માફક પડયું હતું.

રાત જામતી જતી હતી.

અને આ મૌનનો ભંગ કરતાં કલાવતીએ કહ્યું; "સ્વામી, મારી એક પ્રાર્થના સ્વીકારશો?"

"પ્રાર્થના? નહિ પ્રિયે, આ કહીને તું મને ક્ષુભિત ન બનાવ. તને આજ્ઞા કરવાનો અધિકાર છે અને તારી આજ્ઞાનું પાલન કરવું એ મારા માટે એક કર્તવ્ય છે. કહે..."

કલાવતી બે પળ સ્વામીના વદન સામે જોઇ રહી. ત્યારપછી તે મૃદુ શાંત સ્વરે બોલી: "સ્વામી, આ પ્રસંગથી આપને સંસારની વિચિત્રતાનો આભાસ થયો છે કે નહિ?"

"અત્યારે તારી સાથે આ ચર્ચા કરતી વખતે જ મને એ આભાસ થયો છે."

"એ પહેલાં?"

"... જો એ પહેલાં આભાસ થયો હોત તો હુ ચિતા રચાવીને બળી મરવાનો નિર્ણય ન કરત." રાજા શંખે કહ્યું.

"તો પછી આપણે એક પુરૂષાર્થ કરવાનો નિશ્ચય કરવો જોઇએ."

"કહે..."

"જ્યાં સુધી સંસાર પ્રત્યે, સંસારના સુખો પ્રત્યે મમતા રહેશે, ત્યાં સુધી જીવનનો રઝળપાટ કદી અટકશે નહી. સંસારની વિચિત્રતામાં જ ગુંગળાવું પડશે અને શાશ્વત સુખ પ્રાપ્ત કરી શકાશે નહિ."

"તું કહે છે તે સત્ય છે."

"તો આજથી આપણે એક પ્રતિજ્ઞા કરીએ. આપણું બાળક વય પ્રાપ્ત થાય ત્યારે આપણે સંસારનાં સર્વ સુખોનો ત્યાગ કરીને ભગવાન શ્રી જિનેશ્વરે પ્રરૂપેલાં ત્યાગમાર્ગનું અવલંબન લઇએ." કલાવતીએ પોતાના હૈયામાં ઘોળાતી વાત કહી નાંખી.

રાજા ઘડીભર વિચારમાં પડયો. તેના મનમાં થયું શ્રી જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલો ત્યાગમાર્ગ અતિ-દુષ્કર છે. શું એ માર્ગ પકડી શકાશે? રાજા કશુ બોલ્યો નહિ... વિચારમાં પડી ગયો.

કલાવતીએ કહ્યું: "કેમ સ્વામી, આ તો ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે... એ માર્ગ વગર નિષ્પત્તિ થવાની નથી, તો પછી..."

રાજા શંખે કહ્યું: "દેવી, આ માર્ગ પર મને તો જરાયે હરકત નહિ આવે... પરંતુ તારા જેવી કોમલાંગિની..."

વચ્ચે જ કલાવતી બોલી: "સ્વામી મારી કાયા કોમળ છે... મન ને આત્મા જરાયે કોમળ નથી. જો આપ પ્રસન્ન હૃદયે આજ્ઞા આપશો તો આપના પહેલાં હું એ માર્ગે પગલાં માંડીશ."

"તો પ્રતિજ્ઞા લેવામાં હું સમ્મત છું... પણ મારી એક વિનંતિ તારે માન્ય રાખવી પડશે."

"કહો..."

"આપણે બંનેએ સાથે જ દીક્ષા લેવી."

"જરૂર... આપણું બાળક દસ વર્ષ પુરાં કરે એટલે એક દિવસનો યે વિલંબ ન કરવો."

'કબુલ...'

'અને આ પ્રતિજ્ઞા આપણે ભૂલી ન જઇએ એટલા ખાતર આજથી આપણે દીક્ષા ન લઇએ ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન કરીએ...'

'પ્રિયે...'

"મહારાજ, ભોગવવું એ મોટી વાત નથી... છોડવું એ જ મોટી વાત છે. અને જો આપણે શરીરના મોહમાં જ પાછા સપડાઈ જઇશું તો દીક્ષા નહિ લઇ શકીએ... બીજું બાળક થશે... મોહ વધશે... સંસારની માયા વધશે..."

રાજા શંખે પત્ની સામે ભાવ ભરી નજરે જોઇને કહ્યું: "દેવી, તું કહે છે તે જ સત્ય છે... ઉત્તમ છે... અનુપમ છે... મારા દોષનું સંશોધન પણ તો જ થશે. આજની આ પળથી આપણે દીક્ષા ન લઈએ ત્યાં સુધી મન વચન અને કાયાથી બ્રહ્મચર્ય પાળવાની હું પ્રતિજ્ઞા લઉં છું.'

"આજ હું ધન્ય બની ગઇ... મારો ગર્વ આજ ચરિતાર્થ બન્યો." કહી કલાવતી ઉભી થઇ.

રાજા પણ ઉભો થયો અને બંનેએ આંખો બંધ કરી, હાથ જોડી, ત્રણ નવકાર ગણીને બાળક દસ વર્ષનું થાય એટલે દીક્ષા લેવાની અને બ્રહ્મચર્યના પાલનની પ્રતિજ્ઞા લીધી.

આ ચર્ચામાં રાત્રિ પુરી થઇ ગઇ હતી... ઉષાના અજવાળા પૂર્વાકાશમાં પથરાયા હતા...

જાણે બંનેના નવજીવનને અભિનંદવા વનના પંખીઓએ પ્રભાત ગાન શરૂ કર્યું હતું...

### ઉપસંહાર

રાજા શંખ તે જ દિવસે પોતાની નગરી તરફ વિદાય થયો.

નગરીમાં રસાલા સાથે પહોંચ્યા પછી પુત્રરત્નની પ્રાપ્તિનો હર્ષ વ્યક્ત કરવા રાજા શંખે છૂટે હાથે દાન આપવા માંડયું.

અને...

કાળ તો ધૂમાડાના બાચકા જેવો છે... કદી કોઇથી પકડી શકાતો નથી, કદી તેને કોઇ સ્થિર કરી શકતું નથી.

રાજકુમાર દશ વર્ષનો થઇ ગયો.

અને બંનેના શુભ કર્મના ઉદયના પ્રતાપે મહાપ્રતાપી ને મહાજ્ઞાની શ્રી અમિતતેજ મુનિ વિહાર કરતાં શંખપુરમાં પધારે છે...

અને રાજદુલારી કલાવતી પોતાના સ્વામી રાજા શંખ સાથે સંસારના સર્વ બંધનોનો હંમેશ માટે ત્યાગ કરીને ભાગવતી દીક્ષા અંગીકાર કરે છે.

કલાવતીના માતા, પિતા, બંધુ વગેરે દીક્ષા મહોત્સવમાં આવ્યા હોય છે.

દસ વર્ષના રાજકુમારના હાથમાં રાજદંડ સોંપીને 'સંસારના પ્રત્યેક સુખો કેવળ સુખાભાસ છે.' એ સત્ય સંસારને દેખાડવા બંને પતિ-પત્ની શ્રી જિનેશ્વર-ભગવંતે પ્રસ્થાપિત કરેલા મુક્તિનો માર્ગે આનંદ પૂર્વક હસતા હૃદયે પગલા માંડે છે.

શ્રીદત્ત રહી જાય છે... પરંતુ મિત્રની દીક્ષા વખતે તે બંને માણસો આજીવન ચોથા વ્રતની પ્રતિજ્ઞા લે છે.

**સમાપ્ત**


## જૈન દેરાસરો માટે ઉત્તમ

નવા અગર જિર્ણોદ્ધાર થતા દહેરાસરોમાં વાપરવા માટેનો ઉત્તમ સફેદ પત્થર. જે મુંબઇ, અમદાવાદ, સુરેન્દ્રનગર, કડી, કલોલ, મહેસાણા, વિશનગર વગેરે ગામોના દહેરાસરોમાં વર્ષોથી વપરાય છે.

વિશેષ વિગત માટે પૂછાવો :

**શાહ માણેકચંદ લાલચંદ**

પત્થરના વેપારી

સ્ટેશનરોડ **મોરબી** [ સૌરાષ્ટ્ર ]

## જોઇએ છે.

હિંસા વિરોધી માસિકનું લવાજમ ઉઘરાવનાર જૈન અનુભવી સ્થાનિક તેમજ બહારગામ માટે પ્રચારકો. પગાર લાયકાત પ્રમાણે.

મળો યા લખો :-

**હિંસા વિરોધક સંઘ**

માણેકચોક **અમદાવાદ.**

આજનો બિચારો માનવી !

# ....મોતીને છોડી છીપમાં રાચે છે.....

શ્રી ચાંપશી વિ. ઉદેશી—અમદાવાદ.

તમારી સમક્ષ જો કોઇ માણુસ એક છીપ અને એક મોતી મૂકે તો તમે શું પસંદ કરશો ? મોતી જ ને ? કદાચ કોઇ છીપ પસંદ કરે તો તેને તમે આંધળો કે અક્કલવિહોણો જ કહો ને ? પણુ નવાઇની વાત તો એ છે કે આજની દુનિયા મોતી કરતાં છીપને એટલે કે આચાર કરતાં વિચારને વધુ મહત્ત્વ આપે છે.

વિચાર ! વિચાર !! વિચાર !!! પુસ્તકોમાં વિચાર ! વ્યાખ્યાનોમાં વિચાર ! વર્તમાનપત્રોમાં ભાતભાતના પરસ્પર વિરોધી વિચાર ! રેડિયો પર અને નાટકોમાં વિધવિધ વિચાર ! વાતોમાં અને ચર્ચાઓમાં વિચાર ! દલીલો કરવામાં તાર્કિક વિચાર ! બધે જ વિચાર ! છીપ જ છીપ ! મોતીનું એટલે કે આચારનું તો નામ જ નહિ ! આનું કારણુ શું ? એ જ કે આજની દુનિયાને આચાર કરતાં વિચારનું વધારે મૂલ્ય છે. એક ઓછું ભણેલા પણુ આચારવાન માનવી કરતાં એક આચારહીન પણુ વિચારોના ઢગલા ઠાલવનાર માનવીને આજની દુનિયા વધુ મહત્ત્વ આપે છે. એવો માનવી વિદ્વાન લેખાય છે, તેને ઠેર ઠેર માન મળે છે; જ્યારે જીવનમાં આચારને ઊતારનાર મહામૂલા મોતી સરખો પેલો આચારવાન માનવી તો જગતને એક ખૂણે પડયો પડયો, જગતથી છેક જ અજાણુ, પોતાનું જીવન વ્યતીત કર્યે જાય છે !

દોઢ–બે સૈકા પહેલાંના માનવી કરતાં આજનો માનવી વધારે બુધ્ધિમાન, વધારે વિચારવંત, વધારે ચપળ, વધારે ઉદ્યમી, વધારે આકર્ષક, વધારે વાતો કરતો અને વધારે વાંચતો તથા વિચારતો થયો છે. છતાં તે વધારે "સુખી" નથી થયો, કારણુ કે તે વધારે 'ચારિત્ર્યશીલ" નથી બન્યો. તે વિચારોને જ મહત્ત્વ આપતો અને રાતદિવસ વિચારો કરતો જ થયો છે. સ્વસ્થ, સંતોષી, સિદ્ધાંતસભર અને આચારવાન જીવનથી તો તે દિવસે દિવસે દૂર થતો જાય છે.

જગતનાં સર્વ પ્રાણીઓ કરતાં માનવી વધારે બુધ્ધિમાન લેખાય છે. પણુ તમે માનશો ? માનવી જેટલો પોતાની બુધ્ધિનો દુરુપયોગ જગતમાં કોઇ યે પ્રાણી કરતું નથી ! પ્રથમ દૃષ્ટિએ આ વાત તમને હસવા સરખી લાગશે. પણુ થોડાક ઊંડા ઊતરશો તો આ વાતની તમને પ્રતીતિ થતી જશે. એટમ બોમ્બ અને હાઇડ્રોજન બોમ્બની વિનાશક શોધો એ બુધ્ધિનો મહાનમાં મહાન દુરુપયોગ નથી તો બીજું શું છે ?

આજની દુનિયા સાદા, નિરાડંબરી, ભલાભોળા, આચારવાન અને સિદ્ધાંતવાદી માનવીને 'નમાલો' અને 'અવ્યવહારૂ' માને છે; જ્યારે આડંબર યુક્ત, હૈયે એક ને હોઠે બીજું આચરનાર, વિચારોથી જ સામાને આંજી નાખનાર અને સિધ્ધાંત તથા આચાર વગરના "તકવાદી" માનવીને દુનિયા અત્યંત બુદ્ધિશાળી, વિદ્વાન કે નેતા માનીને માન આપે છે. બીજા શબ્દોમાં કહીએ તો "દુનિયા મોતીને અવગણે છે અને છીપને પ્રીછે છે!"

# ★ સંતોષ સુખની ચાવી છે. ★

પૂ૦ મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

અનાદિ અનંત આ વિશ્વને વિષે જ્યાં જ્યાં નજર કરીશું ત્યાં ત્યાં સઘળાયે પ્રાણીઓ સુખને માટે જ તલસી રહેલા જોવામાં આવે છે. કીડીથી માંડી કુંજર સુધી સૌ તે માટે પ્રયત્ન કરે છે, જ્યારે મનુષ્યો એમ માનતા હોય છે કે 'સુખ દ્રવ્યથી મેળવી શકાય છે' આથી રાત્રિ-દિવસ ઉનાળાના ધોમ ધગતા તાપ, શીયાળામાં કડકડતી ઠંડી, ચોમાસામાં વરસાદની ઝડીઓ, ભૂખ-તરસ, સામા તરફથી થતાં અપમાનો-તિરસ્કારો-ગાળો વગેરે સહન કરે છે, બીજાની ગુલામી, સલામો ભરવી વગેરેથી તનતોડ મહેનત કરતા હોય છે, મહેનત કરતાં કદાચ થોડા રૂપીયા મળી જાય છે, તો વધારે મેળવવા ઈચ્છા થાય છે, અને પ્રયત્ન કરે છે. સો મળી જતાં હજારની ઇચ્છા કરે છે. હજાર મળતાં લાખની, લાખ મળતાં દસ લાખની, દસ લાખ મળતાં ક્રોડ રૂપીયાની, ક્રોડ રૂપીયા મળી જતાં અબજ રૂપીયાની ઇચ્છા કરે છે,, યાવત્ આખી પૃથ્વીનું રાજ્ય મળી જાય એમ ઇચ્છા કરે છે, આમ અધિક ને અધિક મેળવવાની લાલસામાં તે કદી સુખી થઇ શકતા નથી. તેનું કારણ તેઓ ભુલી ગયા છે કે 'દ્રવ્ય મળવું તે પુન્યને આધીન છે. પુણ્ય હોય તો દ્રવ્ય મળે છે, પુણ્ય હોય તો ભોગવાય છે, પુણ્ય હોય તો જ ટકે છે, દુનિયામાં જે કાંઇ સારું દેખાય છે તે બધું જ પુણ્યના ફળરૂપે છે.'

તૃષ્ણાથી અંધ થયેલા મનુષ્યો હિત કે અહિત, લાભ કે ગેરલાભ, ભક્ષ્ય કે અભક્ષ્ય, પેય કે અપેય, કર્તવ્ય કે અકર્તવ્ય, ગમ્ય કે અગમ્ય વગેરે કાંઇ જાણી શકતા નથી. તૃષ્ણારૂપી અગ્નિથી સંતપ્ત થયેલાનું હૃદય અત્યંત બળે છે, રાત દિવસ ચિંતા રહ્યા કરે છે, તૃષ્ણારૂપી અગ્નિથી તપી રહેલાને સુખ ક્યાંથી હોય? સુખ પામવું હોય તો તેની ચાવી માત્ર

---

એ ખરૂં કે જેમ છીપમાંથી જ મોતી નીકળે છે તેમ વિચારમાંથી જ આચાર જન્મે છે. છીપ વિના મોતી સંભવે નહિ તેમ સદ્-વિચાર વિના સદાચાર જન્મે નહિ. પણ છીપમાંથી મોતી કાઢી લઇને આપણે છીપને છીપ પૂરતું જ મહત્ત્વ આપીએ છીએ, તેમ વિચારોમાંથી છેવટે તો આચારરૂપી મોતી જ મેળવી લેવાનું રહે છે અને વિચારોને તો છીપ જેટલું જ મહત્ત્વ આપવાનું રહે છે. આ સત્ય દુનિયા લગભગ વિસરી ગઈ છે. પરિણામ એ આવ્યું છે કે દિવસે દિવસે વિચાર અને આચાર વચ્ચેનું-હોઠ અને હૈયા વચ્ચેનું-અંતર વધતું જ જાય છે. આથી સત્ય તારવી કાઢવું હવે અત્યંત દુષ્કર બની ગયું છે. આજનો માનવી વિચારવમળમાં એવો તો અટવાઇ ગયો છે કે જીવનના સાચા ધ્યેયરૂપ અંતિમ કિનારો તો તેની નજરે પણ પડતો નથી! આજનો બિચારો માનવી મોતીને છોડીને છીપમાં જ રાચે છે!

(નવચેતન)

એક જ છે, જે જ્ઞાનીઓએ સંતોષ નામથી ઓળખાવેલ છે. સંતોષમાં એટલી તાકાત રહેલી હોય છે કે જો બુદ્ધિમાન મનુષ્યો સંતોષરૂપી અંજનને આંજે તો હિત-અહિત, લાભ-ગેરલાભ, ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય, કર્તવ્ય-અકર્તવ્ય, ગમ્ય-અગમ્ય. વગેરે સ્પષ્ટ રીતે જોઇ શકે છે.

તૃષ્ણારૂપી અગ્નિથી સંતપ્ત થયેલા હૃદયને શાંત કરવા માટે સંતોષરૂપી જળ જ સમર્થ છે. જળના સિંચનથી સંતપ્ત થયેલું હૃદય શાંત થઇ. જાય છે.

સંતોષને રત્નની ઉપમા પણ અપાય છે, જેમ રત્નનાં યોગે દુનીયાના કોઇ પણ સ્થાને જઇ શકાય છે તેમ આ સંતોષરૂપી રત્નથી મોક્ષપુરીમાં જઈ શકાય છે, અને ત્યાંના અવ્યાબાધ સુખો ભોગવી શકાય છે. સંતોષ એ જ સાચા સુખની ચાવી છે.

દુર્જન માણુસ સાચી મિત્રતાનો ત્યાગ કરે છે, તેની જેમ જેઓએ મમત્વથી રહિત સંતોષરૂપ જળનું પાન કર્યું હોય છે, તેના માનસિક દુઃખો ચાલ્યા જાય છે, જગતમાં કહેવત છે કે 'સંતોષી નર સદા સુખી. સંતોષથી મહાન કોઈ નથી' આ વાત ખરેખર સત્ય છે. જેણે સંતોષનો અનુભવ કર્યો છે, તેને કોઇ જાતનું દુઃખ લાગતું નથી. આ સંબંધમાં એક ટુંકું દૃષ્ટાંત જોઈએઃ-

એક રાજસભામાં એકવાર વાક્ હરિફાઇ યોજાઇ છે, વિવિધ પ્રકારની વાકયુક્તિઓ થઈ રહી છે, તેવામાં એક વિદ્વાન પંડિતે સભામાં પ્રવેશ કર્યો. તેનું નામ મદન હતું. તેની સામે હરિફાઇની વાત થઇ. પછી મદન અને હરિહર પંડિત સામ-સામા વાક્ હરિફાઇ કરે એમ નક્કી થતાં મદને હરિહરને કહ્યું કે 'હે હરિહર! તું તારા ગર્વને મૂકી દે, કવિઓના સમુદાયરૂપ હાથીઓના માટે અંકુશરૂપ આ મદન આવી પહોંચ્યો છે.'

તું શાનો ડંફાસ મારે છે? તને શું શરમ નથી આવતી? હરિહરે તારા માટે શું કર્યું છે? આખોને આખો સળગાવી મુકયો છે. તેનો તો વિચાર કર (હરિહરે મદન એટલે કામદેવને સળગાવી મૂકી શરીર વિનાનો કર્યો છે, એમ લોકોક્તિ છે) હવે કહે તું કોણ છે? હરિહરે સામો જવાબ આપ્યો.

'હું જ્ઞાનનો ઘડો છું. મારામાં અગાધ જ્ઞાન ભર્યું છે' મદને કહ્યું.

હરિહરે કહ્યું કે 'જો તું જ્ઞાનરૂપી ઘડો છે, તો હું તારા ઘડાને ફોડી નાખવા માટે ધોકો છું.

આટલી ખુમારી? તું ધોકો છે તો હું તને સળગાવી મુકવા માટે અગ્નિ છું. મદને સામો પ્રત્યુત્તર કર્યો.

હરિહર બોલ્યોઃ એમ? તું અગ્નિ છે તો જોઈ લે, મારું પરાક્રમ. હું મેઘ છું, તને પલવારમાં ઠંડો પાડી દઉં.'

'સારું, તું મેઘ ભલે રહ્યો, પણ હું તારો નાશ કરનાર પવન છું.' મદને રોકડું પરખાવ્યું. (પવનથી મેઘ દૂર જતો રહે છે.)

હરિહર ગર્જના કરતો બોલ્યોઃ 'તું પવન ભલે રહ્યો, હું તારું ભક્ષણ કરવા માટે સર્પ છું. (સર્પ પવનનું પણ ભક્ષણ કરી જીવે છે.)

'તું સર્પ? આવી જા, તારો નાશ કરનાર હું ગરૂડ છું. ક્ષણવારમાં જ પરલોકમાં પહોંચાડી દઉં જુસ્સાપૂર્વક મદને જણાવ્યું.

હરિહરે બમણા જુસ્સામાં આવીને કહ્યું

કે 'તારું બળ શું કામનું? તું ગરૂડ છે તો તારો સ્વામી તારા ઉપર સ્વારી કરનાર હું કૃષ્ણ છું કૃષ્ણ.

વાહરે વાહ કૃષ્ણ બન્યા તો ખરા, પણ હું કયાં કાચો છું? તારા માથા ઉપર રહેનાર હું મુગુટ છું મદને રોફથી કહ્યું.

આખી સભા આ વાર્તાલાપમાં ગરકાવ બની રહી છે, કોણ શું બને છે તે જાણવા આતુર રહે છે. મદન મુકુટ બન્યો છે. તેની સામે હવે હરિહર શું બને છે.? તે જાણવા સભા ઉત્સુકતાથી રાહ જોઇ રહી છે.

થોડીવાર વિચાર કરી હરિહર બોલ્યો: ભલે તું મુગુટ રહ્યો, હું તારા ઉપર રહેનાર કમળ છું.

'તો તારા ઉપર ફરનાર હું ભમર છું. મદને કહ્યું.

હરિહરે બોલતાં કહ્યું: કે 'જો તું કમળ ઉપર ફરનાર ભમર છે, તો હું કમળને બીડી દેનાર સૂર્ય છું' (સૂર્ય ઉગતા ચંદ્રવિકાસી કમળ બીડાઈ જાય છે, તેથી ભમર અંદર ગુંગળાઇ મરી જાય છે.)

'તું સૂર્ય છે તો હું તારું ગ્રસન કરનાર રાહુ છું' મદને કહ્યું (રાહુ સૂર્યનું ગ્રહણ કરે છે.)

હરિહરે જવાબ આપ્યો કે 'તું રાહુ છે તો તને છુટો કરનાર હું દાન છું (જ્યારે ગ્રહણ થાય છે ત્યારે લોકો એ ગ્રહણ છુટે તે માટે દાન-પૂન્ય કરે છે.)

'ભલે તું દાન બન. પણ તું દાન કોને આપીશ? હું સંતોષ છું. દાન લેવા જાઉં જ નહિ ને' મદને આનંદમાં આવી કહ્યું.

હરિહર પાસે હવે કોઇ જવાબ હતો નહિ. શું બોલે છે તે સાંભળવા સભા આતુર છે. પણ હરિહર તો મૌન થઇ ગયો. એટલે મદનની જીત થયેલી જાહેર થઇ. આ રીતે મદને સંતોષ બની વાક્ હરીફાઇમાં જીત મેળવી.

આપણે જો વિચાર કરીશું તો સંતોષ એ મહાન છે. ઉંચામાં ઉંચી અને સુંદરમાં સુંદર વસ્તુ છે અને અનેક ગુણો પમાડનાર છે, એમ જરૂર લાગ્યા વિના નહિ રહે સંતોષી માણસને કદી પણ કોઇ વાતની અધીરાઇ હોતી નથી. જેવા પ્રકારના સંયોગો હોય, તેમાં સંતોષ માની દુઃખી થતો નથી, પણ સુખનો-શાંતિનો અનુભવ કરે છે, દુઃખ આવતા ગભરાઈ જતો નથી, તેમજ સુખમાં છકી જતો નથી. આથી લોકમાં તે પૂજાને પાત્ર બને છે. જગતમાં કહેવત પણ છે કે 'માગે તેને ભાગે, ત્યાગે એને આગે' જેઓ ભોગ-સુખ વગેરે માટે તલપાપડ બને છે, તેનાથી ભોગ સુખ વગેરે દૂર દૂર જાય છે, અને જેઓ ત્યાગ કરે છે ત્યારે ભોગ-સુખ વગેરે તેના પગમાં આળોટવા માંડે છે, જ્યારે મનુષ્ય સંસારના સર્વ સંગોનો ત્યાગ કરી પરમ સંતોષ એટલે આત્મરમણતામાં રહે છે, ત્યારે તેને પરમસુખનો અનુભવ થાય છે, અને મોક્ષ-લક્ષ્મી આવી મળે છે, મહેનત કરવી પડતી નથી. મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થયા પછી કોઇ જાતનું દુઃખ રહેતું જ નથી. જન્મ-મરણ-વૃધ્ધાવસ્થા રોગ-શોક સંયોગ-વિયોગ કાંઈ જ નહિ. અનંત કાળ સુધી બસ સુખ, સુખ અને સુખ જ. તમો સૌ પણ જીવનમાં સંતોષ કેળવી શીઘ્ર મોક્ષ-સુખને પ્રાપ્ત કરો એજ શુભેચ્છા.

'કલ્યાણ' માસિક, વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦

## સિંહાવલોકન કરો !

મન વિજળી જેવું ચંચળ અને તરલ છે. તેનો વેગ અને શક્તિ વિજળીથી પણ ચઢીયાતાં છે. જો વિજળી અધ્ધર ને અધ્ધર રહે તો ફાવે ત્યાં અને ફાવે તેમ પડે, અને વિનાશ સર્જે પણ તમે તેને તારમાં પરોવી લો અને કામે લગાડો, તો તમારાં બધાં કામો તે ત્વરિત કરી આપે; અન્યથા ઉન્માદમાં જ્યાં ત્યાં અથડાઈ બધું ભસ્મીભૂત કરી નાંખે. તેજ રીતે મનના વેગો અને આવેગોને કોઇ શુદ્ધ ધ્યેયના તારમાં પરોવી લો, તો તમારૂં કામ ઝપાટાબંધ કરી નાંખે.

વળી મન આખલા જેવું બળવાન અને રખડું છે, તેનું બળ અને ભ્રમણ તો આપણાથી પણ ચઢીયાતા છે, જો તેને સ્વચ્છંદે વિહરવા દો, તો માતેલા સાંઢની જેમ મારકણું અને ભાંગફોડીયું તે બને છે. જો તમે તેને નાથી લો, ને ધુંસરીમાં જોડી દો, તો તે જીવનની ગાડીને બરાબર ચલાવે છે. જેણે મનને પુષ્ટ બનાવ્યું છે, પણ નાથ્યું નથી, અથવા નાથ્યું છે, પણ પુષ્ટ બનાવ્યું નથી, તે એક યા બીજા પ્રકારની ભૂલ કરી રહ્યા છે. શક્તિ અને સંયમ બંને સરખા આવશ્યક છે. શક્તિ હશે પણ સંયમ નહિ હોય, તો જીવનની ગાડી ઉંધી વળવાની; સંયમ હશે પણ શક્તિ નહિ હોય, તો ગાડી ક્યાંક વચ્ચે જ પડી રહેવાની.

મન, એક દૃષ્ટિએ રૂપાળાં શીંગડાં પર મોહી પડેલા, પેલી હિતોપદેશની કથાના સાબર જેવું છે. તે બહારના રૂપમાં, વૈભવમાં, દેખાવમાં તરત મોહી પડે છે, જ્યારે જીવનના શિકારીઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા પીછો પકડે છે, ત્યારે રૂપાળાં શીંગડાં તેને ઝાડઝાંખરામાં અટવાવી દે છે. તેને સાચી મદદ તો તેના પાતળા, લાંબા અને નજીવા દેખાતાં પગોજ કરી શકે છે, બહારની નાકામયાબ શોભા અને ઠાઠ ઠેઠરા કરતાં પોતાની અંદરની, ઉઠાવદાર નહિ એવી, આત્મશક્તિ જ વધારે કીંમતી છે, તે શક્તિ સદ્‌ગુણો રૂપે પ્રગટ થાય છે.

તમારી પાસે શું ધન છે, શી સત્તા છે, શા સાધનો છે, શું જ્ઞાન છે, તેની બડાઇ છોડી દો, તે તો શોભાદાર શીંગડા જેવાં છે, તમને ક્યાંક અટકાવી દે છે, તમારી આંતરિક શક્તિ કેટલી ખીલી છે, તે જુઓ. તે જ તમારા કલ્યાણકારી પગો બની તમને મુશ્કેલીમાંથી દૂર લઇ જશે.

## મનન માધુરી

### શ્રી 'વિમર્શ'

સાત્વિક ધ્યેયપુત નિર્મલ વિચારધારા લોકભોગ્ય શૈલીમાં મનન-ચિંતન પ્રધાન દૃષ્ટિયે શાંત, સહૃદય વિચારક વિદ્વાનની કલમે સંપાદિત થઇને અહિં રજૂ થાય છે, 'કલ્યાણ'માં લગભગ ૧૫ મહિનાથી પ્રસિદ્ધ થતો આ વિભાગ સર્વ કોઇને ગમી ગયો છે, આ વિભાગ આગામી અંકોમાં ચાલુ રહેશે. સં૦

ટુંકમાં સત્પ્રવૃત્તિ, સંયમ અને ચારિત્રથી મનને બલાઢ્ય બનાવો. એવું બળવાન મન સિંહ જેવું નિર્દય અને રાજવી બનશે. પણ સિંહની એક ટેવ પણ તેને જોઇશે, અને તે સિંહાવલોકનની. સિંહની જેમ છલંગ મારીને આગળ ભલે વધો, પણ સિંહની જેમ પાછળ જોવાનું ચૂકતા નહિ, તમે તમારી આવક–જાવકનો હીસાબ રાખો છો? તમે તમારા અનુભવોની રોજનિશી લખો છો? તમે તમારા વહી જતાં જીવન કાળની પળે પળ કયાં વપરાય છે, તે નોંધો છો? જો તમે એ નહીં કરતા હો તો કેવી રીતે સિંહાવલોકન કરશો? તમારા નાણું અયોગ્ય માર્ગે ખર્ચાઈ જશે અને તમને તેનું ભાન પણ નહિ રહે. તમારા અનુભવો વેરાઇ જશે અને સ્મરણોની તાજગી રહેશે નહિ. તમે વૃદ્ધ થઇ જશો અને તમારૂં યૌવન કયાં ગયું, તેનો પત્તો પણ લાગશે નહિ માટે વારંવાર સિંહાવલોકન કરવા માટે તમારા ખર્ચનો, તમારા અનુભવોનો અને તમારા સમયનો હીસાબ રાખો. વારંવાર પુરાંત નહિ મેળવો, તો પસ્તાશો, સિંહ બનતા અને સિંહાવલોકન કરતા શીખો.

*

## સમાનતાનો સાચો ઉપાય

વિશ્વની કોઇ બે વસ્તુઓ સંપૂર્ણ રીતે સમાન નથી. આપણે સૌ રૂપ, રંગ, શક્તિ અને શક્તિત્વની દૃષ્ટિએ ભિન્ન અને અસમાન છીએ. દરેકનું સ્થાન જુદું, ગુણ ધર્મો જુદા, અધિકાર જુદો. વિવિધતા અને ભેદ એ તો પ્રકૃતિનું પ્રગટ સ્વરૂપ છે, આ હકીકત ભૂલી જઈને 'આપણે બધા સમાન છીએ'નું પ્રચલિત સૂત્ર અણસમજ્યે ચલાવવામાં આવે છે, અને તે પ્રમાણે ચાલવાના પ્રયાસો કરવામાં આવે છે. કોલેજનો વિદ્યાર્થી લો, કે મીલનો મજૂર લો, સરકારી અમલદાર લો કે તેનો પટ્ટાવાળો લો, કારખાનાનો માલિક લો કે તેનો કારકુન લો, બધા સમાનતાની વાતો કરે છે: 'આ જગતમાં કોઇ ઊંચુ નથી અને કોઈ નીચું નથી, જાતિ જાતિમાં, વર્ણ વર્ણમાં, પ્રજા પ્રજામાં, સ્ત્રી પુરુષમાં સર્વત્ર સમાનતા રહેલી છે' આથી વાતો કરનારા તે કયાં રહેલી છે? અને કેવી રીતે રહેલી છે, અને કેમ દેખાતી નથી, તેનો વિચાર ભાગ્યે જ કરે છે.

પવન વાય તે બાજુ પીઠ કરીને ચાલવાનું લોકોને ઠીક પડે છે. પ્રજાતંત્રના આ જમાનામાં, સ્વતંત્રતાના આ યુગમાં, સમાજવાદના ભણકારા સંભળાયા કરે છે તે કાળમાં, સમાનતાના ગીત ગાવાની તેમને કોઇ ના પાડી શકતું નથી. સમાનતાનો પોકાર કરવાનું શીખી લઇને અનેક પ્રકારની મૂર્ખાઈઓ થાય છે, તેનો ખ્યાલ સુધ્ધાં પણ આવતો નથી. લોકો બીચારા સમાનતાના કલ્પિત સ્વર્ગમાં વિહરે છે અને તેની ઇંદ્રજાળમાં ફસાઇ પડે છે. સમાનતાના નામે પોતામાં રહેલી વિશેષતાને વિકસાવતા નથી અને બીજાઓમાં રહેલી વિશેષતાઓનો આદર કરતા નથી, 'હિંદુ અને મુસલમાન સમાન છે,' 'સત્તાધીશો પણ આપણા જેવા એક માનવી જ છે' 'આપણે બધા એક જ પિતાના સંતાન છીએ' આવું આવું કયાંકથી શીખી લાવી ભ્રમિતપણાના ચશ્મામાંથી આખા જગતને જુએ છે, ધીમે ધીમે તેમાંથી દેખાદેખી જન્મે છે, બુધ્ધિહીન બુધ્ધિમાન જેવું કરવા લલચાય છે, અશક્ત સશક્તને ચાલે ચાલવા જાય છે, રંક ધનવાનની પેઠે રહેવા જાય છે, ઉલટ પક્ષે બુધ્ધિમાન નિર્બુધ્ધિક જેવા કાર્ય કરવા તૈયાર થાય છે, સશક્ત અશક્તની જેમ વર્તવા જાય

છે, ધનવાન નિર્ધનનું અનુકરણ કરે છે, દેખા દેખી વર્તન કરવામાં ફાવટ જણાતી નથી, ત્યારે પરસ્પર અદેખાઇ કરવા લાગે છે, અભિમાન ઘવાતાં મિથ્યાભિમાનના ઉંચા આસને ચઢવા જાય છે, છેવટે પટકાય છે અને વ્યવહારમાં અસમાનતાનું સામ્રાજ્ય જોઈ અકળાય છે, અંતે તિરસ્કાર, ક્રોધ, કટુતા, વગેરે તેમના જીવનના સહચર બને છે.

પણ ભાઇ ! શા માટે સમાનતાના ચાળે ચડયા છે।? વિષમતા તો કુદરતી છે. નાના મોટા વ્યવહારોમાં અને કુદરતની સ્વાભાવિક દુનિયામાં રહેવું હોય તો વિષમતાનો સ્વીકાર કરતા થઇ જાએ, જ્યાં જ્યાં વિશેષતા દેખો, વધુ શક્તિ અને સદ્‌ગુણો દેખો, ત્યાં ત્યાં તેનો આદર કરતાં શીખો, નમ્ર બની તેમનું અનુકરણ કરો, જ્યાં જ્યાં ઉણપ દેખો, ઓછી શક્તિ દેખો, દુર્ગુણો અને દોષો દેખો, ત્યાં ત્યા તેના તરફ સહાનુભૂતિની નજર રાખો, ઉમરે જેમ મોટા અને નાના માણુસો હોય છે, તેમ ગુણુથી પણ નાના મોટા હોય છે, બધાને વિકાસના પગથીયાં ચઢવાના છે. કોઈ ચઢી ગયા છે. તો કોઇને હજુ ચઢવાનું છે, સમાનતા યાત્રામાં છે. ધ્યેયમાં છે, કિન્તુ આપણામાં નથી.

આ સમાનતા પ્રાકૃતિક છે. સમાનતા સાંસ્કૃતિક છે. પ્રાકૃતિક ભિન્નતા છતાં સર્વને એકત્વ અપાવનાર કોઇ બળવાન તત્ત્વ બધામાં રહેલું છે. સંસ્કારિતાના રાહે આગળ વધી તે તત્ત્વને શોધી કાઢવાનું છે. સમાનતાની આશા પ્રગતિમાં છે, ઉચ્ચ કોટિએ ચઢયા પછી જ સમાનતા કે એકતા અનુભવી શકાય છે, વિષમ જગતમાં સમાનતા અનુભવવી હોય, તો તે દેખાદેખી કે ઈર્ષ્યાવૃત્તિમાં નહિ મળે, પણ પ્રેમમાં મળશે.

જ્ઞાની પિતા અજ્ઞાની બાળકને ચાહી શકે છે, દયાળુ માણુસ દુઃખીને ચાહી શકે છે, એકને દેવામાં સુખ છે, બીજાને લેવામાં, ખુબી તો એ છે કે વિષમતા અને વિવિધતા જ જગતના પ્રેમનું અધિષ્ઠાન છે, એકને પ્રેમી થવું છે, તો બીજાને પ્રેમપાત્ર થવું છે. એટલે બંનેનો તરત મેળ બેસે છે, ભૂખ છે તો અન્ન છે, તૃષ્ણા છે તો જળ છે, આંખ છે તો પ્રકાશ છે, બધા એક બીજા માટે છે.

બધી વિષમતાઓને આત્મીયતાથી જોવામાં ખરી સમાનતા રહેલી છે. બધા પોત-પોતાની વિષમતા પ્રમાણે વર્તે છે. પોત-પોતાના ગુણ ધર્મો પ્રમાણે વર્તી રહ્યા છે, વિકાસ થતાં બધા સમાન બની જશે.


## ❋ શ્રી શત્રુંજય મહાતીર્થોદ્ધાર વર્ણન ❋

**[ગુજરાતી ભાષાંતર સાથે. ૪૮૦ પેજ છતાં મૂલ્યઃ ૨-૮-૦ ]**

સં૦ ૧૩૬૯ માં અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્યે શ્રી શત્રુંજયનો ભંગ કર્યો તે અવસરે તેના સુબા અલપખાન પાસેથી ફરમાન મેળવી પાટણના શ્રાવક સમરસિંહે મહાતીર્થનો ઉધ્ધાર કરાવ્યો તેની ઐતિહાસિક કડિબધ્ધ હકીકતો છે. બીજા ઉધ્ધારોનું પણ ટુંક વર્ણન છે. મૂળ સંસ્કૃત ગ્રંથ પણ સાથે છે. સંસ્કૃતના અભ્યાસીઓ માટે ઉત્તમ ગ્રંથ છે. ગણતરીની નકલો અમને પ્રાપ્ત થઇ છે. તુરત મંગાવોઃ-

**સોમચંદ ડી. શાહ—પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]**

# મધપૂડો

સં. શ્રી મધુકર

'કલ્યાણ' ના સર્વકોઇ વાચકોનાં આકર્ષણનો વિભાગ મધપૂડો, નિયમિત પ્રસિદ્ધ કરવા અમે શક્ય કરીએ છીએ. સદુપદેશ વચનો, કટાક્ષ શબ્દ ચિત્રો, ઉપયોગી માહિતી આદિનું વિવિધ રસસ્પર્શી હળવું, સ્વચ્છ, સરલ શૈલીનું માર્મિક છતાં સર્વજનોપયોગી લખાણ આ વિભાગમાં અપાય છે. દિન-પ્રતિદિન આ વિભાગે સર્વ કોઈનું આકર્ષણ કર્યું છે. 'મધપૂડા'ને અંગે તમે તમારો અભિપ્રાય અમારા પર અવશ્ય મોકલતા રહેજો. જેથી અમને માર્ગદર્શન મળે! સં૦

★

ધર્મ નિયમ પાળ્યા વિના, પ્રભુ ભજવા તે વ્યર્થ;
ઔષધ સેવે શું થશે?, પળાય નહી જો પથ્ય. ૧

પરજનને ઉપદેશ દે, નિજમાં કોટિ ગાફેલ;
ધોબી ધોવે પટ પારકાં, નિજ પટમાં બહુ મેલ. ૨

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૩

સાત વેંતના માનવી, કિંમત અક્કલ તુલ્ય;
સરખા કાગળ હુંડીના, આંક પ્રમાણે મૂલ્ય. ૪

સંપથી સંપત્તિ સાંપડે, સંપથી જાય કલેશ;
જેના ઘરમાં સંપ નહી, ત્યાં નહિ સુખનો લેશ. ૫

દુઃખસે ડર મત મરદ જન, ચડતી પડતી સદાય;
સજ્જન કહે ધીરજ ધરો, શશિ વીતક મન લાય. ૬

હદમાં રહિયેં હરપળે, દિલ ચાહ્યું નહિ થાય;
હાથી પણ અંકુશ વિના, અટકયો નહિ અટકાય. ૭

સં૦ શ્રી રેવચંદભાઇ તુલજારામ નિપાણી

❁

વિદ્યા ધર્મની વૃદ્ધિ માટે છે નહિ કે સંપત્તિ ભેગી કરવા માટે.

❁

જે વિદ્વાન ચારિત્રશીલ નથી તે આંધળો મશાલચી છે. કેમકે તે અન્યને માર્ગ બતાવે છે પરંતુ તેને પોતાને માર્ગ નથી સૂઝતો.

જેણે પોતાની જીંદગી અજ્ઞાનમાં જ ગુમાવી તે એના જેવો છે કે જેણે રૂપિયા તો ખરચ્યા પણ કોઈ વસ્તુ ન ખરીદી.

❁

કોઈની પણ સાથે કડકાઇથી વાત ન કરો, અને જે તમારી સાથે મેળ રાખવા ઈચ્છતો હોય તેની સાથે કલહ ન કરો.

❁

બુધ્ધિશાળી નથી અતિ કડક બની જતો, કે નથી અતિ ઘેલો બની જતો, જેથી તેના પ્રત્યે કોઇને પણ અભાવ પેદા થાય અથવા તેના સ્વમાન-મોભાનો નાશ થાય.

❁

મુત્સદ્દીના દાવ-પેચમાં ન ફસાતાં અને ખુશામતથી ફુલીને દડા ન બની જતાં, એક તમારે માટે જાળ પાથરે છે, ને બીજો લાલચનો ભંડાર ઉઘાડે છે.

❁

ભૂખ્યું પેટ લુખી રોટલીથી ભરાઈ શકે છે. પણ ભૂખ્યું હૈયું આખી દુનિયાની દોલતથી પણ ધરાતું નથી.

❁

લોભ એ જ આગ છે, તેનાથી બચો.

**અત્યાચારીથી** ચઢિયાતો અભાગી કોઇ નથી, કેમકે વિપદના પ્રસંગે કોઈ પણ તેના મિત્ર થતા નથી.

❁

કોઇની ગુપ્ત વાત પ્રગટ ન કરો, કેમકે સાંભળનારો માણસ તેની ગુપ્ત વાત જાણવા સાથે તમારી હલકાઇ પણ જાણી જશે. અને આખી જીંદગી સુધી તમને તેવા ગણીને જ તે વર્તશે.

❁

**જે** ભણ્યો છે પણ સંયમી નથી, તે માણુસ એવો છે કે જેણે જમીન ખેડી છે પણ બી વાવ્યું નથી.

❁

**મૌનનો પ્રભાવ** : એ પણ એક ગહન સત્ય છે કે, શબ્દો આપણુને શક્તિ આપે છે. શબ્દો આપણુને કુદરતના પદાર્થ ઉપર કાબૂ આપે છે, ખરેખર આપણે શબ્દોની શક્તિદ્વારા આપણું જગત રચી રહ્યા છીએ. પરંતુ જેમ વાણી આપણુને કાબૂ આપે છે તેમ મૌન આપણુને સમજણ આપે છે. આપણા સામાન્ય જીવનમાં મોટે ભાગે સમજણુનો અભાવ છે, તેથી આપણા શબ્દો ઘણી રીતે નિષ્ફળ જાય છે, એટલું જ નહિ પણ ઘણું નુકશાન પણ કરે છે. જેણે શબ્દોચ્ચાર કરતાં પૂર્વે મૌન-પૂર્વક સમજણ મેળવી હશે, તેના શબ્દોની પાછળ હંમેશા સત્ય, ન્યાય અને આશિર્વાદ હોવાના જ.

દુનિયાના સહુથી શ્રીમંતમાંના એક નેલસન આલૂચ સેકફેરસની સાદાઇ અદ્‌ભુત છે.

(૧) જરૂર નથી છતાં તે સખતમાં સખત ને વીજળી જડપે કામ કરે છે. (૨) દારૂ કે સીગારેટ પીતો નથી. (૩) કોઇ દિવસ ગુસ્સે થતો નથી. (૪) એ નાનો હતો ત્યારે એના પિતા જોહન ડી, રોકિલરે ૫૦,૦૦૦ ડોલર ખરચી એક મકાન બંધાવી આપેલું, પણ છોકરાઓને પોતાના બૂટની પોલીસ જાતે જ કરવી પડતી હતી. (૫) શાકભાજી પણ જાતે જ ઉગાડવા પડતાં હતાં, નેલસન ભણુતો હતો ત્યારે બીજાઓ મોટર વાપરતા. પણ એને તો બાઈસિકલ જ મળતી હતી. અઠવાડિક ૨૧ ડોલરના ભથ્થાનો હિસાબ પોતાના પિતાને મોકલવો પડતો હતો. (૬) વરસ દરમિયાન એ બે જ સૂટ ખરીદે છે. સવારે ૮-૩૦ વાગે ઓફિસમાં પહોંચી જાય છે, ને રાત્રે મોડે સુધી વાંચે-લખે છે. કે રેડીઓ સાંભળે છે. (૭) આભાર વચન બોલવું કે જરૂરી પ્રસંગે અન્યોને ભેટ આપવાનું એ કદી ચૂકતો નથી.

❁

**એક** વખત એક ગરીબ બ્રાહ્મણુના ખેત-રમાં પાણી ફરી વળ્યું. તેનો વર્ષનો પાક ધોવાઇ ગયો. હવે ખાવું શું ?

બ્રાહ્મણુ ઘણો ચતુર હતો. ત્યાંનો રાજા ઘણો દયાળુ અને કદરવાન હતો. બ્રાહ્મણુ તો તેની સભામાં જઈ ઉભો રહ્યો. રાજા પાસે જઇ પોતાના પાણીથી ભરેલા લોટાની એક છાલક જોરથી રાજાના પગમાં મારી. રાજાનું સિંહાસન તેમ જ કપડા ભીંજાઇ ગયાં, રાજા વિચારમાં પડી ગયો. પ્રતિહારીઓ 'પકડો પકડો' કરતા દોડાદોડી કરવા લાગ્યા. રાજાએ ઈશારતથી બધાને રોકયા.

થોડીવાર વિચાર કરી રાજાએ બ્રાહ્મણુ તરફ જોઇ મરકતે મુખે પોતાના એક હાથનો ખોબો કરી મોઢે ધર્યો, સભા આખી તો રાજાના આ

ચાળાથી ગૂંચવાઇ ગઈ, પણ બ્રાહ્મણ તો નિર્ભયતાથી ખીસામાં હાથ નાંખી એક નાનો પત્થર રાજાને સામે ધર્યો, ફરી ગરબડ થઇ. રાજાએ ઇશારતથી બધાને શાંત કર્યાં અને બ્રાહ્મણ તરફ જોઇ તે હસી પડયો.

રાજાએ ખજાનચીને બ્રાહ્મણને એક લાખ સોનામહોરો આપવાનું કહ્યું. બ્રાહ્મણ આશીર્વાદ દઇ ચાલતો થયો.

સભામાં બેઠેલા વિદ્વાનોને તો રાજા અને બ્રાહ્મણ વચ્ચે થયેલા વ્યવહારની કાંઈ જ ખબર ન પડી તેમણે રાજાને પૂછયું.

રાજાએ ખુલાસો કર્યો.

બ્રાહ્મણે મારા પણ પાણી છાંટી મને સમજાવ્યું કે 'મારાં ખેતરમાં પાણી ફરી વળ્યું છે, હું શું ખાઉં?' ત્યારે મેં મજાક ખાતર મોઢા ઉપર હાથનો ખોબો ધરી તેને કહ્યું કે, 'અગસ્ત્ય મુનિ પણ બ્રાહ્મણ હતા અને તમે પણ બ્રાહ્મણ છો, મુનિ આખો સમુદ્ર પી ગયા, તો તમો આટલું પાણી ન પી શકો?' જવાબમાં બ્રહ્મદેવે 'મને પત્થર બતાવી કહ્યું કે રામ પણ રાજા હતા ને તમે પણ રાજા છો, રામે સમુદ્રમાં મોટી શીલાઓ તરાવેલી તો તમે એક નાનો પત્થર પણ નહિ તારી શકો? તમે પત્થર તારી દો તો હું પાણી પી જાઉં. બન્નેને માટે એ અશકય હતું.'

સભા આખી બ્રાહ્મણની ચતુરાઇથી પ્રભાવિત થઇ.

❁

## ઉછીની કાણ

એક હતી છોકરી. એક દિવસ એ રસોઇ બનાવતી હતી. અચાનક જ રસોઇ બનાવતાં એ ખૂબ રડવા લાગી. રસોઇ રસોઇના ઠેકાણે રહી. થોડીવારે એની મા રસોડામાં આવી. જુએ તો દીકરી પોક મૂકીને રડતી હતી. ડૂસકાં તો માય નહિ.

મા પૂછે છે. 'કેમ બેટા શું છે?'

'મા' છોકરીએ ડૂસકાં ખાતે ખાતે જવાબ આપ્યો 'મા મને વિચાર આવ્યો કે હું કોક દિવસ પરણીશ, મને બાળક થશે પછી કદાચ કોક દિવસ તે પારણામાં સૂતું હશે રસોડામાં રમતું ય હશે ને ત્યારે એના ઉપર આવું ગરમ ઢાંકણું પડશે ને પછી તો હેં મા એ મરી જ જાય ને?

છોકરીએ પાછું રડવાનું શરૂ કર્યું. મા એને સમજાવવા લાગી. પણ એ તો પેલી કલ્પી લીધેલી આફતે તેને રડાવવા માંડી. ખૂબ રડે છે.

❁

## અવસરે એકસો પાંચ

મહાભારતનો પ્રસંગ છે. વનવાસ દરમિયાન પાંડવો જ્યારે દ્વૈત વનમાં રહેતા હતા, ત્યારે તેઓને સંતાપવા માટે દુર્યોધન તેના ભાઈઓ સાથે સ્ત્રીપુત્રાદિક સહિત જતો હતો. એ વાત ચિત્રસેન ગંધર્વના જાણવામાં આવતાં તેણે બધા કૌરવોને તેમના સ્ત્રી–પુત્રો સહિત કેદ કરી લીધા. ચિત્રસેન અર્જુનનો મિત્ર હતો, અને મિત્રનું લક્ષણ 'કુર્યાત્પ્રિયમયાચિતઃ' વગર કહ્યે મિત્રનું ભલું કરવું. એ વાત તે જાણતો હતો.

કૌરવોનો એકાદ સેવક ત્યાંથી ભાગીછૂટી યુધિષ્ઠરને શરણે ગયો અને બનેલી હકીકત કહી સંભળાવી. આ સાંભળી ભીમ તો ખૂબ જ પ્રસન્ન થયો અને બોલ્યો કે, 'અમારે કરવું

જોઇતું હતું તે દૈવે જ કરી દીધું.' અને પાપી પોતાનાં પાપના ભારથી જ કચડાઈ મરે છે, તે વાત પ્રત્યક્ષ કરી દીધી.

આ સાંભળી યુધિષ્ઠિર કચવાઈ ગયા, અને ભીમને કહે છે કે 'ભાઇ ભીમ, અત્યારે કૌરવો માટે કઠોર વચનો કાઢવાં તે આપણને શોભતું નથી, કારણ કે તે હમણાં વિપત્તિમાં છે. આપણો ધર્મ અત્યારે શું છે તે બરાબર સાંભળ અને પછી તમે બધા જઇને ચિત્રસેન ગંધર્વના પંજામાંથી કૌરવોને છોડાવો ! આપણે જીવતા બેઠાં હોઇએ ત્યારે કૌરવોનો પરાભવ બીજાને હાથે થાય, તે જોઇને આપણાથી બેસી રહેવાય નહિ.

તે શતં હિ વયં પંચ, પરસ્પરવિવાદને;
પરૈસ્તુ વિગ્રહે પ્રાપ્તે, વયં પંચાધિકં શતમ્
તે સો ને આપણે પાંચ, માંહોમાંહે વિરોધ જ્યાં,
અન્ય જો લડવા આવે, એકસો ને પાંચ આપણે.

અંદર અંદરના ઝઘડામાં કૌરવો સો અને આપણે પાંચ છીએ, એ વાત સાચી. પરંતુ બીજો શત્રુ લડવા આવે ત્યારે તો તેની સામે આપણે એકસો ને પાંચ છીએ, એમ બતાવી આપવું જોઇએ.

❀

## ★ ચ મ કા રા ★

### નિશાળ ને આકાશના તારા

બોલ અલ્યા બાબા, આકાશના તારા અને તારી નિશાળ એ બેમાં પાસે નજીક કોણ છે? ફટ દઇને બાબો બોલ્યો 'તારા ?'

'કેમ ?'

કારણ કે તારા તો નજરે જોઈ શકાય છે, પણ મારી નિશાળ ક્યાં દેખી શકાય તેમ છે?'

### રાજાશાહીના અવશેષ:

એક રજવાડામાં તે સમયના રાજાઓની વાત નીકળતાં રાજાશાહી ને એના અવશેષોની વાતો નીકળી ત્યાં એક મિત્રે જણાવ્યું:

રાજાની તો એક મઝાની વાત છે. તમે જાણો છો કે જાહેર ભાષણો વગેરે પણ મોટે ભાગે રાજાઓના મંત્રીઓ જ લખી આપતા હતા. એમને એક વખત મુંબઇમાં ભાષણ કરવાનો પ્રસંગ આવ્યો. મંત્રીએ આખાયે ભાષણ આગળ ક્યાં ક્યાં અટકવું છે, વગેરે દર્શાવવા લાલ પેન્સિલથી પૂરા વિરામ ચિહ્નો પણ કર્યાં હતાં અને એક જગ્યાએ કૌંસમાં લખેલું 'હવે અહીં એક ગ્લાસ પાણી પીવું,' રાજા પણ ભાષણ વાંચતાં આ વાક્ય પણ બોલી ગયેલાં.

❀

### ટપાલની ટીકીટની મુસાફરી

બસના ટિકિટ તપાસનારે ગુસ્સાથી કહ્યું. 'ચાલો જલદી કરો, ટિકિટ બતાવો.'

મુસાફરે ગજવામાંથી ત્રણ આનાની ટપાલની ટિકિટ કાઢી બતાવી.

'અરે આ તો ટપાલની ટિકિટ છે, બસની જોઇએ.'

'અરે સાહેબ, આ ત્રણ આનાની ટિકિટમાં તો કાગળ હિંદ આખાયમાં ગમે ત્યાં મુસાફરી કરી શકે છે. તો હું માત્ર મુંબઇમાં પણ ન ફરી શકું ?

❀

ઉત્તર પ્રદેશના ગૃહપ્રધાન પંડિત કે. ત્રિપાઠીએ યુ.પી. ની વિધાન સભામાં શ્રીમતી ચંદ્રાવતીના એક સવાલના જવાબમાં જણાવ્યું હતું કે શ્રી પોલીસ દળના સભ્યો વચ્ચે વખતો-

વખત થતા કજીયાઓને પરિણામે યુ.પી. ની સરકારને સ્ત્રી પોલીસ દળનો અખતરો પડતો મૂકવાની ફરજ પડી હતી.

શ્રીમતી ચંદ્રાવતીએ સામો સવાલ કર્યો હતો કે શું કજીયાઓને પરિણામે ક્યારેય કોઇ પુરૂષનું ખાતું સમેટી લેવામાં આવ્યું હતું ખરૂં કે?

આના જવાબમાં શ્રી ત્રિપાઠીએ જણાવ્યું હતું કે. પોલીસ માણસોને ગળા કાપતા પણ રોકી શકે. પરંતુ જ્યારે સ્ત્રીઓ કજીયે ચડે ત્યારે તો ભગવાન પણ તમાસો નિહાળવા સિવાય બીજું કશું કરી શકતો નથી.

❁

મુંબઇ શહેરમાં રોજ ૧૧ ક્રોડ ૬૦ લાખ ગેલન પાણી વપરાય છે.

## ભૂતકાલને યાદ કરો

આજથી ૨૪૦૦ વર્ષ પહેલાં કોણિક અને ચેટકની વચ્ચે જે ભયંકર યુધ્ધ ખેલાયું હતું. તે યુધ્ધમાં ૧ ક્રોડ અને ૮૦ લાખ માણસોના મૃત્યુ નીપજ્યા હતા. જેમાંથી ૧ મરીને દેવલોકમાં, ૧ મનુષ્ય ભવમાં, ૧૦ હજાર માછલીપણે અને બાકીના તિર્યંચ અને નારકપણે ઉપજ્યા હતા. આ રીતે જૈન ઇતિહાસ કહે છે.

જ્યારે આજના સુધરેલા યુગની છેલ્લી લડાઈની ખુવારીના જે બીન સત્તાવાર આંકડાઓ પ્રગટ થયા છે તે વાંચતાં હૈયું કંપી ઉઠે છે. અમેરિકન સરકારે તા. ૧૩-૮-૪૫ના રોજ સંયુક્ત દેશોની ખુવારીના આંકડા આ મુજબ બહાર પાડ્યા છેઃ-૫ ક્રોડ ૫૦ લાખ માણસો મર્યા અને દશ પરાર્ધ ડોલરનો ખર્ચ થયો તેમજ પકડેલા કેદીઓ ૧ ક્રોડ ૧૦ લાખ, જ્યારે જાપાનના ૪૦ લાખ કેદીઓ જુદા. આ સિવાય જર્મની, ઈટાલી વગેરે દેશોની ખુવારી જુદી.

ભૂતકાળને ભૂલી જવાનું કહેનારા લોકો હજી પણ ભૂતકાળના મહાપુરૂષોનાં જીવનને જોતાં જાણતા અને આચરતાં શીખશે તો ફરી આવો યુધ્ધ દાનવ વર્તમાનમાં ઉભો નહિ થાય, બાકી આજે તો ભૂતકાલ ભવ્ય દેખાય છે જ્યારે વર્તમાનકાળ તદ્દન ભયંકર તેમજ દાનવી જણાય છે.

## આજની નફ્ફટ નાસ્તિકતા

"ગુજરાતના એક કાર્યકર ગામડામાં જઇ ચઢયા. વહેલી પ્રભાતે ફરવા નીકળ્યા, રસ્તાના એક ખૂણે વણઝારાની પોઠ મુકામ કરી રહી હતી. સ્ત્રીઓ દળણું દળતી હતી, કાર્યકરે પૂછ્યું.

'તમે દળતી વખતે દરેક જણ ગાણું શાનું ગાઓ છો?' સ્ત્રીઓએ જવાબ આપ્યોઃ 'ભગવાનનું ભજન ગાઇએ છીએ!

પેલા ભાઇએ કહ્યુંઃ 'પણ તમારામાંથી એક જણ બોલે અને બીજા સાંભળે તો શું હરકત? સ્ત્રીઓએ કહ્યું 'ના, દળતી વેળા દરેક સ્ત્રી ભગવાનનું ભજન ન કરે તો તે લોટ ગોઝારો ગણાય, ભજન વિના દળેલા રોટલા અમે કૂતરાને ય ન નાંખીએ.

ક્યાં ગામડીઆ ગણાતી આ બાળાઓની પ્રભુ પ્રત્યેની આસ્થા અને ક્યાં આજના ભણેલાઓની નફ્ફટ નાસ્તિકતા?"

❁

## જેવી ભાવના તેવો ઉત્સાહ

ધોમધખતો બપોર હતો, પત્થરફોડા મજૂરો પત્થરા ફોડવાનું કામ કરતા હતા, ત્યાંથી પસાર થતા એક વટેમાર્ગુએ મજૂરોને પૂછ્યું.

'આ શું કરો છો ? તેણે જવાબ આપ્યો 'પત્થર ફોડીએ છીએ અમારા નસીબમાં બીજું શું છે? ' બીજા મજૂરે જવાબમાં કહ્યું. 'પેટ ભરવા વેઠ કરીએ છીએ' રાત દિ' કામ કાળી મજૂરી અમારા કપાળે બેઠી છે, શું કરીએ છૂટકો છે?' ત્રીજા મજૂરે હસતા જવાબ આપ્યો. 'ભાઈ! ભગવાનનું મંદિર બાંધીએ છીએ ને પુણ્ય ભરીને પરલોકનું ભાથું બાંધીએ છીએ. ક્રિયા સરખી હોવા છતાં દૃષ્ટિમાં કેટલો ફેર ? ભાવના સારી, દૃષ્ટિ સારી, તો ક્રિયામાં ઉત્સાહ તથા ફલમાં શુધ્ધિ વગેરે છે.

### હા હમ મર્દ હૈ

લખનઉનાં નવાબ પોતાની બેઠકમાં બેઠ્યા હતા. એટલામાં તેમને સાપ દેખાયો. પોતે ગભરાઈ ગયા અને સહસા બૂમા–બૂમ કરવા લાગ્યા. 'દાસી–દાસી અહીં મોટો સાપ છે, 'બહારથી કોઈ આદમીને બોલાવ !'

દાસીએ જવાબ આપ્યોઃ 'હજુર ! આપ પણ મર્દ છો ને ?' આ સાંભળી નવાબ માથું ખજવાળતા બોલ્યો. 'હા ઠીક યાદ કરાવ્યું. હું પણ આદમી જ છું ને ?'

ભારતમાં મધ્યસ્થ તેમજ રાજ્યોની સરકારોમાં કુલ્લે ૨૩૮ પ્રધાનો છે. દુનિયામાં કોઈ પણ દેશમાં આટલા બધા પ્રધાનો નથી. પગાર, મોટર, બંગલો વગેરેનું ભથ્થું થઈને સરેરાશ એક પ્રધાન પાછળ રૂા. એક લાખનું ખર્ચ આવે છે. પ્રધાન પાછળ જ

તો મોટી ભૂલ છે. પ્રભુ–પ્રાત્યર્થ કરાતા ... શરીરથી નહિ તો મનથી પણ પ્રધાન ગણાવા જોઈએ, તથા ક્રમે ક્રમે ૦ કલાકથી વધારતાં વધારતાં આત્મ-સ્વરૂપ પ્રાપ્ત કરવાની વિચાર–ક્રિયામાં અધિક કાલ વધારતા જવું જોઇએ, એટલે કે તે સંબંધી વિચાર, પુસ્તકોનું વાંચન, સત્પુરૂષોનો ઉપદેશ, સત્સંગનો લાભ, આવી બીજી અનેક ક્રિયાઓ આ સર્વ મળીને અહોરાત્રિનો અધિક કાળ પ્રભુ પ્રીત્યર્થ, સત્કાર્યોમાં વ્યતીત થાય એમ કરવું જોઈએ. પ્રથમ તો આત્મ-સ્વરૂપ તે સ્વરૂપને જાણનાર શ્રી સદ્‌ગુરુ દ્વારા અનેક સાધક–બાધક યુક્તિઓથી સિદ્ધ અને શંકા વિનાનું દૃઢ કરવું જોઈએ. એકડા વિનાના બધાં મીંડા ખોટાં, તેમ આત્મ સ્વરૂપના દૃઢ પરોક્ષ જ્ઞાન વિના અન્ય અનેક વિચાર ક્રિયાઓ નિષ્ફલ સરખાં થાય છે. એમ પ્રત્યક્ષ જોઇએ છીએ.

આત્મ–સ્વરૂપના યથાર્થ જ્ઞાન વિ

## —: પરદેશના ગ્રા

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| શ્રી દામોદર આશકરણ | પોષ્ટ બોક્ષ નં. ૯૪૮ | દારેસલામ |
| શ્રી તારાચંદ ડી. શાહ | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | નૈરોબી |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | મોમ્બાસા |
| શ્રી રતિલાલ ઓત્તમચંદ સંઘવી | પોષ્ટ બોક્ષ નં. ૪૪૮ | જંગબાર |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | કીસુમુ |
| શ્રી મેઘજીભાઈ રૂપશી એન્ડ કું. | પોષ્ટ બોક્ષ નં. ૭ | ન્યેરી |
| શ્રી દેવશીભાઈ જીવરાજ | પોષ્ટ બોક્ષ નં. ૯૬ | થીકા |
| શ્રી મૂલચંદ એલ. મહેતા | પોષ્ટ બોક્ષ નં. ૧૨૭ | મોગાદીસ્કીઓ |

# ધર્મ અને ક્રિયાઓ

ધર્મની આરાધના કરનાર વર્ગ પણ આજે બીજી ક્રિયા કરવામાં જે કાળજી, સમજણ કે તેની પાછળનું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે. તેટલો પ્રયત્ન ધર્મક્રિયા પાછળ નથી કરતો, પછી તે ક્રિયાઓનું જે ફળ આવવું જોઇએ તે નથી આવતું, તે પ્રત્યે રસ પણ નથી જાગ્રત થતો. આ સ્થિતિમાં ધર્મક્રિયાઓ આચરનાર વર્ગે શું કરવું જરૂરી છે? તે પ્રશ્નનો સુંદર પ્રત્યુત્તર આ લેખમાં દલીલોપૂર્વક આપવામાં આવ્યો છે. જે પ્રત્યેક આરાધક માટે મનનીય છે, સાથે જેઓ ફક્ત જ્ઞાનનીજ વાર્તા કરે છે, તેમને પણ પૂજા, તપ આદિ અનુષ્ઠાનો માટે ભાર મૂકવામાં આવ્યો છે. સર્વ કોઇને આ લેખ ઉપયોગી પ્રકાશ પાથરી જાય છે.

આના જવાબમાં શ્રી ત્રિપાઠીએ જણાવ્યું હતું કે. પોલીસ માણસોને ગળા કાપતા પણ રોકી શકે. પરંતુ જ્યારે સ્ત્રીઓ કજીયે ચડે ત્યારે તો ભગવાન પણ તમાસો નિહાળવા સિવાય બીજું કશું કરી શકતો નથી.

✻

મુંબઇ શહેરમાં રોજ ૧૧ ક્રોડ ૬૦ લાખ ગેલન પાણી વપરાય છે.

### ભૂતકાલને યાદ કરો

આજથી ૨૪૦૦ વર્ષ પહેલાં કૌણિક અને ચેટકની વચ્ચે જે ભયંકર યુધ્ધ ખેલાયું હતું. તે યુધ્ધમાં ૧ ક્રોડ અને ૮૦ લાખ માણસોના [illegible]હતા, એમાંથી [illegible] મરીને દેવ-

[illegible]

આયુષ્યના નિત્યના પોણી ચોવીશ કલાક પેટની પૂજા નિમિત કર્તવ્યમાં, અને પા કલાક પરમાત્માની પૂજા માટે જ્યાં ત્યાંથી કાઢવામાં આવે છે. શરીર–અંતઃકરણના સર્વ સામર્થ્યનો ઉપયોગ પેટની પૂજા નિમિત્તના કર્મમાં કરાય છે અને પરમાત્મા પ્રીત્યર્થે તો કાંઈ લાંબી બુદ્ધિ

આદિની તો આવશ્યકતા જ મનાયેલી નથી. પ્રભુને સ્નાન કરી, જરા ધૂપ–દીપ કરી, ચંદન–કેશર, પુષ્પ ચઢાવી, નૈવેદ્ય ધરાવવાં, એમાં કંઇ અક્કલની જરૂર હશે અથવા એમાં કાંઇ કઠિનતા હશે એવો ઘણે ભાગે વિચાર પણ આવતો નથી. આ પ્રમાણે રોજ મરતાં સુધી કર્યાજ કરવું એમાં તે શી મોટી બુદ્ધિ તથા કયા મોટા પુરૂષ પ્રયત્નની તથા કેવા પ્રકારના દીર્ઘ કાલના અભ્યાસની આવશ્યકતા હશે એનો ભાગ્યે જ ઘણાને વિચાર આવતો હશે. જે કામ નિત્ય જ કરવાનું છે, એમાં બહુ વખત ગુમાવવાની શી જરૂર? સવારના પહોરમાં દાતણ–પાણી શૌચ આદિ જેમ નિત્ય કરવાનાં છે. અને તેને માટે કંઇ લાંબા વિચાર કે અભ્યાસની યે અપેક્ષા નથી. તેમજ એ ક્રિયાઓ કર્યા પછી પા કલાક પછી સ્નાન; ત્યારપછી સેવા–પૂજા, પણ નિત્ય જ કરવાની છે, તેને માટે દીર્ઘકાલ સુધી વિચાર અધ્યયન, નમવાનું, ખુશામત કરવાની અભ્યાસ એ આદિ લાંબી લાંબી વાતોની શી જરૂર છે. તે સર્વને સમજાતું નથી. એમાં ઘણાને કઠિનતા પ્રતીત થતી નથી તેથી જ તેમને ફલ પણ તદનુરૂપ જ મળે છે.

દિવસોના દિવસો સુધી અને વર્ષોનાં વર્ષો સુધી, એંસી વર્ષની ઉમરના વૃદ્ધ થતાં સુધી તથા આમરણાંત, અનેક પ્રકારનાં પ્રભુ–ભકત્યર્થે કહેવાતાં છતાં પૂર્વોક્ત પ્રકારે

ડૉ. શ્રી વલ્લભદાસ નેણશીભાઈ મોરબી.

કરાતાં નિત્ય કર્મોથી કંઇ અંતઃકરણની શુદ્ધિ, કંઇ રીત–ભાતમાં સુધારો, કંઈ લુચ્ચાઇ–ઠગાઇમાં ઘટાડો, કંઈ આશાતૃષ્ણાનો ઘટાડો, કંઈ દયા આદિનો વધારો જોવામાં આવતો નથી, તેનું કારણ શું ?

આયુષ્યના અંત પર્યંત અમુક તીર્થની કાયમ યાત્રા કરનાર, અમુક દેવનું નિત્ય પૂજન કરનાર, અમુક તીર્થના મૂળનાયકની પૂજા માટે દોડાદોડી કરનાર, નિત્ય વ્યાખ્યાન શ્રવણ કરનાર, નિત્ય સામાયિક, પ્રતિક્રમણાદિ, આવશ્યક ક્રિયાઓ કરનાર, આ બધામાં કોઇ સુધારો પ્રતીત થતો નથી, એટલું જ નહિ પણ દોષોની ન્યૂનતા થતી જવાને બદલે ઉલટું દોષોમાં વધારો થતો જોવામાં આવે છે. એનું કારણ શું ? એનું કારણ એ જ છે કે આ પરમાત્માની સેવા કરવા માટે કંઈ અધિકાર, કંઇ શિક્ષણ, કાંઈ અભ્યાસ, કંઇ બુદ્ધિ તથા શરીરના સામર્થ્યના વ્યયની અપેક્ષા છે, અને પુદ્ગલની સેવા કરતાં, પરમાત્માની સેવા કઠિન છે, અધિક મહત્ત્વવાળી છે, તેમ તેમના સમજવામાં આવતું નથી. કંઇ મોટું જજમેન્ટ લખવું હોય અથવા ઠરાવ લખવાનો હોય અથવા કંઈ ન્યાતનો ટંટો ચૂકવવાનો હોય, અથવા કંઈ સરકારમાં અરજી કરવાની હોય, તેમાં કંઇક મહેનતની જરૂર ગણાય છે, પણ પરમાત્માના દરબારમાં અરજી કરવાની હોય તેમાં કંઇ મહેનતની જરૂર કે મહત્ત્વ છે, એમ તેમના સમજ્યામાં જ નથી અને તેથી જ પ્રભુભક્તિ નિમિત્તે કરાતાં નિત્ય કર્મ પ્રભુની ભક્તિ દ્વારા તેની સાચી પ્રીતિ સંપાદન કરાવવા સમર્થ થતાં નથી.

પ્રતિમાપૂજન અથવા મૂર્તિપૂજન કરનાર પ્રજા જ જો પ્રતિમા અથવા મૂર્તિનું ગૌરવ ન સમજે તો તેની વિરોધી પ્રજા તો ન જ સમજે, એ સ્વાભાવિક છે. સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, તપશ્ચર્યા આદિના સ્વરૂપ તથા રહસ્ય જો તેને માનતા કહેવડાવનારા પુરુષો જ ન જાણતા હોય તો વિરૂદ્ધ પક્ષ વાળા તો ન જ જાણે તથા માને એ કેવલ સ્વાભાવિક છે. પોતે જ તે ક્રિયાના સ્વરૂપ જાણે તે પ્રમાણે આચરતા ન હોય તથા પોતે જ તેના ફલ આદિમાં શ્રદ્ધાવંત ન હોય તો પોતાના વિરોધી તો તેમાં અશ્રદ્ધા કરે તેમાં શું આશ્ચર્ય ?

આ બધું ખોટું થાય છે, આ મોટી ભૂલ થાય છે. એમ જેમને સમજાતું હોય તેમનું કર્તવ્ય છે કે તેમાંથી જે ભૂલ પ્રથમ તો પોતાનામાં હોય તે દૂર કરવા યત્નવાન થવું જોઇએ. ઉદરનિર્વાહ આદિ કાર્યને જ પ્રાધાન્ય આપવામાં આવે છે, તથા પોણી ચોવીશ કલાક તેમાં ગાળવામાં કે ગુમાવવામાં આવે છે, એજ પ્રથમ તો મોટી ભૂલ છે. પ્રભુ–પ્રીત્યર્થે કરાતાં સત્કર્મને શરીરથી નહિ તો મનથી પણ પ્રધાન ગણવા જોઈએ, તથા ક્રમે ક્રમે ૦ કલાકથી વધારતાં વધારતાં આત્મ-સ્વરૂપ પ્રાપ્ત કરવાની વિચાર–ક્રિયામાં અધિક કાલ વધારતા જવું જોઇએ, એટલે કે તે સંબંધી વિચાર, પુસ્તકોનું વાંચન, સત્પુરૂષોનો ઉપદેશ, સત્સંગનો લાભ, આવી બીજી અનેક ક્રિયાઓ આ સર્વ મળીને અહોરાત્રિનો અધિક કાળ પ્રભુ પ્રીત્યર્થ, સત્કાર્યોમાં વ્યતીત થાય એમ કરવું જોઈએ. પ્રથમ તો આત્મ-સ્વરૂપ તે સ્વરૂપને જાણનાર શ્રી સદ્ગુરુ દ્વારા અનેક સાધક–બાધક યુક્તિઓથી સિદ્ધ અને શંકા વિનાનું દઢ કરવું જોઇએ. એકડા વિનાના બધાં મીંડા ખોટાં, તેમ આત્મ સ્વરૂપના દઢ પરોક્ષ જ્ઞાન વિના અન્ય અનેક વિચાર ક્રિયાઓ નિષ્ફલ સરખાં થાય છે. એમ પ્રત્યક્ષ જોઇએ છીએ.

આત્મ–સ્વરૂપના યથાર્થ જ્ઞાન વિનાનું બધું જ કાચું સમજવું. મૂળમાંથી જ પાયો વાંકો સમજવો. તથા એ ઉપર રચાયલી બધી ઈમારત આજ નહિ તો કાલે પણ નક્કી પડવાના સ્વભાવવાળી સમજવી. જેથી સર્વથી પ્રથમ તો આત્માનું મૂળ સ્વરૂપ તે સ્વરૂપના દાતા પાસેથી દઢ કરી લેવું. જ્યાં સુધી આત્મ-સ્વરૂપ દઢ સમજવામાં નથી, ત્યાં સુધી તેને વિષે પ્રીતિ થવાનો સંભવ નથી, અને જ્યાં સુધી તેમની પ્રીતિ સંપાદન કરવાને નિત્ય કર્મ કરવાનો ખરું જોતા અધિકાર નથી. અર્થાત્ આત્મ–સ્વરૂપના દઢ પરોક્ષ યથાર્થ જ્ઞાન વિના, તથા તેના વિષે પ્રીતના અંકુર સ્ફુર્યા વિના તેમની પ્રીતિ સંપાદન કરવાનો આશય સ્પષ્ટ થયા વિના કરાતાં આવશ્યક કાર્યો કેવળ નિષ્ફળ નહિ તો નિષ્ફળ કલ્પ જ છે. આ ઉપરથી આવશ્યક

ક્રિયાઓ ન કરવી એવો ભાવ નથી પણ તે ક્રિયાઓ નિષ્ફળ નહીં થતા સફલ થાય એવો ઉદ્યમ કરવો એ ભાવ છે અને તે ઉદ્યમ પ્રધાનપણે આત્મ-સ્વરૂપ સંશોધનનો છે.

અહોરાત્રિમાં થતી સર્વ ક્રિયાઓનું નિયમન કરવાનું છે. અદૃષ્ટ મનનો નિગ્રહ કરવાનો છે, તેથી ગ્રંથો યદ્યપિ સંપ્રદાય વિધિથી અધ્યયન કરાયા હોય, તો શ્રવણરૂપ પ્રથમ સાધન તરીકે સ્થપાયેલા છે. તથાપિ વિચારને માટે મનન, અને ક્રિયાને માટે તપાસ તથા અનુભવ અર્થાત્ માનસ અને શારીરિક અભ્યાસ વિના એકલું શ્રવણ અથવા એકલા ગ્રંથો સફલ થતાં નથી અને તે અભ્યાસ તો આત્મસ્વરૂપને પૂર્ણ રીતે સમજી શકયાં હોય તેવા મહાનુભાવના આશ્રય વિના થવો સંભવતો જ નથી. તેથી જો આ વષયમાં યથાર્થ જ્ઞાનની ઇચ્છા હોય, આ વિષયનું ગૌરવ સમજાતું હોય અને જીભલડીનું પાંડિત્ય માત્ર કહીને આયુષ્યનો ક્ષય ન થવા દેવો હોય તો, તો, આ વિષયની વિવિધ શાખાઓનું જ્ઞાન સદ્ગુરુ આદિ દ્વારા સંપાદન કરવું જોઇએ. અયથાર્થ પ્રવૃત્તિમાંથી છૂટીને યથાર્થ પ્રવૃત્તિ કરવાનો અન્ય કોઇ ઉપાય નથી અને તેમને આ ઉપાય સ્વીકાર કરવા યોગ્ય ન હોય તેમને માટે અન્ય ઉપાય નથી.

કેટલેક સ્થળે એવું જોવામાં આવે છે કે પોતે સંપત્તિવાન હોવા છતાં તથા ઉત્તમ વિષયોને ભોગવતાં છતાં દેવનિમિત્તે વ્યય બહુ જ કરકસરથી કરવામાં આવે છે. ઉપાસ્ય–ઉપાસક સંબંધ એવો છે કે તેમાં ઉપાસકે આ સંસારમાં પોતાના મહત્ત્વના સર્વ પદાર્થોમાંથી આસક્તિ ઉઠાવી તે બધી આસક્તિ ઉપાસ્ય પ્રતિ કરવી જોઇએ. હવે મમત્વના પદાર્થો પરથી સહજમાં આસક્તિ ઉઠવી એ કઠિન છે, તેથી આસક્તિનો સમૂલ ઉચ્છેદ થતાં પૂર્વે, અર્થાત્ સંસારના સ્ત્રી–પુત્રાદિક સંબંધી તથા અન્ય મમત્વના પદાર્થોમાં આસક્તિ છતાં પણ ઉપાસ્ય દેવ પ્રત્યે તે કરતાં અધિક આસક્તિ કરવી એ પણ ક્રમ છે. સંસારમાં આસક્તિ કાયમ રહેતા છતાં શ્રી પ્રભુ પ્રત્યે તે કરતાં અધિક આસક્તિ રાખવી એ પ્રથમ ઉપાય છે. પછી શ્રી પ્રભુ પ્રતિ ભક્તિમાં વૃદ્ધિંગત થતાં ક્રમે કરીને સંસારની આસક્તિ શિથિલ થતા પરિણામે લૌકિક વિષયોમાંથી આસક્તિનો અભાવ અને શ્રી પ્રભુ પ્રત્યે પૂર્ણ પ્રેમ એ પ્રમાણે થવા સંભવ છે. લૌકિક વિષયો પરની પ્રીતિને આસક્તિ સંજ્ઞા આપેલી છે, અને પ્રભુ પ્રત્યેની પ્રીતિને ભક્તિ સંજ્ઞા આપેલી છે. તેથી લૌકિક વિષયોમાં અસ્પૃહારૂપ વિરાગ સાધવા માટે તથા પ્રભુ પ્રત્યે પૂર્ણ પ્રેમ પ્રગટ કરવા માટે જ આ ઉપાસનાનો પ્રકાર આપણા ઉપકારી જ્ઞાની ભગવંતોએ સ્થાપ્યો છે.

ઉપાસનાનો મુખ્ય નિયમ જ એ છે કે પોતાના મમત્વના સમગ્ર પદાર્થો કરતાં ઉપાસ્ય દેવ ઉપર અધિક અંશે ભક્તિ રાખવી, અને અધિક અંશે પ્રીતિ તથા ભક્તિ સાધવાનો ક્રમ જ એ છે કે પોતે જાતે જે પ્રકારની શોભા ધારણ કરતા હોય તે કરતાં અધિક શોભા ઉપાસ્યને ધારણ કરાવવી. પોતે જે જે પદાર્થોને પ્રીતિકર માનતા હોય તે તે પદાર્થો ઉપાસ્ય દેવાધિદેવને અર્પણ કરી પછી પોતે ગ્રહણ કરવા આ નિયમ તો ઉત્તમ છે, પરંતુ સર્વ નિયમો યોગ્ય છતાં તે તે નિયમોનો ઉપયોગ કરવામાં તે નિયમ પ્રમાણે વર્તવામાં જ અજ્ઞાન લોકો મોટામાં મોટા દોષ કરે છે. દેવને ઉપાસ્ય તરીકે સ્વીકારવાનો ઉદ્દેશ જ એ છે કે આપણું અલ્પ શક્તિત્વ, અને પારતંત્ર્ય મટીને તે ઉપાસ્ય દેવનું ઐશ્વર્ય આપણને પ્રાપ્ત થાય તથા પરિણામે ઉપાસ્ય સ્વરૂપ થઇએ. સમગ્ર પ્રકારની ઉપાસનાનું આ પરિણામી ફલ છે. જેથી જે ઉપાસ્ય સ્વીકારીયે તે ઉપાસ્ય આપણાં કરતાં તો અધિક ઐશ્વર્યસંપન્ન હોવા જ જોઇએ. કોઇપણ પ્રસંગે ઉપાસ્ય દેવ આપણા કરતાં ન્યૂન ઐશ્વર્યસંપન્ન હોઇ શકે નહિ. હવે ઉપાસ્યના દૈવી ઐશ્વર્યનો અને આપણી લૌકિક સંપત્તિનો જે વાસ્તવ ભેદ છે, તેજ ભેદ, ઉપાસનાના ક્રમમાં ઉપાસ્ય દેવ, તથા આપણુ ઉપાસક વચ્ચે આપણને નિત્ય પ્રતીત થાય એવી વ્યવસ્થા રાખવી જોઇએ. એટલે આપણા ઉપાસ્ય આપણા કરતાં ન્યૂન વૈભવ વાળા નથી, પરંતુ અનેક દૈવી ઐશ્વર્યવાળા છે. અથવા તો સર્વદા તીર્થંકર દેવ આપણા ઉપાસ્ય છે, તો તેઓ સમગ્ર ઐશ્વર્યાધિપતિ છે, એવી આપણી ભાવના નિરંતર જાગ્રત રહે તેમ કરવું જોઇએ.

# જૈન દર્શનનો કર્મવાદ

પૂ૦ મુનિરાજ શ્રી મૃગેન્દ્રમુનિજી મહારાજ

જૈન-દર્શનની જેમ ભારતીય બીજા પણ આસ્તિક દર્શનકારો કર્મ-સિધ્ધાંતનો વત્તે-ઓછે અંશે સ્વીકાર કરતા આવ્યા છે. કિંતુ કર્મનાં તત્ત્વજ્ઞાન વિષે જેટલી તલસ્પર્શી વિચારણા જૈન-દર્શનમાં થઈ છે અને તેથી કર્મ-સિધ્ધાંતનું સ્વાસ્થ્ય જેટલું જૈન-દર્શનમાં જળવાયેલું રહ્યું છે, તેવું કયાંય સચવાયું નથી. આ એક નગ્ન-સત્ય હકીકત છે. તે સત્યની સાબીતિ માટે તટસ્થપણે સમન્વય કરવો જરૂરી છે.

જૈન-દષ્ટિએ કર્મની સત્તા હેઠળ સંસારનો સમસ્ત પ્રાણીગણ આવેલો છે. એવી જ કોઈ સત્તાને સાંખ્યે 'પ્રકૃતિ' કહી સંબોધી, તો અદ્વૈતવાદીઓએ પ્રપંચના કારણરૂપ 'માયા' માની. તો કોઈને વાસના, પ્રારબ્ધ, દૈવ કે નસીબ નામ આપવાનું ગમ્યું. ભલે ગમે તેમ હોય પણ તેની સત્તા સ્વીકારી છે. તેને સાચા અર્થમાં જોઇએ તો તે "કર્મ" ના ઉપનામો જ ગણાશે. કર્મ શબ્દના પર્યાયો છે. આથી નામ વિષે વધુ ચર્ચા ન કરતાં કર્મ-વાદના હાર્દને જ્યારે આપણે તપાસીએ છીએ ત્યારે ઇતર-દર્શનકારોની મૂળ માન્યતામાં પોકળતા જ તરી આવે છે.

卐

કર્મ (આત્મા સાથે તદ્રૂપ બનેલ કાર્મણવર્ગણાના પુદ્દગલો) અને આત્માનો સંબંધ આજનો કે અમુક મર્યાદિત વર્ષોનો નથી. પણ અનાદિકાલીન છે. એનો સંબંધ ભલે ઘનિષ્ઠ છે, તેથી હંમેશ માટે રહેશે જ તેવું પણ નથી. બંનેનું પૃથક્કરણ ( Analysis ) કરી શકાય છે. ક્રમશઃ આત્મા કર્મનો આત્યંતિક ભેદ પણ સાધી શકે છે. આ સિદ્ધાંતનો સ્રષ્ટા કિંવા સંચાલક ઈશ્વર જેવી વ્યક્તિ હશે ! તેવી પણ કલ્પના કરવાની કશીયે આવશ્યકતા નથી. ખુદ ઇશ્વરને પણ આ મહાનિયમમાંથી પસાર થવું પડે છે. કર્મથી સર્વથા છૂટો પડેલો આત્મા જ ઇશ્વર-પદને પ્રાપ્ત કરી શકે છે, પછી કદી પણ એ નિયમને આધીન થવાનું રહેતું નથી. કર્મના અટલ નિયમનો ઇન્કાર કરવાથી કે તેના અન્યથા સ્વીકારથી આજ સુધી કોઈ પણ આત્મા તેની (કર્મની) ઉપર પ્રભુત્વ મેળવી શકયો નથી-મેળવી શકતો પણ નથી. પ્રભુત્વના-પાગરણ કર્મ-વાદને યથાર્થ સમજી તેને સર્વથા નાશ કરવામાં છે.

અલબત્ત, કર્મ જડ છે. આત્મા ચેતન છે. કર્મ-શક્તિ કરતાં આત્મ-શક્તિ અનંત છે. તો પણ જ્યાં સુધી કર્મ-શક્તિથી આત્મ-શક્તિ દબાયેલી છે, ત્યાં સુધી આત્મશક્તિની દ્વિધા-વસ્થા રહ્યા કરે છે કોઈવાર એનો વિજય થાય છે, તો કોઇવાર પરાજય પણ થાય છે. પણ જ્યારે આત્મશક્તિ વિશુધ્ધ બનતી બનતી વિકાસની પરાકાષ્ઠાએ પહોંચે છે, તે પછી કર્મશક્તિ વિશુદ્ધ આત્માને સ્પર્શ કરવા પણ અસમર્થ નીવડે છે. આવી સર્વોચ્ચ સિદ્ધિ, સાધના વિના શકય નથી. કર્મથી તદ્દન વિમુક્ત બની સિદ્ધિના શિખરને પામી ચૂકેલા આત્માને ફરી પાછું સંસારમાં આવવાનું હોતું વથી.

જ્ઞાની-મહર્ષિઓએ કર્મને બીજની ઉપમા આપી છે. જેમ અંકુરનું મૂળ, બીજ છે તેમ 'કર્મ' એ પણ સંસાર-ભવાંકુરનું મૂળ બીજ છે,

પૂ. વાચક શિરોમણુ ઉમાસ્વાતિજી ભગવાન ફરમાવે છે કે—

दग्धे बीजे यथात्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः।
कर्म-बीजे तथा दग्धे, न रोहति भवाङ्कुरः॥

અર્થાત્-એકવાર બીજ બળી ગયા પછી તેમાંથી જેમ અંકુરો કદાપિ ફૂટી શકતો નથી, તેમ કર્મ-બીજ જેનું તદ્દન બળી ગયું છે, તેવા-આત્માનો ભવરૂપ અંકુરો કદીયે ઉગતો નથી.

આ પછી પણ જ્યારે આપણે ઇતર-દર્શનોની માન્યતામાં દષ્ટિ-ક્ષેપ કરીએ છીએ ત્યારે પણ તેઓ અવતારવાદને મજબૂત રીતે વળગી રહ્યા હોય છે. તેથી સ્હેજે કલ્પી શકાય કે પોકળતાના પગરણ તેઓમાં પહેલેથી જ મંડાયા હશે! શું કહેવાતા એ તાર્કિકો પોતાની પોકળતાને પિછાણી નહિ શક્યા હોય? બનવા જોગ છે, કર્મસિધ્ધાંતનું ઐદંપર્ય નહિ લાધ્યું હોય, ગીતામાં શ્રીકૃષ્ણુ અર્જુનને ઉદ્દેશીને કહે છે કે-

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत!।
अभ्युत्थानमधर्मस्य, तदात्मानं सृजाम्यहं॥

હે અર્જુન! જ્યારે જ્યારે ધર્મમાં મન્દતા આવે છે, અને અધર્મનું ઉત્થાન થાય છે, ત્યારે હું આત્માને સરજું છું.[૧]

બીજું ઉદાહરણ આ છે. આજે આજીવિક દર્શન નામશેષ રહ્યું છે, છતાં તે વિષે બીજા સાહિત્યગ્રંથોમાંથી મળતાં ઉલ્લેખોથી થોડુંઘણું જાણી શકાય છે. આના પ્રર્વતક મંખલિ પુત્ર ગોશાળો હોવાનું મનાય છે. તેની માન્યતાનુસાર કહેવાય છે કે-

ज्ञानिनो धर्मतीर्थस्य, कर्तारः परमं पदम्।
गत्वाऽऽगच्छन्ति भूयोपि भवं तीर्थनिकारतः॥

અર્થઃ-ધર્મતીર્થના પ્રવર્તક જ્ઞાની મોક્ષમાં જઇ પોતાના તીર્થનો પરાભવ થવાથી ફરી પણ સંસારમાં આવે છે.” પાછળથી આ માન્યતાને અશ્વમિત્રનું પીઠબળ મળ્યું. તે પછી સ્વામિ-દયાનન્દે ઉપનિષદ્દમાંથી તેને મળતું પ્રમાણ ઉધ્ધૃત[૨] કરી એ માન્યતાને પુષ્ટિ આપી.

આવી રીતે ઈશ્વર વિષે અવતારવાદની કલ્પનાએ કર્મના મૂળ સિદ્ધાંતોને જબ્બર ક્ષતિ પહોંચાડી છે. કર્મ સિધ્ધાંતના હાર્દને નહિ સમજવાનું આ પરિણામ છે.

તે ઉપરાંત સુખ-દુઃખનું મૂળ કારણ શુભાશુભ કર્મ હોવા છતાં તેઓમાં એવી વિપરીત માન્યતા-રૂઢી પ્રવેશી ચૂકી છે, કે-તેઓ પોતાના સુખ-દુઃખની જવાબદારી ઇશ્વરને સોંપે છે. જો ઇશ્વરેચ્છા પ્રમાણે જ સુખ-દુઃખ પમાતું હોય કે ઇશ્વર જ એ બંનેનું પ્રદાન કાર્ય કરતો હોય તો-स्वयं कृतं कर्म निरर्थकं तदा પોતાને પોતાના કર્મની અસર ભોગવવાનો નિયમ નહિ રહે! પરિણામે કર્મ-ક્ષય માટે પ્રયત્ન કરવાની પણ આવશ્યકતા ઉભી નહિ થાય. વગેરે અનેક અવ્યવસ્થાઓનો સંભવ છે.

---

૧ અવતાર વાદની પુષ્ટિ કરવા મજકુર શ્લોકના મુખ્ય અર્થને ગૌણુ રાખી જૈન દૃષ્ટિએ સંગ્રહનયની અપેક્ષાએ વિચારાય તો અવતારવાદની અથડામણ રહેતી નથી. આ વાતને ગીતાના ઉપાસકો તટસ્થ બુધ્ધિએ વિચારે, એવી આશા સાથે અવતરણ ટાંકયાની સાર્થકતા માનીશ.

૨ ते हि ब्रह्मलोके परान्तकाले परामृतात् परिमुच्यन्ति सर्वे।

મુંડક૦ ૩-૨-૬.

# સોયે કરાવેલો હૃદય પલટો

... ... ... શ્રી એન. બી. શાહ હારીજ ... ... ...

**કંજુસ છતાં અઢળક ધનના માલિક શેઠ એક પાઇ પણ શુભ કાર્યમાં ખરચે નહિ, માંગનારને ઘસીને ના પાડે, તે શેઠને એક મહાપુરૂષે એક સોય આપીને કઇ રીતે તે શેઠનાં અંતરની આંખો ઉઘાડી તે જાણવા આ ટુંકી, અને સરલ છતાં બોધક વાર્તા વાંચી જજો ! તમને અવશ્ય જ્ઞાન સાથે ગમત મળશે.**

★

કોઇ એક નગરમાં એક શેઠ રહેતા હતા. તેમની પાસે ધન તો ઘણુંએ હતું. પરંતુ કંજુસના કાકા એવા કે જાણે બીજા મમ્મણ શેઠના સહોદર જોઈ લો. સારી રીતે ખાય નહીં, અને એક પાઇ પણ સારા કામમાં વાપરે નહીં.

શેઠની પત્ની ઘણી ધર્મીષ્ઠ હતી. પરંતુ પતિની આજ્ઞા વગર એક બદામ પણ તે પરમાત્મા પાસે મુકી શકતી નહીં, પછી કોઇને એ પૈસા દાનમાં આપવાની તો વાત જ કયાં રહી ?

ગામમાં કોઇ સારું કામ થતું હોય, તો ગામના આગેવાન કાર્યકરો શેઠ પાસે ખરડો કરવા આવતા, ત્યારે તે એક પાઈ પણ મંડાવતા નહીં. આથી ગામના લોકો એ શેઠથી કંટાળી ગયા હતા. કોઇ પણ સારું કામ કરવાનું હોય તો પણ શેઠ પાસે મદદ માંગવા આવતા નહીં. ગામમાં શેઠની ખ્યાતિ એક "મખ્ખીચૂસ" તરીકે જામી ગઇ હતી.

કેટલાક વર્ષો પછી એક વખત તે ગામમાં એક સંત મહાત્મા પધાર્યા, તેમના સદુપદેશથી એક ધર્મસ્થાન બંધાવવાની શરૂઆત કરવામાં આવી. સંતમહાત્માના ઉપદેશથી ગામના સારા સારા માણસોએ તે સ્થાન માટે સારો ફાળો નોંધાવ્યો, પરંતુ આ કંજુસ શેઠે એક પાઇ પણ નોંધાવી નહીં.

શેઠાણીને આથી ઘણું દુઃખ થયું. તે વિચારવા લાગી કે "અહો આટલું બધું પુણ્યાઈથી મેળવ્યું છે, કાંઇ છોકરૂં છૈયું પણ નથી. તે છતાં ય મારા પતિનો (શેઠનો) જીવ આટલો



બધો કંજુસ છે? કોણ જાણે આ બધું ધન કોણ ખાશે? આવા વિચારો શેઠાણીને આવતા પણ તેના હાથે તે પણ કાંઇ આપી શકતી નહીં.

એક દિવસ ગામના આગેવાન માણસોએ મહારાજ સાહેબને કહ્યું કે 'બાપજી ! જો આપ ઉપદેશ આપીને શેઠને કાંઇ બોધ પમાડો તો એ શેઠનું જીવન સુધરી જાય. અમને એની લોભવૃત્તિ ઉપર ઘણી દયા આવે છે. પાપના પોટલાં

બાંધીને દુર્ગતિનો મહેમાન બની ન જાય એજ એક શુભ હેતુથી આપને અમો નમ્ર વિનંતિ કરીને કહીએ છીએ કે શેઠને આપની પાસે એકાંતમાં બોલાવીને કાંઇક સદ્બોધ આપો તો સારૂં.'

મહાત્માએ કહ્યું કે 'હું મારાથી બનતો બધોય પ્રયત્ન કરીશ, પછી તો જેવું એનું નશીબ.'

બીજા દિવસે મહાત્મા શેઠને ઘેર ગયા, પરંતુ શેઠ બહારગામ ગયા હતા. શેઠાણીને બોલાવીને મહાત્માએ જણાવ્યું કે "ગામમાં આટલાં આટલાં સારાં કામ લોકો કરે છે, તેમાં તમારે પણ મદદ આપવી જોઇએ. લક્ષ્મી કાંઇ પોટલું બાંધીને સાથે લઇ જવાશે નહીં. લક્ષ્મી મળી છે તો કાંઇક ધર્મના કામ કરતાં રહો."

શેઠાણીએ કહ્યું કે "બાપજી ! હું બધુંય સમજું છું પણ શેઠની રજા–આજ્ઞા વગર મારાથી એક પાઈ પણ આપી શકાય નહીં."

મહાત્માએ કહ્યું "હશે બેન, ન અપાય તો કાંઇ નહીં પણ શેઠને મારી પાસે જરૂર મોકલજો" શેઠાણીએ કહ્યુંઃ બહુ સારૂં. બીજે દિવસે શેઠ બહારગામથી આવ્યા એટલે શેઠાણીએ મહાત્માની સાથે થએલી બધી વાતચિત જણાવી અને મહારાજ પાસે એક વખત મળી આવવાનું પણ જણાવી દીધું. પહેલા તો શેઠને વિચાર થયો કે કાંઈ જવું નથી, જઈએ તો પૈસા માંગે ને ? પણ પાછો વિચાર આવ્યો. કે–નહિં જાઉં તો મારી સ્ત્રીને ખોટું લાગશે અને બિચારીએ વચન આપ્યું છે, તો લાવને જઇ આવું. ખીસ્સામાં પૈસો હશે તો મહારાજ માંગશેને ? આમ વિચાર કરીને એ તો ગયો મહારાજ પાસે.

મહારાજ પાસે જઇને નમન કરીને શેઠે પૂછ્યું; બાપજી ! કહો શી આજ્ઞા છે ? મહારાજે કહ્યું, 'ભાઈ, બીજું કાંઈ કામ નથી પણ મારી પાસે એક સોય છે, તે જ્યારે તમે અહિંથી જાવ ત્યારે લઈ જઇને મને પરલોકમાં આપવાની છે, આ મારી થાપણ રાખવાની છે. બસ આટલું જ કામ હતું અને સોય મહારાજે શેઠને આપી અને વિદાય કર્યો.

શેઠની ધારણા હતી કે મહારાજ પૈસા-બૈસાની જરૂર માંગણી કરશે પણ આ તો જુદી જ વાત નીકળી, એટલે ઘણા ખુશી થતા થતા શેઠ ઘેર આવ્યા અને બનેલી વાત શેઠાણીને કહી અને મહાત્માએ આપેલી સોય બતાવી.

ત્યારે શેઠાણી કહે છે કે 'તમે સોય શી રીતે લઇ જવાનાં ?'

ત્યારે શેઠે કહ્યું કે 'ઓહો એક સોયનો તો વળી કેટલો ભાર ? કે તે નહીં લઇ જવાય ?"

શેઠાણી કહે છે કે,–તમે કેટલા અણસમજુ છો ? તમને એટલી પણ ખબર પડતી નથી કે 'મરી જશો ત્યારે તમારા શરીરને બાળી મુકવામાં આવશે અને શરીરની રાખ બની જશે, સોય તો અહિંયા રાખમાં પડી રહેવાની, સોય તમે કેવી રીતે લઇ જશો ? આતો સોય લાવ્યા એટલે સાધુના દેણદાર બન્યા !'

શેઠને વાત સાચી લાગીઃ 'શેઠ કહે છે કે તારી વાત સાચી છે, અરેરે આ સોય તો નહિં લઈ જવાય, સાધુને પાછી આપી આવું, એમ કહીને ગયા પાછા સાધુ પાસે.'

મહારાજ તો બારણાં બંધ કરીને બેસી ગએલા ધ્યાનમાં. ત્યાં શેઠે બારણું ખખડાવ્યું, અને બૂમ પાડી 'મહારાજ ! બારણું ઉઘાડો મારે તમારૂં જરૂરી કામ છે.'

મહારાજે યોગ્ય અવસર આવેલો જોઇને બારણું તરત જ ઉઘાડયું, અને શેઠ અંદર ગયા અને મહારાજને કહેવા લાગ્યા, 'બાપજી! તમે મને સોય આપી પણ હું કેવી રીતે લઇ જઉં?

સાધુ કહે છે 'અરે શેઠ તમે તો ઘણા જબરા લાગો છો. આટલી મોટી તિજોરીઓ ભરેલી છે, તે બધી મીલ્કત લઈ જશો અને મારી એક સોય ભારે પડશે? શેઠ હતા બુધ્ધિના બારદાન. કાંઇ જવાબ આપી શકયા નહિં, એ તો આવ્યા પાછા શેઠાણી પાસે શેઠાણી કહે છે; 'મહારાજનું કહેવું ખરૂં છે' જે આપણી પાસે ધન છે તે અહિંજ પડયું રહેવાનું છે. એક પાઈ પણ સાથે લઈ જવાશે નહિં. જેટલું સારા માર્ગે વાપરીએ તેટલું જ સાથે આવશે. બાકી બધુંયે અહિં પડયું રહેશે. ગુરુ મહારાજે તમને બોધ પમાડવા આ સોયની તરકીબ રચી લાગે છે, સમજ્યા ને?' શેઠ અબુધ હતા પણ સાથે ભદ્રિક પણ હતા, એટલે શેઠાણીની વાત ઝટ દઇને ગળે ઉતરી ગઇ અને શેઠાણીને કહેવા લાગ્યા કે, 'તારી વાત સાચી લાગે છે.'

હવે શેઠનું મન પલટાઈ ગયું અને ગયા પાછા મહારાજ પાસે. મહાત્માને પગે પડયા અને તેમની સોય પાછી આપી દીધી અને મહાત્માએ બતાવેલ માર્ગે સઘળાએ ધનનો સદ્વ્યય કરવા લાગ્યા. અનેક સખાવતો કરી. કરોડોની મીલ્કત ધર્મ તથા અનેક અન્યાન્ય પરોપકારનાં કાર્યોમાં વાપરી નાંખી. મહાન પૂન્ય ઉપાર્જન કરીને શેષ જીવન ધર્મધ્યાનમાં વ્યતીત કરતાં કરતાં આયુષ્ય સમાપ્ત થતાં સમાધિપૂર્વક મૃત્યુને પામીને બંને દંપતિ સ્વર્ગે ગયાં. પ્રિય વાંચકો! આપણે પણ વિચાર કરવાનો છે કે સંતમહાત્માની એક જ મુલાકાતે આ વાર્તાના નાયક કંજુસ શેઠના જીવનમાં અજબ પરિવર્તન આણી દીધું અને આપણે? સહુ સહુના હૃદયમાં વિચાર કરજો અને જીવનને સુવાસિત બનાવવા ભૂલ્યા હો ત્યાંથી ફરીથી ગણીને પ્રગતિના પંથે આગે કદમ બઢાવજો.

★

**જ્યારે** એક ઘોડા પર બે જણાને સ્વારી કરવાની હોય છે, ત્યારે એકને તો પાછળ બેસવું જ પડે છે ને!

**માનવી** હંમેશ પોતાની ભૂલોનો એવી રીતે બચાવ કરે છે, જાણે તે એના હકોનો બચાવ કરી રહ્યો છે!

**અફવા** એ કેટલીક પાયા વિનાની શોધને મળેલો કેટલાકનો પાયા વાળો પ્રચાર છે.

**જાતથી** પરાજિત થવું એના જેવી બીજી શરમ એકે નથી, પણ જાત ઉપર વિજય મેળવવો એના જેવું ગૌરવ પણ એકે નથી.

**નવી વ્યાખ્યા : ગુંદરીઓ :-** જે અત્યારે છે કલાક પછી પણ હશે, અને બે કલાક પછી પણ હોવાનો જ.

**મિત્રો :** તમારી પાસે જ્યાં સુધી બીલ ભેગા ન થાય ત્યાં સુધી દીલ દઇ તમારા ભેગા જ રહેનારા પ્રાણીઓ.

ડૂબનાર માણસ હંમેશા બચાવનારને પણ ડૂબાડતો હોય છે.

# વર્તમાન તંત્રવાહકો! જરા સાંભળો!
## શાંતિ, વ્યવસ્થા તથા નીતિમત્તા માટે
# દેશમાં આધ્યાત્મિક બલને સજીવન કરો!

—: ❁ :—

**શ્રી ગુણવંતરાય આચાર્ય**

—: ❁ :—

**આજે ભારતના વડાપ્રધાનથો માંડીને ભારત સરકારના ચોપદાર સુધી સવ કોઇ નાના મોઢે મોટી વાતો કરવા મંડી પડયા છે, તેમાં યે ધર્મસંપ્રદાયો સામે, ન્યાત, કોમ આદિ સામે યથેચ્છ પ્રલાપો કરવા એ તો આજે સત્તાશાહીનું પ્રદર્શન ગણાય છે, તેમાંયે વારે-તહેવારે હિંદુ ધર્મની સામે આજના કોંગ્રેસી વડાઓને કોણ જાણે ભારે સૂગ છે, આજની કહેવાતી બીન-સાંપ્રદાયિકતાને નામે બીનધાર્મિકતા જે રીતે દેખાઇ રહી છે, અને વર્તમાન કોંગ્રેસી વડાઓની તેમાં પણ જે દ્વિમુખી નીતિ જણાઇ રહી છે, તે વિષે સ્પષ્ટ શબ્દોમાં સાચી વસ્તુસ્થિતિનું દર્શન કરાવવા પૂર્વક ભારત જેવા દેશમાં ધાર્મિક ભાવનાનો જો વિનાશ કરવામાં આવશે તો તેના કેવા ખતરનાક પરિણામો આવશે, ઇત્યાદિ હકીકતને રમૂજી છતાં ગંભીર શૈલીયે અહિં, લેખક શ્રી રજુ કરે છે, જે પ્રત્યેક વિચારકને મનનીય છે, લેખક શ્રી મહાગૂજરાતના સાહિત્યકાર તથા ઐતિહાસિક કથા લેખક છે.**

—: ❁ :—

એક દિવાનાખાનામાં એક દિવાનો માણસ શરીરે તદ્દન નગ્ન બેઠો હતો. પણ માથે એણે ટોપી પહેરી રાખી હતી.

કોઇક મુલાકાતીએ એને પૂછયું: 'અરે ભાઇ આમ સાવ કપડાં વગર કેમ બેઠા છો?'

દીવાનાએ કહ્યું: 'કપડાં પહેરીને શું કામ છે? આંહી કયાં કોઈ મને મળવા આવવાનું છે?'

મુલાકાતીએ ફરીને પૂછયું: 'પણ ત્યારે માથે ટોપી પહેરી છે કેમ?'

'એ તો યાર, કોઇક મળવા આવી ચડે તો?'

❁

હિંદુ ધાર્મિક માન્યતાઓ પરત્વે આપણી કોંગ્રેસ અને સરકારના આચાર, વિચાર ને વ્યવહાર જોઈએ છીએ ત્યારે દીવાનાખાનાનો આ માનવી સહેજે યાદ આવી જાય છે.

આપણું રાજ્ય બીનસાંપ્રદાયિક. એટલે આ દેશની એંસી ટકાની વસતિની ધાર્મિક માન્યતાઓની વાત આવે ત્યારે આપણી સરકાર દીવાનાખાનાના પેલા પાગલની જેમ સાવ દિગંબર જ બની જાય છે. એ માન્યતાઓને માન આપવામાં આદર આપવામાં એને એકદમ સાંપ્રદાયિકતાની ગંધ આવી જાય છે. હિંદુધર્મ સિવાય બીજા કોઇ ધર્મની વાત આવે ત્યારે એ માથે ટોપી પહેરી લે છે. કયારેક તો એમ જ લાગે કે એમની બીનસાંપ્રદાયિકતા એ બહુધા હિંદુ ધર્મ તરફના રાગ-દ્વેષ સિવાય બીજું કાંઇ જ નથી.'

❁

અલ્હાબાદમાં કુંભમેળો ભરાયો, ત્યારે પ્રધાનો, અમલદારો ને ગવર્નરો એટલા બધા ત્યાં ભેગા થઇ ગયા કે એની આડે યાત્રાળુઓનો તો કેવળ સંહાર થવાનો જ બાકી રહ્યો, સિપાઈ સપરાં પ્રધાનોની ઉઠબેસમાંથી નવરાં થાય તો યાત્રાળુઓની ભાળ લે ને? પરિણામે ભારતની વર્તમાન સરકાર સિવાય બીજી કોઇ સરકાર હોત કે ભારત સિવાય કોઈ બીજો દેશ હોત તો એકે એક લાગતા—વળગતા અમલદાર ને પ્રધા-

નને સરકારી નોકરીમાંથી ને રાજકારણમાંથી હાંકી કાઢે એવી ઘોર ઘટના બની ગઈ.

એ ઘટનાની તપાસ માટે સરકારે એક સમિતિ નીમી તો હતી. એટલું નાટક કર્યા સિવાય તો એને ચાલે એમ ન હતું. પછી એ સમિતિનું શું થયું? સમિતિના અહેવાલનું શું થયું? એ અહેવાલ જાહેર મુકાયો કે નહિ? લાગતા વળગતા બેદરકાર અમલદારોને કાંઈ કરતાં કાંઇ સજા થઇ કે નહિ? એ જાણુવામાંજ નથી, ખરી રીતે આ સરકાર અને આ અમલદારશાહી ને આ અમલદારશાહીને જીહજૂર કરનારા આજના મોટી જીભ ને ટુંકી બુધ્ધિના પ્રધાનો છે ત્યાં સુધી આવી વાત કોઇએ જાણવાની કોશીષ પણ ના કરવી જોઇએ.

આપણે ત્યાં અમલદારોને સજા થતી જ નથી, જનતાને જ સજા થાય છે.

❀

એક હજાર વર્ષથી જે ધર્મ ભારતમાંથી લોપ થયો છે, જેના અનુયાયીઓ જૂના તો કોઇ છે નહિ, ને નવા થાય છે એ રાજકીય તકવાદી તરીકે જ થાય છે. એવા બુધ્ધધર્મની પચીસસોમી જયંતિ, એને પચીસ સો વર્ષ ન થયાં હોવા છતાંયે એક આખા વર્ષ માટે રેડિયો ઉપર ઉજવી શકાય છે. એના ઝાડના એક ડાળખા માટે સરકારી ખર્ચે મોટા જલસાઓ ગોઠવાય છે. એમાં વડાપ્રધાન ને પ્રધાનોની જમાત હાજરી આપે છે. મુસલમાનોની ઈદના સંદેશાઓ વડાપ્રધાન, રાષ્ટ્રપતિ ને પ્રધાનો મોકલે છે. ખ્રીસ્તી ધર્મના ઉત્સવો પાછળ કાળજી લેવાય છે.

સાવકી માનો છોકરો એક હિન્દુ ધર્મ. એની વાત કરો તો તમે કોમવાદી. એની વાત કરો તો તમે સાંપ્રદાયિકતાના ગુનેગાર. બીજા ધર્મોની વાતો કરો તો તમે બીનસાંપ્રદાયિક. તો તમે પ્રગતિવાદી.

બુદ્ધધર્મમાં પવિત્ર મનાતા ઝાડની એક ડાળખી વડાપ્રધાન રાખે તો એ એમની ઉદાત્તતા ગણાય. એમની બીનસાંપ્રદાયિકતા કહેવાય. લોકો પાસેથી પૈસા લીધા પછી પણ સોમનાથનું મંદિર બાંધે તો એ કોમવાદ ગણાઇ જાય.

❀

સરકારી પાઠય પુસ્તકો જુઓ, એમાં શંકરાચાર્યનો જ પાઠ નહિ. એ કાઢી નાખવામાં આવ્યો છે. બુધ્ધ જયંતી જેની સાથે ભારતને કાંઇ લેવા દેવા નથી, એની રજા પડે. ખ્રીસ્તી ધર્મ જેની સાથે દેશના મોટા ભાગના લોકોને કોઇ સ્નાન કે સૂતક નથી, એના ધાર્મિક તહેવારોની દસ દસ દિવસની રજા પડે. હિંદુધર્મની (જૈનોના મહાવીર ભગવાનના જન્મદિવસની) જયંતીની રજા ન પડે, શંકરાચાર્ય જેવી કોઇ વ્યક્તિ હતી કે નહિ એનીયે ખબર ના પડે. કયારેક તો આપણુને લાગે છે કે આપણા નેતાએ બીનસાંપ્રદાયિકતાની મોટી ઉલ્બાંગો મારવા છતાં પણ આપણો રાજધર્મ બુધ્ધધર્મ ન હોય તો ખ્રીસ્તીધર્મ તો જરૂર છે જ!

❀

પાંચ હજાર વર્ષનો ઇતિહાસ એક વાત વાત કહે છે કે ભારતના લોકોને કોઇ પ્રચંડ ઉત્સાહથી પ્રેરિત કરવા હોય તો એમની ધાર્મિક ભાવનાને પોષવી. હું ધાર્મિક અંધશ્રદ્ધા કે સાંપ્રદાયિક વાડાબંધીની વાત નથી કરતો. પરંતુ દરેકે દરેક ભારતીય નાગરિકના અંતરમાં રહેલી

ધર્મભાવના, ધર્મબુધ્ધિને સાદ દેવાથી જ એમને પ્રેરણા, શ્રદ્ધા ને હામ આપી શકાય છે.

❁

ભારત સરકાર ભારતમાં પ્રચલિત કોઇ પણ ધર્મની ઈજ્જત કરે, સન્માન કરે, સગવડ આપે એની સામે કોઇને વિરોધ ન હોય. પણ એમાંથી એકજ ધર્મને દેખાઇ આવે એટલી બેપરવાઇથી બાદ રાખવામાં આવે ત્યારે એમ લાગે છે કે હજી જુની અમલદારશાહી આપણે ત્યાંથી ગઇ નથી. અંગ્રેજ સરકારની હિન્દુ અને મુસ્લીમોને લડાવવા માટે હિન્દુ-ધર્મ તરફથી એની સૂગ એ એમને માટે તો રાજકારણનો વિષય હતો.

પરંતુ અત્યારની સરકારને એમ રાજકારણનો કોઇ પ્રશ્ન નથી. નાસ્તિકવાદ એ જીવનમાં ઘણું બળવાન તત્વ હશે, તેમ સરકારને ભલે લાગે. પરંતુ સમસ્ત પ્રજાએ તો કોઇ દિવસ નાસ્તિકવાદના નેજા નીચે પુરુષાર્થ કર્યો નથી. કયારેક કર્યો હોય તો પોતાનો નાશ નોતરવા સિવાય બીજું કાંઈ એણે ઇષ્ટ સાધ્યું નથી.

❁

બીનસાંપ્રદાયિકતા એક વાત છે, બીન-ધાર્મિકતા એ બીજી વાત છે. **ને આજે આપણે બીનધાર્મિકતા તરફ ઘસડાતા જઈએ છીએ તમામે તમામ સંપ્રદાયોને એનામાં સારાં તત્ત્વો હોય, એનો આવિષ્કાર કરવાને માટે રાષ્ટ્રસત્તા ભેદભાવ વગર સહાય કરે, સહાનુભૂતિ બતાવે, એ બીન સાંપ્રદાયિકતા.** જીવનમાં ધર્મ અને કોઇ કરતાં કોઈ આધ્યાત્મિક બળ છે. એનો ઈન્કાર કરવો એનું નામ બીન-ધાર્મિકતા. આજ આપણે જોઇએ છીએ કે રોજ રોજ એક એક કાયદાને હિસાબે આપણે સેંકડો બલ્કે હજારો કાયદાઓ કર્યા છે, ને કર્યે જઇએ છીએ. અને છતાં એ કાયદાઓનો વ્યવહાર જોઇએ તો સદંતર નીતિવિહીનતા જ દેખાય. જેટલા નવા નવા કાયદા, એટલી નવી છે રૂશ્વતખોરી.

ધર્મના બળની સદંતર ઉપેક્ષા કરીને લોકોને ઝટપટ સુધારી નાંખવાના આપણે કાયદા કર્યા ને લોકો ન સુધરે તો ફોજદારી સજાઓ ફટકારવાનો રસ્તો લીધો. પરિણામે રૂશ્વતખોરી, ને મારે તેની તલવાર. એક શરાબબંધીનો કાયદો જ લ્યો. એ કાયદાએ શરાબનો વપરાશ એક ટીપું પણ બંધ કર્યો નથી. એ ઉઘાડી હકિકત છે કે–જેને જ્યારે જોઇએ એટલો શરાબ મળે છે. એણે માત્ર રૂશ્વતખોરી વધારી છે.

❁

એક માત્ર મનુસ્મૃતિ. એક માત્ર કુરાન ને એક માત્ર ધર્મસૂત્રથી આજ હજારો વર્ષથી આપણી જનતા શું હિન્દુ, શું મુસલમાન, શું જૈન પોતાના સમાજ ને જીવન વ્યવહાર ચલાવતા આવ્યા છે, ને એમની જીવનદૃષ્ટિ આપણી આજની દૃષ્ટિથી કાંઇ ઉતરતી નહોતી, જાહેર અને ખાનગી નીતિનું ધોરણ ઉંચું હતું, સામાજિક સ્થિરતા હતી.

આજ કાયદાઓની લંગાર વગડાના પશુઓ જેટલી થઈ છે, ને એની દશા પણ વગડાના પશુ કરતાં વધારે નથી. કોઇ સર્વમાન્ય બંધન નથી, કોઈ નૈતિક અવરોધ નથી. સત્તા, લાગવગ, એજ આજે નીતિની પારાશીશી થઇ પડયાં છે, શ્રી મોરારજી દેસાઈ અમદાવાદમાં લાંઘણ કરે તો એને 'ત્યાગ ને બલિદાન કહેવાય. બીજાઓ એવા જ કારણે ઉપવાસ કરે તો એને ત્રાગું કહેવાય. એને સજા કરવામાં આવે. આજ

કાલ તો વાત એવી થઇ ગઈ છે કે, મોટા માણસ કરે તો એને 'લીલા' કહેવાય. નાના માણસ કરે તો એને વ્યભિચાર કહેવાય.

આવા બે માપો આજ પ્રજાની સામે ધરવામાં આવે છે.

❁

આજે એકલા વિદ્યાર્થીઓનો દોષ કાઢીએ છીએ. પણ સમસ્ત સમાજમાં સર્વત્ર સ્થળે શું મોટા કે શું નાના તમામમાં અસંયમ, તકવાદ, ને છીંડીએ ચડયો એ ચોર ને ફાવ્યો એ વખણાય, એવું જ ચાલે છે, આપણે આધ્યાત્મિક બળને વિસરીએ છીએ. પરંતુ આધ્યાત્મિક શિસ્ત વગર કાંઇ કરતાં કાંઇ પ્રગતિ શકય જ નથી. જીવનના રોજના અને નાના મોટા વ્યવહારમાં ધર્મ એ બળ છે, ધર્મ એ શિસ્ત છે. એ જ્યાં સુધી સ્વીકારવામાં આવશે નહિ ત્યાં સુધી કાંઇ કરતાં કાંઇ સાધી શકાવાનું નથી. આપણી આજની લોકશાહી, એના ઉપર રોગાન તો જરૂર અમેરિકન ને અંગ્રેજી છે. એના બતાવવાના દાંતો પણ ચળકતા છે. **પરંતુ હકીકતમાં તો હજારો વર્ષની આ દેશની આધ્યાત્મિક પરંપરા સામેના નાસ્તિકવાદની સ્થાપનાના અખતરા સિવાય બીજું કાંઇ નથી.**

❁

તમે પૂજા કરો રામની કે કૃષ્ણની. તમે ગીતા વાંચો કે રામાયણ વાંચો. તમે કૂરાન પઢો કે સૂત્રો પઢો. એ તમામની સાંપ્રદાયિકતા અને કર્મકાંડવાદની ઉપરથી દરેકે દરેકમાં ધર્મ ભાવના અને નીતિનું બળ છે. ધર્મ અને નીતિની શિસ્ત છે. એક ચુસ્ત હિન્દુ કે પાક મુસ્લીમ કે સન્માન્ય ખ્રીસ્તી એમના કર્મકાંડોની ઉપરથી ધર્મ અને નીતિના સિધ્ધાંતોમાં એક જ શિસ્તમાં માનનારા છે.

❁

**લોકશાહી એ કોઇ સિધ્ધાંત છે જ નહિ એ તો કેવળ રાજ્યપ્રણાલિ છે.** એ ભારતમાં નહોતી ને નવી આયાત થઈ છે એમ પણ નથી, પરંતુ પ્રજાની કઇ તાકાતને કઈ શ્રધ્ધાને એ સંગ્રહ કરવાની છે? કયો લોકસંગ્રહ એ કરવાની છે? ખાવાને ખાતર ખાવું, સૂવાને ખાતર સૂવું, એ વાતો જેમ અર્થ વિહીન છે, ને એવી વાતો કરનારા કેવળ એદીઓ અને આળસુઓ જ હોય છે, તેમજ લોકશાહીને ખાતર લોકશાહી છે, એમ કહેનારાઓ કેવળ તકવાદીઓ જ પેદા કરે છે.

રાજ્યપ્રણાલિ પ્રજા માટે છે. પ્રજા રાજ્ય પ્રણાલિ માટે નથી. એક બાપ બજારમાંથી ખાવાની વાનગીનો મોટો ટોપલો ભરી આવે ને પછી પોતાના છોકરાઓને કહે 'આ બધું ખાઇ જાઓ. માંદા પડો તોય ખાઇ જાઓ. એમ આપણે પરદેશોમાંથી બે વાત આંહીથી ને બે વાત ત્યાંથી એમ લોકશાહી લાવ્યા, ને હવે લોકોને કહીએ છીએ કે એ લોકશાહી અમે લાવ્યા છીએ. માંદા પડો, મરી જાઓ, ખુવાર થાઓ, તકવાદી કાર્યકરો ને રૂશ્વતખોર અમલદારોની બનેલી ઠગ અને પિંઢારાની જમાત ભલેને વધતી હોય તોય આ તમે આચારમાં મુકો.

❁

સાંપ્રદાયિકતાના ઝનૂન ખતરનાક છે. **પરંતુ બીનધાર્મિકતાને પોષવી, એને ઉત્તેજન આપવું, ધર્મની તાલીમને શિક્ષણમાંથી પદ્ધતિસર હદપાર કરવી, એ તો વધારે ખતરનાક** છે. એના પરિણામો આપણે દશ વર્ષમાં જ જોવા માંડયા

છીએ. આપણા નેતાઓ તકવાદી બેવચની થતા જાય છે. આપણી યુવાન પ્રજા નર અને નારી અસંયમી થતી જાય છે, એ પ્રજા હવે 'તનેય મિયાંઉ' કરતી થઈ ગઇ છે. માબાપો પોતાના બાળકો ઉપર વિશ્વાસ મૂકી શકતા નથી. નોકરીયાતો પોતાના શેઠો ઉપર વિશ્વાસ મુકતા નથી. શેઠો નોકરીયાતો ઉપર વિશ્વાસ નથી મૂકતા. મજુરો માલિકો ઉપર વિશ્વાસ નથી મૂકતા. આઝાદીનું લોખંડી માળખું બની શકે એવી કોંગ્રેસ પણ આજ અંદર અંદર એક-બીજાને અવિશ્વાસથી જોતી થાય છે. દરેક નાની-માટી ચૂંટણીઓ નાની-મોટી ઉપસ્થિતિએ એમાંથી માણસો ખરતાં જ જાય છે. સારાયે દેશમાં અવિશ્વાસ અને અશ્રદ્ધાનો જાણે વંટોળ ચઢયો છે, ને એ વંટોળમાં આપણી સંસ્કૃતિનાં મંગળ-તત્ત્વો ચોપાસ ઉડતાં વેરાતાં જાય છે.

★

આજ પ્રજાની શ્રધ્ધા વિશ્વાસ અને ભાવીના આદર્શોની એકવાકયતા નાશ પામતા જાય છે. ધીમે ધીમે પણ હવે સમજાતું જાય છે કે- નાશ કરવો એ જેટલો સહેલો છે, એટલું નવ વિધાન સહેલું નથી. **આપણે સાંસ્કારિક ને સાંસ્કૃતિક પરંપરાનો નાશ તો જોરશોરથી કરવા માંડયો છે. પણ એને સ્થાને બીજી કોઈ શ્રધ્ધા મૂકી શકયા નથી.** અને હજારો વર્ષની પરંપરા જે દેશમાં ધર્મબળ અને કાર્ય, કાર્ય માટેના ધર્મના વિધિનિષેધોની પરંપરા છે, ત્યાં એ પરંપરા સિવાય બીજું કાંઇ મુકી શકાવાનું યે નથી.

❁

આવા અવિશ્વાસના વાતાવરણમાં સરકારે તો ખાસ સચેત રહેવું ઘટે છે. ઇરાદાપૂર્વકની ઉપેક્ષા ને ઇરાદાપૂર્વકની આળપંપાળનો આભાસ પણ ઉભો તો એના પરિણામો સરવાળે સારા નહિ આવે.

આજે સરકારની પાસે બે માર્ગ છે. કાં તો એ સર્વ ધર્મ સમાનની બીનસાંપ્રદાયિકતા બતાવે, ને કોઇપણ એક સંપ્રદાય તરફની ઇરાદાપૂર્વકની આળપંપાળના કાર્યથી દૂર રહે. ને કાં તો એ સદંતર નાસ્તિક બને. તો સરકારે ખ્યાલ રાખવો ઘટે કે નાસ્તિકવાદની પરમ પરાકાષ્ટા તો સામ્યવાદમાં છે. **સરકાર કાં તો માનવીના અંતરતમ અંતરમાં રહેલ આધ્યાત્મિક બળ અને શ્રધ્ધાને સન્માને. ને કાં તો આધ્યાત્મિકતા માત્રનો ઇન્કાર કરે, તો એ મજલનો અંજામ સામ્યવાદમાં છે, એ પણ ન ભૂલે.**

એ સિવાય અધીં બીનસાંપ્રદાયિકતા, અધીં બીનધાર્મિકતા એ કોઈને ય રાજી રાખશે નહિ. કોઇ હેતુ સરશે નહિ. એ તો કેવળ અનેક સંપ્રદાયોથી પીડાતા આ દેશમાં એક નવો સંપ્રદાય ને નવો વાડો ઉભો કરવા જેવું બનશે. (સંદેશ)

---

### ગતાંકનો સુધારો

'કલ્યાણ'ના ગતાંકના પેજ ૨૮૦ પર બીજા પેરેગ્રાફની ૩ જી પંક્તિમાં દૃષ્ટિદોષથી કેટલાક શબ્દો રહી ગયા છે, તેથી બીજી-ત્રીજી પંક્તિ નીચે મુજબ વાંચવી.

'સંસારી અવસ્થામાં તેમના પરમોપકારી પિતાશ્રી, અને દીક્ષિતજીવનમાં તેમની સાથે એક આદર્શ સાધુ તરીકે રહેલા.

એ અંકના ૨૮૧ પેજ પર ત્રીજા પેરેગ્રાફમાં નીચે મુજબ વાંચવું.'

'માટે જ તેઓ આકસ્મિક મૃત્યુ વખતે પણ સમાધિમરણની ભૂમિકાનો યોગ પામી શકયા હતા એમ કહી શકાય,'

# જ્ઞાન ગોચરી

**દૈનિકો સાપ્તાહિકો, પાક્ષિકો, માસિકો તથા અન્યાન્ય પુસ્તકોનું જીવનોપયોગી સાહિત્ય જે 'કલ્યાણ'ના વાચકોને રસપ્રદ ઉપરાંત બોધક તેમજ મનનીય બને તેવું તે તે પ્રકાશકોના સૌજન્યથી અહિં રજુ થાય છે. 'કલ્યાણ'ના આ વિભાગે સર્વ કોઇના દિલમાં આકર્ષણ જન્માવ્યું છે. જે જે વાચકોને, શુભેચ્છકોને 'કલ્યાણ'ના આ વિભાગને ઉપયોગી સાહિત્ય પ્રાપ્ત થાય તે અમને અવશ્ય મોકલે. અમે તેને અહિં પ્રસિધ્ધ કરવા શકય કરીશું !**

—: ❁ :—

## સંયમ જ મનુષ્યને મહાન બનાવે છે...

પોતાના અભ્યાસક્રમ દરમિયાન નેપોલિયન એક વાર અલ્કોની નામના એક સ્થળે એક નાયાને ઘેર રહ્યા હતા. નેપોલિયન બહુ સુંદર યુવાન હતા. નાયાની પત્ની એના પર મુગ્ધ થઇ ગઈ. અને એને પોતાના પ્રતિ આકર્ષવા માટે પ્રયત્ન કરવા લાગી. પણ નેપોલિયનને અભ્યાસ સિવાય બીજા કશા માટે અવકાશ નહોતો. એ સ્ત્રી જ્યારે એના સાથે હસવા બોલવાનો પ્રયત્ન કરતી ત્યારે તેઓ પુસ્તકમાં માથું નાખીને વાંચ્યા કરતા.

❁

એ જ નેપોલિયન જ્યારે દેશના વડા સેનાપતિ થયા ત્યારે એક વાર તેઓ ફરી એ જ સ્થળે ગયા, નાયાની પત્ની દુકાનમાં બેઠી હતી. નેપોલિયન એની સામે જઇને ઉભા અને પૂછયું: 'તમારે ત્યાં બોનાપાર્ટ નામનો એક યુવક રહેતો હતો. એ તમને યાદ છે ?'

નાયાની સ્ત્રીએ જરા અણગમાથી કહ્યું: જવા દો ભાઈ, એની વાત. એના જેવા નિરસ માણસની ચર્ચા કરવા હું નથી માગતી. એને ગાતાં કે નાચતાં કંઈ જ આવડતું નહોતું. કોઇની સાથે મીઠી વાતો કરતા પણ એ શીખ્યો નહોતો. પુસ્તક, પુસ્તક, બસ પુસ્તકોમાં જ એ ફસાયેલો રહેતો.'

❁

નેપોલિયને હસીને કહ્યું: 'બરાબર કહો છો, દેવી. સમય જ મનુષ્યને મહાન બનાવે છે. બોનાપાર્ટ તમારી રસિકતામાં એના મનની સમતુલા ગુમાવી બેઠો હોત તો એ આજે દેશનો સરસેનાપતિ બનીને તમારી સામે આવીને ઉભો રહી શકત નહિ.'

(જનજીવન : રામપ્રસાદ ત્રિપાઠી)

## આર્યસંસ્કૃતિ પૂરી થઇ છે સિનેમાની સંસ્કૃતિ જામી છે.

### (નવી પ્રજાના માનસનું એક ચિત્ર)

ગઈ કાલ સુધી આપણે ત્યાં આર્ય સંસ્કૃતિ હતી. આજે હવે આપણે સિનેમાની સંસ્કૃતિમાં પ્રવેશ કર્યો છે. આપણા મંદિરો હવે સિનેમાગૃહોમાં છે, આપણી પુરાણકથાઓ હવે રૂપેરી પરદો કહે છે, આપણાં ભજનો અને ગીતોનું સ્થાન સિનેમાના ગાયનોએ લીધું છે, આપણાં બાળકોના હોઠ ઉપર પ્રાતઃકાળના શ્લોકો અને મંત્રો નથી, પણ 'રૂપેરી જગતના નામો છે. આપણે ઉત્તરાખણ્ડના કૈલાસ–માનસરોવરની કલ્પના નથી કરતા. પણ દક્ષિણે સિલોન રેડિયો સાથે મીટ માંડીએ છીએ. હવે મંદિરો અને હવેલીઓનાં પગથિયા ઘસીને દેવની મૂર્તિઓને નિરખવાંની જરૂર આપણે જોતા નથી, રુપેરી પડદા ઉપર દેવદેવીઓ પ્રત્યક્ષ દર્શન આપે છે. સતીઓ ? અરે, ભાઇ, પુરાણોમાં અને લોકકથાઓમાં જેટલી દેવીઓ અને સતીઓ છે, તેમના રૂપે અમારી નટીઓ અમને દર્શન અને બોધ આપે છે ! ધર્મગુરુઓ પાસે કથા સાંભળવાની હવે જરૂર નથી. બધી કથાઓ પડદા પરથી પાત્રો સહિત પ્રત્યક્ષ રજુ થઇ ગઇ છે. અને હજી કોઈ ખૂણેખાંચરે કોઈ સતી, આઈ, માઇ, ભગત, સંત, સાધુ, બાવો, ભૂવો,

સંન્યાસી, ફકીર, ઓલિયો કે અઘોરી રહી જતો હશે તો ખાતરી રાખજો કે સિને-કથાલેખકો અને દિગ્દર્શકો તેમની રાખ સમાધિ અને કબરમાંથી પણ તેમને શોધી કાઢીને પરદા પર રજુ કરશે.

રામ અને કૃષ્ણ આ ધરતી પર ખરેખર સદેહે ફર્યા હતા કે કેમ તે ભૂતકાલનો વિષય છે, અને તેમણે શું કહ્યું હતું તેમાં અમને રસ નથી. મંદિરોમાં એમની મૂર્તિઓના દર્શન કરવામાં પણ રસ નથી, પણ રૂપેરી જગતના દેવતાઓ અને દેવીઓ તો સદેહે અમારા જીવનકાળમાં જ આ ધરતી પર (ધરતી પર નહિ તો મોટરમાં અને મહેલાતોમાં) વસે છે અને જ્યારે જ્યારે તેઓ જાહેરમાં નીકળીને દર્શન દે છે ત્યારે અમે ઘેલા બનીને તેમની એક ઝાંખી મેળવવા પડાપડી કરીએ છીએ. એ જ્યાંથી નીકળવાના હોય ત્યાં તેમની રાહ જોવા તપશ્ચર્યા કરીએ છીએ.

અમારા ઘરમાંથી હવે અમે દેવદેવીઓની છબીઓ કાઢી નાખી છે, તેઓ એવી આકર્ષક ન હતી, અને તેમના મુખ પર અભિનય તો જરા ય ન હતો. હવે અમે સિને જગતના દેવદેવીઓની દિલચસ્પ તસવીરો રાખીએ છીએ, લોકેટમાં અને બટનમાં, પર્સમાં અને પુસ્તકમાં તેમની તસવીરો રાખીએ છીએ. બંગડીઓ અને સાડીઓ ફિલ્મો અને ફિલ્મી નટીઓના નામે કેવી આકર્ષક લાગે છે!

શ્રી કૃષ્ણની જીવનલીલા અને રામચંદ્રજીનાં પરાક્રમો હવે જુનવાણી નથી લાગતા? તેના કરતાં દરેક નટ અને નટીની નાનામાં નાની પ્રવૃત્તિ અને રોજનિશિ પણ કેવી રસિક અને રોમાંચક વાચનસામગ્રી બની રહે છે!

તમે એને ગાંડપણ કહો છો? તો તમે નવા જમાનાની તાસીર ઓળખતા નથી. આ સિનેમા-સંસ્કૃતિનો યુગ છે અને બદલાયેલા યુગનાં બદલાયેલાં મૂલ્યો તમે સમજી શકયા નથી. ખરેખર આ યુગનાં વહેણને ખાળવામાં નહિ આવે, તો વિનાશ નજીક છે.

## આ બધું કયાં સુધી ચાલશે ?

મારા એક મિત્રે અમેરિકાના ૫૦૦ મોટા ઉદ્યોગોની તારવણીવાળી એક ચોપડી મને આપી, અને તે વાંચતાં ત્યાંની ધનદોલત એ શું એનો મને થોડો ખ્યાલ આવી શકયો.

અમેરિકાની ૫૦૦ જોઇન્ટ સ્ટોક ઇન્ડસ્ટ્રીઅલ કંપનીઓમાં સૌથી પહેલું સ્થાન 'જનરલ મોટર્સ'નું છે. તેનું સરવૈયું રૂપીયામાં નીચે મુજબ છે:-

વેચાણ- સાઠ અબજ. મીલકત-પાંત્રીસ અબજ.

નફો-પાંચ અબજ. રોકાણ-પચીસ અબજ.

પછી આવે છે 'સ્ટેન્ડર્ડ ઓઇલ કંપની'નો નંબર, તેનું સરવૈયું રૂપીયાસાં નીચે મુજબ છે:-

વેચાણ પાંત્રીસ અબજ. મીલકત-ચાળીસ અબજ.

નફો-ચાર અબજ. રોકાણ-પચીસ અબજ.

ફોર્ડ મોટરનો નંબર ત્રીજો છે એનું સરવૈયું છે:-

વેચાણ-વીસ અબજ. મીલકત-પંદર અબજ.

નફો-એક અબજ. રોકાણ દસ અબજ.

ચોથા નંબર 'યુ. એસ. સ્ટીલ' આવે છે જેનું સરવૈયુ નીચે પ્રમાણે:-

વેચાણ-વીસ અબજ. મીલકત-વીસ અબજ.

નફો-બે અબજ. રોકાણ-પંદર અબજ

'પાંચમું સ્થાન છે જનરલ ઇલેકટ્રીક'નું તેનું સરવૈયું:-

વેચાણ-વીસ અબજ. મીલકત-દસ અબજ.

નફો-એક અબજ. રોકાણ-પાંચ અબજ.

ઉપરની પાંચ રાક્ષસી કદની કંપનીઓ થઈ. એ જ યાદીમાં છેલ્લી અંગુઠીયા કદની 'કોનસોલીડેટેડ કોપર માઇન્સ' ૫૦૦ મુખ્ય કંપનીઓમાં સૌની ટીચુકડી છે તેનું સરવૈયું:-

વેચાણ-ત્રીસ કરોડ. મૂડી-વીસ કરોડ.

નફો-ત્રણ કરોડ. રોકાણ-પંદર કરોડ.

અક્કલ કહ્યું ના કરે એવું કામ છે. વાત અટકતી નથી. વ્યાપારી બેંકો અને વીમા કંપનીઓનાં આંકડા આકાશે પહોંચી જાય છે.

'બેંક ઓફ અમેરિકા'ની મૂડી પચાસ અબજ છે. ડીપોઝીટો પિસ્તાળીસ અબજ છે. કરવેરા અને તમામ ખર્ચ બાદ કરતાં ચોકખી કમાણી પચ્ચીસ કરોડ છે.

'મેટ્રો પોલિટન' વીમા કંપનીનું સરવૈયું કહે છે કે મૂડી સીત્તેર અબજની છે!!! વીમા પોલીસીઓ સાડા ત્રણસો અબજની છે!!!

આવાજ ગગનચૂંબી સરવૈયાં આયાત નીકાસની પેઢીયોનાં છે. ટ્રાન્સપોર્ટ કંપનીઓનાં છે. યુટિલિટિ કંપનીઓમાંથી એકનું સરવૈયું નીચે મુજબ છે.

મૂડી-એંશી અબજ. નફો પાંચ અબજ.

આ બધી રાક્ષસીઓ આગળ બ્રિટનની કંપનીઓ નખ જેવડી લાગે છે અને આપણી તાતા કે એસોસિએટેડ સિમેંટ કે એવી મોટામાં મોટી કંપનીઓ તો નજરે દેખી પણ શકાય તેવી નથી.

વેપારીઓને અને ઉદ્યોગમાં પડેલાઓને કરવેરાથી દાબી દેવા અગર તે લોકોને તુચ્છ ગણવા એ અજ્ઞાન છે. દેશની સંપત્તિ વેપારીઓ તથા ઉદ્યોગપતિઓ વધારે છે, સરકારી અમલદારો વધારતા નથી, વકીલ દાકતરો પણ વધારતા નથી.

અમેરિકામાં સાહસવૃત્તિને પ્રોત્સાહન મળે છે. ધન પેદા કરવા જે લોકો તૈયાર થાય છે, તેમની પાસેથી રૂપીયામાંથી સાડા ચૌદ આના લઇ લેવાની વાતો ત્યાં નથી. પૈસો ગુમાવવા જે માણસ તૈયાર હોય છે તેને પૈસો રાખવાનો પણ નૈતિક અધિકાર હોવો જોઇએ.

સરકારી અમલદારને માસિક ત્રણ હજાર મળે તો વેપારીને એથી વધુ ના મળવું જોઈએ એવી દલીલ તદ્દન વજુદ વગરની છે. અમલદાર મહેરબાનને નહાવા કે નીચોવાનું કાંઇ નથી. ત્રણ હજારનો પગાર લઇ તેઓશ્રી આઘા રહે છે. વેપારી લાખ પેદા કરે છે તો લાખ મૂકે પણ છે. સરકાર એનો નફો છીનવવા તૈયાર હોય છે, એની ખોટમાં ભાગ રાખતી નથી.

ભારતનો વિકાસ જો આપણે ખરેખર કરવો જ હશે તો સાહસવૃત્તિને કરવેરાની લોખંડી સાંકળે બાંધવાથી કદાપિ થઈ શકવાનો નથી. ભારતમાં આ અંધાધુંધી કયાં સુધી ચાલશે?

–શ્રી યશોધર મહેતા (સરી જતી કલમ)

## સ્વરાજય આવ્યું નીતિમત્તા ગઈ.

જ્યારથી દેશ સ્વતંત્ર થયો છે, ત્યારથી બધાને એમ લાગ્યા કરે છે કે હવે શેને માટે સમર્પણ કરીએ? જીવનમાં એક શૂન્ય વેકયૂમ છવાઈ ગયું છે, પૂરી શક્તિ રેડી દેવાનું મન થાય તેવું નજરે ચડતું નથી. બીજા મહાયુદ્ધથી જીવન-ધોરણ ~~ઊંચે ચડયું~~ છે. પણ હિંદુસ્તાને પંડ પર ઝાઝો પૈસો ખરચવો કદી સારો માન્યો નથી. સાદાઈ જ મોભો માનતા, પણ હવે એ વસ્તુ ઉડી ગઇ છે. જીવન પર ભૌતિકવાદની અસર થઇ છે. હવે ભોગવવામાં કશું ખોટું નથી લાગતું. પણ એક વાત સમજી લેવાની છે ભૌતિકતાથી આપણું જીવન પૂર્ણ નથી બનતું.

ધારો કે એક જણ સુખી ઘરમાં જન્મ્યો છે ને ખાધે-પીધે પહેરવે-ઓઢવે નાનપણથી સુખ જોયું છે. આ રીતે બાપ-કમાઇ પર જીવનાર આપકમાઇથી આગળ આવનારાના પુરૂષાર્થની મહત્તા શેનો જાણે? એનો કમાઉ બાપ ભાગ્યશાળી હતો પણ એના જીવનમાં તો ભૌતિકવાદ સિવાય બીજું રહ્યું જ શું? આનાથી જીવન ઉણું રહી જાય છે, ધનદોલત તો મળ્યાં, પણ જીવનની લીલી સૂકી ન જોઇ. એ જે જુએ છે એનું હૈયું ઉકલેલું રહે છે. માનવીના જીવનમાં એવી કશીક ચીજ હોય છે જે ખરીદી શકાતી નથી અને એ જ જીવનનું સાચું ધન છે.

તમે પૈસાપાત્ર હો તો તમારાં છોકરાંને કોલેજમાં ભણાવશો. તમે એમને જરજમીન આપી શકશો, પણ માણસને માણસ બનાવનારો અમૂલ્ય સંસ્કાર કેવી રીતે આપશો? એ સંસ્કાર આજે આપણા દિલમાંથી ભૂંસાઇ રહ્યો છે, દેશ સંસ્કાર વિહોણો બનતો જાય છે. પંચવર્ષીય યોજના બની છે. ગામડામાં વિજળી આવી, પંપસેટ લાગ્યા. ભૌતિક ઉત્પાદન વધ્યું, પણ નીતિમત્તા વધી નથી, સ્વરાજ્ય પછી નીતિમત્તા રતીપૂર પણ વધી છે, એવું કોઈ કહી શકશે? જે ઘરનો પાયો કાચો રહે એ ઘર પડે છે. ભૌતિક સમૃદ્ધિનો પાયો નાંખીને હવેલી ઊંચી ને ઊંચી કર્યે જઇએ અને એને પ્રગતિ કહીએ, તો એ વાત સાવ ખોટી છે.

શ્રી. અચ્યુત પટવર્ધન

(કોઈમ્બતુરના પ્રવચનમાંથી) (શ્રી રંગ)

## ક્રિકેટઃ વકીલ અને ન્યાયાધીશ

ન્યાયાધીશો અને વકીલો વિરોધી ટીમ રૂપે ક્રિકેટ

રમે એ દૃશ્યે અદાલતખંડમાં પણ વકીલો અને ન્યાયાધીશો વચ્ચે આવી જ ક્રીકેટ રમાઇ રહી હોય છે, તેનો ખ્યાલ આપ્યો.

ન્યાય એ વિકેટ છે. વકીલ પોતાનાં બુદ્ધિચાતુર્યને દલીલ રૂપી બોલથી એ વિકેટ ઉડાવવા પ્રયત્ન કરે છે, ન્યાયાધીશ પોતાની સમતોલતા. ધીરતા, વિવેકબુદ્ધિ અને બોલીંગ કરનારની કુશળતા કે કરામતના અભ્યાસરૂપી બેટથી ન્યાયના વિકેટને જાળવી રાખવા પ્રયત્ન કરે છે.

બોલર પોતાની બધી કળા અજમાવે છે, વિવિધ રીતે દડાને ફેંકે છે, ફેરવે છે, ને બેટસમેનને ચૂકાવવા કે તેના બચાવમાં ગાબડું પાડવા પ્રયત્ન કરે છે. ન્યાયની દાંડી સીધી રીતે ન ઉડે તો બેટસમેન કચ આપી દે તેવો બોલ નાખવા પ્રયત્ન કરે છે જેમ ક્રિકેટ એ દડો ફેંકનાર અને દાવ લેનાર વચ્ચેનું તીવ્ર જુદ્ધ હોય છે. તેમ અદાલતમાં વકીલ અને ન્યાયાધીશ વચ્ચે એવો જ દાવ ખેલાય છે ને કોઇ વખત ન્યાયાધીશના બચાવમાં ગાબડું પાડી વકીલ ન્યાયની દાંડી ઉડાવી દે એવા પ્રસંગો પણ બને છે.

ક્રિકેટની રમતની માફક આ રમત પણ ખેલદીલીથી રમાય છે ને હાર-જીત પછી કોઇના મનમાં કડવી લાગણી રહેતી નથી.

ઓફ બ્રેક, લેગ બ્રેક, ગુગલી, એમ અનેક પ્રકારની બોલીંગની માફક વકીલ પણ સીધી, આડી, ભૂલ કરાવે તેવી કોઇ વખત આડે માર્ગે દોરે તેવી દલીલબાજી ચલાવે છે કે હકીકતોને દડાની માફક ફેરવે છે. એ બધા સામે ન્યાયાધીશને બેટસમેનની માફક પળે પળે જાગ્રત રહેવું પડે છે. અને પ્રાણની માફક ન્યાયની વિકેટની જાળવણી કરવી પડે છે.

વકીલ અને ન્યાયાધીશની વચ્ચે બોલર અને બેટસમેનની માફક ઘણી સામ્યતા નજરે ચડે છે,

(જન્મભૂમિ)

## સલામીનું મહત્વ

**સને** ૧૮૮૯ ની આ વાત છે. એ વખતે અમદાવાદમાં મિ. થોમ્સન કરીને કલેકટર હતા. એમને ગુજરાતી ભાષા બરાબર ફાવે નહિ, એટલે એ ઘણુ ખરૂં કામકાજ એમનો ગુજરાતી આસિસ્ટંટ સંભાળે, એ તો બસ સહીઓ જ કરે.

એક વખતે બન્યું એવું કે ભદ્રના દરવાજેથી દાણચોરીનો મોટો જથ્થો પકડાયો એ અરસામાં દરવાજાથી પેસતી વખતે દરેક ચીજ ઉપર કર ઉઘરાવવામાં આવતો. આવી મોટી દાણચોરી પકડાય એટલે કલેકટરે એના હેડ કલાર્કને સૂચના આપી કે "આ દાણચોરીમાં જેનો જેનો હાથ હોય તે બધાને ડિસમિસ કરે !" કલેકટરનું ફરમાન થતા, જે જે માણસો એમાં સંડોવાયા હતા તે બધાનું હેડ કલાર્કે એક લિસ્ટ બનાવ્યું. પણ માણસનો સ્વભાવ છે કે આવેલી તક જવા ના દેવી, આ હેડ કલાર્ક હતો સત્તાનો શોખીન, પોતાના હાથ તળેના તમામ નોકરોને એ કાંઇનું કાંઇ અંગત કામ બતાવે. અત્યારે આવી પ્રથા મિલોના ઓફિસરોને ત્યાં જોવામાં આવે છે. દરેક ઓફિસરોને ત્યાં મિલના એક-બે કારીગરો તો કામ કરતા જ હોય.

આ હેડકલાર્કને એક સિપાઇ સાથે અંટસ પડેલી. આ સિપાઇને આ ભાઇએ કાંઈ કામ બતાવ્યું એટલે પ્રામાણિક સિપાઇએ કહ્યું :

"સાહેબ ! હું કોઇ તમારો નોકર નથી; હું તો સરકારનો નોકર છું. આપનું અંગત કામ મારાથી જરાય નહિ બને,"

આવો સણસણતો જવાબ એણે કદી સાંભળ્યો નહોતો. એને તો રૂંવાડે રૂંવાડે ઝાળ વ્યાપી ગઇ. પણ કરે શું ? ગુના સિવાય કોઇ કોઇને કાંઇ કરી શકતું નથી. આ બનાવ પછી હેડકલાર્કે એને દાઢમાં રાખ્યો આ તક મળતાં લાગ જોઇને એનું પણ નામ આ દાણચોરી કરનારની યાદીમાં ઉમેરી લીધું.

અંગ્રેજ કલેકટર તો કેવળ સહીઓ જ કરી જાણતો હતો. એટલે એણે ઊંધું ઘાલીને મતું માર્યું. અને બધાની ભેગો આ પણ ડિસમિસ થઇ ગયો. પાપડીની જોડે બિચારી ઈયળ પણ બફાઇ ગઇ. બીજે દિવસે બધાને નોકરીમાંથી છૂટા કરી દીધા. જે ખરેખર ગુનેગાર હતા એમને તો ખાસ કાંઈ લાગ્યું નહિ; પણ આ નિર્દોષ સિપાઈને ખૂબ લાગી આવ્યું.

ડિસમિસનો ઓર્ડર મળતાં એ તો કલેકટરને બંગલે આવ્યો અને સલામ કરીને વિનયપૂર્વક સામે ઉભો રહ્યો. કલેકટરે પૂછ્યું : કેમ આવ્યો છે ?

'સાહેબ ! મને વગર ગુને ડિસમિસ કર્યો છે. ચોરી તો ભદ્રના દરવાજેથી પકડાય છે, જ્યારે મારો પહેરો તો કાલુપુરના દરવાજે હતો.'

'એ હું કાંઇ ન જાણું, જે થયું છે તે બરાબર છે.' રાબેતા મુજબ કલેકટરે જણાવ્યું.

'પણ સાહેબ હું ખાઇશ શું ? મારા બાલબચ્ચાંનું શું ? સિપાઇએ કરગરીને કહ્યું :

'એકવાર કહ્યું કે જે થયું તે બરાબર છે, પછી માથાકૂટ શેની કરે છે ? અહીંથી જાય છે કે નહિ; નહિ તો પરાણે બહાર કાઢી મૂકવો પડશે' કલેકટરે ગરમ થઇને કહ્યું.

સિપાઈ તો કાંઇ પણ વધુ બોલ્યા વિના ત્યાંથી નિરાશ થઈને ચાલ્યો ગયો.

બીજે દિવસે આવીને પણ એણે એ જ વાત કરી; છતાં કલેકટરે કાંઇ સાંભળ્યું નહી. આ રીતે બે-પાંચ દિવસ લાગલાગટ એ બંગલે આવ્યો. નમ્રતાથી વાત કરી પણ કલેકટરે કાંઈ જ સાંભળ્યું નહિ. છેવટે કંટાળીને એક દિવસ તો કલેકટરે ચોખ્ખે ચોખ્ખું કહી દીધું : જો, કાલે મારા બંગલામાં પગ મૂકીશ તો જેલના સળિયા ગણાવી દઇશ.'

બિચારો સિપાઈ એ દિવસથી બંગલામાં પેસવાનું ભૂલી ગયો. પરંતુ તે હતો દૃઢ નિશ્ચયવાળો. સિપાઇએ મનમાં વિચાર્યું કે આમેય હવે હું બેકાર તો બની ચૂકયો છું. મારે કાંઇ પણ કામધંધો છે નહિ, માટે ભલે આજથી કલેકટર સાથે કાંઇ વાત ન કરવી પણ સલામ તો ભરવી જ, કો'ક દિવસ એમને સાચી વાત સમજાશે અને મને કામ પર રાખશે.'

બીજે દિવસથી સિપાઇએ કલેકટરને શ્રદ્ધાભરી સલામ ભરવાનું ચાલુ કર્યું. રોજ સવારે બંગલા પાસે ઉભો રહે. કલેકટરની મોટર બહાર નીકળે એટલે રીતસર ઓફિસરને શોભે તેવી રીતે સલામ કરે, અને પછી ચૂપચાપ ઘેર પાછો જતો રહે.

આવી રીતે લાગલાગટ ચાર મહિના સુધી ચાલ્યું. એક દિવસ કલેકટર સાહેબ પોતાની મેડમ સાથે પગપાળા ફરવા નીકળ્યા. બંગલામાંથી નીકળતા જ પેલા સિપાઈએ સલામી આપી. કલેકટરે સલામ ઝીલી. મેડમનું ધ્યાન સિપાઈ ઉપર પડયું મેડમે કલેકટરને કહ્યું : 'આ સિપાઇ ચાર ચાર મહિનાથી અહીં તમને સલામ કરવા આવે છે, તો એની માગણી શી છે ?'

'એને નોકરી જોઇએ છે.' કલેકટરે કહ્યું.

'ત્યારે રાખી લ્યોને બિચારાને, આટલા બધા સિપાઈ છે એમાં એક વધારે.' મેડમે કુમળા દિલથી ખાસ ભલામણ કરી.

'પણ એ માણુસ દાણચોરીમાં સંડોવાયેલો છે; છતાં કહે છે, કે હું નિર્દોષ છું. એટલે હું એને રાખતો નથી, કલેકટરે ખુલાસો કર્યો.

'પણ તમે જ વિચારોને, કે દાણચોરીના કેસમાં તો ઘણાને છુટા કર્યા હતા, એમાંથી આ એક જ સિપાઈ કહે છે કે હું નિર્દોષ છું. માટે એની વાતમાં કાંઈ તથ્ય તો હોવું જ જોઇએને ?' મેડમે કહ્યું.

મેડમસાહેબ આગળ કલેકટરને નમતું જોખવું પડયું, પત્નીપ્રેમ આગળ પુરુષને નમતું જોખવું જ પડે છે. પુરુષે જો નોકરને રજા આપી હોય તો શેઠાણીની દયાથી એ ફરીવાર ઘરમાં કામ પર રહી શકે છે. પણ જો શેઠાણીએ રજા આપી હોય તો પુરુષની તાકાત નથી કે નોકરને ફરીથી ઘરમાં કામે રાખી શકે.

બીજે દિવસે સિપાઇએ કલેકટરને સલામ કરી ત્યારે કલેકટરે પોતાની મોટર ત્યાં ઊભી રાખીને કહ્યું: 'કાલે બંગલે આવજે ! હું તપાસ કરીને તને રાખી લઇશ.'

આ વખતે પેલો હેડ કલાર્ક લાંબી રજા ઉપર હતો, એનું કામ એના હાથ તળેનો અવલકારકુન સંભાળતો હતો. કલેકટરે આ કારકુનને બંગલે બોલાવ્યો ને ખરી હકીકત પૂછી, હાજરી જોતાં આ સિપાઈની તે દિવસની હાજરી કાળુપુરના દરવાજે

# ઔદયિક ભાવથી બચે તે જ સાચો શૂર !

પૂ૦ મુનિરાજ શ્રી માનતુંગવિજયજી ગણિવર-ઈંદોર.

**શ્રી જૈન શાસનમાં કર્મનું તત્ત્વજ્ઞાન એ સંસાર સમસ્તને સાચી રીતે સમજવાની મુખ્ય ચાવી છે. કર્મના કારણે આત્માને જે જે પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે, તે તેના સ્વરૂપ દર્શન સાથે, છ ભાવોનું નિરૂપણ. તેમાંયે ઔદયિક ભાવથી આત્મા મૂંઝાઇ રહ્યા છે, તેનું સ્પષ્ટ દર્શન કરાવવા પૂર્વક આ લેખમાં પૂ૦ મહારાજ શ્રી આત્માને ઔદયિક ભાવથી દૂર રાખવાના પ્રબલ પુરુષાર્થ માટે પ્રેરણા આપે છે, આ લેખ, જૈનદર્શનના કર્મ સાહિત્યને જાણવા-સમજવા માટે ખુબ જ ઉપયોગી છે, સર્વ કોઇને માટે મનનીય છે.**

જીવને પાંચ ભાવ હોય છે. ૧ ઔદયિક, ૨ ક્ષાયોપશમિક, ૩ ઔપશમિક, ૪ ક્ષાયિક, ૫ પારિણામિક. તથા આ પાંચ ભાવમાંથી બે, ત્રણ, ચાર અથવા પાંચ ભાવના મિશ્રણથી ઉત્પન્ન થયેલ ભાવને સાન્નિપાતિક ભાવ કહેવાય છે. એના ૨૬ ભેદ છે. તેમાં છ ભેદમાં જીવો હોઇ શકે છે, બાકીના ૨૦ ભેદોમાં જીવો હોતા નથી. કોઇ પણ જીવને એક સાથે, ઓછામાં ઓછા બે ભાવ તો હોય છે જ. સિધ્ધના જીવોને બે ભાવ, સંસારી જીવોને ત્રણ, ચાર અથવા પાંચ ભાવ સાથે હોય છે, ઔદયિક ભાવના ૨૧ ભેદ છે. ક્ષયોપશમ ભાવના ૧૮, ઉપશમ ભાવના ૨, ક્ષાયિક ભાવના ૯ અને પારિણામિક ભાવના ૩ ભેદ છે, એમ સર્વ મળી પાંચે ભાવના ૫૩ ભેદ થાય છે.

**ઔદયિક ભાવના ૨૧ ભેદઃ**- ૧ અજ્ઞાન, ૨ અસિધ્ધતા, ૩ અસંયમ, ૪-૭ ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાય, ૮-૧૧ નરક, તિર્યંચ-મનુષ્ય-દેવ એ ચાર ગતિ, ૧૨-૧૭ કૃષ્ણ-નીલ-કાપોત-તેજો-પદ્મ-શુકલ એ છ લેશ્યા, ૧૮-૧૯-૨૦ સ્ત્રી-પુરૂષ-નપુંસક વેદ એ ત્રણ વેદ, ૨૧ મિથ્યાત્વ. એમાં અજ્ઞાન જ્ઞાનાવરણીયના ઉદયથી. અસિધ્ધપણું આઠે કર્મના ઉદયથી. અસંયમ, ચાર કષાય, મિથ્યાત્વ અને ત્રણ વેદ એ નવ મોહનીય કર્મના ઉદયથી હોય છે. ચાર ગતિ નામકર્મના ઉદયથી અને લેશ્યાના વિષયમાં શાસ્ત્રકાર ભગવંતો ત્રણ મત બતાવે છે. ૧ કષાયના ઉદયથી, ૨ નામકર્મનાં ઉદયથી, ૩ આઠે કર્મના ઉદયથી. જો કે આઠે કર્મની ૧૫૮ પ્રકૃતિઓ ઉદયમાં આવે છે, એ પ્રકૃતિઓના એક એકના તરતમતાએ અસંખ્યાત ભેદ થાય છે. એ બધાના ઉદયથી ઉત્પન્ન થતા ભાવોની ગણતરી કરતાં ઔદયિક ભાવના ઘણા ભેદો કહેવા જોઇએ, પરંતુ ગ્રંથકારોની વિવક્ષા આ ૨૧ ભેદમાં જ એ સર્વ ઔદયિક ભાવોને સમાવી દેવાની હોવાથી મુખ્ય ૨૧ ભાવ કહ્યા છે.

**૧. અજ્ઞાનઃ**- જ્ઞાનાવરણીયના ઉદયથી આ ભાવ હોય છે. જો કે જ્ઞાનાવરણીયનો ઉદય તો બારમા ગુણઠાણા સુધી હોય છે, પણ મિથ્યાત્વ તથા અનંતાનુબંધીના ઉદય સહિત જ્ઞાનાવરણીયના ઉદયને અહીં અજ્ઞાન કહેલ છે. જો કે પહેલા ચાર જ્ઞાનાવરણીય

---

નીકળી. સિપાઇ નિર્દોષ છે એમ નક્કી થયું. કલેક્ટરે એ દિવસથી એને કામ પર રાખી લીધો. જ્યારથી આ સિપાઇ ઘેર બેઠો હતો ત્યારથી આજ સુધીનો બધો પગાર એને ભરી આપવામાં આવ્યો અને હેડ કલાર્કની લુચ્ચાઈ બદલ એને ડિસમિસ કર્યો.

આ પ્રમાણે પ્રભુને રોજ સલામી ભરીશું તો કો'ક દહાડો તેની કૃપા ઊતરશે.

(સર્જન) -શ્રી પુનિત મહારાજ.

કર્મનો ક્ષયોપશમ અને વિપાકોદય સાથે હોઇ શકે છે, એથી અજ્ઞાનવાળી અવસ્થામાં પણ મતિજ્ઞાનાવરણ અને શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ કાયમ ઓછા વધુ અંશમાં કોઈપણ જીવને હોય છે જ, પણ મિથ્યાત્વના ઉદયની સાથે એ ક્ષયોપશમથી પમાયેલ જ્ઞાન પણ અજ્ઞાન રહેવાય છે.

અહીં અજ્ઞાન શબ્દનો અર્થ સર્વથા જ્ઞાનનો અભાવ એવો નથી, પણ મિથ્યાત્વથી દુષિત જ્ઞાન તે અજ્ઞાન એવો અર્થ સમજવાનો છે. આ અજ્ઞાન પહેલાં ત્રણ ગુણઠાણે હોય છે. એમાં બીજા ગુણઠાણે સાસ્વાદન સમકિત હોવાથી એને જ્ઞાન હોય એમ પણ કહેલ છે. ત્રીજા ગુણઠાણે પણ જ્ઞાન અને અજ્ઞાન બંને અવસ્થા કહી છે. ચોથાથી ઉપર જ્ઞાન કહેલ છે. સમકિતના અભાવથી અને મતિશ્રુત જ્ઞાનના મલિન ક્ષયોપશમને લઇને પહેલા ત્રણ ગુણઠાણા વાળાનું જ્ઞાન એ અજ્ઞાન કહેવાય છે. અહીં જ્ઞાનનો અભાવ એ જ્ઞાનાવરણીયના ઉદયથી છે, અને જ્ઞાનાવરણીયનો મલિન ક્ષયોપશમ એ મિથ્યાત્વના ઉદયથી, છે, એમ સમજવું. જ્ઞાનનો અભાવ એટલે તિરોભાવ સમજવો, કારણ કે જ્ઞાનનો અભાવ જીવને કોઈપણ કાળે હોતો નથી, કારણ કે જ્ઞાન એ જીવનું સ્વરૂપ છે, જીવ ત્રણે કાળમાં જ્ઞાન વિના હોય જ નહિ. અને જ્ઞાન પણ કોઇ કાળમાં જીવને છોડીને બીજા કોઇ પદાર્થમાં રહેતું નથી. ક્ષયોપશમ અવસ્થા સાથે ઔદયિક અવસ્થા નિરંતર રહેતી હોવાથી અંશે આવિર્ભાવ અને અંશે તિરોભાવ હોય છે. ક્ષાયિક અવસ્થા વખતે ઉદયનો અંશ પણ ન હોવાથી સંપૂર્ણ આવિર્ભાવ હોય છે. જ્ઞાનની સંપૂર્ણ આવિર્ભાવ અવસ્થા જીવને તેરમા ગુણઠાણે પ્રાપ્ત થાય છે, એ કેવળજ્ઞાન કહેવાય છે. જ્ઞાનાવરણીયના ઉદયથી આંશિક અજ્ઞાનાવસ્થા તો બારમા ગુણસ્થાનક સુધી કહી શકાય છે. અને સમકિતના અભાવહેતુક અજ્ઞાનદશા ત્રીજા ગુણઠાણા સુધી ગણાય છે, અહિં અજ્ઞાનનો અર્થ સમકિતના અભાવની અવસ્થાવાળું અજ્ઞાન કરવાનો છે. તેમાંય અહીં ઔદયિક ભાવના અર્થમાં તો જ્ઞાનાવરણીયના ઉદયથી ઉત્પન્ન થયેલ ભાવ તે અજ્ઞાન એમ સમજવાનું છે.

૨ **અસિદ્ધત્વ:**– આત્માનો સહજ ગુણ તો કર્મરહિત નિષ્કલંક અવસ્થા છે. એ અવસ્થા સિદ્ધત્વ છે. સર્વ જીવોમાં સિદ્ધત્વ, સંગ્રહનયની અપેક્ષાએ રહેલું છે. એ ગુણ આઠે કર્મના ઉદયથી અવરાઈ ગયેલો છે, એ ગુણના અવરાવાથી આત્માનો અસિદ્ધતા નામે પર્યાય કહેવાય છે. ભાવ અને પર્યાયનો એક જ અર્થ છે. આ અસિદ્ધતા સંસારના સર્વ જીવોને હોય છે. ચૌદમે ગુણઠાણે પણ ચાર કર્મ બાકી હોવાથી તે જીવ પણ અસિદ્ધ કહેવાય છે.

૩ **અસંયમ:**– ચારિત્રાવરણીય એવું જે મોહનીય કર્મ, તેના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ આ ત્રણે જાતિના ક્રોધાદિ ચાર ચાર કષાયો મળી બાર કષાયના ઉદયથી આ અસંયમ હોય છે. એ પહેલા ચાર ગુણઠાણા સુધી સર્વ જીવને હોય છે, પાંચમા ગુણઠાણે બાર પ્રકારની અવિરતિમાંથી એક અવિરતિ ન હોય. અગીયાર હોય. એ બાર અવિરતિ આ પ્રમાણે છે:– પૃથ્વીકાયાદિ છ કાય જીવના વધના પચ્ચક્ખાણ ન કરવા તે, અને પાંચ ઇંદ્રિય તથા મનને અંકુશમાં ન રાખવા તે. આ બાર પ્રકારની અવિરતિમાંથી એક ત્રસકાયના વધના પચ્ચક્ખાણ પાંચમા ગુણઠાણા વાળાને

હોય છે. તેથી પાંચમા ગુણઠાણે સંયમાસંયમ કહેવાય છે, અને ચોથા સુધી અસંયમ કહેવાય છે. અસંયમ અને અવિરતિ બંને શબ્દનો અર્થ એક જ છે. આ અસંયમ નામનો ઔદયિક ભાવ પહેલાથી ચોથા ગુણઠાણા સુધીના સર્વ જીવોને અવશ્ય સંપૂર્ણપણે હોય છે અને પાંચમા ગુણઠાણે અંશથી હોય છે. છટ્ઠે અને અને તેના ઉપરના ગુણઠાણે ન હોય.

**૪-૫-૬ ક્રોધ-માન-માયા** : મોહનીય કર્મની પ્રકૃતિઓ છે, તેના ઉદય વડે થતા તે તે ઔદયિક ભાવો વડે, જીવ ક્રોધી, માની, માયી કહેવાય છે. એ કષાયો જો અનંતાનુબંધી હોય તો બીજા ગુણઠાણા સુધી હોય, અપ્રત્યાખ્યાનાવરણ ચોથા ગુણઠાણા સુધી હોય, પ્રત્યાખ્યાનાવરણ પાંચમા સુધી હોય. અને સંજ્વલન નવમા સુધી હોય.

**૭ લોભ.** લોભ કષાય મોહનીયના ઉદયથી પ્રગટ થાય તે લોભ નામનો ઔદયિક ભાવ જાણવો. લોભ કષાય એ કર્મ પ્રકૃતિ છે. એના ઉદયથી આત્માનો લોભીપણાનો ભાવ તે લોભ નામનો ઔદયિક ભાવ છે, એટલે કર્મપ્રકૃતિઓ અને ઔદયિક ભાવને કાર્ય-કારણ ભાવે સંબંધ છે. કષાયના ઉદય દ્વારા ઉત્પન્ન થતો આત્માનો વૈભાવિક પરિણામ તે ઔદયિક ભાવ છે, અને એજ ભાવ નવા કર્મનું કારણ હોવાથી, બંધહેતુ બની જાય છે. આ લોભ નામનો ઔદયિક ભાવ, અનંતાનુબંધીના ઘરનો હોય તો, બીજા ગુણઠાણા સુધી, અપ્રત્યાખ્યાનાવરણથી ઉત્પન્ન થયેલ હોય તો ચોથા સુધી, પ્રત્યાખ્યાનાવરણના ઉદયથી પાંચમા સુધી, અને સંજ્વલનના ઉદયથી ઉત્પન્ન થયેલ હોય તો દશમા સુધી હોય છે.

**૮ નરકગતિ**:-નરકગતિ નામકર્મના ઉદયથી થતો જીવનો પર્યાય, તેથી નરકગતિમાં ઉત્પન્ન થાય છે, અને તે નામથી ઓળખાઇનો નરકપણાના જીવનને જીવે છે. આ નરકગતિ નામકર્મની સાથે, બીજી ઘણી અશુભ પ્રકૃતિઓ ઉદયમાં આવે છે, એ બધાના ઉદયથી ઉત્પન્ન થતો ઔદયિક ભાવ પણ નરકગતિ નામના પર્યાયમાં જ ગણી લેવાય છે. નારકી જીવોને પહેલા ચાર ગુણસ્થાનક હોય છે, તેથી આ ઔદયિક ભાવ ચોથા ગુણઠાણા સુધી જ હોય.

**૯ તિર્યંચગતિ**:-તિર્યંચગતિ નામકર્મ એ નામની પ્રકૃતિના ઉદયથી જીવને તિર્યંચપણું પ્રાપ્ત થાય છે, એ એનો તિર્યંચપણાનો ઔદયિક ભાવ કહેવાય છે. આ ભાવ પહેલા પાંચ ગુણઠાણા સુધી હોય છે.

**૧૦ મનુષ્યગતિ**:- મનુષ્યગતિ નામકર્મના ઉદયથી જીવને મનુષ્યગતિ મળે, તેથી એ મનુષ્ય કહેવાય. એ મનુષ્યપણું એને નામકર્મના ઔદયિક ભાવથી છે. તે ચૌદમા ગુણઠાણા સુધી હોય.

**૧૧. દેવગતિ**:- દેવગતિ નામકર્મના ઉદયથી આવેલ જીવનું દેવપણું પહેલાં ચાર ગુણઠાણાં સુધી હોય. એના ઉદયથી આત્મા દેવ નામથી ઓળખાય.

**૧૨-૧૩-૧૪ કૃષ્ણ-નીલ-કાપોત** : આ ત્રણ લેશ્યા વડે આત્માના પરિણામ ઘણા નીચા, કાંઇક ઉતરતા નીચા અને એથી કાંઇક ઠીક અનુક્રમે હોય. આ ત્રણ લેશ્યા પહેલાથી ચોથા ગુણઠાણા સુધી હોય. છઠ્ઠા સુધી પણ આ ત્રણે લેશ્યા હોય એમ પણ શાસ્ત્રકારોનો મત છે.

**૧૫-૧૬ તેજો-પદ્મ લેશ્યા**: આ બે લેશ્યા પહેલાથી સાતમા ગુણઠાણાવાળાને

હોય. પરિણામ શુભ્ર અને વિશેષ શુભ્ર હોય.

**૧૭ શુકલલેશ્યા** :- આના વડે પરિણામ ઘણા ઉજ્જ્વળ હોય. પહેલાથી તેરમા ગુણઠાણા સુધી આ લેશ્યા હોય. ચૌદમે ગુણઠાણે તો છ માંથી એક પણ લેશ્યા હોય નહિ.

**૧૮-૧૯-૨૦ પુરૂષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ**:- મોહનીય કર્મની નોકષાયની આ નામની ત્રણ પ્રકૃતિઓના ઉદયથી જીવને પુરૂષપણું, સ્ત્રીપણું અને નપુંસકપણું પ્રાપ્ત થાય છે. પુરૂષ આદિ પણામાં ત્રણ વસ્તુઓ હોયઃ- ૧ શરીરનો આકાર. ૨ કામનો અભિલાષ. ૩ પહેરવેશ. તેમાં શરીરના આકાર રૂપ પુરૂષ સ્ત્રી કે નપુંસકપણું ચૌદમા ગુણઠાણા સુધી હોઈ શકે. કારણ કે આકારની રચના તો નામકર્મના ઉદયથી હોય. સ્ત્રીના સંગમની ઇચ્છા, પુરૂષની ઇચ્છા, અને બંને વિષયક તીવ્ર ઇચ્છા, આ ત્રણ વસ્તુ જીવોને વેદ નોકષાય મોહનીયના ઉદયથી હોય. અહિં અભિલાષ રૂપ વેદનો વિચાર સમજવો. એ નવમા ગુણઠાણા સુધી હોય, એથી આગળ ન હોય. પહેરવેશના ઉપર ખાસ વિશ્વાસ ન રખાય, કારણ કે કોઇ વખતે પુરૂષ સ્ત્રીનો વેશ પહેરે અને સ્ત્રી પણ પુરૂષનો વેશ પહેરે.

**૨૧ મિથ્યાત્વ**:- મિથ્યાત્વ મોહનીયના ઉદય વડે જીવની તત્ત્વ પ્રત્યેની અરુચિવાળી અવસ્થા, સંસાર પ્રત્યેની દૃઢ ઇચ્છાવાળી અવસ્થા. એ મિથ્યાત્વ નામનો ઔદયિક ભાવ કહેવાય.

આ એકવીશ ઔદયિક ભાવમાં કર્મના ઉદયને લઇને થતી આત્માની સર્વ અવસ્થાઓ સમજી લેવાની છે. એકવીશ ભેદ તો એના સ્થૂલ વિવક્ષા વડે કહેલા છે. કર્મના ઉદયની વિચિત્રતાએ આ ચેતનની જે જે અવસ્થા તે સર્વ ઔદયિક ભાવના ભેદો સમજવા. સંસારી કોઇ પણ પ્રાણી ઔદયિક પર્યાય વિના હોતો નથી. એથી જ એમાં જુદા જુદા નામો, જાતિઓ, અવસ્થાઓ હોય છે. કર્મની પ્રકૃતિ, એનો વિપાકકાળે થતો ઉદય અને એ ઉદયથી થતા જીવના તે તે પર્યાયો; એ ત્રણે જુદી જુદી વસ્તુ છે. અહીંયા ઉદયથી થતા પર્યાયોની વિવક્ષા કરીને ઔદયિક ભાવ કહેવાય છે, એમ સમજવાનું છે. ઔદયિક પર્યાયો જીવને ઘાતિકર્મના ઉદયથી પણ હોય છે, અને અઘાતિકર્મના ઉદયથી પણ હોય છે, અઘાતિ કર્મના ઉદયથી આવેલા ઔદયિક પર્યાયો આત્માનું ખરાબ કરવાની શક્તિવાળા હોતા નથી, પણ જ્યારે એ ઘાતિકર્મના ઉદય ભાવ સહિત હોય, ત્યારે, જીવને મૂંઝવીને, અકાર્યમાં પ્રેરે છે. "ઔદયિક ભાવમાંથી નીકળીને ક્ષયોપશમ ભાવમાં રહેવા પ્રયત્ન કરવો" એમ જે ઉપદેશ અપાય છે, તે મોહનીયના ઔદયિક ભાવને ટાળીને ક્ષાયોપશમિક ભાવ મેળવવા માટે કહેલ છે. જીવને અશુભ કર્મ બાંધવામાં અધિક કારણ તો મોહનીયના ઔદયિક ભાવની આધીનતા છે, બીજા ઘાતિ કર્મો પણ આત્માને નુકશાન કરનારા તો છે જ, પણ જ્યાં સુધી મોહનીયનું બળ હોય છે, ત્યાં સુધી જ એમનું વિશેષ બળ હોય છે. **મોહનીયના ઔદયિક ભાવની આધીનતાને દૂર કરવાનો ઉપદેશ એ જ વાસ્તવિક અકૃત્ય ટાળીને સદાચારમાં આવવાનો ઉપદેશ છે.** સંસારભરના જીવોના સર્વ કાળમાં સર્વ ખોટાં કર્તવ્યો મોહનીયના ઔદયિક ભાવની આધીનતાને લઇને જ હોય છે. એ કર્મને, એના ઉદયને, ઉદયથી થતા ઔદયિક ભાવને, એનાથી થતી આત્માની પરાધીનતાને, એ પરાધીનતના વડે થતાં કુકૃત્યોને

અને એનાથી બંધાતા નવા કર્મોને જે સમજે અને વિચારે તથા ઉદયભાવની પરાધીનતાથી બચવા માટે આભ્યંતર પુરૂષાર્થ આદરે, તે જીવો, સાચો માર્ગ પામી શકે. ઔદયિક ભાવની વિચિત્રતામાં ફસાયેલા જગતને જોઈને, ભાવદયાના સાગર શ્રી અરિહંત પરમાત્માએ મોક્ષનો માર્ગ ઉપદેશ્યો છે. ઔદયિક ભાવની વિચિત્રતાની અસર પોતાનાં જીવન ઉપર કેવી અને કેટલી થાય છે? અને એનું શું પરિણામ આવે છે? એ બધી વાતોનો ઊંડાણથી વિચાર કરવામાં આવે તો આત્મા પોતાને અવશ્ય બચાવી શકે. સંસારના સુખ-દુઃખની ઘણી બાબતોમાં તો જીવને મનના કારણે જ સુખ અથવા દુઃખ વધારે કે ઓછા જણાય છે. સુખ ઓછા લાગે છે, દુઃખ ઘણા જણાય છે. એમાં મનનું જ કારણ હોય છે. મન ફરી જાય તો દુઃખ જણાતું નથી. અને સુખથી અસંતોષ કે ઉન્માદ થતો નથી. સંસારના સુખમાં રાચવું, ઈચ્છા કરવી, એના માટે અનેક અવળા પ્રયત્ન કરવા, આ બધા ઔદયિક ભાવની આધીનતાના નમુના છે. માટે જ ઔદયિક ભાવથી બચે તે જ સાચો બહાદુર કહેવાય.

★


**જૈન દહેરાસરો માટે જરૂરી**

અમો ચક્ષુટીકા, અંગીયા, શ્રીવત્સ, બપૈયા વગેરે બનાવી આપીએ છીએ. તેમજ જુના રીપેર કરી આપીએ છીએ.

—: મળો યા લખો :—

**રમણલાલ નાથાલાલ**

[ નાથાલાલ કેવળદાસ ચક્ષુટીકાવાળા ]

ડોશીવાડાની પોળ **અમદાવાદ**

## પવિત્ર પર્યુષણાપર્વમાં વાંચવા લાયક કલ્પસૂત્રો

### ૧ અષ્ટાહ્નિકા કલ્પસુબોધિકા

અટ્ઠાઈના ત્રણ તથા સુબોધિકાનાં નવેય વ્યાખ્યાનોનું ગુજરાતી ભાષાંતર. સવા બસો ચિત્રો સાથે. પ્રતાકાર **ત્રીસ રૂા.** પુસ્તકાકારે **એકત્રીસ રૂા.**

### ૨ બારસાસૂત્ર ( સચિત્ર )

પાને-પાને જુદી-જુદી ચિત્રાકૃતિઓવાળા બારસાસૂત્રની કાળી શાહીની પ્રતની કિંમત **રૂા. વીસ** અને સોનેરી શાહીમાં છાપેલાની કિંમત **રૂા. એકાવન.**

### ૩ કલ્પસૂત્રનાં સોનેરી પાનાઓ તથા ચિત્રો રૂા. વીશ.

૪ વિદ્વદ્વર્ય શ્રી પુણ્યવિજયજી સંપાદિત **કલ્પસૂત્ર** મૂળ, ચૂર્ણિ, નિર્યુક્તિ, ટિપ્પનક તથા બારસાસૂત્રના સંપૂર્ણ ગુજરાતી ભાષાંતર સહિત. માત્ર સવાસો નકલો જ. મૂલ્ય **સોળ રૂા.**

### ૫ પવિત્ર કલ્પસૂત્ર

મૂળ, ચૂર્ણિ, નિર્યુક્તિ તથા ૩૭૩ ચિત્રો સહિત મૂલ્ય **રૂા. બસો.**

**પ્રાપ્તિસ્થાન :**

**સારાભાઈ મણિલાલ નવાબ** છીપા માવજીની પોળ **અમદાવાદ-૧**



# વિવેકનાં વશીકરણ

પૂ૦ મુનિરાજ શ્રી કરૂણાવિજયજી મહારાજ—અંધેરી.

આ વિશાલ અવની પર માનવ માત્ર ગુણ અને દોષથી ભરપૂર છે. માનવમાં જેમ જ્ઞાન છે, પ્રજ્ઞા છે, બુધ્ધિ છે, શક્તિ છે, તેમ અજ્ઞાન છે, જડતા છે અને નિર્બળતા પણ છે. એમાં સારી શક્તિને સારા માર્ગે જોડવી અને દોષથી દૂર રહેવું એને વિવેક કહેવામાં આવે છે. કનક અને કથીર, સર્પ અને દોરડી, ધર્મ અને અધર્મ બન્નેની યોગ્ય તુલના કરવી અને તેમાં ગ્રાહ્ય વસ્તુ–ઉપાદેય વસ્તુને ગ્રહણ કરવી,–હેય વસ્તુનો ત્યાગ કરવો એ ગુણ તે વિવેક છે.

વિવેક એ ખરેખર વશીકરણ છે, વિવેક એ મહાન ગુણ છે. એ એવું ઢાંકણ છે કે અનેક દોષો પણ ઢાંકી માનવીને મહાન બનાવી દે છે. ધર્મના પંથે જોડી દે છે. આત્માને સૌંદર્યવંત બનાવે છે. જેમ કાયાનું સૌંદર્ય હોય છે, તેમ આત્માનું પણ સૌંદર્ય છે. આત્મા બાહ્ય સૌંદર્યથી શોભતો નથી પણ અંતરંગ સૌંદર્યથી શોભે છે. વિવેક આત્માના અંતરંગ ગુણોને પ્રકાશમાન કરે છે. વિવેકથી આત્માના અનેક ગુણ ઉજ્જળ બને છે, દીપી ઉઠે છે. વિવેક વિના ઘણા ગુણો હોય તો પણ તે શોભતા નથી. વિવેક હોય તો સમ્યક્ જ્ઞાન–દેવ-ગુરુ–ધર્મમાં પ્રીતિ–સદ્ભાવના, સદ્ગુણ પ્રત્યે પ્રેમ, ઈત્યાદિ અનેક ગુણો આવતા જાય છે અને માનવી અનેકના હૃદય પર ધારી અસર ઉપજાવી વશ કરી દે છે. વિવેક વિના સમર્થ જનોની શક્તિ અવળા માર્ગે ચાલી જતાં, આત્માનું પતન થતાં વાર લાગતી નથી.

વિવેકીની પ્રજ્ઞા ગુણો પ્રત્યે ગતિ કરે, અવગુણમાંથી પીછેહઠ કરે, આ વિવેક હોવો જરૂરી છે. કારણ કે નાયક–પ્રધાન–બેરીસ્ટર કે જ્ઞાની ધુરંધર આત્મા પણ એ ગુણ વિનાનો હશે તો પોતાની શક્તિનો–ધનનો–જ્ઞાનનો મદ ચડતાં તેને વાર નહી લાગે. ઘણા જ્ઞાની જનો પણ જ્ઞાનનો મદ હોવાને કારણે પોતાને શાસ્ત્રનો જે અર્થ બેઠો હોય છે તે પકડી રાખી બીજાની અનેક પ્રકારની સમજાવટ હોવા છતાં છોડતા નથી. પોતાનું સાચું માને છે અને વાતાવરણમાં ઉગ્રતા–ભયંકરતા લાવીને મુકી દે છે. કારણ કે વિવેક જાગતો નથી કે મારા કરતાં બીજો પણ પ્રજ્ઞાવંત હોઇ શકે છે.

ગૂઢ બાબતો હંમેશાં ગૂંચવાયેલી હોય એ નિર્વિવાદ વાત છે. તેને ઉકેલવા સૂક્ષ્મ બુધ્ધિ જોઇએ. તર્ક પણ અણિશુધ્ધ જોઇએ. પણ જેનામાં વિવેક ન હોય, તે પોતાનું જ સાચું માનતો હોવાને કારણે તેની બુદ્ધિ પણ એવા જ તર્કો કરશે અને તેની તર્કશક્તિના વહેણ પણ એ દિશાએ જ દોડશે કે એ આત્માને સાચી વસ્તુ ગળે નહિ ઉતરે.

અને જેમ જેમ વધુ સૂક્ષ્મ તર્ક—ઉંડા તર્ક એ કરશે, એ તર્ક એની પૂર્વ પ્રમાણેની અસદ્દ-બુદ્ધિથી રંગાયેલ હશે. એથી પોતે સારા માર્ગેથી પીછેહઠ કરતાં અન્ય પોતાના અનુયાયીને પણ એ માર્ગે લઇ જઈ આત્માનું પતન કરતો જશે. માટે જ દુરાગ્રહના—પંડિતાઇના વૈભવના અભિમાનમાં ફસાયેલા અવિવેકી જનોને સત્ય સમજાવવું મુશ્કેલીભર્યું લાગે છે. માનવમાં અવિવેકનો વંટોળીઓ ચડે ત્યારે પ્રજ્ઞાના ચક્ષુ મીંચાઇ જાય છે અને પછી પ્રગતિનો પંથ સુઝતો નથી.

વૈભવવિલાસના મદોન્મત્ત બનેલા અશ્વ ઉપર આરૂઢ થયેલો આત્મા અવિવેકના ઘેનમાં પોતે કઇ દિશામાં પ્રગતિ કરી રહ્યો છે તે સુઝ તેને પડશે નહિ અને અજ્ઞાનની ઉંડી ગર્તામાં ઉતરી પડશે. તે વખતે તેના હાથમાં સુવિવેકની સુદૃઢ લગામ નહિ આવે તો તે ભયંકર ભવ—અરણ્યમાં ફેંકાઇ જશે.

માટે વિવેકની જરૂર છે. એનાથી જ આત્મા વિકસિત બને છે, ગુણોને વિકસાવવા વિવેક એ મહાન ચાવી છે. પરને વશ કરવા માટે એ અમોઘ **વશીકરણ** છે. વિવેક એ સોનું છે—અવિવેક એ કથિર છે. વિવેક એ સદ્ગુણરૂપી મહેલનો પાયો છે. સિદ્ધિનો દરવાજો છે. મુક્તિનું પ્રથમ લક્ષણ છે. ગુણોરૂપી માળામાં મેરુ સમાન છે.

માટે જ્ઞાની ભગવંતો પાસેથી વિવેકની ઉત્તમ મશાલથી આત્માને દેદીપ્યમાન કરીશું તો આત્માનું સાચું સૌંદર્ય જરૂર પ્રાપ્ત કરી શકીશું. મુક્તિમંદિરના વાસી બનીને ચિરંજીવ પરમાનંદ પ્રાપ્ત કરીને અનુપમ સુખના ભોક્તા બની શકીશું.

★


**○ જેની પ્રસિદ્ધિ ટૂંક સમયમાં જ થઇ ગઇ છે.**
**○ જેની માંગ ચારે બાજુથી આવી રહી છે.**
**○ જેની સેંકડો નકલો ફક્ત ૩ માસમાં ઉપડી ગઇ છે.**

○ જેમાં હવે 'ભાવોના તુમુલ' તથા 'જીવન ! વહ્યે જા' વગેરે અનેક જીવન પ્રેરક ભવ્ય વિચારો મૂકીને નવો જ ઓપ આપવામાં આવ્યો છે, એ **વજ્રપાણિકૃત** લોકપ્રિય પુસ્તિકા

# સાધનાની પગદંડીએ

ટૂંક સમયમાં જ બહાર પડે છે. **નકલો મર્યાદિત હોવાથી તરત જ ૫૦ નયા પૈસાની ટીકીટ બીડીને અથવા મનીઓર્ડર કરીને તમારૂં નામ નોંધાવી** રાખોઃ— ફુલસકેપ ૧૬ પેજી ૧૮૫ પેજ પાકું બાઇન્ડીંગ.

**સોમચંદ ડી. શાહ—પાલીતાણા** ( સૌરાષ્ટ્ર )

# મહાસાગરનાં મોતી

દરરોજ પરમાત્મા પાસે એ પ્રાર્થના કરતા રહો કે, 'ભગવન્ ! જ્યાં સુધી પાપની વૃત્તિ બેઠી હોય ત્યાં સુધી મને મળેલું સુખ ચાલ્યું જાઓ ! અને નવું ન મળો !'

'દુઃખ એ પાપનું પરિણામ છે' એમ માનનાર, પોતાનાં કે પરનાં દુઃખોને જોઇને મૂંઝાઇને ભાનભૂલો ન બને.

સુખ એ આત્માનો ગુણુ છે. આત્મા સિવાય પર પદાર્થોથી મળનારૂં કે ટકનારૂં સુખ એ આત્માનો ગુણુ નથી પણુ વિકાર છે.

જગતના જીવોને દુઃખ મળી રહ્યું છે, એની જ્ઞાની પુરૂષોને અકળામણુ નથી, દયા છે. સાંસારિક દુઃખનો ડર અને સાંસારિક સુખનો લોભ એના જેવું પાપ એકે નથી.

સમજ્યા ત્યાંથી કે અત્યાર સુધી જે કાંઇ મનથી, વચનથી કે કાયાથી કર્યું છે, તેનો વિચાર કરતાં એમ લાગે છે કે, 'આટલું યે સુખ મળ્યું છે એ ખરી રીતે મળવું જોઇએ નહિ!'

પાપથી બચવાની ભાવનાવાળાને માટે દેરાસર કે ઉપાશ્રય એ વિશ્રામ સ્થાનો છે.

પાપ ન કરવું, કરવું પડે તો ડરીને, બહાદુરીથી નહિ. કારણુ કે પાપમાં બહાદુરી કરતાં ડરપોકપણું સારૂં.



પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

ધન હોવા છતાં જે ધનથી ધર્મ ન કરે તેની મનથી કે વચનથી ધર્મ કર્મ કરવાની વાતો કેવળ દંભ છે.

શ્રધ્ધાપૂર્વકની સ્હમજણુ કલ્પવેલડી, પણુ શ્રદ્ધા વિનાની સ્હમજણુ વિષવેલડી.

જેમાં શ્રધ્ધાનું પોષણુ ન થાય તેવું જ્ઞાન કે શિક્ષણુ એટલે ચૌટામાં ઉભી કરાયેલી દવાની બાટલીઓ.

નિરપેક્ષ સુખ એ સ્વાધીનતા, સાપેક્ષ સુખ એ બંધન.

સુખ માટે ધર્મ નથી કરવાનો, પણુ ધર્મને માટે સુખનો ત્યાગ કરવાનો છે.

સુખને માટે પાપ કરવું ન જોઇએ. એટલું જ નહિ પણુ ધર્મ કરતાં સુખની ઇચ્છા પણુ ન કરવી જોઇએ.

વર્તમાનકાલમાં કેળવણીના નામે વધતી સમજણુ, વસ્તુના વિવેકને કરાવનારી નથી, પણુ વસ્તુના વિવેકનો નાશ કરનારી છે.

ભૂતકાળમાં ધર્મને વેચીને કે બદલો કરીને ઉપાર્જન કરેલું પુણ્ય એટલે પાપના ડર વિના વર્તમાનમાં ભોગવાતું સુખ.

આજે વર્તમાનમાં એ સ્થિતિ છે કે 'ખાધે પીધે સહુ સુખી અને ધર્મની વાતમાં સહુ દુઃખી.

સંસારનાં સુખો કેવળ દુઃખના પ્રતિકાર રૂપ છે પણ સાચી રીતે દુઃખોનો નાશ કરવાની એનામાં શક્તિ નથી. એ શક્તિ ધર્મ સિવાય અન્ય કોઇમાં ન હોઇ શકે.

જે પુણ્ય વિષય કે કષાયને રોગ ન માનવા દે, તે પાપાનુબંધી પુણ્યનો પ્રકાર છે. આવા પુણ્યના ઉદયે મળતી સંપત્તિ એટલે હળાહળથી મિશ્રિત દુધનો કટોરો.

ક્રિયા કરનારાં શુક્લપાક્ષિક નથી, પણ ક્રિયાની રૂચિપૂર્વક ક્રિયા કરનારા શુક્લપાક્ષિક છે. આવા આત્માઓ કદાચ ક્રિયા ન કરે એ બને, પણ ક્રિયાની રુચિ તો અવશ્ય હોય.

'પાપની પેઢી અને આરંભોનો ભાર' પોતાના સંતોનોને આ બે વસ્તુ આપી જનારા સંતાનોના સાચા હિતૈષી નથી, પણ હિતશત્રુ છે.

અસંયમના રસિકોને જ સંયમમાં દુઃખ દેખાય છે.

વસ્તુ પ્રત્યેની રુચિ જેનાં હૃદયમાં વસે, તેને સમજણનો અમલ કરવાની તાલાવેલી હોય જ.

જ્યાં સુધી ખાવામાં આનંદ છે, ત્યાંસુધી તપમાં આનંદ નહિ આવે.

ક્રિયામાર્ગ પ્રત્યેની રુચિ પ્રગટયા વિના ક્રિયા એ વેઠ છે. ક્રિયા આ આત્માને અનન્તવાર પ્રાપ્ત થઈ છે, ક્રિયારુચિ પ્રગટવી એ અતિશય દુર્લભ છે.

જીવન જીવવા માટે જેટલી જરૂરીઆત ઓછી તેટલી મુક્તિ વહેલી. માટે જરૂરીઆત ઓછી કરતાં શીખો !

સમ્યગ્દષ્ટિ સંસારની ક્રિયા શરીરથી કરે, અને ધર્મની ક્રિયા મનથી કરે.

વિષયની સામગ્રી મળે, ટકે અને ભોગવાય, એ પુણ્યોદય, પણ મેળવવા ટકાવવા કે ભોગવવા જેવી લાગે તે પાપોદય.

કાયર તે કે જે દુઃખોથી ડરે અને સુખોમાં વિવેક ભૂલે.

ધર્મક્રિયા, એ ધર્મ પામેલા આત્માઓના ધર્મનું પ્રતીક છે, અને ધર્મપ્રાપ્તિનો હેતુ છે.

જગતનું સુખ ન ગમે ત્યારેજ સમ્યકૃત્વ આવ્યું એમ કહી શકાય.

ભૂખના રોગનો નાશ કરવા માટે ઉપવાસ એ ઔષધ છે.

આહાર, વસ્ત્ર કે અન્ય અનુકૂળ સામગ્રીઓમાં રસ એ મોક્ષમાર્ગની આરાધનામાં ભયંકર વિઘ્ન.

ઉપકારીનો ઉપકાર કદિ ભૂલવો નહિ, અને અપકાર કરનારનો એકપણ અપકાર કદિ યાદ કરવો નહિ.

સમાધિપૂર્વક ધર્માત્માનું મૃત્યુ, એટલે અધિક સારા થવા માટે પરલોક બાજુ પ્રયાણ.

સેવાને ન ઇચ્છે તે સેવ્ય અને સેવા મેળવ્યા વિના ચેન ન પડે તે સેવક.

શરીરને જરૂર વિના આપવું એ હાથે કરીને તપનો અંતરાય બાંધવો.

શ્રેષ્ઠ-ઉત્તમ કામ કરવાનો સમય આવે ત્યારે પાછું વાળીને ન જૂવે તે શેઠ.

તપના સાચા પ્રેમીને પારણામાં રસ ન હોય.

જેને એમ હોય કે 'મારૂં કે કોઇનું મારી પાસે રહો ! અને મારૂં કોઈના ઉપયોગમાં ન આવો' તે કૃપણ.

દુઃખથી ડરવું એ દુઃખો ઉભા કરવાનો સીધો માર્ગ.

સુખનો અતિશય લોભ એ સુખ ગુમાવવાનો પુરૂષાર્થ.

ધર્મપ્રવૃત્તિ અને ધર્મપ્રાપ્તિ. એ બન્ને વચ્ચે મહાન અંતર રહેલું છે.

# ★ 'નોંધપોથી'નું એક પાનું ★

## પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર

**વાંચન-મનનનો જેઓને અભ્યાસ છે, તેઓ પોતાનાં સદ્વાંચન કે શાસ્ત્રાધ્યયનના મનનને પરિણામે કોઇક કોઈક વાર પોતાની નોંધપોથીમાં તેના પરિપાકને ટપકાવી દે છે. પૂ૦ મહારાજશ્રીએ પોતાના વાંચન-મનન દ્વારા પોતે જે કાંઇ નોંધો ઉતારી છે, સ્વયં જે કાંઇ શબ્દસ્થ કર્યું છે, તે તેઓશ્રીએ 'કલ્યાણ' માટે અમારા પર મોકલાવી આપેલ છે. જે અમે અહિં રજુ કરેલ છે. આવી નોંધો જેઓએ કરી હોય ને તે સર્વજનગ્રાહ્ય ને સર્વજનોપયોગી હોય તે અમારા પર અવશ્ય મોકલાવે. સં૦**

★

### સંસારનું મોટામાં મોટું પાપ

જગતમાં મોટામાં મોટું પાપ પરિગ્રહનો મોહ છે. પરિગ્રહ ત્યજવો સહેલો છે, પણ તેનો મોહ, તેના પ્રત્યેનો મમતાભાવ એ ત્યજવો ખૂબ જ કપરૂં કામ છે. તમને ખબર છે ? લાખોના દાન દેનારા હજારોની સંખ્યામાં મળી જશે, પણ દીધેલાની મમતાને સર્પની કાંચળીની જેમ અંતરથી ફગાવી દેનારા બે-પાંચ પણ મળવા મુશ્કેલ છે.



પરિગ્રહનો મોહ પાતળો પડયા વિના સાચું દાન આપી શકાતું જ નથી. એથી દાનની પુંઠે કયાં તો વેપારી સોદો હશે, ચક્રવર્તિ વ્યાજ સહિત મૂળ મૂડી મેળવવાની નફાખોરી હશે અથવા કીર્તિ, માન કે નોખ જમાવવાની ભૂખ હશે, એટલે સરવાળે પરિગ્રહની મમતાનું પાપ તો ફાલીને ફૂલેલું જ રહેવાનું.

❁

### જૈનદર્શન એટલે વિશ્વદર્શન

જૈનદર્શન એ કેવલ વિજ્ઞાનનું દર્શન નથી, પણ તત્ત્વજ્ઞાનનું દર્શન છે. આ હકીકત જૈનદર્શનને માનનારાએ ભૂલવા જેવી નથી. કોઇપણ એક વિષયના આજની ભાષામાં અખતરા રૂપે પ્રતિપાદક શાસ્ત્રને વિજ્ઞાનશાસ્ત્ર કહેવાય છે. એનું ક્ષેત્ર એક વિષય પૂરતું મર્યાદિત છે.

જ્યારે તત્ત્વજ્ઞાન જગતના સર્વ વિજ્ઞાનોનો પરસ્પરનો સંબંધ, સામાન્ય અને ગૌણમુખ્ય ભાવનું પ્રતિપાદન કરનારૂં સંપૂર્ણ શાસ્ત્ર છે. જૈન દર્શનનો સ્યાદ્વાદ સિધ્ધાંત આ તત્ત્વજ્ઞાનને સરળતાથી સમજાવનારી કૂંચી છે, કારણ કે સ્યાદ્વાદથી જગતના સઘળાયે પદાર્થોની બધી બાજૂઓનો સ્વીકાર કરવા પૂર્વક, તે તે પદાર્થને પ્રરૂપવામાં આવ્યા છે, આથી જગતના સર્વશ્રેષ્ઠ વિચારકો જૈનદર્શનને વિશ્વદર્શન તરીકે ઓળખે છે.

વિજ્ઞાન બુદ્ધિ અને ગણતરી ઉપર આધાર

સાખે છે, ધર્મ અને તત્ત્વજ્ઞાન શ્રદ્ધા અને અંતરને અનુસરે છે. ધર્મે પોતાની દૃષ્ટિએ પ્રત્યેક વસ્તુઓનું સ્વરૂપ નિશ્ચિત કર્યું છે, જ્યારે વિજ્ઞાન તેને પોતાની આંકણીએ માપવા નીકળ્યું, પણ વિજ્ઞાનની આંકણી નિશ્ચિત નથી. બુદ્ધિ કે ગણતરીફેર કે વિકાસના પરિણામે તે ફર્યા કરે છે, અને પરિણામ પણ ફરે છે. વિજ્ઞાને આજ સુધીમાં શકય વિકાસ સાધ્યો પણ માનવી તે વિકાસથી શું રળ્યો? રળવાને બદલે ખોયું ઘણું.

★

## નામ તેનો નાશ, પણ કયારે?

'નામ તેનો નાશ' આમ બોલીને ઘણીવાર હુશિયાર ગણાતા માણસો હિમ્મત હારીને અન્યોનો ઉત્સાહ ભંગ કરાવે છે. ખરી હકીકત એ છે, કે–આ લોકોક્તિ 'પાપ કાર્યો કરનાર આત્માઓને જગતની, જગતના પદાર્થોની, ધન, યૌવન અને તનની ક્ષણિકતા સમજાવી, પાપમાર્ગેથી પાછા વાળવા માટે જાગૃતિનો સંદેશ આપી અસ્થિર વસ્તુઓની ખાતર તું તારી જાતને ન ભૂલી જા! આ મુજબ હિતશિક્ષા પાઠવે છે. ઉપરોક્ત લોકવાણીનું આ હાર્દ છે, પણ આથી સારા કામો કરનારા આત્માઓએ પોતાની પ્રવૃત્તિઓનાં ઉત્સાહને સ્હેજ પણ મંદ બનાવવો ન જોઇએ. એમણે એમ સમજવું જોઈએ કે 'નામ તેનો નાશ છે' એ વાત સાચી, પણ કામ કરીને નામ કાઢી જનાર આત્માઓનો નાશ કદી હોતો જ નથી. હા, વાત સાચી છે કે એવું ઉત્તમ પ્રકારનું કામ કર્યા વિના નામ રાખવા ધમપછાડા કરનારાઓને આ કહેતી કાનમાં ફૂંક મારી જાય છે, કે–

'ભાઇ, નામ તેનો નાશ છે એ યાદ રાખજે હો!'

## ૪ આત્માનો સાચો તપ.

આપત્તિ અને સંપત્તિ; અનુકૂળતા કે પ્રતિકૂળતા, તેજ અને છાયાની જેમ કર્માધીન સંસારમાં લગભગ નિયત થઇ ગયેલી પરિસ્થિતિ છે. કર્મોની વિષમતાને સમજનાર ધીર, ગંભીર, ધર્મશીલ આત્માઓ આપત્તિ કે પ્રતિકૂળતામાં સ્હેજ પણ સમભાવને ગુમાવ્યા વિના એક સરખી પ્રસન્નતાથી રહી શકે છે. પ્રત્યેક સમયે પ્રત્યેક સંયોગોમાં આત્માની સમાધિપૂર્વક સુખ કે દુઃખોને સહી લેવા એ જ જીવનની સાચી લ્હાણ છે. સુખને પણ ભાન ભૂલ્યા વિના સહન કરવાની શક્તિ અને દુઃખોને વગર મૂંઝવણે પ્રસન્નતાથી અદીનભાવે વેદી લેવાની વૃત્તિ–આનું નામ સહિષ્ણુતા. આત્માનો સાચો તપ આ ગુણની પૂંઠે રહેલો છે. તપનો પ્રાણ સહિષ્ણુતા, એને જીવનમાં જીવવા માટે સંયમ, આ બે સદ્‌ગુણોને શ્રી જિનેશ્વરદેવવિહિત ધર્મારાધના દ્વારા પ્રત્યેક પળે જીવનનાં જીવનારા તપસ્વી આત્માઓ જગતનાં સુખ–દુઃખોને અવશ્ય જીતી જાય છે!

## શાસ્ત્રાભ્યાસ : તાર્કિકબળની સ્હામે સમર્થ શક્તિ.

જ્યારે જ્યારે કોઇપણ એક સમાજ શાસ્ત્રાભ્યાસ પ્રત્યે અવગણના સેવે છે, ત્યારે તર્કશક્તિ પર મુસ્તાક થનાર કોઇ ને કોઈ બળ ઉત્પન્ન થાય છે, અને જે શાસ્ત્રો તથા દર્શન લોકોની આધ્યાત્મિક તૃષા છીપાવવા માટે યોજાયા છે, તેને વિવાદ, વિખવાદ આદિમાં જોડી દે છે. આમ આ રીતે સબળ શાસ્ત્રાભ્યાસ રૂપ વિરોધી શક્તિના અભાવે આસુરી તાર્કિક

બળ તેમાં ફાવી જાય છે અને આ રીતે ધર્મદર્શનોની મિમાંસાને ભાવી પ્રજા માટે વધુ અઘરી અને ગુંચવણભરી બનાવી દે છે. તથા વર્તમાન પ્રજાના એક વિભાગને અવળે પન્થે દોરી જાય છે.

આથી જ્યાં સુધી પ્રત્યેક દર્શનના દર્શનકારો કે તેના આરાધકો પોતનાં શાસ્ત્રો દ્વારા આત્મ-કલ્યાણની સાધનાને ટકાવી રાખવા ઈચ્છા રાખે છે, પોતાના સ્વતંત્ર ક્રિયા-વિભાગોનું મહત્ત્વ ટકાવી રાખવા માગે છે ત્યાં સુધી તેમણે શક્તિશાળી અને વિચારક શાસ્ત્ર-પંડિતોની આવશ્યકતા સ્વીકારવી જ રહી. તાર્કિક ભ્રામિક દલીલો દ્વારા જનતાનો અધ્યાત્મ-માર્ગ ગૂંગળાઈ ન જાય તે ખાતર પણ સમ્યગ્ શાસ્ત્રાભ્યાસની આજે જૈનશાસનને જરૂર પડવાની કે જે તાર્કિક બળની સ્હામે સમર્થ શક્તિ રૂપ બની શકે.

માણસો પોતાની તત્ત્વજ્ઞાન અને સંસાર સંબંધી સમજણશક્તિ મુજબ જીવન જીવે છે. તદ્દન વિચારહીન માણસો માટે આ વાત સત્ય છે. કોઈપણ પ્રકારના તત્ત્વજ્ઞાન વિના જીવવું માનવજાતને માટે અશકય છે. તેણે પસંદગી કરવાની રહે છે. તે તત્ત્વજ્ઞાન કે અતત્ત્વજ્ઞાન વચ્ચે નહિ પણ સારાં અને નરસાં તત્ત્વજ્ઞાન વચ્ચે.

★


## સોના-ચાંદીના વરખ ખરીદવાનું

વિશ્વાસપાત્ર એકજ સ્થળ

[ અમદાવાદના જુના અને જાણીતા ]

# એ. વરખવાલા એન્ડ સન્સ

સોના-ચાંદીના વરખ બનાવનાર તથા બાદલા અને કેસરના વહેપારી

હંસરાજ પ્રાગજી હોલ પાસે, ૩૦૪૪, પાનકોરનાકા અમદાવાદ-૧

## 'કલ્યાણ' માસિકની ફાઈલો

'કલ્યાણ'ને આજે ચૌદ વર્ષ પુરાં થયાં છે. તેમાં પહેલા ત્રણ વર્ષની ફાઇલો મળતી નથી. બાકીના વર્ષની ફાઈલો પણ જુજ છે. પાછળથી વધુ કિંમત ખર્ચતાં પણ મળવી મુશ્કેલ છે.

દરેક ફાઇલમાં ધાર્મિક કથા-વાર્તાઓ, શંકા-સમાધાન, જ્ઞાન-ગોચરી મધપૂડો, વહેતાં વહેણો, સમયનાં ક્ષીર-નીર વગેરે વિભાગોથી સમૃદ્ધ અવનવું સાહિત્ય પીરસવામાં આવ્યું છે હાથમાં લીધા પછી નીચે મૂકવાનું મન નહિ થાય.

દરેક બાઇન્ડીંગ કરેલી ફાઇલના રૂા. પાંચ. પોસ્ટેજ અલગ. જે ફાઇલો હશે તેજ રવાના થશે

કલ્યાણ પ્રકાશન મંદિર-પાલીતાણા. (સૌરાષ્ટ્ર)

# જ્ઞાન વિજ્ઞાનની તેજછાયા

શ્રી કિરણ

શ્રી નમસ્કાર મંત્ર વિષેની તાત્ત્વિક છતાં રસપ્રદ, સાત્ત્વિક છતાં હળવી ને ધર્મશ્રદ્ધાભાવિત છતાં વૈજ્ઞાનિક દૃષ્ટિપૂર્વકની આ વિભાગમાં પ્રગટ થતી લેખમાળાએ, તેમજ શ્રી કિરણના અન્યાન્ય લેખોએ 'કલ્યાણ'ના હજારો વાચકોને અપૂર્વ આકર્ષણ જન્માવ્યું છે. લગભગ ૧ાા વર્ષથી 'કલ્યાણ' પ્રત્યેના અતિ આત્મીયભાવે તેઓશ્રી જે કાંઇ સાહિત્ય આ વિભાગમાં આપી રહ્યા છે, તે માટે અમે તેમના અતિશય ઋણી છીએ!

'કલ્યાણ'ના વાચકોને અમારો આગ્રહ છે કે, આ પાનાઓ પર પ્રસિદ્ધ થતી મનનીય લેખમાળાથી તેઓ હંમેશા પરિચિત રહે, ને તેજછાયાની ચિંતન પ્રધાન છતાં હળવી સાત્ત્વિક વિચારધારાને વાંચે, વિચારે ને તેને અંગે જણાવવા જેવું અમને અવશ્ય જણાવે! સં૦

★

## "શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન"

પ્રિય કમલ,

તારો પત્ર મળ્યો છે.

શ્રી નવકારની સાધના શરૂ કર્યા પછી બોલવાની ટેવ ઉપર સ્વાભાવિક અંકુશ આવી જશે. હવે નિરર્થક બોલવું નહિ રૂચે. નિરર્થક શક્તિ વ્યય દ્વારા બાહ્ય To externalize થવું નહિ ગમે. જાપમાંથી ધ્યાનમાં અને ધ્યાનમાંથી લયમાં, આંતર જવું To internalize વિશેષ ગમશે.

જ્યારે મન-વચન-કાયાની નિરર્થક પ્રવૃત્તિઓ પ્રત્યે અભાવ થાય ત્યારે જાણવું કે શ્રી નવકારના જાપનો રસ જાગ્યો છે.

જ્યારે દુર્ભાવો પ્રત્યે ઘૃણા જન્મે ત્યારે જાણવું કે હવે શ્રી નવકારના જાપનો રસ જાગ્યો છે.

ભૂમિકા શુધ્ધ થયા પછી શ્રી પંચપરમેષ્ઠી સાથેની તન્મયતા થઇ શકશે.

### વિચાર અને આચારનો સંબંધ

કમલ, શ્રી નવકારના જાપ દ્વારા વિચારની શુધ્ધતા અને સૂક્ષ્મતા પ્રાપ્ત થાય છે. આ બળ વિશેષ જાપ દ્વારા અવશ્ય પ્રગટે છે, અને ત્યારે આશ્ચર્યજનક રીતે વિચાર અને આચારનો સૂક્ષ્મ સંબંધ Subtle relation સ્પષ્ટ થતો જાય છે, ત્યારે સમજાય છે કે આચારમાં ઉતર્યા વિનાનો વિચાર અપંગ છે અને વિચાર વિહીન માત્ર યંત્રવત્ આચાર અંધ છે.

અહિં આપણને સ્હેજ ઝાંખી થાય છે કે—

શબ્દ અને ભાવ.
Expression and meaning
સ્થૂલ અને સૂક્ષ્મ.
Gross and subtle
ક્રિયા અને જ્ઞાન.
વ્યવહાર અને નિશ્ચય.
બાહ્ય અને આંતર.
Extrenal and internal

એક બીજા સાથે કેટલા સાપેક્ષ છે! એકની ઉપેક્ષા કરી બીજાને પામવાની મથામણ આપણે માટે ભ્રમણા Illusion છે.

શ્રી નવકારના જાપ દ્વારા શાસ્ત્ર-પરિભાષાનાં અર્થરહસ્યો હૃદયમાં ધીમે ધીમે ઉઘડે છે.

### સંકલ્પનું બળ

શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ વિચારના

યંત્રો ઉપર શું શું અસરો Fffects કરે છે?

જાપની Scientific શાસ્ત્રીય પધ્ધતિ શું છે?

શ્રી નવકારના અનુષ્ઠાન દ્વારા કેવું જબ્બર બળ ઉત્પન્ન થઇ શકે? તેથી પાપકર્મોનો નાશ કઈ રીતે થાય? આ પ્રશ્નોની વિચારણા અન્યત્ર કરીશું.

જ્યારે જપમાં તન્મયતા આવે છે, ત્યારે એક વિશિષ્ટ પ્રકારનો આંતર શક્તિ પ્રવાહ Force પ્રગટે છે. જપ, જપ અને માત્ર જપ, અંદર એક સાત્વિક ઉષ્મા Heat ઉત્પન્ન કરે છે.

અહિં સાધકના સંકલ્પનું મહત્વ ઘણું છે. સંકલ્પની સાત્વિકતાનો આધાર સાધકના સ્વત્વ Totality ઉપર અવલબે છે. જેમ સાધકમાં સત્ત્વ વિશેષ, તેમ સંકલ્પની સાત્વિકતા વિશેષ. મોક્ષની પ્રબળ ઇચ્છા તો મહાસત્ત્વશાળી સાધકોના સ્વત્વમાં વણાયેલી હોય છે.

કમલ, તું કહીશ કે મોક્ષની ઇચ્છા કોને ન હોય?

મોક્ષની ઇચ્છા એટલે માત્ર મોક્ષની વાતો નહિ, મોક્ષ માટેની તાલાવેલી.

શું મોક્ષની વ્યાકુળતા પ્રગટી છે?

શું શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનો વિરહ સાલે છે?

જેમ અન્ય કાર્યો કરતાં પણ નવપરિણીતાનું મન પ્રિયતમમાં કેન્દ્રિત થયું હોય છે, તેમ શ્રી અરિહંતદેવનું સતત સ્મરણ જાગ્યું છે?

કમલ, આ ચર્ચાના મુદ્દા નથી. પ્રત્યેક સાધક માટે આ વિચારણાના મુદ્દા છે.

મોક્ષની પ્રબળ ઇચ્છા જેમનામાં પ્રગટી છે, તેમને ધન્ય છે. શ્રી નવકારની આરાધના દ્વારા આ ઇચ્છા સત્વર પરિપૂર્ણ થાય છે.

જેમને મોક્ષ ગમે છે પરંતુ તે માટેની તાલાવેલી હજી જાગી નથી, તેમનામાં મોક્ષનો વિરહ જગાડવાની તાકાત શ્રી નવકારમાં છે.

આ પરમ કલ્યાણકારી મંત્રની એ વિશિષ્ટતા છે કે શ્રી પંચ પરમેષ્ઠીઓના આલંબન દ્વારા સાધકના સંકલ્પને પણ તે વિશુદ્ધ બનાવે છે.

શ્રી નવકાર મહામંત્ર છે. કારણ કે આપણા ભાવોની વિશુદ્ધિ કરવાનું બળ તેના જાપમાં રહેલું છે. અન્ય મંત્રો લાભ કરે. કયારેક હાની પણ કરે, જ્યારે આ મંગલ મંત્ર સર્વ સંયોગોમાં લાભ, લાભ અને લાભ જ કરે છે.

મંત્રસાધના દ્વારા પ્રગટતી શક્તિ સાધકની ઇચ્છા Deepermost desire of his Totality ને આકાર આપવા મથે છે. શ્રી નવકારની વિશેષતા એ છે કે તે સાધકની ઇચ્છાઓને વિશુદ્ધ બનાવી સાર્થક કરે છે.

કમલ, શ્રી નમસ્કાર મહામંત્ર મોક્ષ પ્રત્યે ભાવ જન્માવે છે, મોક્ષપદનો વિરહ જગાડે છે અને મોક્ષપદ અપાવે છે.

સ્નેહાધીન
કિરણ

## અમૃત ઔષધ

अणेगजम्मंतरसंचियाणं,
दुहाण सारीरियमाणसाणं।
कत्तो अ भव्वाण भविज्ज नासो
न जाव पत्तो नवकारमंतो॥

ભવ્ય જીવોના અનેક જન્માંતર સંચિત શારીરિક અને માનસિક રોગ-શોકાદિ દુઃખો અને તેનાં કારણભૂત કર્મો; જ્યાં સુધી નવ-

કાર મંત્ર પ્રાપ્ત નથી થયો ત્યાં સુધી કેવી રીતે નાશ પામે ?

વિશેષાર્થ: કદાચ અન્ય સાધનો દ્વારા શારીરિક રોગ કે માનસિક શોક દૂર થાય, થતા દેખાય, પરંતુ તેના કારણભૂત કર્મો Root cause નો ક્ષય કરવાની તાકાત માત્ર નવકારમાં જ છે.

જે કોઇ સાધન દ્વારા કર્મોનો આત્યંતિક નાશ થતો હોય તે સાધનની અંતર્ગત શ્રી પંચનમસ્કાર અવશ્ય છે જ. માટે હે મહાનુભાવો ! આ પ્રાપ્ત થયેલા અમૃત ઔષધનું તન્મય થઇને સેવન કરો ! સેવન કરો !

★

## પ્રશ્નોત્તરી

પ્ર૦— આપણે ધારીએ તો બોલવા ઉપર અંકુશ રાખી શકીએ. નવકારના જપ વડે બોલવાની ટેવ ઉપર સ્વાભાવિક અંકુશ આવી જશે, એમ કહેવાનો શું અર્થ ?

ઉ૦— વાણી ઉપર, ભોજન ઉપર, કષાયો ઉપર અંકુશ રાખવાની વાતો કરવી એ એક વાત છે, "ઇચ્છા" કરવી એ બીજી વાત છે, ઇચ્છા કર્યા પછી નિશ્ચય કરવો એ ત્રીજી વાત છે, અને અંકુશ રાખવો એ ચોથી વાત છે.

"પોતે ધારે તો અંકુશ રાખી શકે" આવી વ્યક્તિઓ થોડી હોય.

જેમનામાં દૃઢ ધારણા ન હોય, તેમને શ્રી નવકારના જપ વડે આ બળ પ્રાપ્ત થશે. શ્રી નવકારનો જપ નિરર્થક વાણી-વ્યાપાર ઉપર અંકુશ લાવે છે, અને ધારણા શક્તિને કેળવે છે.

પ્ર૦— અહિં "સ્વાભાવિક અંકુશ" કોને કહેવાય ?

ઉ૦— વિકથા કરવાનું મન થાય, પરંતુ વિકથા ન કરવી. ક્રોધ આવી જાય અને દુર્વચનો બોલવાનો જુસ્સો થાય છતાં કાબુ રાખવો. નિરર્થક વાતો કરવાનો રસ રહે એ રસવૃત્તિને રોકવી. આ "અંકુશ" છે.

જ્યારે શ્રી નવકારના જપથી વિકથાદિ વૃત્તિઓ ઉપર આઘાત પહોંચે છે.

અર્વાચીન વૈદક વિજ્ઞાન Medical Science ની કેટલીક દવાઓ રોગના જંતુઓને હઠાવે છે, પણ સાથે બિમારની તંદુરસ્તીના તત્ત્વોને પણ હાનિ કરે છે. એન્ટીબાયોટીકસ દવાઓની પ્રતિ અસરો નુકશાનકારક છે.

શ્રી નવકારનો જપ એવું અમૃત ઔષધ છે, જે દુષિત પ્રવૃત્તિઓ ઉપર અંકુશ લાવશે અને સત્પ્રવૃત્તિઓની પ્રેરણા આપશે.

જે કોઇ પ્રવૃત્તિ દ્વારા નિરર્થક શક્તિવ્યય થતો હશે, તે ઓછી થઇ જશે, બંધ થઇ જશે.

જ્યાં સુધી નિરર્થક શક્તિવ્યય બંધ નહિ થાય, ત્યાં સુધી સત્પ્રવૃત્તિ માટેનું બળ પ્રાપ્ત નહિ થાય.

પ્ર૦— સત્પ્રવૃત્તિ માટે "જપ" શું સહાય કરે ?

ઉ૦— પ્રથમ રોગ જવો જોઇએ, પછી બળ અને વીર્યની વૃદ્ધિ થઇ શકશે.

"જપ" દુર્ભાવોને રોકવાનું બળ આપે છે, અને સદ્ભાવો જગાડે છે, સર્વ સત્પ્રવૃત્તિનું મૂળ સદ્ભાવો છે.

અને તે માટે સત્પ્રવૃત્તિનો આગ્રહ કરવામાં આવે છે, સત્પ્રવૃત્તિમાં મન પરોવો એટલે વિષય કષાયો પ્રત્યે તે જતું અટકશે.

શ્રી નવકારમંત્ર પંચપરમેષ્ઠી પ્રત્યેનો આદરભાવ હોઈને શ્રી નવકારનો "જપ" સ્વયં

સત્પ્રવૃત્તિ છે.

પ્ર૦— "જપ"માં રસ જાગવો જોઇએ એમ શા માટે?

ઉ૦— અહિં "રસ" શબ્દ ભાવ, ભક્તિ, પ્રેમ, Interest એ અર્થમાં છે.

રસ દ્વારા પ્રવૃત્તિમાં એકાગ્રતા આવશે. શ્રી નવકારના જપની પ્રવૃત્તિ યાંત્રિક Mechanical ન બની જાય તે માટે "રસ"ની ઘણી અગત્ય છે.

પ્ર૦— રસ કઇ રીતે જાગે?

ઉ૦—રસ શ્રદ્ધા દ્વારા જાગે છે, સમજણદ્વારા જાગે છે, ઉપયોગિતા દ્વારા જાગે છે, વારંવારની પ્રવૃત્તિ દ્વારા પણ રસ જાગી શકે.

કેટલીક વ્યક્તિઓનો એવો પણ અનુભવ છે કે શ્રી નવકારના જપની પ્રવૃત્તિ દ્વારા શ્રી નવકારમાં રસ જાગૃત થયો હોય. કદાચ બધા માટે એ પ્રમાણે ન પણ બને.

અહિં મહત્ત્વ રસ જગાડવાનું છે.

રસ જાગ્યા પછી એકાગ્રતા તન્મયતા આવે છે, આવી તન્મયતા પછી જ ધ્યાનમાં જવું શકય બને છે, અને લયની વાત તો ઘણી જ ઉંચી છે.

લયમાં પહોંચવાનું "જપ" માત્ર પગથિયું છે. દુર્ભાવોમાંથી નીકળવા માટે "જપ" સીડી છે.

સચ્ચારિત્રની પ્રવૃત્તિઓને વેગ આપવાનું શ્રી નવકારમંત્રનો જપ એક જબ્બર સાધન છે.

પ્ર૦— જપમાં રસ ન જ આવે તો શું કરવું?

ઉ૦— પ્રયત્નો કરવા છતાં પણ જપમાં રસ ન જ આવે તો પણ શ્રદ્ધાપૂર્વક શ્રી નવકારમંત્રના જપની નિયમિતતાને વળગી રહેવું. શ્રી પંચ પરમેષ્ઠીનું એવું અચિંત્ય શક્તિ–સામર્થ્ય છે કે રસ જાગ્યા વિના નહિ રહે.

## કલ્પવૃક્ષ

ગ્રીષ્મનો સમય હતો. બપોર તપતો હતો. ગરમીથી વ્યાકુલ પથિક વૃક્ષની છાયામાં વિશ્રામ કરવા માટે બેઠો.

ઠંડી હવાની લહેરોથી થાકેલા દેહને આરામ મળ્યો. મનને શાંતિ વળી. પથિકને થયું:

"જો અત્યારે ભોજનમાં મિષ્ટાન્ન અને પીવા માટે ઠંડું જળ પ્રાપ્ત થાય તો કેવું સારૂં!"

આ વૃક્ષ કલ્પવૃક્ષ હતું.

તત્કાલ પથિકની સામે બંન્ને મનોવાંછિત ચીજો હાજર થઈ.

આ જોઈને પથિક તો ભયભીત થઇ ગયો.

"ન જાને કઇ અશુભ શક્તિના આ ચાળા છે! કયાંક પ્રાણનું જોખમ ન થાય!"

તે જ ક્ષણે તેની આ ઈચ્છા પણ પૂર્ણ થઇ. કથા કહે છે, કે–પથિક ત્યાંજ મૃત્યુ પામ્યો.

આપણા વિચારોમાં જબ્બર શક્તિ રહેલી છે. વિચારોની વિદ્યુત Thought Electricity થી આપણે અજાણ છીએ. આપણી ભાવનાઓ આપણા વિકાસનું કારણ બને છે, અથવા આપણા વિનાશનું કારણ બને છે.

ભાવનામાં બળ છે. સદ્ભાવ સર્જન કરે છે. દુર્ભાવ સંહાર કરે છે. એક ઊંચે લાવે છે, એક નીચે લઇ જાય છે.

આવી પ્રબળ વિચારશક્તિ માનવીને પ્રાપ્ત થઈ છે. વિચાર એક એવું કલ્પવૃક્ષ છે, કે–જે વડે સ્વર્ગના સુખ કે મોક્ષનો આનંદ પ્રાપ્ત થાય અથવા નરકની અસહ્ય યાતના મળે.

# સાધના માર્ગની કેડી શ્રી 'પથિક'

આત્મ સાધનાના માર્ગને સાધવા ઉજમાળ બનવું, ને તે માર્ગે પ્રયાણ કરવું તે અતિવિકટ કાર્ય છે, આવા ઉત્તમ સાધના માર્ગના યાત્રિક આરાધકોને મુમુક્ષુ સાધકોને ઉપયોગી જીવન-ભાથું, સામાન્ય ગુણોથી માંડી લોકોત્તર સદ્‌ગુણોની મહત્તા ઉપયોગિતા તથા તેની અનિવાર્ય આવશ્યકતા ઇત્યાદિ અનેક વિષયો દૃષ્ટાંતો દલીલો તેમજ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અહિં શ્રી પથિક રજુ કરતા રહ્યા છે.

'કલ્યાણ'માં લગભગ ૨ા વર્ષથી નિયમિત પ્રસિદ્ધ થતા આ વિભાગની લોકપ્રિયતા માટે અમારે અન્ય કહેવાનું રહેતું નથી, આબાલવૃદ્ધ સર્વ કોઇને આ વિભાગ પ્રત્યે ખૂબ જ આકર્ષણ છે, અમે પ્રત્યેક વાચકોને ફરી એ જ કહીએ છીએ કે, આ વિભાગને તેઓ વાંચે, વિચારે ને આને અંગે અમને જણાવવા જેવું જણાવે ! સં૦

## તો આપણે કઈ સમજણ કેળવવી પડશે ?

"રેડિયમ" શોધક કયુરી દંપતીનું નામ કદાચ તમે સાંભળ્યું હશે ? મેરી કયુરી અને પિયરી કયુરીએ રેડિયમ શોધ્યું. રેડિયમ શોધવામાં તેમને ઘણી મુશ્કેલીઓ પડી, પુષ્કલ સહન કરવું પડયું.

રોગ-નિવારણમાં રેડિયમનો ઉપયોગ ખૂબ અગત્યનો હતો. રેડિયમની ખાણો જ્યાં ત્યાં શોધાવા લાગી. મુખ્યત્વે બેલ્જીઅમ અને અમેરિકામાં રેડિયમના ઉદ્યોગને વિકસાવવાના પ્રયત્નો શરુ થયા. જો કાચી ધાતુમાંથી શુધ્ધ રેડિયમ પ્રાપ્ત કરવાની પધ્ધતિ જાણવામાં આવે તો જ આ ઉદ્યોગો સફળ થાય. મેરી કયુરીએ આવી પદ્ધતિ શોધી હતી.

એક રવિવારના પ્રભાતે પિયરી કયુરી પોતાના નાના ઘરમાં મેરીને આ વાત સમજાવી રહ્યો.

યુનાઇટેડ સ્ટેટસમાંથી એક પત્ર આવ્યો હતો. પિયરીએ મેરીને કહ્યું:

"રેડિયમનો ઉદ્યોગ હવે ખૂબ વિકસવાનો છે. રોગ-નિવારણમાં રેડિયમનો ઉપયોગ હવે સમજાવા માંડયો છે. થોડા વર્ષોમાં આખી દુનિયાને રેડિયમ જોઇશે. અમેરિકાનો આ પત્ર રેડિયમ સંબંધી કેટલીક વિગતો મંગાવે છે."

"ઠીક, પછી ?" મેરીને વાતમાં ખાસ રસ લાગ્યો નહિ.

"કાં તો આપણા સંશોધનના પરિણામો કંઇ પણ છુપાવ્યા સિવાય આપણે સ્પષ્ટ પણે જાહેરમાં મૂકવા........"

"બિલકુલ બરાબર છે" મેરીએ સ્વાભાવિક-પણે કહ્યું.

"અથવા" પિયરીએ સમજાવવા માંડયું.

"આપણે રેડિયમના શોધકો તરીકેના આપણા હક્કનો લાભ લેવો, જો એવો લાભ લેવો હોય તો જાહેરમાં મૂકવા પહેલા રેડિયમ પ્રાપ્ત કરવાની પધ્ધતિનું આપણે પેટંટ લેવું જોઇએ, જેથી આખી દુનિયાના રેડિયમના ઉદ્યોગો ઉપર આપણો આર્થિક લાભ રહે."

જ્યારે પિયરી આ વાતો મેરીને સમજાવી રહ્યો હતો ત્યારે ઉચ્ચારાતા "હક્ક" "લાભ" "પેટંટ" વગેરે શબ્દોથી એ કેટલોક અપારચિત હતો !

ક્ષણ બે ક્ષણ મેરીએ વિચાર કર્યો. પછી તરત જ તેણે કહ્યું :

"ના! ના! એ બિલકુલ અયોગ્ય છે. વિજ્ઞાનની ભાવનાથી એ વિપરીત છે."

મેરીના શબ્દો સાંભળી પિયરીનો ચહેરો પ્રકાશી રહ્યો.

"મને પણ એ જ વ્યાજબી લાગે છે" પિયરીએ કહ્યું: 'પરંતુ આ નિર્ણય આપણે વિચારપૂર્વક લેવો જોઈએ. આપણું જીવન કેટલીક આર્થિક સંકડામણમાં વીતે છે! કદાચ આ મુશ્કેલીઓ કયારેય જવાની નથી. આજે આપણને એક બાળક છે. કદાચ વધારે બાળક થાય.'

'જો આપણે રેડિયમનું પેટંટ લઈએ તો પુષ્કલ ધન પ્રાપ્ત થાય. સર્વ તકલીફો મટી જાય. આરામ તો અવશ્ય મળે.' પિયરી કહી રહ્યો, તેણે છેલ્લે કહ્યું.

"એક સુંદર પ્રયોગશાળા પણ આપણે બાંધી શકીએ."

પિયરીના હૈયામાં એક જ મહેચ્છા હતી. પોતાની એક સરલ પ્રયોગશાળા હોય તો કેવું સારૂ!

મેરી સ્થિર નયને જોઈ રહી. એક ક્ષણમાં ધનલાભ-લખલૂટ ધનલાભનો આ વિચાર તેણે નકાર્યો.

મેરીએ કહ્યું:

"વૈજ્ઞાનિકોએ પોતાના વિચારો સંપૂર્ણ-પણે પ્રગટ કરવા જોઈએ. જો આપણી શોધથી આર્થિક લાભો થવાના હોય તો તે માત્ર અકસ્માત છે, જેનો લાભ આપણાથી ન જ લેવાય. રોગો મટાડવા રેડિયમનો ઉપયોગ થવાનો છે, એટલે લાભનો વિચાર પણ મને તો બિલ-કુલ અનુચિત લાગે છે."

મેરીએ પોતાના પતિને સમજાવવા પ્રયત્ન કર્યો નહિ. તે જાણતી હતી કે પેટંટની વાત પિયરીએ માત્ર કહેવા માટે જ કહી હતી.

દૃઢતાપૂર્વક મેરીએ ઉચ્ચારેલા શબ્દો પતિ પત્ની બેયનાં હૃદયને પ્રતિબિંબિત કરતા હતા.

વૈજ્ઞાનિકના કર્તવ્યની આવી ઉચ્ચ સમજણ કયુરી દંપતીમાં સ્પષ્ટ હતી.

રવિવારની એ શાંત સવારે પિયરીએ મેરીના શબ્દોનો પડઘો પાડયો:

"બરાબર! બરાબર! એ બિલ્કુલ અયો-ગ્ય છે. વિજ્ઞાનની ભાવનાથી એ વિપરીત છે."

પછી પિયરીએ ઉમેર્યું "હું આજે રાત્રે અમેરિકન ઇજનેરોને પત્ર લખીશ. તેમણે મંગા-વેલી વિગતો સ્પષ્ટપણે જણાવીશ.

પ્રિય ભાઈ મનોજ! રેડિયમના પેટંટ માટેનો કયુરી દંપતીનો નિર્ણય સમજવા પ્રયત્ન કરશો.

મારે મન આ નિર્ણય રેડિયમની શોધથી ય વધુ મહત્ત્વનો છે. આ નિર્ણય પાછલ માન-વતાના અંશો દેખાય છે. ભયંકર દરિદ્રાવસ્થામાં માનવ-ભાવોને સજીવ રાખવા વિપુલ ધન-સંપત્તિનો અસ્વીકાર કરવો કેટલો કપરો છે? તેનો વિચાર કરશો.

ક્ષુલ્લક સાહિત્યકૃતિઓને કોપીરાઇટ કર-વાના કે પાંચ પચીસનું દાન આપી વાર્ષિક રીપોર્ટમાં પોતાનું નામ કયાં છપાયું છે? કે કેમ ન છપાયું? તેનો ઉદ્વેગ કરવાના આ પડતા કાળમાં કયુરી દંપતીના ભોગની મહત્તા વિચારશો.

ભાઇ, આ વાત વૈજ્ઞાનિકોની છે, વૈજ્ઞાનિક કરતાં પણ આરાધકનું જીવન ઉંચુ છે, અત્યંત ઊંચું છે. એક વૈજ્ઞાનિક અને આરાધકની સર-ખામણી કયારેય ન થઇ શકે.

જડ જગત સાથે પ્રયોગો કરનાર વૈજ્ઞાનિક છે, જ્યારે ભાવજગતના પ્રયોગો આરાધક કરે છે.

આરાધક એટલે જેને હૈયે ધર્મ ઓતપ્રોત થયો છે આરાધક એટલે મોક્ષ જેનું ધ્યેય છે. આરાધક એટલે જીવમાત્રની કરૂણા જેને હૈયે વસી છે.

આરાધકનું ગૌરવ ઘણું ઊંચું છે.

કારણ કે આરાધકની જવાબદારીઓ ઘણી મોટી છે.

ભાઇ, જો ધર્મ આપણું સાધન છે, અને મોક્ષ આપણું ધ્યેય છે, તો આપણે જીવનના વ્યવહારમાં કઇ સમજણ કેળવવી પડશે! કેટલો ભોગ આપવો પડશે! કેટલો ત્યાગ કરવો પડશે! નિત્ય જીવનમાં સતત વિચાર અને આચારને કેટલા નિર્મળ રાખવા પડશે!

કેટ–કેટલો જ્વલંત સ્વાર્થત્યાગ કેળવવો પડશે!

❋

## ડાયરીના કેટલાક પાના:

એક મિનિટની ય પુરસદ કયાં છે! કેટલું કામ છે! કેટલીય વ્યક્તિઓને મલવાનું છે! કેટલા પત્રોના ઉત્તર લખવાના છે! શું કરૂં! કેટલા કાર્યોનો બોજો મારા ઉપર છે! શ્વાસ લેવાની ય પુરસદ નથી. દિવસ અને રાત હું કેટલો ય રોકાયેલો રહુ છું. કોઈનું કામ તો હું શું કરી શકું?

વિચારના આ ઉકળાટમાં હું આ ડાયરી લખવા બેસુ છું.

પોતાના એક કાર્ય માટે એક પરિચિત થોડીવાર પહેલાં આવ્યા હતા. આવા તો કેટલાય આવે છે, પરંતુ તેમના કામ કરવા માટે મને એક મિનિટની ય પુરસદ હોવી જોઈએ ને?

આજ ડાયરીમાં શું લખું?

શું મારો ઉકળાટ લગીરેય સહાનુભૂતિને પાત્ર છે? શું મારા કામોના બોજા તળે અન્ય પ્રત્યેનો પ્રેમ, સહાનુભૂતિ, દયા, ઉપયોગી થવાપણું સાવ કચડાઇ ગયા છે?

શું જીવનમાં નાના મોટા એવા કોઇ અવસરો નથી જેમાં હું ધારૂં તો સત્કાર્ય કરી શકું?

હા! કેટલાય સત્કાર્યો એવા છે કે જેમાં વિશેષ સમયની આવશ્યકતા નથી. સત્કાર્ય કરવા માટેની ઇચ્છા હોય તો બસ!

કેટલાય પ્રસંગો યાદ કરૂં છું. પ્રવાસમાં એક વાર પૈસાનું પાકિટ ખોવાઇ ગયું હતું, ત્યારે જેણે મને મુંબઇની ટિકિટ કઢાવી આપી હતી તે ભાઇ; બનારસમાં જ્યારે ભૂલો પડયો ત્યારે વાંકા–ચૂંકા રસ્તાઓમાંથી મારે ઉતારે મૂકી જનાર વૃધ્ધ; અંધારી રાતે સાયકલની હડફેડમાં આવતા જ્યારે વાગ્યું હતું ત્યારે ગાડીમાં સાથે આવી મને ઘેર મૂકી જનાર જુવાન; આવી કેટલી ય વ્યક્તિઓ જેમની ઉપયોગિતા મને તે તે સમયે અમૂલ્ય લાગી હતી, તેમના ચ્હેરા ય આજે યાદ નથી. કોઈ લાલચ સિવાય બદલાની કોઇ અપેક્ષા સિવાય તેમણે તે કર્યું હતું.

આ પ્રસંગો આજે યાદ આવે છે. જેમણે ધર્મ પ્રત્યે ભાવ જગાડયો, જેમણે લેખનની પ્રેરણા આપી, જેમની પાસેથી એકાદ સદ્‌વિચાર પ્રાપ્ત થયો, જેમના પરિચયોથી દુર્ભાવો પ્રત્યે ઘૃણા જાગી, શું આ સઘળાનો હું ઋણી નથી? શું હું કૃતજ્ઞ છું? જેમણે યત્કિંચિત્ ઉપકાર મારા ઉપર કર્યો છે, તે ઉપકાર શું મને સ્પર્શે છે?

આ ઋણ હું કઇ રીતે વાળી શકું?

જ્યાં જે કોઇ તક સત્કાર્ય કરવાની પ્રાપ્ત થાય, તેનો સદુપયોગ કરીને.

સત્કાર્ય કરનારને જે માનસિક આનંદ પ્રાપ્ત થાય છે, તેની તુલના રૂપિયા આના, પાઇમાં નહિ અંકાય. સત્કાર્યથી પ્રાપ્ત થતી સાત્ત્વિક ચિત્તપ્રસન્નતા આપણા ચારિત્રનું ઘડતર કરે છે. સત્કાર્યથી જેમને સહાયતા મળે છે, તેમનામાં પણ સત્કાર્ય માટેની પરંપરાનું બીજારોપણ થાય છે.

હું મારી જાતને તપાસું છું. એક ગરીબની ચીજ વસ્તુઓ માર્ગમાં વિખરાઇ પડી હોય તો તે ભેગી કરવામાં આપણે શરમ અનુભવીએ છીએ. એકાદ શ્રીમંતનું કાર્ય કેટલા ઉત્સાહ પૂર્વક કરીએ છીએ. અહિ શું આપણો ભાવ સત્કાર્ય પ્રત્યે છે કે સ્વાર્થ પ્રત્યે છે? શું આપણો અહંભાવ સત્કાર્યની આડો આવે છે?

નિઃસ્વાર્થભાવે સત્કાર્યો દ્વારા અન્યની સેવા કરવા વડે આંતરિક વિકાસ પ્રાપ્ત થાય છે. આધ્યાત્મિક ઉન્નતિમાં હૃદયની શુદ્ધિનું મહત્ત્વ ઘણું છે.

નીચેનો પ્રસંગ આલ્બર્ટ શ્વેટઝરે જણાવ્યો છે.

"એક વાર હું જર્મનીમાં ત્રીજા વર્ગના ડબ્બામાં પ્રવાસ કરતો હતો. મારી બાજુમાં એક શાંતચિત્ત યુવાન બેઠો હતો. સામે એક વૃધ્ધ ખેડુત કંઇક વ્યગ્ર હતો.

વૃદ્ધે યુવકને ટ્રેન કયા સમયે ચોક્કસ શહેરના સ્ટેશને પહોંચાડશે તે માટે પૂછ્યું. યુવકે જણાવ્યું કે 'તે સ્ટેશન આવતા રાત પડી જશે.'

વૃદ્ધ બોલી ઉઠયો: "અરેરે! તો તો ભારે મુશ્કેલી થશે ત્યાંની હોસ્પીટલમાં મારો બિમાર દિકરો પડયો છે. હું પહેલી વાર આ નવા શહેરમાં જઇ રહ્યો છું. ત્યાંના રસ્તાઓ અને ગલીઓથી હું બિલકુલ અજાણ છું........"

હજી તો વૃધ્ધની વાત પૂરી ન થઈ, ત્યાં યુવાન બોલી ઉઠયો: "તેમાં ચિંતા કરવા જેવું શું છે? હું આપને હોસ્પિટલ સુધી મૂકી જઇશ અને પછીની ગાડીમાં આગળ જઈશ!"

વૃદ્ધનું હૃદય ગદ્‌ગદ્ થઇ ગયું. કોઇ સ્વાર્થ વિના આ યુવાન તેને સહાય કરવા માટે તત્પર થયો હતો."

હું વિચારૂં છું. શું કામના બોજાનું અને સમયનાં અભાવનું મારૂં માત્ર બહાનું નથી?

કેટલાક કહે છે કે, ધન સિવાય કોઇ સત્કાર્ય શી રીતે થઇ શકે? જો સત્કાર્યની સાચી ઇચ્છા આપણામાં જાગૃત થઇ છે તો ઘણું ઘણું થઇ શકશે.

કયારેક સહાનુભૂતિના બે શબ્દો વડે પણ આપણે અન્યને સહાયક થઇ શકીએ છીએ.


## જૈન ભાઈઓને ખુશખબર

પ્રભાવના માટે ઉનનાં કટાસણા, સંથારીઆ, ઓઘારીઆં, સાલ, આસન, તેમજ દહેરાસરમાં વપરાતી ધાબળીઓ વગેરે છૂટક તથા જથ્થાબંધ વ્યાજબી ભાવે અમારે ત્યાંથી મળશે

દરેક જાતના ગરમ ધાબળાઓ પણ મળશે

લખો:—

**સંઘવી વિનયચંદ વીરજીભાઇ** ધાબળાવાળા

બજારમાં **સાવરકુંડલા** (સૌરાષ્ટ્ર)

# ० આજના રોગો અને હિંસક દવાઓ ०

**શ્રી અમૃતલાલ મોદી** એમ. એ. બી. ઈ. ડી. **સિરોહી.**

**વર્તમાનકાલે જેમ જેમ ડોકટરી, હોસ્પીટાલો ને દવાઓ વધી છે. તેમ તેમ રોગો પારાવાર જુદી-જુદી જાતના વધવા માંડયા છે. એલોપેથી ડોકટરી વિજ્ઞાનમાં દવાઓ બની રહી છે, જેમાં હિંસા ભારે પ્રમાણમાં થતી રહે છે. તે હકીકતને સ્પષ્ટ કરવા આજે દવા પર જે વાત-વાતમાં મહત્ત્વ અપાઇ રહ્યું છે, તે કરતાં નિસર્ગોપચારથી, ઉપવાસ, તથા પાણીના પ્રયોગોથી પણ શરીરના રોગો કઇ રીતે ટળે છે? તે પણ આ લેખથી લેખક શ્રી આપણને સમજાવે છે. લેખક પોતે ગ્રેજ્યુએટ છે, વર્તમાન શિક્ષણના પ્રવાહથી પરિચિત છે, એ કારણે તેમની વાત જરૂર વિચારવા જેવી ને જીવનમાં સમજીને મહત્ત્વભરી રીતે સ્વીકારવા જેવી છે.**

★

પરમ ઉપકારી પ્રભુ શ્રી મહાવીર દેવનો જન્મ કલ્યાણકનો દિવસ ચૈત્ર સુદિ ૧૩ ના ગયો. તે દિવસની આપણે ઉજવણી કરીએ છીએ. પણ ઘણા ખરા લોકોને એ ખ્યાલ નથી કે, તે દિવસનું મહત્ત્વ શાથી? પણ તે કલ્યાણ-કારી દિવસનું મહત્ત્વ એ જ છે કે આજના સંસારને અહિંસાના સંદેશની ખાસ જરૂર છે. પ્રભુ શ્રી મહાવીરદેવને બધા જીવો પર દયા હતી અને તે જ દયા તેમણે અહિંસાનો ઉપદેશ આપી બધા પ્રાણીયો સુધી ફેલાવી.

તે અહિંસાને પાળનાર અને જૈનધર્મને અનુસરનારા પણ એક બાબતમાં તે ન જાણતા હોવાથી હું અહિં તેનો નિર્દેશ કરી દેવા માગું છું.

આજે દુનિયામાં બધા લોકો દવાઓ લેવા તરફ જ વળે છે. આ સ્પષ્ટ રીતે દેખાય છે કે જેમ જેમ દવાઓ અને દવાખાનાઓ વધ્યા છે, તેમ તેમ રોગો પણ વધ્યા જ છે અને તે રોગો વધવાનું કારણ જ દવા છે. પણ તે લોકોને ખબર નથી. તે એ રીતે કે દવાઓથી સાધારણ રોગો દબાવી દેવામાં આવે છે અને તેથી પછીથી વધારે ગંભીર રોગો જન્મે છે, પણ અહીં તો હું એ બતાવવા માગું છું કે દવાઓ લેવાથી કેવી રીતે અહિંસાનો ભંગ થાય છે.

આજે લોકોને દાકતરી દવાઓનો મોહ છે. પણ દાકતરી દવાઓમાં ઘણા ભાગની દવાઓ લીવર (Liver) ની હોય છે અને લીવર એટલે કોઇકને કોઇક પ્રાણીનું કાળજું. આવી કેટલીય દવાઓ છે તે સિવાય અમુક જ દવાઓ સિવાયની બધી દવાઓમાં Alcohol એલ્કોહોલ એટલે કે દારૂ આવે છે. એ દારૂને લોકો એમ પીતા નથી પણ દવામાં લેવામાં લોકો વાંધો નથી સમજતા, કારણ કે લગભગ બધી દવાઓમાં તે હોય છે એમ લોકો જાણતા પણ નથી. તે સિવાય કેટલીય દવાઓ એવી આવે છે કે જેના નામ પરથી તે શું વસ્તુ છે તે જરા પણ ખબર ખબર પડતી નથી. જેમકે Virol 'વીરોલ' જેનો અર્થ છે ગાયના મગજનું માંસ અને તેનું સત્ત્વ. એવી જ રીતની અનેક દવાઓ અને ટોનિકો આવે છે કે જેમાં ઈંડાઓ, કોઇમાં દારૂ, તો કોઇમાં અન્ય પ્રાણિજ પદાર્થો હોય છે. ઘણી વખત લોકો ડોકટરને પૂછે છે કે એમાં વાંધા જેવી કોઇ વસ્તુ નથી ને? અને ડોકટર કહી દે છે, કે-ના. જે ખરે-ખર સાચી વાતથી લોકોને અજાણ રાખે છે. કેમકે લોકોને તે દવા આપવી કે જેને તે તે દર્દી માટે ઠીક સમજે-પોતાની ફરજ ગણે છે,

અને પોતાની આવી ફરજ બજાવવા માટે આવું જુઠું બોલવામાં તે ખોટું સમજતા નથી. તે સિવાય પણ અમુક એવી દવાઓ હોય છે કે જેમાં ફક્ત પ્રાણિજ તત્ત્વ નથી હોતું પણ તે કેવી રીતે બની હોય છે અને તેમાં રહેલા તત્ત્વો કેવી રીતે બનાવીને લેવામાં આવ્યા છે તેની તે ડોકટરને જ ખબર હોતી નથી, અગર જો તેને ખબર હોય તો પણ તે વસ્તુ એક ચુસ્ત જૈનને કે સાધુ–સાધ્વીને ખપે છે કે નથી ખપતી તે જાણતા નથી. તે ફક્ત વૈષ્ણવદષ્ટિથી આમિષ અને નિરામિષનો ભેદ જ જાણતા હોય અને કહે છે કે એમાં વાંધો નથી. અને આપણે જૈનો અને સાધુ–સાધ્વી વગેરે એટલા કહેવા માત્રથી છેતરાઇ જઈયે છીએ. તેનો એક દાખલો આપું.

ધારો કે કોઇ ઈંજેકશન છે તે ઝેર (Poison) ના છે. ઝેર અભક્ષ્ય છે, પણ તેને માટે ડોકટર કહેશે વાંધો નથી. કોઈ વસ્તુમાં માખણ, મધ કે બરફ પડેલો હોય તે વસ્તુ માટે પણ કહેશે કે તે ભક્ષ્ય જ છે. જ્યારે તે વસ્તુઓ શાસ્ત્રદષ્ટિએ સાવ અભક્ષ્ય છે. પછી અમુક દવાઓ તૈયાર કરવા માટે અનાજને પલાળવામાં આવે છે. ને તે અંકુરિત થયા પછી તેના અંકુર સાથે લઇ તેમાંથી અમુક Extract તેનો સાર અગર જોઇતો કસ વગેરે કાઢવામાં આવે છે. આ બધી પ્રક્રિયા બધા સાધારણ રીતે જાણતા નથી હોતા. કેમકે કઇ વસ્તુ કઇ વિધિથી બનાવી છે તે તે એ દવાની કું, વાળા કહેતા નથી, અગર જો ડોકટરો જાણે પણ તો તેને જરાય વાંધો જણાતો જ નથી.

તો આથી હું બધા જૈન ભાઇયોને અને ખાસ કરીને સાધુ–સાધ્વીઓને ચેતવવા માગું છું, કે–તેઓ અંગ્રેજી દવાઓનો મોહ ન રાખે અને તેથી દૂર રહે. તેમાં એકલી હિંસા જ છે. તે વસ્તુ આ વિવેચન ઉપરથી સ્પષ્ટપણે સમજાઈ જશે.

**તો પ્રશ્ન ઉઠશે રોગ થાય ત્યારે શું કરવું?**

પહેલા તો એ જાણી લેવું જરૂરી છે,–કે દરેક અંગ્રેજી દવા અને ઘણા ભાગની અન્ય બધી એલોપથીની જાતની દવાઓ રોગોને મટાડતી નથી, ફક્ત તેના પ્રકટ થયેલા લક્ષણને દૂર કરી દે છે. દવાઓ સ્વાસ્થ્ય–લાભમાં મદદ કરવાને બદલે રોગને અંદર દાબી દે છે અને વધુ ભયંકર રોગના મૂળ નાખે છે. તેનાં ઉપર ઉપરના લક્ષણો મટવાથી આપણને લાગે છે કે રોગ ગયો, પણ તે દવાઓથી રોગ કોઇ દિવસ જતો નથી પણ શરીરમાં જ રહે છે. જો લોકો દવાઓ ન લે તો ફક્ત સાધારણ રોગ જ થશે અને જીર્ણ અને ભયંકર રોગ કોઇ દિવસ ઉત્પન્ન ન થાય. દવાઓથી જ જીર્ણ અને ભયંકર રોગો શરીરમાં વિકસે છે.

રોગોને મટાડવા માટે સૌથી પહેલું સાધન તો પ્રભુનું સ્મરણ અને નવકારનો જાપ છે. અને શ્રદ્ધા હોય તો રોગ પોતાની મેળે જ મટી જશે. શરીરની પોતાની રચના અને કુદરત જ એવી છે કે તે અમુક સમયમાં પોતાના રોગને મટાડી દે છે. શરીરની અંદર પ્રકટ થયેલ દરેક રોગ શરીરને–પોતાની જાતને સુધારવાનો પ્રયત્ન માત્ર છે અને તેને અવસર આપ્યો હોય તો તે પોતે જ ઠીક થઈ જશે.

દરેક સાધારણ તાવ કે શરદી એક બે દિવસના ઉપવાસથી મટી જાય છે આવા રોગો **દવાથી** અને **ખાવાથી** વધારે લાંબા બને છે. કેટલાય વર્ષના પોતાના વ્યક્તિગત અનુભવથી કહું છું કે સાધારણ તાવ કોઈપણ વખતે એક બે દિવસથી વધુ ટકતો નથી અને

ટકયો જોયેલ નથી. ઉપવાસ અને આરામ માત્રથી કેટલીય વખત મટાડેલ છે.

તે સિવાય જો એટલી શ્રધ્ધા ન હોય, અને અશાતાવેદનીયના ઉદયથી આવેલા કર્મ ઉપર પણ એટલી શ્રધ્ધા ન હોય કે જ્યારે વેદનીય જશે ત્યારે તે અવશ્ય જશે જ અને રહેવો હશે ત્યાં સુધી રહેશે જ. તો પણ દવા લેવા દોડી ન જતા ફક્ત મળશુધ્ધિ કરી લેવી અને તે સિવાય પેડૂ (નાભિ નીચેનો ભાગ) પર માટી અગર પાણીનું પોતું મૂકવું.

માટી દરેક રોગમાં ખૂબ જ ફાયદાકારક સિધ્ધ થઇ છે અને પોતે તેનો ઉપયોગ કરી જુએ. તે સિવાય કોઇને ઇચ્છા હોય તો બીજાના અનુભવ જાણવા માટે 'માટીના ચમત્કાર' (લે૦ ફૂલચંદ દોશી, જૈન ગુરૂકુળ પાલીતાણા) માં જોઈ શકાય.

માટી મૂકવાની સવડ ન હોય અને તે ન મૂકી શકાય તો પેડૂ પર ઠંડા પાણીનું પોતું મૂકવું. વધુ તાવમાં તે કપાળ ઉપર પણ મૂકાય. શરદીમાં પણ ઠંડા પાણીનું પોતું છાતી ઉપર મૂકીને ઉપરથી ગરમ કાપડ વીંટી દેવાથી લાભ થાય છે. પૂ૦ સાધુ-સાધ્વીજી મહારાજ માટે નવસાર-સૂરોખાર વાળું પાણી, તેના પોતા મૂકવા ફાયદાકારક છે.

હાં, જો રોગ સાધારણ ન હોય કે લંબાય તો તેનું નિદાન અવશ્ય જાણકાર વૈદ્ય કે ડોકટર પાસે કરાવી લેવું જોઇએ. અને જો દવા ન લેવાને હમ્મેશનો નિર્ધાર હોય તો તો (નિસર્ગોપચાર નિષ્ણાત) પ્રાકૃતિક ચિકિત્સકની સલાહ લેવી ઠીક રહેશે.

પણ સાધારણ રીતે ૭૦ ટકા જેટલા કેસોમાં તો આ પ્રકારની સમજ અને આવા સાદા ઘરગથ્થુ ઉપાયોથી રોગ મટી જ જશે, તેમાં કોઇ પણ પ્રકારની શંકા નથી.

તો અહિંસાના ઉપાસકોએ હિંસાથી બચવા માટે દવાઓ ન લેવાનો નિર્ણય કરી જ લેવો જોઇએ. વળી શરીરને હંમેશ તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે સાધારણ પરિશ્રમ, સાદાઈ, સંયમ ને ખાવા–પીવામાં વિવેક રાખવાથી બહુ લાભ થાય છે અને આસનો કરવાનું જાણકાર પાસેથી જ શીખવું ઠીક રહે છે.

એવો કોઈપણ રોગ નથી કે જે ખોરાકના ફેરફારથી, ઉપવાસથી, હવા, પાણી, માટી વગેરેના પ્રયોગથી ન મટે. ફક્ત જોઈએ છે શ્રધ્ધાબળ. અને વધુ જીર્ણ અને ભયંકર રોગોમાં જાણકારની સલાહ. શરીર જે કુદરતી કે પ્રકૃતિની વસ્તુઓનું બનેલું છે, તે જ વસ્તુઓના ઉપયોગથી તે અવશ્ય સારૂ થાય છે. તેમાં લેશમાત્ર પણ શંકા નથી. ફક્ત અશાતાનો તીવ્ર નિકાચિત ઉદય હોય તો નિમિત્તો કાંઇ કરતા નથી. બાકી નવકારમંત્રનો જાપ સાચું ભાવ ઔષધ છે. ઇહલોક તથા પરલોક, તેમ જ ઉભયલોકને હિતકારી દવા તે જ છે, તે ભૂલવું જોઈતું નથી.


## વગર નકરેથી આપવાનાં છે

મૂળનાયક તરીકે શ્રી વાસુપૂજ્ય ભગવાનની પ્રતિમા ઈંચ ૧૩. યક્ષયક્ષિણીઓ સાથે. લખો.

**શ્રી વિમલનાથ જૈન દેરાસર**

**મુ: બાગલકોટ.** (S, Ry.)

## શિક્ષકની જરૂર છે.

જૈન પાઠશાળામાં ધાર્મિક અભ્યાસ કરાવી શકે તેવા શિક્ષકની જરૂર છે. ઉંમર, અભ્યાસ, યોગ્યતા સાથે લખો. સંગીત જાણનારને પહેલી પસંદગી.

**જૈન શ્વેતામ્બર સંઘ**

ઓ. સેક્રેટરી જાદવજી રતનજી શાહ

**પ્રભાસપાટણ** (સૌરાષ્ટ્ર)

સ્વર્ગીય પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવરશ્રીના
• સ્વર્ગારોહણ નિમિત્તે •

# • અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર મહોત્સવ. •

**તા. ૬-૮-૫૮** મુંબઇ લાલબાગ (ભૂલેશ્વર.)

શ્રી લાલબાગ જૈન સંઘ મુંબઈ તરફથી શ્રી મહાવીરસ્વામી જૈન દહેરાસરમાં ભવ્ય સમારોહપૂર્વક અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર મહોત્સવ તાજેતરમાં ઉજવાઇ ગયો.

અંધેરી ખાતે અષાડ સુદ ૨ ગુરુવારના પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરના પરમોપકારી સંસારી પિતા તથા દીક્ષિતજીવનમાં પણ શિરછત્રરૂપ પૂજ્ય પંન્યાસજી શ્રી સુબુધ્ધિવિજયજી ગણિવર કાળધર્મ પામ્યા, તે પ્રસંગને અનુલક્ષીને શ્રી સંઘના શ્રેયાર્થે તથા શ્રી જિનેન્દ્ર ભક્તિ નિમિત્તે પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર તથા પૂજ્ય મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ૦ આદિની પ્રેરણાથી અને અહિંના તથા અન્ય શહેરોનાં જુદા જુદા સંઘોના અત્યંત ભક્તિભાવથી પ્રથમ શ્રાવણ સુદિ સાતમથી અઠ્ઠાઇ મહોત્સવનો શુભ પ્રારંભ થયો હતો.

ખંભાત, કચ્છ, ગોધરા, સાવરકુંડલા, કલકત્તા, અમદાવાદ, મુંબઇ આદિના પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી પ્રત્યે બહુમાન ધરાવનારા ઉદારદિલ ભાવિકો તરફથી આ મહોત્સવ અંગે સારી સંપત્તિનો સદ્વ્યય થયો હતો.

આ મહોત્સવ નિમિત્તે લાલબાગ સંઘ તરફથી આમંત્રણ પત્રિકાઓ જુદા જુદા શહેરો અને ગામોના શ્રીસંઘો ઉપર પાઠવવામાં આવી હતી.

લાલબાગ (ભૂલેશ્વર) શ્રી મહાવીરસ્વામી જિનમંદિરના ભવ્ય આંગણાંમાં મંડપ બાંધવામાં આવ્યો હતો. ધજાઓ તથા તોરણો આદિના સુશોભનો શણગારવામાં આવ્યા હતા. ઇલેકટ્રીક ડેકોરેશનની સજાવટ સુંદર હતી.

શુદિ સાતમના મંગલ પ્રભાતે અમદાવાદનિવાસી ક્રિયાવિધિકારક શ્રી ચીમનભાઇ વાડીલાલના અનુષ્ઠાન પૂર્વક શ્રી નાનચંદ જૂઠાભાઇ દોશી અને તેમના ધર્મપત્નીનાં શુભ હસ્તે કુંભસ્થાપના વિધિ થઈ હતી.

બપોરે શ્રી વીરવિજયજી મહારાજ કૃત શ્રી પંચ કલ્યાણક પૂજા ખંભાતનિવાસી શ્રી મુલચંદ ડી. દલાલ તરફથી ભણાવાઇ હતી. પૂજામાં ગવૈયા મણિલાલ આવ્યા હતા. સંખ્યાબંધ ભાઇ-બ્હેનોએ પૂજામાં ભાગ લીધો હતો. પૂજા પછી પતાસાની પ્રભાવના થઇ હતી. કુંભસ્થાપના અમદાવાદનિવાસી શાહ વીરચંદ લક્ષ્મીચંદ તરફથી હતી.

રાત્રે ભાવનામાં શ્રી મહાવીર જૈન સંયુક્ત મંડળના ભક્તિ ભાવિત સભ્યોએ પ્રભુભક્તિની સુંદર જમાવટ કરી હતી. પ્રભુજીની આંગી સુંદર રચાઇ હતી. રાધનપુર નિવાસી શ્રી રમણીકલાલ મણીલાલ, મુક્તિલાલ મોમૈયા તથા ચમનલાલ બાપાલાલ વગેરે ભાઈઓની પ્રભુભક્તિ પ્રશંસનીય હતી. પ્રભુદર્શન માટે ઉલ્લાસપૂર્વક લોકોએ લાભ લીધો હતો.

શુદિ આઠમ ગુરુવારના બપોરે શ્રી નવપદજીની પૂજા શ્રી સુનીતિ મહિલા મંડળની બહેનોએ ભણાવી હતી. બ્હેનોની હાજરી સારી હતી. પૂજામાં પ્રભાવના થઇ હતી.

આજની પૂજા શ્રી નાનચંદ જૂઠાભાઇ દોશી

તથા શ્રી ચંપાલાલજી સોભાગચંદજી તરફથી હતી. રાત્રે પાટણનિવાસી સંગીતકાર ભાઇ શ્રી લક્ષ્મીચંદ પોતાનાં સર્વે સાજ સાથે આવ્યા હતા. પૂજા-ભાવનામાં લોકોની મેદની ચિકાર હતી. પ્રભુભક્તિની સુંદર છોળો ઉછળતી હતી.

પ્ર. શ્રા. **શુદિ દશમ** શુક્રવારે બપોરે શ્રી વેદનીય કર્મ નિવારણ પૂજા શ્રી સુવ્રત મહિલા મંડળની બ્હેનોએ ભણાવી હતી. બ્હેનોની સંખ્યા ભરચક હતી. આજની પૂજા શ્રી અંધેરી જૈન સંઘ તરફથી હતી. રાત્રે ભાવનામાં શ્રી લક્ષ્મીચંદભાઇએ પ્રભુભક્તિની જમાવટ કરી હતી.

પ્ર. શ્રા. **શુદિ અગીયારસ** ને શનિવારે બપોરના સાવરકુંડલાનિવાસી શેઠ અમરચંદ કુંવરજી તરફથી શ્રી નવગ્રહ પૂજન, દશ દિક્પાલ પૂજન આદિ વિધિ-વિધાનો થયા હતા. ક્રિયાકારકોએ અનુષ્ઠાનો વિધિવિધાન પૂર્વક સુંદર રીતે કરાવ્યા હતા. હજારોની માનવમેદની હતી. ગવૈયા કાન્તિલાલ સત્તરભેદિ પૂજામાં પોતાના સાજ સાથે આવ્યા હતા. રાત્રે ભાવનામાં શ્રી જૈન સંયુક્ત મંડળના સભ્યોએ ભક્તિરસ જમાવ્યો હતો.

પ્ર. શ્રા. **શુદિ બારશ** રવિવારના દિવસે શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજા એક સદ્ગૃહસ્થ તરફથી ભારે ઠાઠથી ભણાવાઇ હતી. પૂજા તથા ભાવનામાં શ્રી મહાવીર જૈન સંયુક્ત મંડળે ભક્તિની સુંદર ધૂન જમાવી હતી. આજે પૂજામાં સારી સંખ્યામાં માણસોએ લાભ લીધો હતો.

પ્ર. શ્રા. **શુદિ તેરશે** શેઠ ગોવિંદજી જેવત ખોના તરફથી શ્રી મોહનીય કર્મ નિવારણ પૂજામાં સંગીતકાર શ્રી લક્ષ્મીચંદભાઇ હતા. લોકોની મેદની આજે ચિક્કાર હતી. રાત્રે ભાવનામાં શ્રી જૈન સંયુક્ત મંડળે ભક્તિરસની છોળો ઉડાડી હતી.

પ્ર. શ્રાવણ સુદિ ચૌદશે કૃષ્ણાનિવાસી શાહ દેવજી દામજીભાઇ તરફથી શ્રી જ્ઞાનાવરણીય કર્મ નિવારણ પૂજા ભણાવાઇ હતી. પૂજામાં ગવૈયા અંબાલાલભાઇ આવેલ. પૌષધ વ્રતધારીઓ તથા અન્યાન્ય ભવિકોની ભારે મેદની હતી. રાત્રે ભાવનામાં શ્રી જૈન સંયુક્ત મંડળે ભક્તિની રમઝટ જમાવેલ.

પ્ર. શ્રા. સુદિ પુનમને બુધવારે વહેલી સવારથી અષ્ટોત્તરી શાંતિસ્નાત્રના વિધિવિધાનો માટે ક્રિયાકારકો તથા સહાયક ભાઇઓ તૈયારીમાં પડયા હતા. દહેરાસરનો ભવ્ય મંડપ ભરાઇ ગયો હતો. લીલા તોરણો, કેળના થાંભલા, ફળ-ફળાદિ, નૈવેદ્યો આદિની સંખ્યાબંધ પાટોથી રંગમંડપ શોભી રહ્યો હતો.

વિજય મુહૂર્તે ગંભીર ધ્વનિએ શ્રી બૃહત્ શાંતિસ્નાત્ર વિધિની શરૂઆત થઇ હતી. પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીએ શાંતિશ્લોકોથી પ્રારંભ કર્યો હતો. સેંકડો સ્ત્રી-પુરૂષો ન્હાઇ ધોઇ સ્નાત્રીયા તરીકે ક્રિયામાં જોડાયા હતા. શ્રી બૃહત્ શાંતિસ્નાત્ર કલકત્તાનિવાસી શેઠ શ્રી મણિલાલ વનમાલીદાસ તથા કચ્છ ગોધરા નિવાસી શાહ શિવજીભાઇ વેલજીભાઇ તરફથી ભણાવાયેલ. હજારો ભાવિકો દહેરાસરજીના વિશાળ મંડપમાં ક્રિયાના સૂત્રો સાંભળવા ઉત્સુક હૃદયે હાજર હતા. શાંતિપૂર્વક ક્રિયાના વિધિવિધાનો ચાલુ થયા. હજારોની માનવમેદની જામી હતી. પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રી આદિ મુનિમંડળ શાંતિસ્નાત્ર સૂત્રોચ્ચાર કરાવી રહ્યા હતા. સ્વર્ગીય પૂ. પંન્યાસજી શ્રી સુબુદ્ધિવિજયજી મહારાજના ઓઇલ પેઇન્ટ

ફોટો ચોમેર ઈલેક્ટ્રિક લાઇટથી શણગારીને મૂક્યો હતો.

આજનો દિવસ ખૂબ જ પ્રસન્ન હતો. શાંત મધુર વાતાવરણ મય બન્યો હતો. લગભગ સાડાચાર વાગે ક્રિયાની પૂર્ણાહૂતિ થઇ. ત્યારબાદ શાંતિકળશ, આરતિ, મંગળદીવો થયાં હતાં. તે દિવસે જીવદયાની ટીપ સારી થઇ હતી. શહેરના અનેકાનેક સંભાવિત આગેવાનોની હાજરી ધ્યાન ખેંચનારી હતી.

શ્રી નાનચંદ જૂઠાભાઇ દોશીએ ઉછામણીથી શાંતિકળશ કર્યો હતો.

આજે અનુષ્ઠાનોમાં ભાગ લેનારા તથા બહારગામના ભાઈઓ માટે જમણ હતું. ખાસ તૈયાર કરેલા લાડુ સાથે પુરીનું સેંકડો ગરીબોને પણ જમણ આપવામાં આવ્યું હતું.

શાસનપતિ મૂલનાયક ભ૦ શ્રી મહાવીરસ્વામીજીને ભારે ઝવેરાતથી સુંદર આંગી રચવામાં આવી હતી. આ સર્વે દિવસોમાં આંગીની વિવિધ આકર્ષક તથા ભવ્ય રચનાઓ શ્રી રમણીકલાલ મણિલાલે સતત પરિશ્રમ લઇ પ્રભુભક્તિ અને મમતાથી પોતાના પ્રાણ પૂરીને રચી હતી.

લાલબાગના વ્યાખ્યાનહોલમાં શ્રી ચિંતામણીજી પાર્શ્વનાથના દહેરાસરમાં પણ દરરોજ ભવ્ય અંગરચનાઓ પાટણનિવાસી ચીમનલાલ બાપાલાલ કરતા હતા.

આજે ચોમેર રોશની ઝળકતી હતી. પાંચથી છ હજાર ભાઇ બહેનોએ દર્શનનો લાભ લીધો હતો.

જૈન અને જૈનેતર સૌ કોઇને છૂટે હાથે પ્રભાવના વહેંચવામાં આવી હતી. પૂજાના સર્વે દિવસો દરમિયાન પણ પ્રભાવના ચાલુ હતી.

આ મહોત્સવ પ્રસંગે બહારગામથી સારી સંખ્યામાં ભાઇઓ આવ્યા હતા.

લાલબાગને આંગણે આ મહોત્સવ અપૂર્વ અને અદ્‌ભુત રીતે ઉજવાઇ ગયો. પૂ૦ પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર, પૂજ્ય મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ૦ પૂ૦ મુનિરાજ શ્રી ગુણાનન્દવિજયજી મ૦ તથા લાલબાગમાં ક્રિયા કરનારા આરાધક શાસનરસિક ભાઇઓ અને સેવાભાવી શ્રી નાનચંદ જૂઠાભાઇ દોશી, આંગીરચનાકાર શ્રી રમણિકલાલ ભાઈ, શ્રી ધરમચંદ સિરિયા, ચંપકલાલભાઈ, હરગોવનદાસ મણીયાર આદિ તથા ક્રિયાકારકો શ્રી ચમનલાલભાઇ, શ્રી જીવણલાલભાઇ, શ્રી નાગરદાસભાઈ, આ સર્વેનો પરિશ્રમ, ખંત, મમતા, દેવગુરુ–ભક્તિ અને સેવાભાવ ઉલ્લેખનીય બન્યો હતો.

સ્વર્ગીય પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી સુબુદ્ધિવિજયજી મહારાજના આત્માની શાશ્વત શાંતિને ઇચ્છનારો આ શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિનો મહોત્સવ ખરેખર તેમની આરાધનાના શિખર પર કળશ તુલ્ય બન્યો હતો. અને તેમના સંસારી સુપુત્ર તથા દીક્ષિત જીવનમાં તેમના ઋણભારમાં રહેલા પૂ૦ પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરની પોતાના ઉપકારી પ્રત્યેની અર્ધ્યાંજલિ રૂપ હતો.

પૂજ્ય સ્વર્ગીય પંન્યાસજી મહારાજ શ્રીના સંસારી પુત્રી તથા વર્તમાનમાં શ્રી સાધ્વીજી શ્રી દર્શનશ્રીજીનો પણ આ મહોત્સવ અંગે સારો ફાળો હતો.

પ્રભુભક્તિનો આ પ્રસંગ ચતુર્વિધ સંઘ માટે ગૌરવ રૂપ બન્યો હતો. મુંબઇના તેમજ પરાઓના હજારો ભાઇ–બહેનોએ જેમાં લાભ

લીધો હતો, તથા જેમાં ભક્તિવંત ભાઇઓએ હજારોનો ખર્ચ કર્યો હતો.

પ્ર. શ્રાવણ વદિ ચોથથી શ્રી અંધેરી જૈન સંઘ તરફથી પણ અઠ્ઠાઈ મહોત્સવનો શુભ પ્રારંભ થયો હતો. જેમાં શ્રી કરમચંદ જૈન પૌષધશાળાના ભવ્ય હોલમાં પૂજાઓ ભણાવાઇ હતી અને પ્રભુજીને સુંદર અંગરચનાઓ થઇ હતી.

પૂજ્ય સ્વર્ગીય મહારાજશ્રીના સ્વર્ગારોહણ નિમિતે શ્રી સુરત જૈન સંઘ તરફથી છાપરીયા શેરીમાં પંચ કલ્યાણક મહોત્સવ ઉજવાયો હતો.

આમોદ, મોરબી, પાટણ, વાપી, નડીયાદ, વગેરે શહેરોમાં પણ પૂજા આદિ પ્રભુભક્તિ નિમિત્તે આ પ્રસંગને અંગે સમારોહો ઉજવાયા હતા.

આપણે ઇચ્છીએ છીએ કે પૂ૦ સ્વ૦ પંન્યાસજી મહારાજ શ્રી સુબુધ્ધિવિજયજી ગણિવરશ્રીનો ભાગ્યશાળી આત્મા જ્યાં હોય ત્યાં શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિના બાહ્ય તથા અભ્યંતર નિમિત્તો પામી અંતે શાશ્વત સુખધામમાં વિશ્રામ પામો! (મળેલું)

## આગામી અંકથી શરૂ થશેઃ સિદ્ધહસ્ત લેખકની કલમે 'કલ્યાણ'ની ચાલુ વાર્તાઃ

ગૂજરાતના સિધ્ધહસ્ત સાહિત્યકાર, સુપ્રસિદ્ધ ઐતિહાસિક કથાલેખક ભાઇ શ્રીયુત મોહનલાલ ચુનીલાલ ધામી, જેઓશ્રી છેલ્લા ચાર વર્ષથી 'કલ્યાણ' પ્રત્યેની મમતાને વશ થઇને આત્મીયભાવે નિઃસ્વાર્થવૃત્તિયે 'કલ્યાણ'માં ચાલુ ઐતિહાસિક કથા રસમય શૈલીયે આલેખી રહ્યા છે, જેના પ્રત્યે હજારો વાચકોનાં દિલ આકર્ષાયેલાં છે. ને દર અંકે પ્રસિદ્ધ થતી કથા વાંચવા સર્વે તલપાપડ બને છે. આ અંકે તે ચાલુ કથા 'રાજદુલારી' પૂર્ણ થાય છે. 'કુલવધૂ' કથા બાદ 'રાજદુલારી': આ બન્ને ઐતિહાસિક કથાઓ જૈન કથાનુયોગના સાહિત્યમાંથી તેના પ્રાણને જાળવીને ભાઈ શ્રી ધામીએ પોતાની સિદ્ધહસ્ત કલમે ભવ્ય શૈલીયે અદ્ભુત રીતે આલેખેલી છે.

ભાઇ શ્રી ધામીએ આવી અનેક ઐતિહાસિક કથાઓ જૈન કથાસાહિત્યમાંથી લઇને આલેખેલી છે. જેમાં સિધ્ધ વૈતાલ,' 'બંધન તૂટ્યાં,' 'રૂપકોશા,' 'મગધેશ્વરી,' 'વિશ્વાસ' ઇત્યાદિનો સમાવેશ થાય છે. આ ઐતિહાસિક કથાગ્રંથોને શું જૈન કે શું જૈનેતર સર્વકોઈ હોંશે વાંચે છે. 'સૌરાષ્ટ્ર'ના દૈનિક ફૂલછાબમાં 'ઉંચો ગઢ ગિરનાર' તેમની ઐતિહાસિક કથા પૂર્ણ થયા બાદ હાલ 'નટરાજ' કથા ચાલુ છે. જેને હજારો વાચકો જૈન-જૈનેતર વર્ગ દર રવિવારે ઉત્સાહપૂર્વક વાંચે છે.

અનેકાનેક વૈદ્યકીય, સાહિત્યક ઈત્યાદિ પ્રવૃત્તિઓમાં તેઓ સંકળાયેલા છતાં અમારી આગ્રહપૂર્વકની વિનંતિને લક્ષ્યમાં લઇ, 'કલ્યાણ' પ્રત્યેના અતિશય મમતાભાવને વશ થઇ આગામી અંકથી નવી ઐતિહાસિક કથા તેઓ આલેખશે! સર્વ કોઇ 'કલ્યાણ'ના આગામી અંકથી શરૂ થતી સિધ્ધહસ્ત લેખક તથા મહાગૂજરાતના સુપ્રસિધ્ધ સાહિત્યકારની ભવ્ય લેખિનીથી આલેખાતી અદ્ભુત ઐતિહાસિક ચાલુ વાર્તાને વાંચવાનું ન ભૂલે!

પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વમાં ક્ષમાપનાનો મહિમા ઘણો અગત્યનો છે. એ ક્ષમાપનાના આદર્શને તથા તેની મહત્તાને માનસશાસ્ત્રની દષ્ટિએ વ્યવહારૂ શૈલીમાં અહિં ચર્ચવામાં આવેલ છે. હિંદી માસિક 'સરિતા'ના આધારે આ લેખ સંકલિત કરીને સાભાર અહિં મૂકયો છે. ક્ષમા કરજો 'મિચ્છા મિ દુક્કડ'' નું બાહ્ય દષ્ટિએ બોધ રૂપ છે. જો કે 'મિચ્છા મિ દુક્કડ'' શબ્દનો અર્થ ગંભીર તથા પરમ પવિત્ર છે. પણ હૃદયની શુદ્ધિ વિના મલિનહૃદયે પશ્ચાત્તાપના ભાવ વિના આવા શબ્દોનો વ્યવહાર દંભને કેટલીક વખતે પોષે છે, એવું ન બનવા પામે તે માટે આ લેખમાં ચેતવણીનો સૂર ઉચ્ચારવામાં આવ્યો છે.

★

# 'ક્ષમા કરજો શબ્દનું મહત્ત્વ'

★

—શ્રી સંતોષ સકસેના

'**મા**ફ કરજો!' બધા મળીને પાંચ અક્ષરોનું નાનકડું વાકય. દેખાવમાં પણ સાદું–સીધું. પણ એનું પેટ મોટું છે. આનું પ્રમાણ એ સ્થિતિમાં મળે છે કે જ્યારે હકીમ લુકમાનની દવા પણ બેકાર સિદ્ધ થાય છે. પણ આ 'ક્ષમા કરજો' ખૂબજ કુશળતાપૂર્વક પોતાની ધ્યેયસિદ્ધિ કરી લે છે.

✽

'માફ કરજો'–વાકયની શક્તિ અપરંપાર છે. અને મનુષ્યથી માંડીને ઇશ્વર સુધી અને પૃથ્વીથી માંડીને સ્વર્ગ સુધી, પાતાળથી આકાશ સુધી એનું માહાત્મ્ય ગણાય છે.

✽

'જ્યાં ન જાય રવિ ત્યાં ન જાય કવિ' એવી એક પ્રસિદ્ધ કહેવત છે પણ માનવ–મનના જે અંધારા ખૂણામાં કવિને પહોંચવાનું પણ મૂશ્કેલ છે ત્યાં નમ્રતાના રથ પર આરૂઢ થઇને 'માફ કરજો' વાકયે પહોંચી શકાતું હોય એમ લાગે છે, અને એ પછી પોતાની મનપસંદ વસ્તુ પ્રાપ્ત કરવામાં ઘણી વાર એ સફળ પણ થયેલ છે.

તમે મોટામાં મોટો અપરાધ કરો, પણ 'માફ કરો' એમ કહ્યા પછી કોઈ તમને તો દંડ કરે તો એ પોતેજ મૂર્ખ હોવો જોઇએ–કેમકે મોટા મોટા ગુરુએ ક્ષમાનો આદર્શ અપનાવવાની હિમાયત કરી છે.

✽

તોપ, તલવાર, આદિ શસ્ત્રઅસ્ત્ર તો માનવ શરીર પર જ પોતાનું બળ પ્રદર્શન કરે છે, પણ 'માફ કરજો' એ એક એવું શસ્ત્ર છે જે માનવહૃદયને પ્રભાવિત કરે છે. તલવાર માનવીનાં અંગોને કાપી શકે છે, પણ ક્ષમા મનુષ્યની ભાવનાને સ્પર્શે છે. તલવાર મનુષ્યને નાબૂદ કરે છે, ક્ષમા બગડતી બાજીને સુધારી આપે છે.

✽

વ્યવહારના ક્ષેત્રમાં જ નહિ, સિદ્ધાંતની દષ્ટિએ પણ ક્ષમા શબ્દના મહિમાગાન સાંભળવા મળે છે. ક્ષમા પાપીને પણ પુણ્યાત્મા બનાવી દે છે. માર્ગ ભૂલેલાને સુમાર્ગ પર લાવી શકે છે. પડેલાને ઉન્નતિ બક્ષે છે. મહાન કહેવાતા આત્માની મહત્તાનું મૂળ એમનામાં જીવમાત્ર માટે રહેલ દયા, ક્ષમાની ભાવનામાં રહેલું છે.

'ક્ષમા' શબ્દ કોઇના મુખમાંથી નીકળે તો એનું ઉચ્ચારણ કરનાર અંતઃકરણની

શુદ્ધતાના પ્રતીક રૂપે એને ગણુવામાં આવે છે. પણુ આજકાલ જાણે કે એવી હવા ચાલી રહી છે, અથવા તો એમ કહો કે આજકાલની સભ્યતા અને શિષ્ટાચારની વિશેષતા 'મુખમાં રામ અને બગલમાં છુરી' એ કહેવતમાં સમાઇ જાય છે.

❋

આપણી નૈતિકતાનું આ કેટલું હલકું ઉદાહરણ છે. સત્યનું અપમાન કરવાની આ કેટલી ઘૃણાપાત્ર ચેષ્ટા છે. આજકાલ તો વિશ્વાસઘાત અને બેઇમાની જેવા અપરાધો માટે પણ 'ક્ષમા કરજો' વાક્ય તેનું ઢાંકણુ બની જાય છે.

વાત વાતમાં 'ક્ષમા કરજો' વાક્યનો ઉપયોગ આપણી નમ્રતાની નીશાની નથી, પણુ આપણી ધૃષ્ટતા અને નિર્લજ્જતાનું સૂચક છે. કારણુ કે આપણે જો એક વાર આપણા કાર્ય પર પશ્ચાત્તાપ કરીને અંતઃકરણપૂર્વક ક્ષમા માગી હોય તો બીજી વાર એવો દોષ ન થાય તેની કાળજી રાખવી

આપણી ધૂર્તતા પર પડદો નાખવા માટે આવા મહત્ત્વપૂર્ણ શબ્દોનો ઉપયોગ કરીને આપણે શબ્દોનું મહત્ત્વ ન ઘટાડીએ. એમ કરવાથી સમાજના નૈતિક પતનમાં સહાયક થઇએ છીએ અને સૌથીએ વિશેષ તો આપણા આત્માને છેતરીએ છીએ.


| જૈન જ્યોતિષનું<br>અજોડ<br>નવું પ્રકાશન | ભવિષ્ય ભાવફળ | ત્રીજી આવૃત્તિ<br>મૂલ્ય<br>રૂા. સાત. પો. અલગ |
|---|---|---|

: લેખક :

સ્વ. તલકચંદ શીરચંદ શાહ જૈન જ્યોતિષી

જેની અંદર અગિયાર અધિકાર છે. ભવિષ્ય જાણુવાની વિદ્યા માટે ખરેખર ઉત્તમ છે. પૂ સાધુ-સાધ્વી મહારાજો માટે પોષ્ટેજ માફ. દશ વર્ષે ફરીથી નવી આવૃત્તિ સુધારા–વધારા સાથે બહાર પડી છે.

—: પ્રાપ્તિસ્થાનો :—

૧ તલકચંદ શીરચંદ શાહ વાયા : તલોદ રૂપાલ [ સાબરકાંઠા ]
૨ મેઘરાજ જૈન પુસ્તક ભંડાર કીકા સ્ટ્રીટ ગોડીજીની ચાલ મુંબઇ–૨
૩ સોમચંદ ડી. શાહ જીવનનિવાસ સામે પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]

# દ્રવ્યાનુયોગની મહત્તા.

પૂ૦ પંન્યાસજી શ્રી ધુરંધરવિજયજી ગણિવર

(ઢાળ-૧૫ મીના પૂર્વ દુહા-આઠ)

વિશ્વમાં ગણનાપાત્ર સ્થિતિમાં આવેલા આત્માઓમાં કેટલાક ક્રિયાપ્રધાન હોય અને કેટલાક જ્ઞાનપ્રધાન હોય છે. ક્રિયાપ્રધાન આત્માઓ કરતાં જ્ઞાનપ્રધાન આત્માઓ હંમેશા ઉચ્ચ સ્થિતિ અનુભવતા હોય છે. ક્રિયામાં જે શ્રમ છે તે કરતા જ્ઞાનમાં શ્રમ વિશેષ છે એ હકીકત છે, ક્રિયા ગમે તે આત્મા કરી શકે છે, જ્યારે જ્ઞાન માટે એમ નથી. જ્ઞાન ગમે તે આત્મા મેળવી શકતો નથી. છતાં એટલું ચોક્કસ છે કે જ્ઞાન પ્રાપ્ત કરનાર આત્મા જો એમ માને કે મારે ક્રિયાની કાંઇ જરુર નથી તો તે ખરેખર જ્ઞાની નથી. ક્રિયાની પરમ આવશ્યકતા છે. એ સિવાય ફળપ્રાપ્તિ થઇ શકતી નથી. એ પ્રકારનું જ્ઞાન કે જે જ્ઞાન મૂળભૂત છે, એ જેને પ્રાપ્ત નથી થયું કે નથી કર્યું તે જ્ઞાની શેનો? બીજી બાજુ જડક્રિયામાં ગળાબૂડ ડૂબી ગયેલા જીવો કે જેઓ કાંઈપણુ જાણુતા નથી તેઓ ઘાંચીના બળદની માફક કેવળ ગોળ ચક્કર ફર્યા જ કરે છે. એટલે આત્માને ઉન્નત પથમાં લઈ જવા માટે જ્ઞાન પ્રાપ્ત કરવું પરમ આવશ્યક છે. ક્રિયા કરીને પણ આત્માને કેવળ જ્ઞાન જ મેળવવાનું છે ને! એટલે જ્ઞાન મેળવવા તરફ રૂચિ કેળવીને તે અંગે ઉદ્યમ કરવો.

જ્ઞાનના અનેક પ્રકારો છે. તેમાં દ્રવ્યાનુયોગનું જ્ઞાન શ્રેષ્ઠ કોટિનું છે. દ્રવ્યાનુયોગનું અધ્યયન બુદ્ધિની સૂક્ષ્મતા અને સ્થિરતા વગર કરી શકાતું નથી. અધ્યયન કરાવનાર યોગ્ય ગુરૂ મળે તોજ એ અધ્યયન શક્ય બને છે. અન્યાન્ય શાસ્ત્રોનો અભ્યાસ અને પરિચય દ્રવ્યાનુયોગના અધ્યયનમાં આવશ્યક છે. અનુભવજ્ઞાન-શક્તિ-સામર્થ્ય હોય ત્યારે દ્રવ્યાનુયોગમાં ગતિ થાય છે, દ્રવ્યાનુયોગનું નિરૂપણુ કરવામાં પણ ઉપરના સાધનો અનિવાર્ય છે.

દ્રવ્યાનુયોગ એ શ્રી જિનેશ્વરના વચનનો સાર છે. એ અનુયોગમાં લીન થયેલા આત્માને પરમપદ-મોક્ષપદનો આસ્વાદ આવે છે. દ્રવ્યાનુયોગની વિચારણામાં સ્થિર થતો આત્મા શુક્લ ધ્યાન પ્રાપ્ત કરે છે, કેવળજ્ઞાન મેળવે છે, અને મોક્ષના શાશ્વત સુખનો ભોગી બને છે.

માટે મોક્ષપદની ચાહનાવાળા આત્માઓએ દ્રવ્યાનુયોગનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઇએ. જે આત્મા દ્રવ્યાનુયોગમાં રંગ-ઉત્સાહ ધારણુ કરે છે, તે પંડિત કહેવાય છે.

બાળ જીવો બાહ્ય ચિન્હોને આધારે સારા-નરસાનો વિવેક કરે છે, તેઓ સાત્ત્વિક વિચારણા કરી શકતા નથી. મધ્યમ પ્રકારના જીવો ક્રિયામાં-હિતકર ક્રિયામાં રચ્યા-પચ્યા રહે છે. તેઓ પણ સાત્ત્વિક અધ્યયન કરવાનો ઉત્સાહ ધરાવતા નથી. જ્યારે પંડિત પુરૂષો તત્ત્વવિચારણા કરીને આગળ વધે છે, આ હકીકત શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ષોડશક ગ્રંથમાં સ્પષ્ટ જણાવી છે તે આ પ્રમાણે.

बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम्
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥१॥

✶

આગીયો એક નાનું જીવડું છે, અંધારામાં એ ચમકે છે, એને ખજુઓ પણ કહે છે, સંસ્કૃતમાં તેને ‘खद्योत’ કહે છે, પણ પ્રભાતમાં જ્યાં આદિત્ય-સૂર્યનો પ્રકાશ પથરાય છે ત્યાં એ આગીયો તો ક્યાંય અલોપ થઈ જાય છે. આગીયા ને સૂર્યની સરખામણી ન થઇ શકે. જ્ઞાન વગરની ક્રિયા એ આગીયા સમી છે અને ક્રિયા રહિત કેવળ જ્ઞાન એ સૂર્ય સમાન છે, ક્રિયા અને જ્ઞાન માટેની આ સરખામણી સમજવા માટે પણ સૂક્ષ્મ દૃષ્ટિની આવશ્યકતા છે.

કેવળ ક્રિયાવાદીઓ અલ્પ ક્રિયા કરનારા-મંદ-ક્રિયાવાળા જ્ઞાનીઓની અવહેલના કરતા નજરે પડે છે. તેનું કારણ પણ તે જ છે કે તેનાં મનમાં જ્ઞાનની મહત્તા વસી નથી. તેઓ ક્રિયાની પ્રધાનતા એવી તો સમજી બેઠા હોય છે કે જાણે આરાધના તો અમે જ કરીએ છીએ, પણ સાચી ક્રિયા કરનારો આત્મા જ્ઞાનીનું બહુમાન કરનારો હોય. નહિં કે તેને નિન્દનારો.

જ્ઞાની પણ શક્તિ હોવા છતાં ક્રિયામાં પ્રમાદ ન કરતો હોય, પણ તેનો જ્ઞાનયોગ એટલો પ્રબળ હોય કે કેટલીક ક્રિયાઓ તે જતી કરે. કેટલીક એવી ક્રિયાઓ એ ન કરતો હોય તેથી તે ક્રિયા વગરનો થઇ જતો નથી. યતના આદિ તો તેના જીવનમાં વણાયેલા હોય જ. એવા જ્ઞાની જે વેગથી મોક્ષમાં આગળ વધતા હોય છે એ ખરેખર અદ્‌ભુત હોય છે. એવા જ્ઞાનીઓનો પ્રકાશ સૂર્યની માફક વિશ્વને અજવાળતો હોય છે.

યોગદૃષ્ટિ સમુચ્ચયમાં આ અધિકાર આ પ્રમાણે છે.

**"तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया।**
**अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव" ॥ १ ॥**

✿

ક્રિયાથી કર્મક્ષય થાય છે. અને જ્ઞાનથી કર્મક્ષય થાય છે. પણ એ બન્ને કર્મક્ષયમાં મોટું અન્તર છે. ક્રિયાથી કરેલો કર્મક્ષય ચિરકાળ ટકતો નથી, ફરી સંયોગો મળતા જીવ કર્મબહુલ બની જાય છે. જ્યારે જ્ઞાનથી કરેલો કર્મક્ષય કાયમી બને છે. ફરીથી કર્મ એ આત્માને વળગતું નથી.

રોગનો ઉપચાર ઉપર ઉપરથી કરવામાં આવે તો સ્વલ્પ સમય માટે રોગ શાંત થઇ જાય છે, પણ જ્યાં સુધી તેના મૂળભૂત કારણો ચાલુ હોય છે, ત્યાં સુધી એ રોગ ફરીફરી ઉભળ્યા કરે છે, પણ જ્યારે તેના મૂળભૂત કારણો શાંત થઈ જાય છે. નાશ પામે છે, ત્યારે એ રોગ ઉભળતો નથી. કર્મરોગને દૂર કરવા માટે ક્રિયાનો ઉપચાર ઉપર-ઉપરનો છે. અને જ્ઞાનનો ઉપચાર મૂળ કારણને દૂર કરે છે. જે માટે ઉપદેશપદમાં કહ્યું છે, કે-ક્રિયામાત્રથી કરેલો કર્મક્ષય દેડકાના ચૂર્ણ સમાન છે. અર્થાત્ દેડકાઓ ચોમાસા બાદ ચૂર્ણ રૂપ થઇને માટીમાં મળી જાય છે, દેખાતા નથી, પણ પાછું તેના પર વરસાદનું પાણી પડતા દેડકાઓના ઢગલે ઢગલા ડ્રાંઉ-ડ્રાંઉ કરતા ઉપજી જાય છે. એ પ્રમાણે ક્રિયાથી થયેલ કર્મક્ષય ફરી સંયોગ મળતા વધી જાય છે, તેનો કાયમી અંત આવતો નથી. જ્ઞાનથી થયેલો કર્મક્ષય ભસ્મ સમાન થાય છે, ભસ્મીભૂત થયેલ પદાર્થને ફરી ગમે તેમ કરો તો પણ એ ઉત્પન્ન થશે નહિ. એમ જ્ઞાનથી થયેલ કર્મક્ષય ફરી આત્માને બાંધી શકતો નથી. એ અર્થ સમજાવતી ગાથા આ પ્રમાણે છે.

**मंडुक्कचुन्नकप्पो, किरिआजणिओ खओ किलेसाणं**
**तद्दड्ढचुन्नकप्पो, नाणकओ तंच आणाए ॥ १ ॥**

સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એટલે આત્માની સમજ જે હોય છે, તે તથ્ય અને સત્ય ગણાય છે. સમ્યક્ત્વ રહિત આત્માની સમજ મિથ્યા ગણાય છે. એ સમજને અજ્ઞાન કહેવામાં આવે છે. અને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદ એજ અજ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાનથી આત્માના અધ્યવસાય શુભ અને શુદ્ધ રહે છે.. સંયોગવશ તેને કોઇ પાપ સેવવું પડે તો પણ તે આત્મા તેમાં લેપાતો નથી. એટલે તેના પરિણામમાં નિધ્વંસપણું આવતું નથી. કદાચ સમ્યક્ત્વ ચાલ્યું જાય અને જીવ મિથ્યાત્વે જાય તો પણ તે કોડાકોડિ ઉપર કર્મસ્થિતિને બાંધતો નથી. આગમમાં એક વખત પણ સમ્યક્ત્વ પ્રાપ્ત કરેલા જીવને માટે કહ્યું છે કે-

**'बंधेण न वोलइ कयावि"**

બીજા ગુણો આવ્યા પછી જાય પણ ખરા-અર્થાત્ કોઈ જીવ આજ તપ-જપ આદિ ખૂબ કરતો હોય તેને આપણે કાલાંતરે ગપ-સપ કરતો પણ જોઇએ છીએ. જ્યારે જ્ઞાન ગુણ એવો છે કે જે આવ્યા પછી જતો નથી.

મહારાજા શ્રેણિકના પુત્ર નંદિષેણ જ્ઞાની હતા. પ્રવ્રજ્યા લીધી હતી. સુન્દર સંયમની આરાધના કરતા હતા. પણ ભોગકર્મના પ્રબળ ઉદયથી પડી ગયા. છતાં પણ જ્ઞાન ગુણના પ્રભાવે પ્રતિદિન વેશ્યા મંદિરે

આવતા દસ જણને પ્રતિબોધ કરીને પછી જ ભોજન કરતા હતા. આ તેમની સમજની વિશેષતા હતી. જ્ઞાનની બલીહારી હતી. અજ્ઞાનીનું આચરણ એવું ન હોય. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવ્યું છે, કે– જેમ સોય સૂત્રયુક્ત–દોરાવાળી હોય ને કચરામાં પડી જાય તો તુરત શોધી શકાય છે, નાશ પામતી નથી. એમ જીવ પણ સૂત્રયુક્ત–જ્ઞાનવાળો હોય છે, તે સંસારમાં પડી ગયો હોય છતાં નાશ પામતો નથી.

ગાથા–આ પ્રમાણે છે.

सूई जहा ससुत्ता, ण णस्सई कयवरम्मि पडिआवि।
इय जीवो वि ससुत्तो, ण णस्सइ गओ वि संसारे ॥

❁

જ્ઞાનીને– શ્રુતજ્ઞાનના પારગામીને શાસ્ત્રમાં કેવળજ્ઞાની સમાન કહેલ છે. શ્રુતજ્ઞાની પ્રવચન કરે ત્યારે શ્રોતાને કેવળી ભગવંત પ્રવચન કરતા હોય અને જે ભાવો જણાવતા હોય એ પ્રમાણે જ જણાય. કારણ કે કેવળજ્ઞાની પણ પદાર્થોની પ્રરૂપણા તો વચન–શબ્દ દ્વારાજ કરે, એવો વચનવ્યવહાર તો જ્ઞાની–શ્રુતજ્ઞાની પણ કરે.

બૃહત્કલ્પ–સૂત્રમાં કેવળી અને શ્રુતકેવળીની સમાનતા દર્શાવી છે. તે આ પ્રમાણે–

"किं गीयत्थो? केवली, चउव्विहे जाणणे य कहणे य।
तुल्ले रागद्दोसे, अणंतकायस्स वज्जणया ॥

જ્ઞાન એ જીવનો પ્રધાનગુણ છે, જ્ઞાન એ ભવસાગર પાર કરવા માટે વહાણ છે, જ્ઞાન એ મિથ્યાત્વરૂપ મહા અન્ધકારનો નાશ કરવા માટે મહાન પ્રકાશ છે. એ જ્ઞાન મેળવવા સતત અપ્રમત્ત ભાવ કેળવવો અને જ્ઞાની બનવું હિતકર છે. (ચાલુ)


——ન વું પ્ર કા શ ન——

## જિનભક્તિ સુવાસમાળા

જેમાં

સ્નાત્રપૂજા, નવસ્મરણ, વિવિધ તપોની વિધિ, પચ્ચક્ખાણો, ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સ્તોત્રો, સજ્ઝાયો, છંદો, દુહાઓ, રાસ વગેરેનો અપૂર્વ સંગ્રહ છે. ક્રાઉન સોળ પેજી ૨૬૦ પેજ બોર્ડપટી સુંદર બાઇન્ડીંગ. છતાં મૂલ્ય ફક્ત રૂા. ૨–૮–૦

ફક્ત સો કોપીજ વેચવાની બાકી છે.

—: લખો યા મળો :—

**શ્રી લાલબાગ જૈન સ્નાત્ર મંડળ**
લાલબાગ જૈન દહેરાસર
——પાંજરાપોળ, મુંબઇ–૪——

તા. ક. મંડળ તરફથી દરરોજ સવારે લાલબાગ જૈન દહેરાસરે સંગીત સાથે ઘણાજ ઠાઠથી સ્નાત્રપૂજા ભણાવવામાં આવે છે.

પુ સ્ત ક આ કા રે

## બાર પર્વની કથાઓ

જેમાં

| | |
|---|---|
| ૧ મેરૂ તેરસ | ૭ હોળીકાપર્વ |
| ૨ મૌન એકાદશી | ૮ દિવાળી કલ્પ |
| ૩ ચૈત્રિ પુનમ | ૯ રોહિણી |
| ૪ અક્ષયતૃતીયા | ૧૦ ચાતુર્માસિક |
| ૫ જ્ઞાનપંચમી | ૧૧ પર્યુષણ |
| ૬ પોષ દશમી | ૧૨ કાર્તિક પુનમ |

ઉપર મુજબ બાર પર્વોની કથાઓનો અપૂર્વ સંગ્રહ છે, નવું પ્રકાશન છે. ક્રાઉન સાઇઝ ૨૪૮ પેજ, બોર્ડપટ્ટી બાઇન્ડીંગ, છતાં મૂલ્ય રૂા. બે. પોસ્ટેજ ચાર આના. રજિસ્ટર્ડથી મંગાવો તો આઠ આના વધુ મોકલવા.

લખો.

**સોમચંદ ડી. શાહ**
**પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

'કલ્યાણ'ના વાચકો તરફથી વારંવાર માગણી થયા કરતી કે ધર્મશ્રદ્ધા, ત્યાગ, તપ, પરોપકાર, ઔદાર્ય ઇત્યાદિ ગુણોમાં પ્રેરણા આપનારા સ્વાનુભવના પ્રસંગો તે તે અનુભવીઓની કલમે અતિશયોક્તિ વિના સરલ શૈલીયે સત્યને વળગીને લખાય તો વાચકોને ઘણું ઘણું જાણવા-વિચારવા મળે, તે દૃષ્ટિયે આ અંકથી આ વિભાગ ઉઘાડવામાં આવ્યો છે, જેઓને આ ઉદ્દેશને અનુરૂપ પોતાના અનુભવની પ્રામાણિક હકીકત સાંભળેલી પણ પૂર્ણ ખાત્રી પૂર્વકની પ્રાપ્ત થઈ હોય તે શ્રદ્ધા, સાત્વિકતા, સંસ્કાર, શિક્ષણ તથા સદ્‌ગુણોની પ્રેરક હોય તો અમને નામ ઠામ સાથે મોકલાવી આપો. તમારે નામ પ્રસિદ્ધ ન કરવું હોય તો હરકત નથી, પણ અમારી જાણ માટે નામ-ઠામ મોકલાવશો.

પૂ૦ મુનિવરોને વિનંતિ છે કે ગામે-ગામ વિહાર કરતાં આપશ્રીને જે કાંઇ આ વિભાગને ઉપયોગી સાહિત્ય પ્રાપ્ત થાય તે અમને મોકલવા કૃપા કરવી. સં૦

## અનુભવની એરણ પરથી

### "શ્રી નમસ્કાર મહામંત્રનો ચમત્કાર"

વિ૦ સં૦ ૨૦૦૩ ના જેઠ મહિનાના દિવસો છે. સેજકપુરથી ધાંધલપુર તરફ વિહાર કરતા ભવિતવ્યતાના યોગે શ્રાવકે ભૂલથી આગળ બે રસ્તા ફાટતા હતા ત્યાંથી ડાબા હાથનો રસ્તો લેવો એમ કીધું હતું, પણ ખરી રીતે જમણા હાથને રસ્તે જવું જોઇએ. આગળ ચાલતા બે રસ્તા હતા, ત્યાં ડાબા હાથનો બરોબર નથી એમ લાગવાથી સાથેના મુનિ-શ્રીને કીધું. એ કહે કે આમાં આપણું ડહાપણ ...ાક, ...ે, સ્થાનિક શ્રાવક ભાઇએ કીધું હોય તે રસ્તે ચાલો.

લગભગ ૧૫૦-૨૦૦ પગલા જતા પહેલા એ ભાઇને પોતાની ભૂલ સમજાઇ કે મહારાજ-શ્રીને રસ્તો ખોટો બતાવ્યો છે, એટલે તે ભાઇ અમારી પાછળ દોડતા આવ્યા અને બૂમ મારી કે ડાબે નહિ પણ જમણી બાજુ જવાનું છે, એટલે અમે પાછા વળ્યા. પાછા વળતા ઝાડીમાંથી એક હાથ જેવડો સાપ કે જે પીળા રંગનો હતો જેને લોકો પડકું કહે છે તે રસ્તા ઉપર આવ્યું. એને ચૂકાવવા મેં કુદકો માર્યો પણ પાછળથી આવી પગમાં પાછલા ભાગે કરડયું. અને ઝેર બરોબર રેડાય માટે ઉંધું પડયું અને પછી તે ચાલી ગયું. મેં વિચાર કર્યો કે પૂર્વ ભવનું કંઇ માંગતો હશે તે લઇ ગયો, એમ માની અમે ચાલવા માંડયું. એટલામાં પાછળ આવતા પૂ૦ ગુરુ-મહારાજ આદિ ભેગા થઈ ગયા, પણ રસ્તામાં દવા વગેરેનું શું સાધન હોય? પરંતુ પૂ૦ મુનિ શ્રી મૃગાંકવિજયજી મહારાજ પાસે 'અમૃત ધારા' કે બિન્દુની શીશી હતી, તેમાંથી જરા ચોપડી. પણ ઝેર ચડવા માડયું. પગે કસીને પાટો બાંધી દીધો અને શ્રી 'નમસ્કાર મહામંત્ર' તથા 'ઉવસગ્ગહરં સ્તોત્ર' ગણતાં ગણતાં ધીમે ધીમે ધાંધલપુર બાજુ ચાલવા માંડયું, અને પાંચ માઇલ ચાલીને ત્યાં પહોંચ્યાં. ત્યાં

બેઠા પછી બે દિવસ તો ઉઠી શકાયું પણ નહિ. પગ ઉપર સોજા ચડી ગયા. લોકો જોઇને કહેવા લાગ્યા કે, 'તમે કેવી રીતે ચાલી શક્યા? કોઇને કરડે તો ગાડામાં નાંખી લઈ જાય અને ઇચ્છિત સ્થાને પહોંચીએ ત્યાંતો ખલાસ થઇ જાય, કોઈક જ બચે છે' મેં તો કહ્યું કે શ્રી દેવગુરુની કૃપાથી અને મંત્રના સ્મરણથી બચી ગયો છું.

સ્થાનિક વૈદ્યે પાલો વગેરે વનસ્પતિ વાટીને લગાડયું પણ ફેર પડયો નહિ. સોજો ઉતર્યો નહિ. શ્રી નમસ્કાર મંત્ર ગણવાનું ચાલુ જ હતું. જેથી સાથળથી ઉપર ઝેર ચઢી શક્યું નહિ અને હું બચી ગયો. અમારા પાસેનો મલમ લગાડયો અને ઉનાપાણી ઝારવાથી સોજો ઉતરી ગયો. ત્રીજા દિવસે વિહાર શરૂ કર્યો અને ચોટીલા પહોંચી ગયા. ત્યાંથી રાજકોટમાં વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામીને બતાવતા ખટાશવાળું ખાવાનું છ મહિના બંધ કર્યું, છતાં બે ત્રણ વર્ષો સુધી વાદળા થાય એટલે માથું ફરે અને ચક્કર આવે. હવે આરામ છે. શ્રધ્ધા હોય તો નવકાર મંત્રથી સર્પનું વિષ આ કાળમાં પણ ઉતરે છે અને તે અનુભવી શકાય છે.

## મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મહારાજ

❋

## જાતિસ્મરણ જ્ઞાનવાળો બાળક

અમારે પૂ૦ ગુરૂણીજીની સાથે ઇડર બાજુ વિહાર કરવાનો થયેલો. વિ૦ સં૦ ૨૦૧૪ ના વૈશાખમાં ઇડરમાં પહોંચ્યા.

ઇડરમાં આજથી રા–૩ વર્ષ પહેલાં એક જૈન ભાઇના બાળકને રા વર્ષની ઉંમરે જાતિસ્મરણ જ્ઞાન થયેલ છે. હાલ તેને વર્ષ પાા થયા છે. અમે તેને ઉપાશ્રયે બોલાવેલ. બાદ નામ તેનું પૂછયું. તેનું નામ પ્રદીપ છે. અમારે તેની સાથે નીચે મુજબ પ્રશ્નોત્તરી થઇ.

'તું ગયા ભવમાં કયાં હતો અને અને તારૂં ઠેકાણું શું છે?'

તેણે જવાબમાં કહ્યું 'હું અમદાવાદમાં હતો અને દરિયાપુર મોટી પોળમાં હતો'

પ્ર૦ તારૂં નામ શું હતું.? તારે ત્યાં કોણ કોણ હતું? કેટલા પુત્ર–પુત્રી હતા?

ઉ૦ મારૂં નામ મને યાદ નથી. મારા મા–બાપ મરી ગયા છે. મારી સ્ત્રીનું.... નામ છે. હું મરી ગયો ત્યારે ૨૮ વર્ષની ઉંમર તેની હતી. બે પુત્રી પ્રવીણા અને કલ્પના. ચાર પુત્રો છે અશોક, કિશોર, મૂકેશ, શૈલેશકુમાર.

પ્ર૦ તું વ્યાપાર શું કરતો હતો? ઘરનું મકાન હતું કે ભાડુતી?

ઉ૦ હું ઘઉંનો વ્યાપાર કરતો અને અમારે ઘરનો બંગલો હતો. ઘરની મોટર હતી.

પ્ર૦ તારે ત્યાં રોકડ કેટલી મૂડી છે? તેમજ તીજોરીમાં છે કે કયાં?

ઉ૦ મારે ત્યાં.... ની રોકડ મીલ્કત છે. તીજોરીમાં રાખતો અને શોખને લઇને મે એક સોનાનું કમળ કરાવેલ છે, તે પણ તીજોરીમાં છે.

પ્ર૦ તારા છોકરા શું ભણે છે? કે નોકરી કે દુકાન શું કરે છે?

છે. ક્રાઉ.

ઉ૦ મોટો અશોક.... ની દુકાન ચલાવતો અને બીજા ભણે છે ને દુકાનમાં પણ બેસે.

પ્ર૦ તું શી નાતે હતો? તારી પોળમાં દેરાસર છે? અને કયા ભગવાન છે?

ઉ૦ હું જૈન હતો. દેરાસર શાંતિનાથજી ભગવાનનું છે. પ્રભુજી કાળા છે.

પ્ર૦ તું ચા પીને દર્શન કરવા જતો કે નહિ? પૂજા કરતો હતો?

ઉ૦ હું ચા પીધા પહેલાં દર્શન કરવા નહિ પણ પૂજા કરવાજ જતો.

પ્ર૦ તું અમદાવાદ જઇ આવ્યો ત્યાં તારે ઘેર ગયો હતો કે નહી?

ઉ૦ હું અમદાવાદ ગયો હતો અને મોટી પોળમાં ગયો પણ બહુ લોક બહુ ભેગું થયું જેથી.... ને ન મળ્યો.

ત્યારબાદ અમે તપાસ કરી તો જાણવામાં મલ્યું કે, ફાગણ સુદમાં તેના મા-બાપ અમદાવાદ લઇ ગયેલ. તેણે સ્ટેશનથી બધો રસ્તો બતાવ્યો પણ ઘણું લોક ભેગું થયું, જેથી શરમાઇ ગયો. ત્યાંથી એના મા-બાપ આચાર્યદેવેશોને વંદન કરવા ગયેલ. ત્યાં પૂજ્ય આચાર્યદેવોએ પણ પ્રશ્ન પૂછ્યા તે બધાના બરોબર ઉત્તર આપ્યા હતા.

તેણે પૂછેલ- તું અહિં સુખી છે કે ત્યાં હતો?

તેણે કહ્યું: ત્યાં તો બંગલો મોટર બધું જ હતું. હું ત્યાં સુખી હતો.

પ્ર૦ તું ત્યાં રોજ શું જમતો?

ઉ૦ હું ત્યાં મિષ્ટાન્ન, શીરો-પુરી, શીખંડ, દુધપાક, ખીર, બાસુંદી વગેરે જમતો. અહીં તો રોજ મિષ્ટાન્ન નથી.

બાદ અમે કહેલું કે, અમારે અમદાવાદ જવું છે, તો તારું એડ્રેસ ને નામ આપ. ત્યારે તેણે પોતાના હાથે જ અમને લખી આપેલું.

આ પ્રમાણે અમારી તેની સાથે ચર્ચા થઇ હતી. જેની અમને સારી અસર થઇ.

**લી. સાધ્વીજી શ્રી રતિપ્રભાશ્રીજી મ૦**

## ભયંકર ધડાકામાં અજબ બચાવઃ

૧૯૪૪ ના મુંબઇના ગોદીના ભયંકર ધડાકાનાં ટાઇમે ગૃહસ્થપણામાં કાથાબજારમાં હું એક પેઢી ઉપર બેઠો હતો. તે વખતે બપોરના લગભગ ૩ વાગ્યા પછી એક વિમાન ગોદી સુધી જઈને તરત જ પાછું ફર્યું. થોડી વાર રહીને પહેલો ધડાકો થતા મકાન ધ્રુજી ઉઠયું. વિચાર કરતાં મામલો ગંભીર લાગ્યો. બધાને સલાહ આપી કે દુકાન બંધ કરી જોખમ લઇ ઘરભેગા થઇ જાવ. પરંતુ કોઇને કલ્પનામાં ગંભીરતા સમજાણી નહી. હું શ્રી નમસ્કાર મહામંત્ર ગણતો હતો. એટલામાં બીજો ધડાકો થયો તે વખતે સ્ટીલની મોટી તીજોરી પાછળ ઉભો હતો. મારી બાજુમાંથી ભયંકર અગ્નિજવાળા પસાર થઇ ગઇ, પરંતુ મંત્રના પ્રભાવે બચી ગયા. એ ધડાકામાં હજારો મરી ગયા અને બંદરનો મોટો ભાગ આગમાં બળીને નાશ પામ્યો. પરંતુ એમાંથી શ્રી અનંતનાથજી જૈન દેરાસરજી સાવ સહીસલામત બચી ગયું. એના પ્રતાપે ઘી બજાર બચી ગયું. તે ચમત્કાર જોઇને તે વખતના વાઈસરોય લોર્ડ વેવલ સાહેબે ભગવાન પાસે આવીને ટોપી ઉતારી નમસ્કાર કર્યા અને કીધું કે 'તમારા ભગવાન ખરા છે. ચારે બાજુ આટલું બધું નુકસાન થવા છતાં દેરાસરજી સેફ છે.' પછી ઘી બજાર તરફથી મહોત્સવ થયો હતો.

**મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મ૦**

# પ્રતિજ્ઞાના પ્રકારો: સાત્ત્વિક પ્રતિજ્ઞાની મહત્તા:

પૂ૦ મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મહારાજ રાધનપુર.

**માનવજીવનની મહત્તા કોઇ પણ કારણે હોય તો તે સંયમ અને તપના કારણે છે, જીવનમાં સંયમને સ્થિર કરનાર ત્યાગ છે, તે ત્યાગની પ્રતિજ્ઞા જેને આપણે પચ્ચક્ખાણ કહીએ છીએ, તે પ્રતિજ્ઞાના કેવલ શાબ્દિક વ્યવહારને અનુલક્ષીને અહિં પ્રકારો દર્શાવ્યા છે. સાથે સાત્ત્વિક પ્રતિજ્ઞાનાં મહત્ત્વને વર્ણવી, તેના પાલનની આવશ્યકતા પર અહિં ભાર મૂકવામાં આવ્યો છે. પ્રતિજ્ઞાને સમજવા માટે આ લેખ ખૂબજ ઉપયોગી તથા મનનીય છે. સર્વ કોઇએ વાંચવા જેવો છે. પર્વાધિરાજની આરાધનાના સુંદર અવસરે પ્રતિજ્ઞાનાં અને તેનાં પાલનની મહત્તાને આપણે સહુ સમજી લઇએ તો કેવું સારૂં!**

✶

પ્રતિજ્ઞા પદાર્થનો અનેક પ્રકારના પારિભાષિક શબ્દોથી ઉલ્લેખ થાય છે. પ્રતિજ્ઞાને કોઇ નિયમ કહે છે, ત્યારે કોઇ બાધા કે અભિગ્રહ શબ્દથી સંબોધે છે. કોઇ પોતાના ચોક્કસ પ્રકારના નિર્ણયને પ્રતિજ્ઞાનું રૂપક આપે છે. કોઇ વચન-કોલને પ્રતિજ્ઞા કહે છે. કોઇ વળી આખડી શબ્દથી નવાજે છે. વ્રત શબ્દથી પણ પ્રતિજ્ઞાનો ઉલ્લેખ કરાય છે. જૈન શાસ્ત્રોમાં પચ્ચક્ખાણ શબ્દ પ્રતિજ્ઞાનો વાચક છે. પ્રતિજ્ઞાઓ કેટલીક સાત્ત્વિક, કેટલીક વ્યાવહારિક, કેટલીક આસુરી તો કેટલીક વૈરભાવના સંબંધવાળી હોય છે.

સાત્ત્વિક પ્રતિજ્ઞાઓનો નંબર મોખરે આવે છે. આખરે આત્માને હિતકારી તેજ પ્રતિજ્ઞાઓ છે. સાત્ત્વિક પ્રતિજ્ઞાઓ સાક્ષાત્ કે પરંપરાએ વિરતિધર્મ સાથે સંબંધ ધરાવનારી હોય છે. એવી પ્રતિજ્ઞાઓનો આદરપૂર્વક સ્વીકાર અને આદરપૂર્વક પાલન થતા આત્મા અવશ્ય પાપરહિત બનતો જાય છે. વૈષયિક અને કાષાયિક વાસનાઓમાં મંદતા આવે છે. માનસિક સ્થૈર્ય પ્રગટે છે. અહિંસાદિ વ્રતોના પાલનમાં ઉત્સાહ વધતો જાય છે. ક્રમશઃ આત્મશુદ્ધિમાં વૃદ્ધિ થાય છે. એનાં જીવનની ઉજ્જવળતા અનુપમ બને છે. સાત્ત્વિક પ્રતિજ્ઞાઓ માનવીને પશુ જીવનમાંથી દિવ્યતા તરફ વાળે છે. મનોમંદિરમાં વિવેકદીપ પ્રગટાવે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિના બોજામાંથી આત્માને મુક્ત કરે છે. આત્મવિનાશક પ્રલોભનો તરફ સાત્ત્વિક પ્રતિજ્ઞાઓ લાલબત્તિ ધરે છે.

પૌદ્ગલિક હેતુને લક્ષમાં રાખી રાગ-દ્વેષ કે મોહથી કરેલી પ્રતિજ્ઞાઓ આ જીવનમાં પણ કષ્ટમાં મુકનારી અને પરંપરાએ સંસારને વધારનારી હોય છે. એવી પ્રતિજ્ઞાઓથી કાંઠે આવેલું જીવનનાવ સંસારસાગરના અગાધ જલમાં ડુબી જાય છે. આવી પ્રતિજ્ઞાઓનો સાત્ત્વિક પ્રતિજ્ઞાઓમાં સમાવેશ થઇ શકતો નથી.

સાંસારિક ક્ષણિક સુખો માટે, વિનશ્વર પદાર્થોની પ્રાપ્તિ માટે આપણે હરકોઇ પ્રતિજ્ઞા કરવાની તમન્ના રાખીએ છીએ, તેવી જ તમન્ના સાત્ત્વિક પ્રતિજ્ઞાઓ માટે રાખીએ તો? વિરતિમાર્ગ તરફ લઇ જનારી પ્રતિજ્ઞાઓ મહાન ફળ આપે છે, એ ભૂલવા જેવું નથી. આત્માનો અધઃપાત કરનારી પ્રતિજ્ઞાઓ માનો કે કદાચ સિદ્ધ થાય અને એથી કદાચ આત્માને ક્ષણિક આનંદ પણ મળી જાય તો પણ એમાં વસ્તુતઃ

કોઇ સિધ્ધિ નથી. આત્માને શુધ્ધિના માર્ગે ન લઇ જનારી, ત્યાગ-વૈરાગ્યભાવને પરંપરાયે નહિ પોષનારી પ્રતિજ્ઞાઓના પરિણામ ભયંકર હોય છે, તેથી એની શિષ્ટ સમાજમાં કશી જ કિંમત નથી.

મનની સાથે પ્રતિજ્ઞાધર્મનો ગાઢ સંબંધ છે. નાનીશી પ્રતિજ્ઞા પણ મનવગરનો પ્રાણી લઇ શકતો નથી. મનવાળા પ્રાણીને પણ મનોબળ વિના પ્રતિજ્ઞાનો સ્વીકાર અશક્ય છે. એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના અનંતાનંત પ્રાણીઓ મનવગરના છે. ચોરાસી લક્ષ યોનિઓમાં પંચેન્દ્રિયપણે દેવતા, નારકી, તિર્યંચો અને મનુષ્યો જ સંજ્ઞી એટલે મનવાળા ગણાય છે, તેમાં નારકીઓ દુઃખથી અને પરાધીનપણે રીબાતા હોવાથી તેઓ પ્રતિજ્ઞાના અધિકારી નથી. દેવતાઓ નિરંતર દિવ્ય સુખમાં આસક્ત હોવાથી પચ્ચકખાણ (પ્રતિજ્ઞા) કરી શકતા નથી. કાદવમાં ખૂંચેલો હાથી કિનારો દેખાવા છતાં બહાર નીકળવાની ઈચ્છા હોવા છતાં નીકળી શકતો નથી, તેમ દેવતાઓ પણ સુખરૂપી કાદવમાં ગળાબુડ ડૂબી ગયા છે, પ્રતિજ્ઞાના રહસ્ય અને તેનાં ઉત્તમ ફળો જાણવા છતાં તેનો સ્વીકાર કરવામાં તેમજ પાલનમાં સર્વથા અસમર્થ હોય છે. તિર્યંચો પણ બિલકુલ વિવેકશૂન્ય હોવાથી પ્રાયઃ પ્રતિજ્ઞાને સારી રીતે સમજી સ્વીકારી તેનું પાલન કરી શકતા નથી. છતાં એકાન્ત નથી, કોઇ તિર્યંચ વિશેષ નિમિત્તવાળી પ્રતિજ્ઞાઓમાં સફળતા મેળવે છે, છતાં તેઓ માટે એ રાજમાર્ગ તો નથી જ.

માત્ર મનુષ્યો જ સાત્વિક પ્રતિજ્ઞાઓનું માહાત્મ્ય સમજવાના, તેને ગ્રહણ કરવાના અને તેનું પાલન કરી આત્મશુધ્ધિના અને તે દ્વારા જીવનને સર્વોચ્ચ સ્થિતિએ પહોંચાડનારા અધિકારી છે. માનવને સાત્વિક પ્રતિજ્ઞાઓ માટે અણમોલ તક છે. પણ આજે માનવ જડ વસ્તુઓના મોહમાં એવો ફસાયો છે, મૂંઝાયો છે કે સાત્વિક પ્રતિજ્ઞાઓનું માહાત્મ્ય એ સમજી શકતો નથી. જીવનઘડતરમાં એ પ્રતિજ્ઞાઓ કેટલી મહત્વની છે તે પીછાણી શકતો નથી, માત્ર ક્ષણિક પદાર્થોની પ્રાપ્તિ માટે આંધળીયા દોટથી દુર્ગતિના જ વિકરાળ ખાડા તરફ તે ધસી રહ્યો છે.

સંસારમાં સર્વ કોઇનું એકાન્તે હિત કરનારી સાત્વિક પ્રતિજ્ઞાઓને પણ સમજવાની, સ્વીકારવાની અને તેમાં અણીશુધ્ધ પાર ઉતરવાની તક કોઇ વિરલ આત્માને જ પ્રાપ્ત થાય છે. સાત્વિક પ્રતિજ્ઞાઓ પણ મનોમન લેવા કરતાં દેવગુરુ, અને સંઘની સમક્ષ લેવી જોઇએ. તે રીતે લીધેલી પ્રતિજ્ઞાઓ અધિકાધિક ફળ આપે છે, દઢ મનથી પાળી શકાય છે.

કર્તવ્યહીન માણસ શું માણસ ગણાય ? મનુષ્યે તો પોતાના કર્તવ્ય તરફ ધ્યાન આપવું જ જોઇએ. માત્ર વાતો કરવાથી બીજાના મોઢા સામે જોઈને બેસી રહેવાથી પ્રમાદના પ્રતિકૂળ સંયોગોના બહાના કાઢવાથી કાર્ય સિધ્ધ થવાનું નથી. આહારાદિ પાશવી સંજ્ઞાઓથી ભરચક એવા પાશવી જીવનમાંથી દિવ્ય આધ્યાત્મિક જીવનમાં આવવા માટે વીતરાગ-દર્શનની, જિનપૂજાની, સમતા-સામાયિકની, પાવન પ્રતિક્રમણની, સપ્ત વ્યસનનાં ત્યાગની, જિનવાણી શ્રવણની, રાત્રીભોજનના પરિહારની, અભક્ષ્ય ભક્ષ, અપેય પાન, અગમ્ય ગમનના નિષેધની, તીર્થયાત્રાની, મંગળકારી મહામંત્ર નવકારના જાપની, શ્રાવકધર્મની, સાધુધર્મની દાન-શીલ અને તપ ધર્મની શાસ્ત્રવિહિત

સાત્વિક પ્રતિજ્ઞાઓ સમજવી જોઈએ, લેવી જોઈએ અને સિંહની જેમ પાળવી જોઇએ. જે પ્રતિજ્ઞાઓ લેવા છતાં આપણને સહેજ પણ મુશ્કેલી ન હોય અને લાભની સીમા ન હોય, જે પ્રતિજ્ઞાઓમાં તકલીફ મામુલી હોય પણ લાભ અપરંપાર હોય, જે પ્રતિજ્ઞાઓમાં અણજાણી આફતોમાંથી અચૂક બચી શકાતું હોય, જે પ્રતિજ્ઞાઓમાં પરમપુરૂષ અરિહંતોની આજ્ઞાના પાલનનો મહાન લાભ મળતો હોય, શારીરિક માનસિક અને આત્મિક સ્વસ્થતા અનુભવાતી હોય, તો એવી પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરવામાં શા માટે મંદ ઉત્સાહવાળા બનવું જોઈએ ?

પ્રથમ પકડાયેલા માછલાને નહિ મારવાની નાનીશી પ્રતિજ્ઞા કરનાર હરિબળ મચ્છીમાર તેજ ભવમાં મોટી ઋદ્ધિ સમૃદ્ધિ પામી, અનેક રમણીઓનો વલ્લભ થાય છે. માંસભક્ષણ નહિ કરવાની પ્રતિજ્ઞા કરનાર દામનક ગરીબ હોવા છતાં અકસ્માત ધન, કન્યા, રાજસન્માન સર્વ કાંઇ પ્રાપ્ત કરે છે. છ માસ આયંબિલની તપશ્ચર્યા કરવાની પ્રતિજ્ઞા કરનાર ધમ્મિલને તેજ ભવમાં અનેક વિદ્યાધર રમણીઓ, સુખ, સૌભાગ્ય, બુદ્ધિ, બળ, અને રાજસમૃદ્ધિ આવી મળે છે. અનાથીમુની અને નમિ રાજર્ષિને રોગ મટે તો સંયમ લેવાની દૃઢ પ્રતિજ્ઞા કરવાથી તત્કાળ અશાતા વેદનીય કર્મ ખપી જાય છે. અને અસહ્ય દાહજ્વર પણ શમી જાય છે. કારણ કે પ્રતિજ્ઞાથી આત્માના પાપ ખપવાની અને પુણ્યબંધની ક્રિયા ચાલુ થઈ જાય છે. આપણે પ્રતિજ્ઞામાં થતી થોડી તકલીફને યાદ રાખીયે છીએ, પરિણામે થતા મહાન લાભને જોઇ શકતા નથી. કુંભારના માથાની ટાલ જોવાની પ્રતિજ્ઞા કરનાર કમલને પણ અઢળક સોનામહોરો મળી. પ્રતિજ્ઞાના પ્રભાવે વંકચૂલ ચોર ચાર ચાર વાર મરણાંત આપત્તિઓમાંથી બચ્યો. ગુર્જરેશ્વર કુમારપાળે ઉચ્ચ કોટીની પ્રતિજ્ઞાઓનું પાલન કરવામાં કદી પીઠ દાખવી નથી. સાત્વિક પ્રતિજ્ઞાઓના પાલન ખાતર જૈનાચાર્યોએ, જૈન રાજવીઓએ પ્રાણના પણ બલિદાન આપ્યાં છે. સાત્વિક પ્રતિજ્ઞાઓ તો ખરેખર માનવીને જીવાડનારી માતા છે.

**વ્યાવહારિક (નૈતિક) પ્રતિજ્ઞાઓ.** સંસારીઓ આ પ્રતિજ્ઞાનું પાલન કરે છે. નૈતિક દૃષ્ટિએ આ પ્રતિજ્ઞાઓ જગતમાં આદરપાત્ર બને છે. સાત્વિક પ્રતિજ્ઞાઓમાં સાંસારિક ઉંચામાં ઉંચા સુખોને પણ સ્વેચ્છાએ ત્યાગ કરવાનો હોય છે. વ્યાવહારિક પ્રતિજ્ઞામાં પોતાના સઘળાય લૌકિક સ્વાર્થને તિલાંજલિ અપાય છે. પિતાની પ્રતિજ્ઞા ખાતર રામચંદ્રજી રાજીખુશીથી વનવાસ સ્વીકારે છે. પ્રતિજ્ઞાપાલન માટે પાંડવો રાજ્યપાટ ત્યજી વનવાસ જાય છે. પ્રતિજ્ઞા કાજે નલરાજ પોતાના વિરાટ સામ્રાજ્યનો ત્યાગ કરે છે. પ્રતિજ્ઞાપાલનના હેતુએજ રાવણે મહાસતી સીતા ઉપર બલાત્કાર નથી કર્યો.

**આસુરી પ્રતિજ્ઞાઓ:** ઉત્કટ કોટિના તપો કરી પ્રતિજ્ઞા કરે કે આ તપના પ્રભાવથી હું ઘણો બળવાળો થાઉં, રૂપવાન થાઉં, રૂપવતી સ્ત્રીઓને પ્રાપ્ત કરનારો થાઉં. મારા દુશ્મનને હણનારો થાઉં. રાજઋદ્ધિ સુખ સૌભાગ્ય પ્રાપ્ત કરનારો થાઉં. વાસુદેવો એવી પ્રતિજ્ઞા–નિયાણાના બળે જ પ્રતિવાસુદેવોનો વધ કરનારા થાય છે. સંભૂતિ મુનિએ ચક્રવર્તીના સ્ત્રીરત્નની પ્રાપ્તિ માટે કરેલી આસુરી પ્રતિજ્ઞા અંતે એને નરકગતિમાં રૂલાવનારી બની. આસુરી કે વૈરાનુબંધવાળી પ્રતિજ્ઞાઓ સંસારભરમાં ત્રાસ ફેલાવનારી આત્માનો અધઃપાત કરનારી,

ક્ષણિક આનંદનો સ્વાદ કરાવી અનંતકાળ પર્યંત નરકાદિ દુઃખોને સર્જનારી બને છે.

### વૈરભાવના સંબંધવાળી પ્રતિજ્ઞાઓ :-

માનવ સ્વભાવની વિચિત્રતાના કારણે કેટલાક રાજ્યપ્રાપ્તિ, રૂપવતી કન્યાની પ્રાપ્તિ, તેમજ અનેક ઇષ્ટ સિધ્ધિઓ ખાતર વિવિધ પ્રતિજ્ઞાઓ કરે છે. નરપતિ કોણિકે ચેડા મહારાજના યુધ્ધમાં ઉપશાલા નગરીને ખેદાન-મેદાન કરવાની પ્રતિજ્ઞા કરી હતી. શ્રીષેણ રાજાના બે પુત્રો ઇન્દુષેણ અને બિન્દુષેણ એક જ રૂપવતી કન્યાને ગમે તે ભોગે મેળવવાના નિર્ણય પાછળ લડી મર્યા. રાજસ અને તામસ પ્રકૃતિના જીવો આવી પ્રતિજ્ઞાઓને પૂર્ણ કરવા પાછળ અનેક કષ્ટો વેઠે છે. આપત્તિઓ સહન કરે છે. સાહસો ખેડે છે. સંયોગોને આધીન થયેલા તેઓ કૃત્યાકૃત્યનો વિવેક ભૂલી જાય છે. ખૂનખાર યુદ્ધો કરે છે, ભયંકર હાનિ સર્જે છે. આસુરી અને વૈરભાવના સંબંધવાળી પ્રતિજ્ઞાઓનાં દૃષ્ટાંત ઇતિહાસના પાને હજારો લાખો કરોડો લખાઇ ગયા. છે સંસારમાં સદાને માટે તેવી પ્રતિજ્ઞાના હિમાયતીઓની સંખ્યા વિપુલ હોય છે નૈતિક અને સાત્ત્વિક પ્રતિજ્ઞાવાળા પ્રાણીઓની સંખ્યા અલ્પ-અલ્પતર હોય છે. માટે જ વિવેકી આત્માઓએ મોહનાશની-કર્મવિજયની સાત્ત્વિક પવિત્રતમ પ્રતિજ્ઞાઓ સ્વીકારી તેને પાળી અનંત સુખધામ ભણી પ્રસ્થાન કરવું જોઇએ !


## શ્રી સમેતશિખરજી યાત્રા

★ દિવાળી પાવાપુરીમાં ★ કાર્તિકી કલકત્તામાં

ઉપરાંતમાં અગ્રગણ્ય નવનવીન શહેરોનાં દર્શન
યાત્રા સાથે લગભગ દોઢ મહિનાનો ભરચક પ્રોગ્રામ

★ અમદાવાદ તેમજ મુંબઇના યાત્રાળુઓની સાથે આસો શુદ ૧૦ ના રોજ એક ડબ્બો ઉપડશે. એકજ ડબ્બાના નાના સમુદાયમાં જવાથી સુખ સગવડતા વધારે સચવાય છે, તેમજ શાંતિથી યાત્રા થાય છે. માટે તમારી ટીકીટ તુરતમાં જ નીચેના સરનામે ડીપોઝીટ ભરી નોંધાવી લેવા વિનંતિ છે.

★ દર વરસની જેમ ચાલુ વર્ષે પણ અમારા તરફથી લોકપ્રીય ટુરીસ્ટ-કારનો ડબ્બો સંપૂર્ણ સગવડતા અને વ્યવસ્થા સાથે મુંબઇથી ઉપડશે.

—: વધુ વિગત માટે મળો યા લખો :—

**કોઠારી જૈન યાત્રા ટુરીસ્ટસ**
૨૦૮, પાયધુની શાંતિનાથ જૈન ચાલ,
મુંબઈ-૩

# ० પુનર્મુદ્રણને યોગ્ય ઉપયોગી ગ્રંથો ०

શ્રી બાલુભાઇ હીરાલાલ હંસરાજ લાલન જામનગર

**આજથી ત્રીસ વર્ષ પહેલા જૈન સમાજમાં પ્રકાશનો દ્વારા પ્રસિધ્ધ થયેલા જે અનેક પ્રકાશકો હતા, તેમાં પંડિત શ્રી હીરાલાલ હંસરાજ પણ મોખરે હતા. તેમણે અનેક અપ્રસિદ્ધ ગ્રંથ-રત્નોને પ્રકાશમાં આણી, શ્રુતજ્ઞાન પ્રત્યેની પોતાની ભક્તિ તથા નિષ્ઠા બજાવી છે, આજે તેમના પ્રકાશનોમાંથી પુનર્મુદ્રિત કરવા જેવા ગ્રંથરત્નોને અંગે તેઓના સુપુત્ર અને અત્યારસુધી ગ્રંથ પ્રકાશનનું કાર્ય કરનારા ભાઇ શ્રી બાલુભાઇ આ લેખમાં ઉપયોગી સૂચના આપણી સમક્ષ રજુ કરે છે.**

આપણા પૂજ્યપાદ મુનિવરો ગ્રંથ પ્રકાશન પ્રત્યે મહેનત કરી યથાશક્તિ સંશોધન કરી જૈન જગતને અંધારામાં છૂપાયેલ જ્ઞાન પ્રસિધ્ધિમાં લાવી જ્ઞાનભક્તિ દર્શાવી રહ્યા છે, તે અનુમોદનીય છે. ત્રીસ વર્ષ પહેલાં જૈન ગ્રંથો છાપનાર ભીમસી માણેક, ત્યારબાદ પં૦ હીરાલાલ હંસરાજ, જૈન ધર્મ પ્રસારક સભાના સંચાલક તેમજ જ્ઞાન પિપાસુ સ્વનામધન્ય કુંવરજી આણુંદજી, આત્માનંદ સભા, આગમોધ્ધારક પૂ૦ શ્રી સાગરજી મહારાજ જેમની જ્ઞાનશક્તિ માટે જૈન જગત જાણીતું છે, અને દેવચંદ લાલભાઈ ઉપરોક્ત મહાશયોએ શક્તિ અનુસાર જ્ઞાનપ્રવાહને ચાલુ રાખ્યો હતો.

પં હીરાલાલ હંસરાજે લગભગ બસો પ્રકાશન ગદ્ય પદ્ય કાવ્ય ભાષાંતર ગ્રંથો છાપ્યા. જેનું શ્લોક પ્રમાણ આશરે સાત લાખ ઉપર થાય છે. અત્યારે તેમનાં પ્રકાશનોની ડબલ કિંમત આપતાં પણ મળતા નથી. આજ સાધુ-સમુદાય ઘણો વધી ગયો છે. સાથે જ્ઞાન પણ ધરાવે છે. મૂળ અને ટીકા પરથી અર્થ પણ બેસાડી શકે છે. હવે ઉપરોક્ત સંસ્થામાં જવલ્લેજ પ્રકાશનો બહાર પડે છે, કારણ કે તેના સંચાલકો પૈકી કોઇ નથી. જેથી પ્રાચીન ગ્રંથોના ઉધ્ધારનું કાર્ય સુસ્તીમાં પડયું છે, તેને પુનઃ જીવંત બનાવવા આપણો સાધુ સમુદાય કમર કસે તો હજુ જીવંત કરી શકે. છપાઈ-ખાતામાં ખરચ બહુ આવે છે, પરંતુ ટુંકા ખર્ચે તે કામ થઈ શકે તેમ છે અને તે એક નાની સરખી યોજના છે, જે હવે પછી આપશું.

મારા પ્રકાશન ખાતાના અનુભવ પરથી નીચેના ગ્રંથો પુનર્મુદ્રણ કરવા જેવા છે. જે ગ્રંથો મારા પિતાશ્રીએ (પં૦ હીરાલાલ હંસરાજે) છાપી પ્રસિદ્ધ કરેલા છે, જેને આજે પચીસ વર્ષો થઈ ગયા છે. તેમજ પ્રકાશનની નકલો એકસો થી વધુ છાપતા જ નહિ, જેથી કોઇ કોઇ ભંડારોમાં સંઘરાઈ ગઇ હોય તે જુદી વાત, બાકી તે ગ્રંથો મળી શકતા જ નથી, છતાં પ્રેસ કોપી તરીકે કામ લાગે તે માટે ફક્ત તેમાં રહેલ **અશુદ્ધિ દૂર કરવી, સારા કાગલ પર છાપવી, કિંમત જનસમુદાય લાભ લઈ શકે તેમ રાખવી.**

મારા પિતાશ્રીના ગ્રંથોમાં ઉપરોક્ત ત્રણ ત્રુટીઓ હતી. તેમાં તેમની પાસે એક હસ્ત-લિખિત પ્રત હોય તે આધારે પ્રકાશન કરતા. જો તેજ પ્રકાશનો ત્રણ ચાર પ્રતો મેળવીને થાય તો અશુદ્ધિ રહે નહિ. દરરોજ અર્ધો ફોર્મ છાપતા. કારણ કે અમુક પ્રમાણમાં કામ થાય તો કુટુંબ-નિર્વાહ થઈ શકે તેમ હતો. કિંમત વધારે રાખતા હતા, તેનું કારણ નકલો જૂજ છાપતા. જેથી પડતર મોંઘી થતી. અને વધુ નકલો

છાપવા જેટલી મૂડી નહોતી. કારણકે કાગળમાં પૈસા રોકી શકે તેમ નહોતા. ત્રીજું કુટુંબની આજીવિકાનું તે કેવળ સાધન હતું. બીજો ધંધો તેઓ કરતા નહોતા.

## પુનઃ પ્રકાશિત કરવા જેવા ગ્રંથો :

છાપેલી નકલો

૭૫ સમરાદિત્ય ચરિત્ર ગ્રંથ (કર્તા મતિવર્ધન) બે ભાગમાં પ્રસિધ્ધ કર્યું છે.
૭૫ ધમ્મિલ ચરિત્ર પદ્ય (કર્તા–જયશેખરસૂરિ) પ્રતાકારે ચાર ભાગમાં.
૭૫ અભયકુમાર ચરિત્ર પદ્ય (કર્તા–રાજતિલકોપાધ્યાય) દશ હજાર શ્લોક પ્રમાણ.
૧૦૦ ધર્મરત્નકરંડ ટીકા ,, ( ,, ,, ) ચાર હજાર શ્લોક. બે ભાગમાં.
૭૫ ધર્મરત્નમંજૂષા ટીકા ,, ( ,, ,, ) ત્રણ ભાગમાં.
૭૫ કથારત્નાકર ( કર્તા–હેમવિજય ગણિ ) પ્રાચીન પ્રતિ છે. યૂરોપમાં ૧૫ નકલો ઓટો હેરીઝ વાટસ બુકસેલરે મંગાવી હતી.
૭૫ દર્શનશુધ્ધિ ટીકા. ,,
૭૫ ઉપદેશકલ્પવલ્લી. મન્હજિણાણંની ટીકા છે. (કર્તા–ઈંદ્રહંસ ગણિ)
૧૭૫ ઉપદેશમાલા–(રામવિજયજીની ટીકા) આગમ પ્રમાણવાળો ગ્રંથ છે. (મૂળ કર્તા ધર્મદાસ ગણિ)
૧૦૦ ઉપદેશમાલા–(સિધ્ધર્ષિની ટીકા) હેયોપદેયા.
,, (ટીકાકારનું નામ યાદ નથી. અપ્રસિધ્ધ છે,) આગમોદ્ધારકે પ્રસિદ્ધ કરવા ખાસ પ્રેરણા કરી છે, પ્રેસકોપી પણ આનંદ પુસ્તકાલયમાં છે.
ઉપદેશ ચિંતામણિ ટીકા (જયશેખરસૂરિ) ચાર ભાગ છે.
૧૦૦ પ્રસ્તાવશતકઃ (જે દૃષ્ટાંત રત્નાવલીની મોટી ટીકા છે.)
૫૦ પ્રશ્નોત્તર રત્નમાલા ટીકા સહિત છે.
ગૌતમપૃચ્છા, ગૌતમકુલક, સમકીતકૌમુદી.

(બાકીનાં નામો હવે પછી.)


## જા+ખના દર આ મુજબ છે.

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| ૧ પેજ | ૩૦ | ૭૫ | ૧૨૫ | ૨૦૦ |
| ૧/૨ ,, | ૨૦ | ૪૫ | ૭૫ | ૧૨૫ |
| ૧/૪ ,, | ૧૨ | ૩૦ | ૫૦ | ૭૫ |
| ૧/૮ ,, | ૮ | ૨૦ | ૩૦ | ૫૦ |

ટાઈટલ પેજ ૨ જું રૂા. ૪૦, ટાઈટલ પેજ ૩ જું રૂા. ૩૫
ટાઈટલ પેજ ૪ થું રૂા. ૫૦, એક જ વખતના

લખોઃ– કલ્યાણ પ્રકાશન મંદિર : પાલીતાણા (સૌરાષ્ટ્ર)

# પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વની આરાધનાનો

# ○ મંગલ પ્રાણ: ક્ષમાપના ○

## પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ-અમદાવાદ.

**શ્રી જૈનશાસનમાં મહત્ત્વનો ધર્મ જો કોઇપણ હોય તો તે ક્ષમા છે, દશવિધ યતિધર્મમાં પ્રથમ ધર્મ ક્ષમા ફરમાવ્યો છે. આજે ન્હાની-ન્હાની ક્ષુલ્લક વાતોમાં વિખવાદ જન્મતા હૃદયમાં વૈમનસ્ય જાગતાં વાર લાગતી નથી. પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વની મંગલકારી આરાધનાના આ સુઅવસરે આપણે સૌ મતભેદોને કારણે ઉભા થતાં મનોભેદોને વિસારે મૂકી, ક્ષમાપનાના શાસ્ત્રીય આદર્શને અપનાવી, આરાધક ભાવ જીવંત રાખીએ તો કેવું સારું! પૂ૦ પાદ આચાર્યદેવશ્રી આ લેખમાં 'ક્ષમાપના'નો મહિમા, પોતાની કવિત્વભરી શૈલીમાં સચોટ ભાષાથી આપણને ઉપદેશે છે. સં૦**

★

'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' 'ક્ષમા એ વીરનું ભૂષણ છે' આ વૃદ્ધ વાકય અનેક અનુભવોના નીચોડરૂપ અને વીરમાં વસતી સહનશીલતાનું સૂચક છે. જે વીર પોતાની વીરહાકથી હજારોને કંપાવી શકે, રણે ચઢે ત્યારે ભલભલા યોદ્ધાને પણ નમાવે, આ કોટિનો વીર ક્ષમારૂપ ભૂષણને ધારણ કરી શકે, હજારોને કંપાવવાની શક્તિ ધરાવનાર વીરમાં જો હજારોના કંપને હસતે વદને વધાવી લેવાની તાકાત હોય તો એની વીરતા જીવનને અજવાળનારી બને છે. આપત્તિઓને-દુ:ખોને સમભાવે સહી લેવાની શક્તિ વીર સિવાય અન્યમાં ન હોઇ શકે. આથી જ કહેવું જોઇએ કે, ક્ષમા એટલે કાયરતા નહિ; પણ ક્ષમા એટલે વીરતા: શ્રી અર્જુનમાલી, શ્રી દૃઢપ્રહારી, શ્રી ચિલાતીપુત્ર એ સર્વ મહાત્માઓના જીવનપ્રસંગો આપણી સ્હામે સાચી ક્ષમાનો આદર્શ રજુ કરે છે.

એક વખત કર્મવીર બનીને અચિંત્ય સાહસો ખેડનારા એ મહારથીઓ જ્યારે પુનિત પંથના પ્રવાસી બન્યા ત્યારે ક્ષમાને પોતાના આભૂષણ તરીકે જાળવી એઓ સાચા ધર્મવીર બન્યા. માટે જ આ પ્રાત:સ્મરણીય મહાત્માઓને આજે આપણે નમસ્કાર કરી નિર્જરાનો મહાન લાભ મેળવીએ છીએ. ગમે તેવા પાપી જીવનમાં જ્યારે ક્ષમાદેવી આવી વસે છે, ત્યારે એના પાપપૂંજ નષ્ટ-ભ્રષ્ટ થઇ જાય છે, અને ધિક્કારને પાત્ર વ્યક્તિ આદરણીય અને આરાધ્ય બને છે. માટે જ જો વિશાલ દૃષ્ટિથી વિચારીએ તો જણાશે કે સમગ્ર દ્વાદશાંગીનું રહસ્ય, પ્રત્યેક પ્રાણી પ્રત્યેના ક્ષમાભાવમાં જ સમાયેલું છે.

આવશ્યક સૂત્રના પ્રતિક્રમણ અધ્યયનમાં શ્રમણ સૂત્ર પૂર્ણ કરતાં અંતે તારવેલું તત્ત્વ પણ આ ક્ષમામાં જ સમાઈ જાય છે. ત્યાં ફરમાવવામાં આવ્યું છે કે,

खामेमि सव्वजीवे सव्वे जीवा खमन्तु मे ।
मित्ति मे सव्वभूएसु वेरं मज्झं न केणइ ॥

**અર્થાત્:-** જગતના સઘળા જીવોને હું ખમાવું છું. તે જીવો મારી ઉપર ક્ષમા કરો! સર્વ પ્રાણીઓ સાથે મારે મૈત્રી છે, અને કોઇની સાથે મારે વેર નથી.

કેવી ઉત્તમ ભાવના! જેના પવિત્ર હૃદયમાં આ ભાવના રૂંવાડે રૂંવાડે રમી રહી હોય તો હૃદયને સંસારમાં પણ મુક્તિના સુખનો અનુભવ થાય છે, અને તે પ્રાણી જગતને વંદનીય બને છે. જેમ જેમ આ ભાવના વધુ વિસ્તૃત બનતી જાય છે, તેમ તેમ આત્મ-ભાવનાનો વિકાસ થતો જાય છે. આ ભાવનાની પરાકાષ્ટા એજ કેવળજ્ઞાનનો પ્રથમ સમય. આ તત્ત્વ જે આત્મામાં જેટલે જેટલે અંશે વિકસતું જાય છે તેટલે તેટલે અંશે તે આત્માને જિનશાસનના અનુપમ આસ્વાદનો પરિચય થતો જાય છે અને તેટલે તેટલે અંશે તે પોતાના જીવનને નિરુપાધિક બનાવતો જાય છે. એક બાજુ તેને પૂર્ણ સન્માનનાં ઝેરી પ્રલોભનો લોભાવી શકતાં નથી કે બીજી બાજુ તેને સારાય વિશ્વનો ફિટકાર પણ ક્ષોભાવી શકતો નથી. ક્ષમાની આ ઉચ્ચકોટિ પામવાને માટે જ દ્વાદશાંગી

છે. એના ગમે તેટલા પાનાં ફેરવવા છતાં જો આ ન લાધ્યું તો કાંઈક પણ સાધ્યું છે એ માન્યતા ભ્રામક છે. આમ પ્રત્યેક આરાધકે માનવું જ રહ્યું. આવી માન્યતા ભવ્યત્વની પૂર્ણ છાપ મારે છે.

'હું સર્વ જીવોને ખમાવું છું' ઉપર્યુક્ત ગાથાના આ શબ્દોમાં સ્વભાવના રહેલી છે. જ્યારે 'સર્વ જીવો મને ક્ષમો. એ શબ્દોમાં પરભાવત્વ સમાએલું છે. અહિં કદાચ એ પ્રશ્ન થાય કે હું સર્વ જીવોને ખમાવું છું એ શબ્દોનો ઉદ્‌ગાર હૃદયની ઉત્કટ શુદ્ધિને લીધે પોતાને થઈ શકે, પરન્તુ અન્ય સર્વ જીવો મારી સાથે ક્ષમા કરો એ શબ્દો કેમ સંભવે ? કારણ અનન્તાનુબંધી તીવ્ર કષાયની ચોકડીમાં રમી રહેલા પ્રાણીઓ કે ક્ષમાતત્ત્વને નહિ સમજનારા ઘાતકો અથવા પ્રભુ મહાવીરના ધર્મથી વિમુખ થઇ પ્રપંચમાં પડેલા પ્રાણિઓ ખમાવે એ શું સંભવી શકે ? માટે અન્યની ભાવનાવાળા આ 'સવ્વેજીવા ખમન્તુ મે' એ બીજા પદનો ઉલ્લેખ શા માટે ?

જવાબમાં જણાવવાનું કે પ્રભુશાસનની એજ બલિહારી છે કે જેમાં પામરોને પણ ક્ષમાપનાનો સંદેશ છે. ભલે અત્યારે એ લોકો ક્ષમાપનાના દાનને લાયક નથી, કિન્તુ વર્તમાન સમયના ઘોર હત્યારાઓ પણ સમયે ષડ્ જીવનિકાયના રક્ષાકારો થઇ શિવ-રમણીની નિર્વિકાર સચ્ચિદાનંદદાયી સેજમાં સૂઇ શકે છે, આ ઉદ્દેશને ધ્યાનમાં રાખી 'કોઇપણ જીવ મારી સાથે વિરોધ રાખનારો ન બને!' અર્થાત્ ભવિષ્યમાં સર્વ પ્રાણી કષાયમુક્ત બની જાઓ ! એવી ઉચ્ચ ભાવના આ સૂત્રમાં સમાયેલી છે. એવું બને કિંવા ન બને એ સવાલ જુદો છે, પણ ક્ષમાપનાની —અધ્યાત્મની ઉચ્ચ કક્ષાઓ તરફ વિચરતો આત્મા સર્વ પ્રાણીનું આ જાતનું આત્મકલ્યાણ જ ઇચ્છે. ક્ષમામાતાને શરણે જવું એજ જીવનું ખરૂં કલ્યાણ છે, અને જડમાંથી વૈર ભાવના કપાઈને જ્યારે સર્વ જીવો સાથે મૈત્રી ભાવ જાગે છે ત્યારે ક્ષમામાતાનું વાત્સલ્ય પામી શકાય છે. આ વાત જેના અંતરમાં પરિણમી હોય, તે વિકટ સંયોગોમાં ગભરાતો નથી, બલ્કે બુરૂં કરનાર ઉપર પણ તેને દયા ઉપજે છે.

ક્ષમાનો ઉપદેશ આપતાં એક લૌકિક કવિ પણ ઉર્દુ ભાષામાં કહે છે.

**"બન્દે બન્દગી ના ભૂલ,**
**બન્દે બન્દગી ના ભૂલ.**
**જો કોઇ બોવે કાંટા તુજકો,**
**બો તું ઉસકો ફુલ !**
**તુજકો ફુલ કે ફુલ હોંગે,**
**ઉસકો બબુલ કે બબુલ.**
**બન્દે બન્દગી ના ભૂલ !"**

'હે ભાઇ ! તું ભલાઇ ન ભૂલીશ, તારે માટે કોઈ કાંટા પાથરે તો તું તેને માટે ફુલ પાથરજે. કારણ કે કાંટા પાથરનારને કાંટા મળશે, ફુલ પાથર-નારને ફુલ મળશે.'

આ શબ્દોમાં ક્ષમાની શિખામણ છે, છતાં આ શિખામણ લૌકિક છે. આથી તે જૈનશાસનનાં લોકોત્તર શિક્ષણને પહોંચી શકતી નથી. 'કાંટા પાથરનારને કાંટા મળશે' એ ઉચ્ચારણ પણ બીજાની તરફ દુઃખમાં કાંઇક અનુમતિ યા ઉપેક્ષા સૂચવે છે. જ્યારે જિન-શાસનની લોકોત્તર ભાવનામાં આવા શબ્દોચ્ચારની સ્થિતિ પણ ન હોય "સર્વ જીવો મને ક્ષમા કરો" એમાં અર્થાપત્તિથી એ જ સિદ્ધ થાય છે કે તેઓ પણ કષાયમુક્ત બની સ્વ-કલ્યાણ સાધો ! એ માટે જ "ક્ષમા વીરસ્ય ભૂષણમ્" "સૂત્ર સિદ્ધ થાય છે. ખરો વીર હોય તે જ આવી અણમોલ ભાવના ભાવી શકે છે. ક્ષમા રહિત યોદ્ધાની વીરતા એ અપૂર્ણ વીરતા છે. માટે દિવ્ય વીરત્વની પાછળ ક્ષમાપના છે.

ક્ષમા જેમ ભૂષણ છે. તેમ શસ્ત્ર પણ છે. અહંતા, માયા, લોભ, હાસ્યાદિષટ્ક. વેદનીય અને દર્શન-મોહનીયત્રિકનો નાશ કરવાનું અમોઘ શસ્ત્ર ક્ષમા છે, પણ શરત એટલી જ કે ક્ષમાખડ્‌ગની ધારા સમ્યક્ત્વના શરાણ પર ઘસાઇને ખૂબ તીક્ષ્ણ થયેલી હોવી જોઇએ. બાકી બુઠ્ઠી ધારનું ક્ષમારૂપ શસ્ત્ર કાંઇ ન કરી શકે, એ વાત ધ્યાન બહાર ન થવી જોઇએ. ઘણાય ક્ષમાધારીઓ બાહ્ય દૃષ્ટિએ પૂરી ક્ષમા ધરવા છતાં તે ક્ષમાનું શસ્ત્ર શ્રદ્ધાનું પાણી પાયા વિનાનું હોવાથી કર્મોને કાપી શકયા નથી. પોતાના ઉપર થતા પ્રહારોને જેમ શાસ્ત્રકારો ઉપ-

દેશે છે કે, સમભાવે રહેવું અને દુશ્મન પર પણ દયા લાવવી.

પ્રભુના દરબારની બલિહારી છે. લૌકિક દરબારો જ્યારે કષાયની ખીલવણી શીખવીને આત્માને કર્મ-મલથી વધારે લિપ્ત કરે છે, ત્યારે પ્રભુના દરબારમાં જવાની યોગ્યતા સંપાદન કરવાને પણ અંશત: કષાયનો ક્ષય કરવો જ પડે છે. એટલે એક ચેતનાથી ભર્યો–ભર્યો દરબાર છે, જ્યારે બીજો કેવળ નાશવંત જડ છે. અને ભગવન્! એ તારા શાસનનો જ પ્રભાવ છે કે ઘમંડમાં ફરતા માનવો પોતાની પામરતા સમજીને ક્ષમા રાખી ત્યાગમાર્ગે આગળ થાય છે અને પ્રભો! તારૂં જીવન અમને તો ક્ષમા જ શીખવે છે.

શ્રી જિનેશ્વરદેવની દ્વાદશાંગી ફરમાવે છે કે જો ક્ષમા રાખશો તો પ્રભુને મળશો અને પ્રભુરૂપ બનશો, અને જો તેથી વંચિત રહ્યા તો સંસારમાં અનંતો કાળ રઝળશો તોય પત્તો નહિ લાગે. ઉંચી હદે પહોંચેલા, કે જેમનું ચારિત્ર યથાખ્યાત છે અને ગુણોનું મહત્ત્વ ત્યાં સુધી વધ્યું છે કે જેમનું ચારિત્ર શ્રી જિનેશ્વદેવ સરખું ગણાય એવા મહાપુરૂષો પણ ક્ષમાને તરછોડે તો કષાયી બનીને એટલે ઉંચેથી પડી ભવ–ચોકડીમાં રખડે તેવા અનેક દૃષ્ટાંતો શાસ્ત્રમાં મોજૂદ છે. પ્રમાદનું મુખ્ય શસ્ત્ર કષાય છે. કષાય જ આત્માને નીચ ગતિમાં દોરી જાય છે. ચૌદ પૂર્વધર ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામીજીએ આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં ફરમાવ્યું છે, કે–

**उवसामं उवणीया, गुणमहिया जिणचरित्तसरिसंपि।**
**पडिवायंति कसाया, किं पुण सेसे सरागत्थे॥**

**અર્થાત્** ગુણોના મહત્ત્વને લઈને કષાયોને ઉપશમાવ્યા, જિનેશ્વર પ્રભુનું ચારિત્ર પામ્યા (આ સઘળી દશા અગીઆરમે ગુણસ્થાનકે હોય છે) તેમને પણ કષાયો પાડી નાંખે છે, જંગલમાં રોપે છે, ચોરાશી લાખ જીવયોનિના ચક્રમાં ફેંકી દે છે, અને મુક્તિમાં પહોંચતાં અટકાવે છે, એવા કષાયો, તપ –જપ રહિતોને શું ન કરી શકે? જ્યારે મહાન પણ થપાટ ખાઇ બેસે છે, તો ત્યાં સામાન્યોનું શું ગજું? અને એટલા જ માટે પ્રભુનુ શાસન આપણને કષાયજયનો મંત્ર પ્રથમ જ ભણાવે છે. કારણ કે 'કષાય-મુક્તિ: કિલ મુક્તિરેવ.'

બધા પર્વારાધનનો ઉદ્દેશ શો છે? જો કે આજે તે પર્વોના દિનોમાં પણ ધમંડ-પૂર્વક પાપપરાયણ બની જાતને સુધારક કોટિની મનાવનારા જન્મ્યા છે પણ પર્વો જો ન હોત તો આજે થોડે ઘણે અંશેય જે ધાર્મિક ભાવનાઓ ટકી રહી છે તે કદાચ ન રહેત! અને રહેત તો બહુજ થોડા પ્રમાણમાં. આ પર્વોમાં સર્વોત્કૃષ્ટ પર્વ પર્યુષણનું છે. તે પર્વ પણ આરાધનાનાં સૂત્રોમાં ક્ષમાને મુખ્ય ગણાવે છે. પ્રભુનું જિનાગમ ક્ષમાથી ભર્યું–ભર્યું છે. ગણધર મહારાજનું પદ પણ ક્ષમાથીજ આગલ આવ્યું છે. મુનિરાજો વંદ્ય પણ આ ક્ષમાને લીધે છે. ત્રણ ત્રણ ચાર ચાર ભેદવાળા કષાયના–અક્ષમાના પ્રકારો કાપીને મુનિ થવાય છે. ધન્ય છે તે મુનિવર્ગને, કે પોતાની જનની ક્ષમાની કદર કરે છે.

સાંસારિક ઘરની માતાનો પરિત્યાગ આ ક્ષમા માતાના રાગથી શોભે છે. ને તે વિના વાત–વાતમાં ક્ષોભે-છે. તે જગતની આંખ આગળ મુનિપણાની ખરી ઝાંખી કરાવી શકતો નથી. આ બધી બાબતો નિરંતર સ્મૃતિપટ ઉપર રહેવી જોઇએ, કદાચ તેમ ન બને તો છેવટે શ્રી પર્યુષણ જેવા પવિત્ર પર્વમાં તો એનું સ્મરણ થવું જ જોઇએ. અને એમ થાય તો જ આરાધક બની શકાય. અન્યથા શાસ્ત્રકાર એને વિરાધક કહે છે. પર્યુષણ પર્વમાં વંચાતા કલ્પસૂત્રમાં એ વિષે કહ્યું છે કે,

**सेहे राइणियं खामिज्जा, राइणीओ वि सेहं-खामिज्जा, खमिअव्वं खमावियव्वं उवसज्जामिअव्वं उवसमावियव्वं, सुमइस पुच्छणा बहुलेण होयव्वं? जो उवसमइ तस्स होइ आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा, तम्हा अप्पणा चेव उवसमियव्वं, से किमाहु भन्ते! उवसमसारं खु सामण्णं.।**

અર્થાત્–શિષ્ય, રત્નાધિકને ખમાવે, ને રત્નાધિક શિષ્યને ખમાવે, ઉપશમે, ઉપશમાવે, ખમનાર–ખમાવનાર ઉપશમનાર–ઉપશમાવનાર આરાધક હોય છે, આ દિશાથી વિરૂધ્ધ દિશાએ વિચરનાર વિરાધક છે.'

# વર્તમાનના માનવ આયુષ્યનું રહસ્ય

........( એક રૂપક ઘટના )........

શ્રી નેમીદાસ અભેચંદ મુંબઈ.

**વર્તમાનમાં મોટા ભાગના માનવો જે રીતે જીવન વ્યતીત કરી રહ્યા છે, તે ઓઘદષ્ટિયે જોતાં ત્રણ તબક્કામાં વહેંચી શકાય. તે ત્રણ વિભાગોને કાલ્પનિક દષ્ટાંત દ્વારા લેખકશ્રીએ અહિં જે હકીકત રજુ કરી છે, તે સર્વ કોઇને સમજવા જેવી છે. જૈન સિદ્ધાંત પ્રમાણે જગતના કર્તા તરીકે આપણે બ્રહ્માને માનતા નથી છતાં એક રૂપક તરીકે અહિં આ દષ્ટાંતનો ઉલ્લેખ થયો છે, પણ માનવ કેવું જીવન જીવી રહ્યાં છે! ને તેમાં તેને વાનર, કૂતરો તથા ગધેડાના જેવી દશા કેવી રીતે ભોગવવી પડે છે, તે સમજવા માટે આ લેખ ઉપયોગી છે.**

✽

મનુષ્યના આયુષ્યની લગભગ ત્રણ ગધ્ધા-પચીસી હોય છે અને તે કેવા પ્રકારે ભોગવે છે? તેનું રહસ્ય જાણવા જેવું છે. મનુષ્યજન્મ પછી બાળપણું અને ભણવા-ગણવામાં જ્યાં પચીસ વર્ષ પુરા કરે છે, ત્યાં પહેલી ગધ્ધા-પચીસી પુરી થાય છે. ત્યાં લગ્ન થાય છે ને બાળબચ્ચા થાય ત્યારે તેનાં ભરણ-પોષણની જવાબદારી માથે આવી પડે છે, તે પૈસા મેળવવા ગધેડાની માફક વૈતરૂં કરે છે. જેમ કે ગધેડો બોજો ઉપાડી લાવે ને ખાય. માલિક તેને તો જેવું તેવું આપે કે ઉકરડેથી ખાઇ લઇ ચલાવી લેવું પડે. તેમ મનુષ્ય પણ દેશ, પરદેશ, ખેડી સવારે કામે નીકળે તે મોડી રાતે ઘેર આવે, કમાયો હોય, પણ પોતાને ખાવાનું થોડું ને કુટુંબના ભાગે વધુ જાય.

આ પ્રકારે વૈતરૂં કરે ત્યાં આસરે બીજી ગદ્ધાપચીસી પૂરી થાય. ત્યાં પછી મોટી ઉંમરનો ગણાય એટલે જે કુટુંબપોષણ પુરતું મેળવી શકયો ન હોય તો અહીંથી તહીં બચકા ભરે ને માન-અપમાન સહન કરીને પણ જીવન પુરૂં કરે, અથવા તો બે પૈસા પહેલેથી મેળવેલા હોય ને જો ભાઈ સુખી ગણાતા હોય તો સગા-સંબંધી નાત-જાતના સગા-વહાલાંને આપવું પડે કે ફંડ-ફાળામાં આપવું પડે. તે જે આવે તેને હાઉ હાઉ કરે ને શ્વાન પ્રકૃતિએ ત્રીજી અડધી પચીસી પુરી કરે, ત્યાં આયુષ્ય લગભગ સાઠ-બાસઠે પહોંચે પછી તો કાયા ચાલે નહિ ને લાકડી લેવી પડે ને ઘરમાં પણ કંઇ કોઇ માન રાખે નહીં અને પુત્રવધૂ પૌત્રને રમાડવા આપે તે શેરીએ શેરીએ આ ઓટલેથી પેલા ઓટલે ફરી ટાઈમ પુરો કરે અને બાળકના ભાગનું મમ હોય તેમાંથી થોડું પોતાના ગલોફામાં ભરી દે ને વાંદરા પ્રકૃતિથી આસરે દસ-બાર વર્ષ પુરા કરે ત્યાં ત્રીજી ગધ્ધાપચીસી પુરી કરી જીવ પાછો ભવભ્રમણની મુસાફરીએ ઉપડી જાય.

આ પ્રકારે મનુષ્ય ત્રણ ગધ્ધા પચીસી પુરી

---

એટલે કે, સામો માણસ મારમારની ભાવનામાં હોય તો પણ શાસ્ત્રના મર્મજ્ઞોએ તો જરૂર ખમાવવું જ જોઇએ. જો આ મર્મ સમજી કર્મના ભેદને ભેદીએ તો કાલે જ સર્વજ્ઞ થઇ શકીએ. માટે પ્રભુ બનવું હોય તો ક્ષમા આપતાં ને લેતાં શીખો! એવું શીખવનાર આ શ્રી જૈનશાસનની આરાધના કરી જીવનને ધન્ય બનાવો! આરાધનાનાં પ્રાણું ક્ષમાનો બોધ-પાઠ પઢાવનાર શ્રી જૈનશાસનને વંદન!

કરે છે એ તો સમજ્યા, પણ તેમાં મનુષ્યને ગધેડા-કુતરા વાંદરા પ્રકૃતિ શા માટે ભોગવવી પડે છે?

તેનું રહસ્ય લોક વ્યવહારથી કાલ્પનિક દૃષ્ટાંતથી રૂપકરૂપે જરા સમજી લઇએ. જૈન-ધર્મ કર્મવાદી છે. ઇશ્વરવાદી નથી તો પણ અપે-ક્ષાએ સમજવા કોઇપણ વાત લઇ શકાય! તે ઇશ્વરકર્તૃત્વ દૃષ્ટિને પ્રાધાન્ય આપીને નીચેની રૂપક કથા સમજવી!

એક વખતે બ્રહ્માએ ગધેડાને બોલાવી કહ્યું કે, 'તું જગતમાં જા અને લોકોની સેવા કર' ત્યારે ગધેડાએ પૂછ્યું કે, 'મારે શું કરવું? શું ખાવું અને કેટલું ત્યાં રહેવું?

ત્યારે બ્રહ્માએ કહ્યું કે 'તારે મનુષ્યની સેવા કરવી. તારા માથે જે ભાર નાંખે તે ઉપાડવો ને માલિક ડંડો મારે તે પણ ખાઇ લેવો, ને જે ખાવાનું આપે તે ખાઇ લેવું. પુરૂ ન મળે તો ઉકરડેથી ખાઇ તારૂં પેટ ભરવું અને ચોપડામાં તારૂં આયુષ્ય ત્રીસ વર્ષ લખેલ છે, તે ત્રીસ વર્ષ ત્યાં રહેવું.'

ત્યારે ગધેડો કહે 'બાપજી, હું બધું સહન કરીશ, ડંડા ખાઇશ, મજુરી કરીશ, પણ મારાથી ત્રીશ વર્ષ જીવાય નહિ, તો કૃપા કરી મારૂં આયુષ્ય ઓછું કરો' ત્યારે બ્રહ્માએ કહ્યું કે ચોપડામાં આયુષ્ય ત્રીસ વર્ષ લખેલ છે, પણ તું કાલાવાલા કરે છે, તો તારા અઢાર વર્ષ ઓછા કરૂ છું, તું બાર વર્ષ જીવજે, તારા વધેલા વર્ષ બીજો કોઇ માંગશે તેને આપીશ. તે સાંભળી ગધેડો ખુશી થયો.

ત્યારપછી બ્રહ્માએ કુતરાને બોલાવી કહ્યું કે, તું જગતમાં જા ને લોકોની સેવા કર. ત્યારે કુતરાએ બ્રહ્માને પૂછ્યું કે, 'મારે શું કરવું? શું ખાવું? ને ત્યાં કેટલું રહેવું? ત્યારે બ્રહ્માએ કહ્યું કે, 'તારે વફાદારીથી મનુષ્યની ચોકી કરવી ને ભૂખ લાગે તો પુંછડી હલાવી માલિકને ખુશ કરી જે ટુકડો આપે તે ખાઈ લેવો. જો વધુ જરૂર પડે તો જેના તેના બાર-ણામાં ડાચા નાંખી હડહડ થઇ તે પણ ખાઇ લેવું, ને ચોપડામાં તારૂં ત્રીસ વર્ષ આયુષ્ય લખેલ છે તો ત્રીસ વર્ષ રહેવું' ત્યારે કુતરો કહે, 'બાપજી! બધું સહન કરીશ, હડહડ થઇશ, માર ખાઇને પણ મનુષ્યની સેવા કરીશ, પણ મારાથી ત્રીસ વર્ષ જીવાય નહિ, તો કૃપા કરી મારૂં આયુષ્ય ઓછું કરો! ત્યારે બ્રહ્માએ કહ્યું કે, 'ચોપડામાં તારા ત્રીસ વર્ષ લખેલ છે, પણ તું બહુ કાલાવાલા કરે છે, તો તારા બાર વર્ષ ઓછા કરી અઢાર વર્ષ રાખું છું, તારા વધેલા વર્ષ બીજો કોઇ માંગશે તેને આપીશ. તે સાંભળી કુતરો ખુશી થયો.

ત્યાર પછી બ્રહ્માએ વાંદરાને બોલાવી કહ્યું કે, 'તું જગતમાં જા ને લોકોની સેવા કરી ખુશી કર' ત્યારે વાંદરાએ પૂછ્યું કે 'મારે ત્યાં શું કરવું? શું ખાવું? અને કેટલું રહેવું? ત્યારે બ્રહ્માએ વાંદરાને કહ્યું કે, 'તારે હાથમાં લાકડી લઇ ગેલ કરી લોકોને ખુશી કરવા, આ ઝાડેથી પેલા ઝાડે કુદી ઝાડમાથી જે ગમે તે ગલોફામાં ભરીને ખાઇ લેવું અને ચોપડામાં તારૂં આયુષ્ય ત્રીસ વર્ષ લખેલ છે, તે તારે ત્રીસ વર્ષ ત્યાં રહેવું. વાંદરો કહે 'બાપજી બધું કરીશ, પણ મારાથી ત્રીસ વર્ષ જીવાય નહિ તો કૃપા કરી મારું આયુષ્ય ઓછું કરો' ત્યારે બ્રહ્માએ કહ્યું, ચોપડામાં તો ત્રીસ વર્ષ લખેલા છે પણ તારા કાલાવાલા જોઈ તારા દસ વર્ષ ઓછા કરી વીશ વર્ષ રાખું છુ તે સાંભળી વાંદરો ખુશી થયો.

ત્યાર પછી બ્રહ્માએ મનુષ્યને બોલાવી કહ્યું કે

તું જગતમાં જા. ત્યારે મનુષ્યે બ્રહ્માને પુછ્યું કે-મારે ત્યાં શું કરવું ? શું ખાવું ? અને કેટલું જીવવું? ત્યારે બ્રહ્માએ મનુષ્યને કહ્યું કે, તું તો બુધ્ધિશાળી છે, તો ભણવું, પરણવું, ને મોજમઝા કરવી અને ચોપડામાં તારૂં આયુષ્ય ત્રીસ વર્ષનું લખેલું છે, તે તારે ત્રીસ વર્ષ જીવવું. આ સાંભળી મનુષ્ય તો આભોજ થઇ ગયો કે, બાપજી બધું તો ઠીક, પણ ફકત ત્રીસ વર્ષ જીવવું તો આટલા ટુંકા આયુષ્યમાં શું થાય.' મારૂં બાળપણ રમત-ગમતમાં જાય ને જરા મોટો થાઉં ત્યાં લગ્ન થાય ત્યાં તો મારી પચીસી પૂરી થાય તો હું કમાઉં કયારે ને સુખ ભોગવું કયારે ? તો કૃપા કરી મને આયુષ્ય વધારી આપો.

ત્યારે બ્રહ્માએ કહ્યું કે, ચોપડામાં તો તારૂં આયુષ્ય ત્રીસ વર્ષ લખેલ છે, તેમાં તો વધારી શકાય નહીં, પણ મારી પાસે ગધેડાના અઢાર, કુતરાના બાર, અને વાંદરાના દશ મલી કુલે ચાલીસ વર્ષ વધેલા છે તે તને આપું છું એટલે ત્રીસ તારા પોતાના ને બીજા પ્રાણીઓના મલી ચાલીસ એટલે એકંદરે તને સીત્તેર વર્ષ આપું છું, તેથી તારી ત્રણ પચીસી પુરી થશે. તે સાંભળી મનુષ્ય બહુ ખુશી થયો.

હવે આપણે ઉપર શરૂઆતમાં જોઈ ગયા કે મનુષ્ય પોતાની જીંદગી બાળપણામાં ઠેઠ ત્રીસ વર્ષ સુધી તો પોતાનું આયુષ્ય ભોગવે છે, પછીના અઢાર વર્ષ ગધેડાનું આયુષ્ય ભોગવે છે, તે વૈતરૂં કરે છે અને પછીના બાર વર્ષ કુતરાનું વધેલું આયુષ્ય ભોગવે છે. તે કોઇવાર હડહડ થાય છે, તો કોઇવાર હાઉહાઉ કરે છે, પછી દશ વર્ષ વાંદરાનું વધેલું આયુષ્ય ભોગવે છે. તે જેમ વાંદરા ઝાડ કુદે છે તેમ આ એટલાએ આમતેમ ફરે છે. આવી સ્થિતિ સામાન્ય રીતે દેખાય છે. માટે વિવેકી આત્માઓએ પોતાનાં જીવનમાં ત્યાગ-વૈરાગ્યની આરાધના દ્વારા સંયમી જીવન વ્યતીત કરી, દિવ્ય જીવન જીવવું એજ જીવનની સાર્થકતા છે.

★

'કલ્યાણ'ની પંચવર્ષીય વિકાસ યોજના

## નવા નોંધાયેલાં શુભ નામો

'કલ્યાણ'ની સાહિત્ય પ્રવૃત્તિઓનો વિકાસ સાધવા શુભેચ્છકોના સહકારથી અમે જે વિકાસ યોજના શરૂ કરી છે, તેમાં નીચેના ઉદારચરિત સદ્‌ગૃહસ્થોએ પોતાનાં શુભ નામો નોંધાવી અમને અમારી પ્રવૃત્તિઓમાં સહકાર આપ્યો છે, જે માટે અમે તેઓના આભારી છીએ.

સં૦—

૧૦૧ શેઠ ગુલાબચંદ ગફુલભાઇ મુંબઇ
૧૦૧ શેઠ વૃજલાલ ડાહ્યાભાઇ કલકત્તા
૫૧ શાહ નાનચંદભાઈ જે. દોશી મુંબઇ
૫૧ શાહ રમણુલાલ ચીમનલાલ કોલસાવાળા અમદાવાદ-૧
૫૧ શાહ પોપટલાલ પરસોતમદાસ મુંબઇ

# ....અંતરમાં ડોકીયું....

**શ્રી અમરચંદ માવજી શાહ**

**પ**ર્વાધિરાજ પર્યુષણ પર્વ આવી રહ્યાં છે, બાહ્ય જીવનમાં ડોકીયા બહુ કર્યાં, પરપીડામાં જીવનની કીંમતી ક્ષણો અનંત ગુમાવી. અંતર્મુખ દૃષ્ટિ કરી અંતરમાં ડોકીયું કરી પોતાના આત્મદેવની દશા તપાસવા અને તેને વિસંવાદી જીવનમાંથી સંવાદી સુંદર જીવનબાગમાં ચિદાનંદ પ્રાપ્ત કરાવવા ચાલો આજે એક અંતરમાં ડોકીયું કરીએ.

(કવ્વાલી)

બધા સંગીત તણાં આલાપ,<br>
અમે વિલાપ સમ જાણ્યા.<br>
અનાહત નાદ અંતરના,<br>
પ્રભુ સુણશું અમે ક્યારે?<br>
વિડંબનારૂપ છે નૃત્યો,<br>
નથી ગમતાં હવે કૃત્યો;<br>
પ્રભુના પ્રેમ મંદિરમાં,<br>
અમે તો નાચશું ક્યારે?<br>
બધા આભરણ અંગોના,<br>
અમોને ભાર રૂપ લાગે;<br>
પરિગ્રહથી રહિત થઇને,<br>
પ્રભુને ભેટશું ક્યારે?<br>
બધા કામો દુઃખદ રૂપ છે,<br>
અમોને ઝેર સમ ભાસે,<br>
તજીએ વિષય–કષાયને,<br>
સંયમમય જીવશું ક્યારે?<br>
જગવ્યો જ્ઞાનનો દીપક.<br>
પ્રભુ છો અમારા પ્રેરક,<br>
પ્રભુ પ્રકાશના પંથે,<br>
અમર! પગ માંડશું ક્યારે!

❁

જગતની દરેક વસ્તુમાં સંગીત ગુંજી રહ્યું છે. તમારા ચિત્તને પ્રસન્ન રાખવા. એ બધા નિમિત્તોમાં ચિત્તની એકાગ્રતા જાળવી રાખો, રાગ–દ્વેષથી અસ્થિર ન થાઓ, તો દરેક વસ્તુમાંથી સંગીતનું મધુર ગાન મળશે અને આત્માનુભવનું તાન ઉત્પન્ન થશે, તમારા દરેક કાર્યમાં તમારો ઉપયોગ सोऽहं सोऽहं ॐ अर्हं ॐ वीतरागं सर्वज्ञम् એ નાદમાં તરબોળ રાખી આવશ્યક કર્તવ્ય કર્મ કરતા જાઓ, જુઓ, કેટલો આનંદ આવશે! આનંદ આવવાનું કારણ એકાગ્રતા છે, આત્મા આનંદમય છે, મન–વચન–કાયાનાં યોગની એકાગ્રતા–સ્થિરતા થઇ જતાં આત્માનું ગુંજન શરુ થાય છે. ઇન્દ્રિય–વિષય–કષાયના કલ્લોલ શાંત થઈ જાય છે, આવું સંગીત પરમાર્થમય અંતરમાં શરુ કરો. ઇન્દ્રિયો ને મનને વિષયમાં જોડે તે સંગીત નથી. જે દ્વારા સાચો આત્માનંદ મળે તેજ સંગીત.

તમારું લખેલું કોઈ વાંચવા તૈયાર નથી. પરંતુ આચરેલું જોવાને અને તે પ્રસંગ પડે તો અપનાવવાને ઘણા તૈયાર થશે, લેખકોએ લખી લખીને ઢગલા કર્યાં, પ્રેસવાળાઓએ છાપી છાપીને ગંજ ખડકયા, પરંતુ તેનો અવાજ સમાજના આંગણે આંગણે નહિવત્ ગુંજતો થયો છે, કરોડો માનવોમાં એ સાહિત્યને વાંચવાની પુરસદ કેટલી? શોખ કેટલાને? શોખ હોય તો એટલી સગવડ કેટલાને? પરંતુ જો ચારિત્રનો બગીચો મ્હેકતો હશે તો તેની સૌરભ દૂર દૂર સુધી વગર મહેનતે પવન ઘેર ઘેર ફેલાવશે.

મારી ને તમારી વચ્ચેથી અભિમાનની દિવાલ તુટી જાય તો મારા ને તમારા અનુભવનો દીપક પ્રગટી જાય. કારણ કે મારામાં હોય તે કદાચ તમારામાં ન હોય અને તમારામાં હોય તે મારામાં ન હોય એટલે બન્ને પોત-પોતાનું અભિમાન કરી આંખ આડું નાક ધરી ઉભા છીએ. જો એ અભિમાનનું ટપકું નીકળી જાય તો મારા અનુભવનો તમને લાભ મળે. અને તમારા અનુભવનો મને લાભ મળે અનુભવથી એક જ છીએ અભિમાનથી ભિન્ન છીએ.

શાંતિમય જીવન જીવવા માંગીએ છીએ પણ જીવન તો અશાંતિમાં જ પસાર થાય છે. સંવાદી આનંદી જીવન જીવવા માંગીએ છીએ પણ વિસંવાદી જીવન બની જાય છે. મારો આત્મા પ્રસન્ન થાય તો દરેકનો આત્મા પ્રસન્ન થઇ શકશે. મારે મારા આત્માને એવો કળાકાર બનાવવો જોઇએ કે જે દ્વારા હું મને અને તમને પ્રસન્નતા અર્પી શકું.

પ્રતિક્રમણ એટલે આત્મ નિરીક્ષણ કરી સ્વદોષનું પ્રક્ષાલન કરવું. જે દોષનું દર્શન આપણે બીજાને કરાવીએ તેજ દોષ આપણામાં છુપાયો છે કે કેમ? તેનું અંતર નિરીક્ષણ કરી દોષ રહિત થવું. ત્રીજા પુરુષની ઉપર ઉપદેશ આપનારા ઘણા છે, બીજા ઉપર આક્ષેપથી કહેનારા ઘણા છે, પણ પહેલા પુરુષ ઉપર સ્વદોષે નીરખનારા વિરલ છે. જે સ્વદોષનું પળે પળે નિરીક્ષણ કરી, તેનું પ્રાયશ્ચિત કરી, પુનઃ તે દોષ ન થાય તેનું ઉપયોગપૂર્વક પ્રતિક્રમણ કરી આત્મશુદ્ધિ કરવી એજ સાચું પ્રતિક્રમણ છે. ક્ષમા એજ વીરનું ભૂષણ છે.

❀

એક જણે કહ્યું કે, તમારી કીંમત કેટલી? બીજાએ જણાવ્યું કે તમે જ આંકોને? જવાબમાં જણાવ્યું કે તમારી કીંમત કોડીની. સામે તેણે પણ તડ દઈને સુણાવી દીધું કે ત્યારે તમારી કિંમત લાલ ફુટી બદામની બંન્નેની કીંમત અંકાઈ ગયા પછી કોઈ દિવસ ફરી પોતાની કિંમત અંકાવાની હિંમત કરવાની શક્તિ ગુમાવી બેઠા. એ કરતાં બાંધી મુઠી લાખની રાખી હોત તો અમૂલ્ય રહેત.

જેને તમે સાધ્ય માનો છો. તેને અમે સાધન માનીએ છીએ. તમે જેને સાધન માનો છો, તેને અમે સાધ્ય માનીએ છીએ. આટલું લાંબુ અંતર અમારા ને તમારા વિચારોમાં છે. તમે ધનને સાધ્ય માનો છો, અને તે પ્રાપ્ત કરવાં ધર્મને સાધન બનાવો છો. અમો ધર્મને સાધ્ય માનીએ છીએ અને ધનને સાધન માનીએ છીએ. જે જીવન જીવવામાં સહકારી કારણ છે. ધર્મને ભોગે ધન પ્રાપ્ત કરવું એ તો અધમતા છે.

કયા સુખની પાછળ આપણે દોટ મુકી રહ્યા છીએ? કૃત્રિમ સાધનો વધારી, જીવન અકુદરતી-કૃત્રિમ રીતે જીવી રહ્યા છીએ? કયા ધ્યેયને સિધ્ધ કરવા જીવન જીવાય છે? ધન. સ્ત્રી, શૃંગાર, રેડીયા, મોટર, બંગલા, વીલાસ, વ્યસન આદિની પ્રાપ્તિથી સુખ મળે છે? નહીં. સુખાભાસ છે. એ સુખ અંતરનું સુખ નથી. અંતરનું સુખ તો અમરમાં છે. અને તે કોઇ વિરલ આત્માને સમજાય છે.

બધું જાણી લેવું પછી બધું ભુલી જવું. જેમ દુષ્ટને એકવાર જાણી લઇએ અને પછી તેનો ત્યાગ કરીએ છીએ તેમ. સ્વભાવ ને પરભાવનો વિવેકપૂર્વક અભ્યાસ કરી, સ્વભાવમાં રહેવું ને વિભાવથી મુકાવું. ભેદજ્ઞાની સ્વપર-સ્વરૂપનો ક્ષણે ક્ષણે વિવેક કરીને પોતાનાં સ્વરૂપનું રક્ષણ સંભાળે છે. પરભાવ-પરદ્રવ્યથી ઉદાસીન થાય છે. રાગ દ્વેષ, હર્ષ શોક, સંકલ્પ-વિકલ્પને ઉપશમાવે છે. અખંડ આનંદ, અભેદ્ય પ્રેમ, નિર્વિકલ્પ શાંતિમાં સ્થિર થઈ અહિંસા, સંયમ ને તપના પંથે વળે છે.

## પર્વાધિરાજ

**પૂ૦ મુનિરાજ શ્રી જિનેન્દ્રવિજયજી મહારાજ**

પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વ એટલે આત્મજ્ઞાનની દિવ્ય જ્યોત પ્રગટાવવાનો અવસર.

એ પર્વનું આરાધન કર્યું તેણે જીવનને સફલ બનાવ્યું છે. એ પર્વના આરાધનથી દૂર રહ્યો એટલે જીવનની સફળતાથી જ જાણે આત્મા દૂર રહ્યો.

પર્વની આરાધના માટે પૂર્વ પુરૂષોએ ખૂબ ખૂબ જણાવ્યું છે. તેમાં આ પર્વ એ બધા પર્વોનો સરદાર! બધા પર્વોમાં શિરોમણિ!

આત્માના કર્મમલને ધોવા માટે સુમનોહર જાણે જલકુંજ! આત્મ–ગુણોની સુવાસ પ્રાપ્ત કરવા માટે જાણે સુવિકસિત કુસુમ વાટિકા!

પર્વની આરાધના માટે અનેક કર્તવ્યોમાં મુખ્ય પાંચ કર્તવ્યો કહ્યાં છે.

૧, અમારિ પ્રવર્તન
૨, સાધર્મિક ભક્તિ
૩, અઠ્ઠમનો તપ
૪, પરસ્પર ક્ષમાપના
૫, ચૈત્યપરિપાટી

તે સિવાય પણ આ પર્વમાં અનેક સુકર્તવ્યો કરવાના છે. કલ્પસૂત્રશ્રવણ, સંવત્સરી પ્રતિક્રમણ, પૂજા–પ્રભાવના પોસહ વગેરે આ પર્વના અલંકારો છે. તેનો મહિમા જબરો છે. આ પર્વના આરાધનથી અનેક મહાત્માઓ આત્મહિત સાધી ગયા છે.

પર્વના કૃત્યોની ઉત્તમ ભાવનાપૂર્વક ઉલ્લાસ પૂર્વક સેવના કરવી જોઇએ.

**અમારી પ્રવર્તનનું કર્તવ્ય.**

અમારી! એટલે કોઇ પણ જીવને મારવો નહિ: જીવદયા એ જ ધર્મ છે.

પર્વના દિવસોમાં એકેન્દ્રિય પાણી, અગ્નિ, વનસ્પતિ વગેરે જીવોની પણ હિંસાથી ખાસ બચવું જોઇએ. તો પછી ત્રસ હાલતા–ચાલતા જીવની દયા પાળવી જોઇએ, એમ કહેવાની આવશ્યકતા રહેતી નથી.

જે જીવદયામાં ઉદ્યમ કરે છે, તે ખરે જ સર્વ ઉત્તમ સાધનોની, સુખોની પ્રાપ્તિ કરનારો બને છે.

કુમારપાળ મહારાજાએ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાની સુપ્રેરણાથી પોતાના અઢાર દેશોમાં અમારિનું પ્રવર્તન કરાવ્યું હતું. જૂ મારી તેનો ભંગ કરનાર એક પ્રજાજનપાસે પરમાર્હત કુમારપાળે યૂકાવિહાર નામનું જિનમંદિર કરાવ્યું હતું.

જગદ્દગુરૂ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજાએ મોગલ સમ્રાટ્ અકબર પાસે તેના રાજ્યમાં છ છ મહિના સુધી એ અદ્દભૂત અમારિ પ્રવર્તન કરાવ્યું હતું.

શકય રીતે અમારિ–પ્રવર્તનમાં ઉદ્યમ કરવો, જીવનમાં જીવદયાને ઉતારવી, એ આ પર્વનું એક અંગ છે.

**બીજું કર્તવ્યઃ સાધર્મિકભક્તિ!**

શું તેનો મહિમા!

એક બાજુ સઘળાય ધર્મો અને એક બાજુ સાધર્મિક ભક્તિ, તોય તે ચઢી જાય!

કેમ? ધર્મો તરફ તો માત્ર ધર્મો, જ્યારે સાધર્મિકભક્તિમાં ધર્મ અને ધર્મી બંનેનો સમાવેશ.

આવી ઉત્તમ ભક્તિનો મનોહર અવસર

કોણ ચૂકે ?

શક્તિસંપન્ન મોટાં મોટાં સાધર્મિક વાત્સલ્યો કરીને એ કર્તવ્ય સેવે.

ધનહીન, અલ્પ ધનવાન યથાશક્તિ એક, બે, ત્રણ, ચાર પણ શ્રાવક શ્રાવિકા જમાડીને મુખવાસ વગેરે અર્પણ કરીને પણ આ કર્તવ્ય તે જરૂર સેવે જ.

યુવાનીમાં વ્રત ગ્રહણ કરવું, શક્તિ છતાં ક્ષમા ધારણ કરી સહવું, દીન અવસ્થામાં અલ્પ પણ દાન દેવું, તે મહાલાભને માટે થાય છે.

સાધર્મિકની આપત્તિનો ધનવ્યય કરીને નાશ કરવો તે સાધર્મિકની મહાન ફરજ છે.

દીન-દુઃખી અપંગ વગેરેને પણ ધર્મીજનોએ દ્રવ્ય ભોજન આદિ આપીને અનુકંપા કરવી જોઇએ.

અનુકંપા એ ધર્મનું ભૂષણ છે.

### ત્રીજું કર્તવ્ય : અઠ્ઠમનો તપ !

ત્રણ દિવસના ઉપવાસ ! તે ન બને તો છૂટાં છૂટાં પણ થઇ શકે, શક્તિના અભાવે છ આયંબિલ યા નવ નિવિ યા બાર એકાસણા યા ચોવિસ બેયાસણા કે છ હજાર સ્વાધ્યાય યા સાઇઠ બાંધી નવકારવાળી ગણીને પણ કરી શકાય.

આ તપ અવશ્ય સૌએ કરવો જોઇએ, તપથી દૂર રહેનારાને જિનઆજ્ઞા ઉલ્લંઘનનો દોષ આવે.

અઠ્ઠમનો તપ કરનાર નાગકેતુ તે જ ભવમાં શિવગામી બન્યા હતા.

સમતા એ તપનું ભૂષણ છે. ક્રોધ એ દૂષણ છે.

તપથી અસાધ્ય, દુઃસાધ્ય કાર્યો પણ સાધ્ય બની જાય છે.

ખુદ તીર્થંકર પરમાત્માઓએ તે જ ભવમાં મુક્તિમાં જવાની ખબર છતાં ઘોર તપશ્ચર્યા કરીને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

### ચોથું કર્તવ્ય : પરસ્પર ક્ષમપાના !

ક્ષમાપનામાં કેવો હર્ષ !
જાણે હર્ષનો સાગર ઉછળ્યો !

ખરા ભાવથી ક્ષમાપના કરવા જનારના હૃદયના શુભ ભાવનું માપ કાઢવું કઠીન છે.

જે ખમાવે તે આરાધક અને ન ખમાવે તે વિરાધક.

પરિચયમાં આવતા મિત્ર-સ્વજનાદિ સાથે જાણતાં-અજાણતાં અપરાધો થયા હોય, દુઃખ લાગ્યું હોય તેની ક્ષમાપના કરવી. માફી માંગવી, એ જ આ કર્તવ્ય.

ક્ષમાપના વૈર-વિષનું મારણ છે.
ક્ષમાપના વૈર અગ્નિનું શમન છે.

ક્ષમાપના વૈરની પરંપરાને અટકાવે છે, આત્માને નિર્મળતા પ્રાપ્ત કરાવે છે, મૈત્રીભાવની લહેરો પ્રગટાવે છે.

ઉદાયન રાજવી, આર્યા મૃગાવતીજી, આર્યા ચંદનબાલાજી વગેરેએ ક્ષમાપના કરી ઉત્તમ ઉદાહરણો આપણી સમક્ષ મૂકયાં છે.

કપટ કરીને ક્ષમાપનાનો ડોળ કરનાર રાજા ચંડપ્રદ્યોતનો દાખલો પણ આપણી સામે છે.

સાચી ક્ષમાપના કરી આત્માને નિર્મળ બનાવવો જોઇએ.

### પાંચમું કર્તવ્ય : ચૈત્ય પારપાટી !

ચૈત્ય પરિપાટી એટલે શાસનની પ્રભાવના: કેવા સુંદર ભાવ ! કેવા સુંદર વાજિંત્રો ! એ સાથે શહેરમાં રહેલા જિનમંદિરોએ દર્શન માટે જવું.

જોનારને ય અનુમોદના કરવાનું મન થાય.

ધર્મને તે પામી જાય.

ભાગ લેનાર શ્રેષ્ઠતમ સમ્યકૃત્વને પામે, પામેલો નિર્મળ બનાવે.

જિનદર્શન એટલે આત્મદર્શન.

જિનેશ્વરને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે.

આ પાંચે ય કર્તવ્યોની સેવામાં પર્વાધિરાજની ઉચ્ચતમ સેવા સમાયેલી છે.

પર્વનું પવિત્ર આરાધન, ભવસાગરથી તારનાર નૌકા છે.

દુર્લભ મનુષ્યભવની સફલતા શ્રી જિનધર્મની સાધનાથી છે.

નિરંતર ધર્મની આરાધના કરવી જોઇએ. એક ક્ષણનો પણ ભરોસો નથી.

**કલ કર સો આજ કર,**
**આજ કર સો અબ!**
**અવસર બીતી જાયેગા,**
**ફિર કરેગા કબ?**

એ ખ્યાલ રાખીને ધર્મની આરાધનામાં નિરંતર હરઘડી ઉદ્યમ કરવો તે સુજ્ઞજનનું કર્તવ્ય છે.

નિરંતર નહિ કરનારે પર્વનું આરાધન તો ચુકવું જ ન જોઇએ.


તેમાં ય આ પર્વાધિરાજ શ્રી પર્યુષણાની આરાધનાથી તો વંચિત નહિ જ રહેવું જોઇએ.

શકય તેટલી વિશેષ આરાધના કરવા માટે કટીબધ્ધ બનવું જોઇએ.

સૌ કોઈ આ પરમ મંગલકારી પર્વાધિરાજની આરાધના કરી આત્મ–નિર્મળપણું પામી અજર અમર અખંડ અનંત અમિટ અચલ શિવસુખને પામો એ જ મહેચ્છા.

शिवमस्तु सर्वजगतः।

ન વી ડી ઝા ઈ ન



શ ત્રું જ ય પ ટ

ગૂર્જર સ્ટુડીઓએ ૫૦ વર્ષના અનુભવે શત્રુંજય પટની નવી ડીઝાઇન તૈયાર કરી તે પાણીથી બગડે નહિ એવા પાકા રંગમાં કુમાસદાર કાપડ ઉપર ગામ અને નવ ટૂંકોના મંદિરોમાં સોનાની પ્રતિમાઓના ભાવભીના દર્શન સ્વર્ગનું ભાન કરાવે છે.

લખો : **ગૂર્જર આર્ટ સ્ટુડીયો : પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

# આળસ ખંખેરી ઉભા થા !

શ્રી ઉજમશીભાઇ જુઠાલાલ શાહ

વિશ્વમાં જ્યારે દુરાચારો પુરજોસથી ફેલાઇ રહ્યા છે અને તેની આગ સર્વ કોઇને ભરખી રહી છે, તે ટાણે, સત્ત્વશીલ જનોએ જાગ્રત રહેવું પડશે અને વધુ ને વધુ સત્ત્વશીલ બનવું પડશે. નહિતર કદાચ તેઓ પણ તે આગમાં હોમાઇ જશે.

વાતાવરણ એટલું બધું ઝેરી બની ગયું છે, કે કલ્પના થઇ શકતી નથી કે તે કયાં અટકશે ! જુવોને ! દુરાચારો શિષ્ટાચારમાં ફેરવાઈ ગયા છે, દુરાચારીઓને સમાજ અગ્રસ્થાને સ્થાપે છે અને તેમની પૂજા કરે છે. સદાચારીઓની ગણના ગમારમાં થવા લાગી છે. સત્યાનાશ વળી રહ્યું છે.

તો, જેઓને આર્યત્વ પ્યારૂં છે તે બધા જ આળસ ખંખેરી ઉભા થાય અને આર્યત્વને હણનારાં બૂરા તત્ત્વોથી સદંતર દૂર રહેવાની પ્રતિજ્ઞા કરે.

જો, સત્ત્વશીલ જનો તે પ્રત્યે આંખ મિચામણાં કરશે તો દુરાચારોને વધુ ને વધુ વેગ મળશે અને તે એવા ફાલશે ફૂલશે કે, સદાચારનું મહત્ત્વ સમૂળગું ભૂંસાઈ જશે. પરિણામે માનવ, માનવ મટી દાનવ બની જશે અવનીપર ઘોર અનર્થોનું તાંડવ જામશે. જનતાની સલામતી સદંતર ખોરવાઇ જશે. જનતા ત્રાસ ત્રાસ પોકારી જશે.

"કરશે તે ભરશે" તે સૂર વૈયક્તિક દૂષણોની અપેક્ષાએ ભલે ઠીક હોય. પરંતુ જ્યાં સામુદાયિક દૂષણો ઘર કરી બેઠાં હોય ત્યાં તે સૂર સત્ત્વશીલ જનોને મુખે એકદમ અસ્થાને છે. અને તે કાયરતા સૂચક છે. સત્ત્વશીલ જનોની ફરજ છે, કે જનતાને અધર્મથી ઉગારવા યથા–તથા મથવું જોઈએ.

સર્વત્ર પ્રસરેલા એ ભયંકર ઝેરના નિવારણ માટે બીજા ઉપચારો ભલે હોય, પરંતુ આત્મધર્મનો ધોધમાર ઉપદેશ એ તેનો રામબાણ ઇલાજ છે.

જો કે, એ ઉપદેશનો ધોધ વેવલાઓને મુખેથી નહિ, પરંતુ રત્નત્રયીની અપૂર્વ આરાધના કરનાર સત્ત્વગુણી સંતોને મુખેથી વહે તો જ એ વિષનું નિવારણ સંભવિત છે. કેમકે સદંતર ઉંધે રાહે. ઢળેલી જનતાને કંઈમાત્ર કોરા આધ્યાત્મિક શબ્દપ્રયોગોથી સાચે રાહે દોરી શકાય નહિ.

એટલે કે, રત્નત્રયીનું અપૂર્વ આરાધકપણું એ ઉપદેશકોમાં હોવું જરૂરી છે.

રત્નત્રયીનું અપૂર્વ આરાધકપણું વ્યક્તિને જે દિવ્ય પ્રકાશ આપે છે, તે પ્રકાશ અનેક ભવ્ય જીવોને બૂઝવે છે. અધર્મથી ઉગારે છે, અને વિશ્વને અનેક રીતે ઉપકારક નીવડે છે.

કોઈ જનો ભલે બીજે વલખાં મારે. પરંતુ જો તેઓને સ્વ–પરનું ખરૂં કલ્યાણ કરવું હશે તો અંતે રત્નત્રયીની અપૂર્વ આરાધના કરવી પડશે.

# પૂ૦ આચાર્યદેવાદિ મુનિવરોનાં ચાતુર્માસિક સ્થળો

**પૂ૦ આચાર્યદેવાદિ મુનિવરોનાં ચાતુર્માસિક સ્થળોની યાદિ અમોને માહિતી મળી છે એ મુજબ રજુ થઇ છે. નામ અને ગામ લખ્યું હોય ત્યાં પત્ર વ્યવહાર કરનારે જૈન મંદિર કે જૈન ઉપાશ્રય આટલું ઉમેરવું જેથી ટપાલ ગેરવલ્લે ન જાય.**

★

## અમદાવાદ

પૂ૦ આ૦ શ્રી વિજયસિદ્ધિસૂરિજી મહારાજ તથા પૂ૦ આ૦ શ્રી વિજયલક્ષ્મણસૂરિજી મહારાજ આદિ ઠે. ડોશીવાડાની પોળ જૈન વિદ્યાશાળા.

પૂ૦ આ૦ શ્રી વિજયોદયસૂરિજી મહારાજ તથા પૂ૦ આ૦ શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ આદિ પાંજરાપોળ જૈન ઉપાશ્રય.

પૂ૦ આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ તથા પૂ૦ આ૦ શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ તથા પૂ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ આદિ કાળુપુર રોડ જૈન જ્ઞાન મંદિર.

પૂ૦ આ૦ શ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજ ઉજમફઈની ધર્મશાળા

પૂ૦ આ૦ શ્રી વિજયજમ્બૂસૂરિજી મહારાજ ગીરધરનગર

પૂ૦ આ૦ શ્રી વિજયઉમંગસૂરિજી મ૦ ઠે, જ્ઞાનમંદિર સાબરમતી રામનગર

પૂ૦ આ૦ શ્રી વિજયમનોહરસૂરિજી મ૦ રાજા પટેલની પોળ પગથીયાનો ઉપાશ્રય

પૂ૦ આ૦ શ્રી હર્ષસૂરિજી મ૦ તથા પૂ૦ આ૦ શ્રી મહેન્દ્રસૂરિજી મ૦ લુવારની પોળ

પૂ૦ આ૦ શ્રી મેઘસૂરિજી મહારાજ લુણસાવાડો મોટી પોળ સામે

ઉપાધ્યાય સુખસાગરજી મ૦ ખરતર ગચ્છનો ઉપાશ્રય

પંન્યાસજી રમણિકવિજયજી લુણસાવાડો

પંન્યાસજી ભાનુવિજયજી મ૦ વીરનો ઉપાશ્રય ભઠ્ઠિની બારી

પંન્યાસજી શ્રી મહોદયસાગરજી મ૦ આંબલીની પોળ સાગરનો ઉપાશ્રય

પંન્યાસજી શ્રી રાજેન્દ્રવિજયજી મ૦ ડોશીવાડાની પોળ ડહેલાનો ઉપાશ્રય

મુનિશ્રી મતિધનવિજયજી મ૦ શેખનો પાડો

મુનિશ્રી સુબોધવિજયજી મ૦ સારંગપુર તળીયાની પોળ

મુનિરાજ ભાનુવિજયજી મ૦ કાળુશીની પોળ

મુનિશ્રી મનકવિજયજી મ૦ સરસપુર વાણીયાવાડ

મુનિશ્રી હર્ષવિમલજી મ૦ દેવશાનો પાડો

ઉપાધ્યાયજી રવિવિમલજી મ૦ જુનો મહાજન વાડો

મુનિશ્રી રૈવતસાગરજી મ૦ ખુશાલભુવન એલીસબ્રીજ

પં૦ શ્રી મહેન્દ્રવિમલજી મ૦ દેવશાનો પાડો

મુ૦ ચંદ્રોદયવિજયજી મ૦ શાંતિનગર વાડજ

મુ૦ ચંદ્રવિજયજી મ૦ શામળાની પોળ

મુ૦ ચંદ્રકાંતસાગરજી મ૦ જૈન મર્ચંટ સોસાયટી એલીસબ્રીજ

મુ૦ પુણ્યવિજયજી મ૦ ફીકાભટની પોળ

મુ૦ હંસસાગરજી મ૦ નાગજી ભુદરની પોળ

પંન્યાસજી પ્રભાવવિજયજી મ૦ જૈન ઉપાશ્રય રામનગર સાબરમતી

મુ૦ શ્રી વિકાસવિજયજી મ૦ શાહપુર મંગળ પારેખનો ખાંચો

મુ૦ ઉમંગવિજયજી મ૦ શાહપુર

મુનિશ્રી ભક્તિવિજયજી **અહમદનગર**

પંન્યાસજી શ્રી પ્રવીણવિજયજી મ૦ જુનોબજાર ઇડર (એ. પી. રેલ્વે)

મુનિ ઇન્દ્રસાગરજી મહારાજ **ઇન્દોર**

પૂ૦ આ૦ શ્રી યશોદેવસૂરિજી મહારાજ **અમલનેર**

મુનિશ્રી જયંતવિજયજી મ૦ **આમોદ** (ભરૂચ)

મુનિ શ્રી લક્ષ્મીવિજયજી મ૦ **અમરસર-સરત** (બાકરા-મારવાડ)

મુનિ શ્રી પુર્ણાનંદવિજયજી **અરણોદ** (રાજસ્થાન)

મુનિ શ્રી વિબુધવિજયજી **અમલસાડ** (સુરત)

મુનિ શ્રી લક્ષ્મીસાગરજી **અમલસેર** (મારવાડ)

મુનિ શ્રી નિત્યાનંદવિજયજી **અગીયાળી** (શીહોર)

મુનિ શ્રી સોમવિજયજી મ૦ **અજમેર**

મુનિ શ્રી સુબોધવિજયજી **અંગીયા મોટા** (કચ્છ)

મુનિરાજ રાજવિજયજી મ૦ આંકલાવ (વાસદ)
મુનિ શ્રી ભદ્રસાગરજી મ૦ આણંદ (ગુજરાત)
મુનિ શ્રી દેવવિમલજી મ૦ આગલોડ (ગુ.)
મુનિ શ્રી દર્શનસાગરજી મ૦ આદરીઆણા (સૌ)
મુનિ શ્રી માનતુંગવિજયજી પીપલી બજાર ઇન્દોર
પં૦ શ્રી દક્ષવિજયજી મ૦ ઉંઝા (ઉ. ગુ.)
મુનિરાજ સોહનવિજયજી મ૦ ઉમતા (ગુ.)

## ઉદેપુર (મેવાડ)

પૂ૦ આ૦ શ્રી હિમાચલસૂરિજી મહારાજ માલદાસ સ્ટ્રીટ
મુનિ શ્રી સુમતિમુનિ મહારાજ હાથીખાના
મુનિ શ્રી સંયમસાગરજી મહારાજ ઉજ્જૈન
મુનિ શ્રી પુષ્પમુનિ મહારાજ ઇન્દોર
પં૦ શ્રી રમણિકવિજયજી કરજણ (મીઆગામ)
મુનિ શ્રી ચંદ્રોદયસાગરજી કપડવણજ (ગુજરાત)
પં૦ શ્રી સુંદરવિજયજી મ૦ કંબોઇ (બનાસ કાંઠા)
મુનિરાજ શ્રી મંગલવિજયજી મ૦ કલોલ (ગુ.)
પં૦ શ્રી જિતવિજયજી મ૦ કોઠ (અમદાવાદ)
પં૦ શ્રી હીરમુનિ મહારાજ કપડવણજ (ખેડા)
પૂ૦ આ શ્રી રંગવિમલસૂરિજી મ૦ કાલંદ્રી
મુનિશ્રી વિજ્ઞાનસાગરજી મ૦ કાનપુર
મુનિશ્રી વસંતસાગરજી મ૦ કાસોર
મુનિશ્રી ચંદ્રોદયવિજયજી મ૦ કુચેરા
મુનિશ્રી નયવિજયજી મ૦ કુંભણ (મહુવા)
મુનિશ્રી સુંદરવિજયજી મ૦ કોઇમ્બટુર
મુનિશ્રી ન્યાયવિજયજી મ૦ કોરટા (એરણપુરા)
મુનિરાજ શ્રી ભુવનવિજયજી મ૦ ૯૬, કેનીંગ સ્ટ્રીટ જૈન મંદિર કલકત્તા
મુનિશ્રી બુદ્ધિમુનિમહારાજ કોડાય (કચ્છ)
મુનિશ્રી વિનયેન્દ્રસાગરજી મ૦ કોઠારા (કચ્છ)

## ખંભાત

પંન્યાસજી પ્રતાપવિજયજી મ૦ મુળચંદ બુલાખીદાસ જૈન ઉપાશ્રય
મુનિરાજ યશોભદ્રવિજયજી મ૦ તથા મુનિરાજ ભદ્રગુપ્તવિજયજી મ૦ જૈનશાળા ટેકરી
મુનિશ્રી સુરેન્દ્રવિમલજી મ૦ ખીમત (મારવાડ)
પં૦ શ્રી તીર્થવિજયજી મ૦ ખેડા (ગુજરાત)
મુનિશ્રી લક્ષ્મીવિજયજી મ૦ ખાચરોદ (મ. પ્ર.)

## ખેરાળુ (મહેસાણા)

પં૦ શ્રી માણેકવિજયજી મ૦
મુનિશ્રી તિલકમુનિ મ૦
મુનિશ્રી ચિદાનંદવિજયજી મ૦ ગારીયાધાર [સૌ.]
મુનિશ્રી સુજ્ઞાનવિજયજી મ૦ ગોળ પોસ્ટ ઉમેદાબાદ (રાજસ્થાન)
મુનિશ્રી ખાંતિવિજયજી મ૦ ગોઇંજ (હાલાર)
પં૦ શ્રી કીર્તિમુનિ મ૦ ગોધાવી (ગુજરાત)
મુનિરાજ કંચનવિજયજી મ૦ ગોધરા (પંચમહાલ)
મુનિશ્રી કમળવિજયજી મ૦ ગંભીરા (ખેરસદ)
મુનિ શ્રી લાવણ્યવિજયજી મ૦ ગુડાબાલોતરા
મુનિ શ્રી રામવિજયજી ગોહીલી (મારવાડ)
મુનિ શ્રી સિંહવિમલજી ગોણેલાવ (નાગોર)
પં૦ કમળવિજયજી મ૦ ઘાણેરાવ (મારવાડ)
મુનિ શ્રી વિભાકરવિજયજી ઘોઘા (સૌ.)
મુનિ શ્રી જયવિજયજી મ૦ ચલોડા (ધોળકા)
મુનિરાજ ધર્મસાગરજી મ. ચાણસ્મા (ઊ. ગુ.)
મુનિશ્રી શીવવિજયજી ચાણોદ [મારવાડ]
મુનિશ્રી ગૌતમસાગરજી ચેલા (સૌ.)
પૂ૦ આ૦ શ્રી વિજયભુવનસૂરિજી મ. તથા
મુનિરાજ સુદર્શનવિજયજી મ૦ છાણી (વડોદરા)
પં. શ્રી કનકવિજયજી છાપી [ગુજરાત]
મુનિશ્રી ભવ્યાનંદવિજયજી આત્માનંદ જૈન સભા ભવન જયપુર [રાજસ્થાન]
મુનિશ્રી પ્રીતિતત્ત્વવિજયજી જગદલપુર [મ. પ્ર.]

## જામનગર

પૂ૦ આ૦ શ્રી ન્યાયસૂરિજી મ. મોહનવિજયજી જૈન પાઠશાળા પોસ્ટ ઓફીસ સામે
મુનિરાજ કુંદકુંદવિજયજી મ૦ શાંતિભુવન દિગ્વિજય પ્લોટ
મુનિશ્રી જિનેન્દ્રવિજયજી મ૦ શાંતિભુવન આણંદબાવાનો ચકલો
પૂ૦ આ. શ્રી માણિક્યસાગરસૂરિજી મ. જંબુસર
પૂ. આ. શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજયઓમકારસૂરિજી મ. જોટાણા [મહેસાણા]

પં. શ્રી કલ્યાણવિજયજી મ. **જાલોર** [મારવાડ]
પૂ. આ. શ્રી યતીન્દ્રસૂરિજી મ. **જાવરા** [મ. પ્ર.]
મુનિશ્રી પ્રભાકરવિજયજી મ. હેમાભાઈની ધર્મ-શાળા ઉપરકોટ **જુનાગઢ**
મુનિશ્રી પ્રધાનવિજયજી **જેસર** [પાલીતાણા]
મુનિશ્રી પ્રબોધસાગરજી **જોરાવરનગર** (સૌ)
મુનિશ્રી ભુવનવિજયજી મ૦ **ઝીંઝુવાડા** (ખારાઘોડા)
મુનિશ્રી લબ્ધિસાગરજી **ટીંટોઈ** (ગુજરાત)
મુનિરાજ ઇન્દ્રસાગરજી મ૦ ડભોઇ (ગુ.)
મુનિશ્રી સંતોષવિજયજી ડભોડા (ગુ.)
પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ૦ **ડીસા**
પં૦શ્રી પુણ્યવિમલજી **ડુંગરપુર** (રાજસ્થાન)
મુનિરાજ સ્વયંપ્રભવિજયજી **તળાજા** (સૌ)
પં૦શ્રી સુભદ્રસાગરજી **તલેગામ-ઢમઢેરા** (પુના)
મુનિશ્રી હર્ષવિજયજી મ૦ **તુંબડી-નાની** (કચ્છ)
તપસ્વીશ્રી દયામુનિમહારાજ **થરા** (બનાસકાંઠા)
મુનિશ્રી વિબુધવિજયજી મ૦ **દેસુરી** (મારવાડ)
મુનિશ્રી બાલચંદ્રજી મ૦ **દુર્ગાપુર** (કચ્છ)
આ. શ્રી જિનેન્દ્રસૂરિજી મ. **ધનારી** [શીરોહી]
મુનિ શ્રી રવિવિજયજી મ. **ધંધુકા** [અમદાવાદ]
પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી મ૦ **ધાનેરા** [ડીસા]
મુનિશ્રી શાંતિસાગરજી **ધ્રાંગધ્રા** [સૌ]
મુનિશ્રી ભદ્રાનનવિજયજી મ૦ **ધીણોજ** [મહેસાણા]
પૂ. ઉ૦ ધર્મવિજયજી મ૦ **નડીયાદ** [ગુજરાત]
મુનિશ્રી દોલતસાગરજી મ. **નવસારી**
મુનિશ્રી હેમેન્દ્રસાગરજી **નાગોર** [મારવાડ]
મુનિશ્રી તીર્થવિજયજી **નાસોલી** [મારવાડ]
મુનિશ્રી ગુણસાગરજી મ. ભંડારારોડ [**નાગપુર**]
મુનિશ્રી પ્રીતિવિજયજી **નાડલાઇ** [મારવાડ]
મુનિશ્રી વિશારદવિજયજી **નાડોલ** [મારવાડ)
પૂ૦આ૦ શ્રી વિજયકનકસૂરિજી મ૦ **પલાંસવા** (કચ્છ-વાગડ)
મુનિ શ્રી પૂર્ણાનંદવિજયજી મ૦ **પ્રતાપગઢ** (રાજસ્થાન)
પૂ૦ આ શ્રી સમુદ્રસૂરિજી મ૦ **પાલી** (મારવાડ)
મુનિ શ્રી ધનપાલવિજયજી મ૦ **પાચોરા** (ખાનદેશ)

## પાટણ

પૂ૦ આ૦ શ્રી કીર્તિસાગરસૂરિજી મ૦ **જૈન** ઉપાશ્રય
મુનિ૦ ચિદાનંદવિજયજી મ૦ નગીનભાઇ હોલ
મુનિ૦ ભદ્રંકરવિજયજી મ૦ ખરતરગચ્છનો ઉપાશ્રય
મુનિ શ્રી ન્યાયવિજયજી મ૦ જૈન ઉપાશ્રય
ઉપાધ્યાય કવીન્દ્રસાગરજી ગાંધીવાસ **પાલનપુર**
મુનિ૦ શ્રી કલ્યાણવિજયજી **પીપલોદા** (મ.પ્ર.)

## પાલીતાણા

પૂ૦ આ૦ શ્રી વિજયદર્શનસૂરિજી મ૦ તથા પૂ૦ આ૦ શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ તથા પંન્યાસજી જયાનંદવિજયજી મ૦ મુનિ ક્ષમાનંદવિજયજી આદિ સાહિત્યમંદિર

પંન્યાસજી સુમતિવિજયજી મ૦ તથા પંન્યાસજી ભક્તિવિજય મ૦ આદિ આરીસાભવન

મુનિ શ્રી દર્શનવિજયજી મ૦ તથા મુનિશ્રી દોલતવિજયજી મ૦ મોતી કડીયાની ધર્મશાળા

મુનિશ્રી મનકવિજયજી મ૦ શાંતિભુવન
મુનિશ્રી માણેકવિજયજી મ૦ શાંતિભુવન
મુનિ૦ શ્રી આણંદવિજયજી જશકુંવર ધર્મશાળા
મુનિ૦ શ્રી ચિદાનંદવિજયજી કંકુબાઇ
મુનિ૦ શ્રી રામસાગરજી મ૦ દાદા સાહેબ.
મુનિશ્રી ગજેન્દ્રવિજયજી મ. **પીંડવાડા** (રાજસ્થાન)
પંન્યાસ નવીનવિજયજી મ૦ ૬૫૭, સાચાપીર સ્ટ્રીટ જૈન મંદિર પુનાકેમ્પ
મુનિશ્રી તત્ત્વપ્રભવિજયજી **પોરબંદર**(સૌ)
મુનિશ્રી ગજેન્દ્ર મુનિમહારાજ **પોમાવા** (મારવાડ)
મુનિરાજ હેમેન્દ્રવિજયજી મ૦ **ફણસા** (થાણા)
મુનિશ્રી કલ્યાણસાગરજી **ફલોધી** (મારવાડ)
મુનિશ્રી ભદ્રંકરસાગરજી અંગ્રેજી કોઠી **બનારસ**
મુનિશ્રી વલ્લભદત્તવિજયજી **બાલી** [મારવાડ]
મુનિશ્રી અમરવિજયજી મ૦ **બગડ** [બોટાદ]
મુનિશ્રી સંજમસાગરજી **બ્યાવર** [મારવાડ]
પં૦ શ્રી કેવલવિજયજી **બાવળા** [અમદાવાદ]
મુનિશ્રી ઉદયસાગરજી મ૦ **બાડમેર** [રાજસ્થાન]
મુનિશ્રી હર્ષવિજયજી રાંગડી ચોક **બિકાનેર**

## બેંગલોર

પં૦ શ્રી યશોભદ્રવિજયજી મ. જૈન ટેમ્પલ ચીક પેઠ

મુનિશ્રી કીર્તિચન્દ્રવિજયજી મ૦ ગાંધીનગર
મુનિશ્રી બળવંતવિજયજી બેડા [મારવાડ]
પૂ૦ આ૦ શ્રી વિજયલાવણ્યસૂરિજી મ૦ આદિ બોટાદ [સૌ.]

## બોરસદ

પૂ૦ પં૦ શ્રી માનવિજયજી મ૦ કાશીપરા
મુનિ શ્રી સૌભાગ્યસાગરજી આઝાદચોક
પંન્યાસ ભદ્રંકરવિજયજી મ૦ શ્રીમાળી પોળ **ભરૂચ**
પૂ૦ આ૦ શ્રી શાંતિચન્દ્રસૂરિજી મ૦ **ભાભર** [નવાડીસા]

## ભાવનગર

ઉપાધ્યાયજી ધર્મવિજયજી મ૦ વડવા
ઉપાધ્યાય સંપતવિજયજી મ૦ કૃષ્ણનગર
પંન્યાસ અવદાતવિજયજી મ૦ મારવાડીનો વંડો
મુનિરાજ ભાસ્કરવિજયજી મ. દાદાસાહેબની વાડી
મુનિશ્રી વિશાળવિજયજી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર
મુનિશ્રી વિમલસાગરજી મ૦ મારવાડીનો વંડો
મુનિશ્રી ધરેન્દ્રમુનિ મહારાજ **ભુજ** (કચ્છ)
મુનિશ્રી ચિદાનંદમુનિ મહારાજ **ભોપાલ**
મુનિશ્રી ભુવનવિજયજી મ૦ **ભોરોલ** (બનાસકાંઠા)
પંન્યાસ વિનયવિજયજી મ૦ **મહેસાણા**
મુનિશ્રી મૃગાંકસાગરજી મ૦ **મહેસાણા**
પં૦શ્રી મોતિવિજયજી મ૦ **મહુવા** (સૌ.)
મુનિશ્રી કંચનવિજયજી **મગરવાડા** (બનાસકાંઠા)
મુનિશ્રી કૈલાસપ્રભવિજયજી મ. **માલવાડા** (રાજ૦]
મુનિશ્રી જિનપ્રભવિજયજી **માલવણ** (બનાસકાંઠા)
પૂ૦ આ૦ શ્રી ઋદ્ધિસાગરસૂરિજી મહારાજ **માણસા** (ઊ.-ગુ.)
મુનિ શ્રી શાંતિવિજયજી મ૦ પોષ્ટ સાંચોરી **માંડલ** (રાજસ્થાન)
મુનિશ્રી કાંતિસાગરજી મ૦ **માયસોર**
મુનિશ્રી રૂપચંદ્રજી સ્વામી **માંડવી** (કચ્છ)
મુનિરાજ નિત્યાનંદવિજયજી **મીયાગામ**
મુનિશ્રી ગુણભદ્રવિજયજી **માંગરોલ** [સૌ]
મુનિશ્રી પ્રેમસાગરજી **મેડતારોડ** [મારવાડ]

## મુંબઈ

પૂ૦ આ૦ શ્રી વિજયામૃતસૂરિજી મહારાજ ઠે. જીવણભાઇ અબજીભાઈ જૈન જ્ઞાનમંદિર કીંગ સર્કલ માટુંગા-૧૯
પૂ૦ આ૦ શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી મ૦ તથા પૂ૦ આ૦ શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ નમિનાથ જૈનઉપાશ્રય ભીંડીબજાર
પૂ૦ આ૦ શ્રી હેમસાગરસૂરિજી મહારાજ શાંતાક્રુઝ એન્ટ્રેઝરોડ જૈન મંદિર
પૂ૦ આ૦ શ્રી વિજયધર્મસૂરિજી મ૦ બોરાબજાર શાંતિનાથ જૈન દેહરાસર
પૂ૦ આ૦ શ્રી પૂર્ણાનંદસૂરિજી મહારાજ ઘોડબંદર રોડ બોરીવલી
પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવર ભૂલેશ્વર લાલબાગ જૈન ઉપાશ્રય
પૂ૦ આ૦ શ્રી વિજયેન્દ્રસૂરિજી મ૦ ટપહિલ બંગલા અંધેરી
પંન્યાસજી ધુરંધરવિજયજી મ૦ શ્રી કરમચંદ જૈન પૌષધશાળા ઈરલાબ્રીજ વિલે-પારલા
પંન્યાસ મેરૂવિજયજી મ૦ આદીશ્વરજી જૈન ધર્મશાળા પાયધુની
પંન્યાસ પ્રીયંકરવિજયજી મ૦ શાંતિનાથ જૈન મંદિર દાદર
પંન્યાસ રામવિજયજી મ૦ મોતીશા જૈન દેહરાસર ભાયખાલા
મુનિરાજ જિતેન્દ્રવિજયજી મ૦ ઝવેરરોડ જૈન મંદિર મુલુંડ
મુનિરાજ વિનોદવિજયજી મ૦ દોલતનગર બોરીવલી
મુનિરાજ મનોજ્ઞસાગરજી મ૦ મલાડ
મુનિરાજ ચંદ્રોદયવિજયજી મ૦ સેન્ડહર્સ્ટરોડ પ્રાર્થના સમાજ
મુનિશ્રી પદ્મવિજયજી મ૦ જૈન જ્ઞાનમંદિર ૬, એસલેન દાદર
મુનિશ્રી જિનભદ્રવિજયજી મ૦ બાબુ અમીચંદના ઉપાશ્રયે વાલકેશ્વર
મુનિશ્રી ભાનુચંદ્રવિજયજી મ૦ ઘાટકોપર
મુનિશ્રી નિરંજનવિજયજી મ૦ ચેમ્બુર
મુનિશ્રી કુંદનવિજયજી **મેતા** (પાલનપુર)
મુનિરાજ ભુવનવિજયજી મ૦ **મોરબી** (સૌ)
પં૦ શ્રી મેરૂવિજયજી **રાજપુર** (ડીસા)

મુનિ શ્રી નંદનવિજયજી **રાજમહેન્દ્રી**
મુનિ શ્રી રોહિતવિજયજી મ૦ **રાધનપુર**
મુનિ શ્રી ધનવિજયજી મ૦ **રાજપીપલા**
પૂ૦ આ૦ શ્રી પ્રીતિચંદ્રસૂરિજી મ૦ **રાંદેર**(સુરત)
ઉપાધ્યાયજી કૈલાસસાગરજી દહેરાશેરી **રાજકોટ**
મુનિ શ્રી રાજેન્દ્રવિજયજી મ૦ **રાજકોટસદર**
પંન્યાસજી મનોહરવિજયજી રોહીડા(મારવાડ)
મુનિ શ્રી ચંદનસાગરજી મ૦ **લાયજા મોટા**(કચ્છ)
મુનિ શ્રી અમીસાગરજી મ૦ **લીંબડી**(સૌ)
મુનિશ્રી સુબોધવિજયજી મ૦ **લાંઘણજ** (મહેસાણા)
મુનિ શ્રી માણેકવિજયજી મ૦ **લાપોદ** (મારવાડ)
પંન્યાસજી અશોકવિજયજી મ૦ **લુણાવાડા**

## વડોદરા

પૂ૦ આ૦ શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ૦ કોઠીપોળ
પંન્યાસજી દર્શનવિજયજી મ૦ મામાની પોળ
પંન્યાસજી નેમવિજયજી મ૦ ઘડીઆળીપોળ
પંન્યાસજી પદ્મવિજયજી મ૦ **વડાલી** (એ. પી. રેલ્વે)
પંન્યાસજી ચિદાનંદસાગરજી મ૦ સંવેગી જૈન ઉપાશ્રય **વઢવાણ શહેર**
મુનિ શ્રી કમળવિજયજી મ૦ લીમડાનો જૈન ઉપાશ્રય **વઢવાણશહેર**
પં૦ શ્રી ચંદ્રવિજયજી **વલસાડ** (ગુ.)
મુનિ શ્રી મતિસાગરજી મ૦ **વસઈ–સ્ટેશન**
મુનિ શ્રી નિરંજનવિજયજી **વળાદ** (અમદાવાદ)
મુનિ શ્રી જિનેંદ્રવિજયજી મ૦ **વાગોલ** (મારવાડ)
પૂ૦ આ૦ શ્રી વિજયોદયસૂરિજી મ૦ **વાંકાનેર**
પંન્યાસજી મંગલવિજયજી મ૦ **વાંકલી** (મારવાડ)
પં૦ શ્રી શાંતિવિમલજી મ૦ **વાડાશીનોર** (ગુ)
મુનિ મૃગાંકવિજયજી મ૦ **વાપી** (ગુ.)
મુનિ હર્ષવિજયજી મ૦ **વાવ** (ડીસા)
પં૦ શ્રી મહિમાવિજયજી મ૦ **વાણીયાવેડા** (કલોલ)
મુનિ શ્રી ચારિત્રમુનિ મહારાજ **વાંઢ** (કચ્છ)
મુનિ જયંતવિજયજી મ૦ **વિરમગામ**
મુનિ શ્રી મુક્તિવિજયજી **શિવગંજ** (એરણપુરા)
મુનિ શ્રી માનતુંગવિજયજી મ૦ **શીહોર** (સૌ.)
પૂ૦ આ૦ શ્રી રામસૂરિજી મહારાજ **શીરોહી** (રાજસ્થાન)
મુનિ કૈલાસવિજયજી મ૦ **શીનોર** (મીયાગામ)
પં૦ શ્રી પુષ્પવિજયજી મ૦ **શીપોર** (મહેસાણા)
આ૦ શ્રી આનંદસાગરસૂરિજી મ. **શૈલાના** (મ.પ્ર.)
પૂ૦ આ૦ શ્રી વિજયભક્તિસૂરિજી મ૦ **સમી** (હારીજ)
પંન્યાસજી ચરણવિજયજી મ૦**સરીયદ** (પાટણ)
પંન્યાસજી સુબોધવિજયજી મ. **સતલાસણા** (ઉ. ગુ)
મુનિ શ્રી સિધ્ધિચંદ્રવિજયજી **સાતેમ** (ગુ.)
પં૦ શ્રી મોતીવિજયજી **સાવલતા** (મારવાડ)
મુનિશ્રી ખીમાવિજયજી **સાંધલી** (વડોદરા)
મુનિશ્રી પુણ્યવિજયજી મ૦ **સાયલા** (જોરાવરનગર)
પૂ૦ આ૦ શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મ૦ **સાવરકુંડલા**

## સાદડી [મારવાડ]

પંન્યાસજી કાંતિવિજયજી મ૦ પાટીનો જૈન ઉપાશ્રય
મુનિશ્રી વિશારદવિજયજી મ૦
મુનિશ્રી રોહિતવિજયજી મ૦
મુનિશ્રી મુક્તિવિજયજી મ૦ **સાંગલી**
મુનિશ્રી પ્રભાવવિજયજી મ૦ **સિકંદ્રાબાદ**

## સુરત

પૂ૦ આ૦ શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ૦ છાપરીયાશેરી
ઉપાધ્યાયજી દેવેન્દ્રસાગરજી મ૦ નેમુભાઈની વાડી ગોપીપુરા
મુનિશ્રી જયસાગરજી મ૦ નવલકાકાની વાડી
મુનિશ્રી વર્ધમાનસાગરજી મ૦ **હરીપુરા**
પંન્યાસ શ્રી નિપુણમુનિમહારાજ મોહનલાલજી જૈન ઉપાશ્રય ગોપીપુરા
મુનિશ્રી ભક્તિમુનિમહારાજ **સગરામપુરા**
મુનિશ્રી સુરેન્દ્રસાગરજી મ૦ વડાચૌટા કબુતરખાના પાસે
મુનિશ્રી નંદનસાગરજી મ૦ નવાપરા
મુનિશ્રી ગુણાકરવિજયજી ખરતરગચ્છનો ઉપાશ્રય
મુનિશ્રી પદ્માકરવિજયજી **સુદામડા** (જોરાવરનગર)
મુનિશ્રી કેશરસાગરજી **સુણાવ**
મુનિરાજ ભાનુવિજયજી **સોજા** (ડાંગરવા)
પં૦ શ્રી રામવિજયજી મ૦ હિંગણઘાટ [વર્ધા]
મુનિશ્રી ગુણવિજયજી મ૦ **હૈદ્રાબાદ**
મુનિશ્રી પ્રકાશવિજયજી મ૦ **હોંશીયારપુર** [પંજાબ]

# નવાં પ્રકાશનો : સાભાર સ્વીકાર

( નીચેનાં પ્રકાશનો અમને સમાલોચનાર્થે મળ્યાં છે. જેનો અમે સાભાર સ્વીકાર કરીએ છીએ )

(૧) **ગુરુગુણગીત સંગ્રહ** : પ્રકા. શ્રી ભુવન સુદર્શન જૈન ગ્રંથમાળા ઉદયપુર (મેવાડ) ક્રા. ૧૬ પેજી. ૮૦+૪ મૂ. ૫૦ ન. પૈ.

(૨) **તુલનાત્મક દૃષ્ટિએ જૈનદર્શન ઔર દેવ-ગુરુ ધર્મકા સ્વરૂપ** : લે માસ્ટર ખૂબચંદભાઈ કેશવલાલ શિરોહી. પ્રકા. જશરાજ ટી. સિંધી એમ.એ. સિરોહી ક્રા. ૧૬ પેજી. ૨૮ પેજ ભેટ.

(૩) **શ્રી મહાવીર ભગવાનકા જન્મ-કલ્યાણક ઉત્સવ** : લે૦ પ્રકા૦ ઉપર મુજબ ભેટ ક્રા. ૧૬ પેજી. ૩૨ પેજ.

(૪) પં. રૂપવિજયજી કૃત પંચકલ્યાણક પૂજા : (અર્થ સહિત) પ્રકા. શ્રી ચંદ્ર જ્ઞાન મંદિર મુ. ધાનેરા (બનાસકાંઠા) ક્રા. ૧૬ પેજી. ૫૪+૨ પેજ.

(૫) **યાત્રા દર્શન** : (સં. ૨૦૧૪) શ્રી પૂનમચંદ નાગરદાસ દોશી હેડમાસ્તર ડીસા તાલુકા શાળા. પ્રકા૦ ઉપર મુજબ મૂ૦ ૧૨ આના ૪+૧૧૪ ક્રા. ૧૬ પેજી.

(૬) **પૂ. આ. શ્રી દેવેંદ્રસૂરીશ્વરજી વિરચિત પ્રથમ કર્મગ્રંથ**: પદ્યાનુવાદ વિવેચન, યંત્રો, કોઠાઓ, પરિશિષ્ટ આદિ યુક્તઃ વિવેચક પૂ પંન્યાસજી મ. શ્રી દક્ષવિજયજી ગણિવર પ્રકા૦ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર બોટાદ : મૂ. ૧-૮-૦ ક્રા. ૧૬ પેજી. ૩૨+૧૯૦ પેજ

(૭) **ભારતની પ્રજાને આશીર્વાદ** રૂપ **શું ? વનસ્પતિ આહાર કે માંસાહાર ?** : લે. હરિલાલ ડી. શાહ બી.એ. પ્રકા૦ હિંસા વિરોધક સંઘ અમદાવાદ મૂ. ૧ આનો. ક્રા. ૧૬ પેજી ૩૪ પેજ.

(૮) **બાર પર્વની કથાઓ** : પ્રકા૦ સોમચંદ ડી શાહ પાલીતાણા (સૌરાષ્ટ્ર) મૂ. ૨-૦-૦ ક્રા. ૧૬ પેજી ૨૪૮ પેજ.

(૯) **જિનભક્તિ સુવાસમાળા** : પ્રકા. મોદી જયંતિલાલ નાગરદાસ. શાહ સોહનલાલ મલુકચંદ કોઠારી. નવીનચંદ્ર કાંતિલાલ લાલબાગ ભૂલેશ્વર મુંબઇ ૪. મૂ. ૨-૮-૦ ક્રા. ૧૬ પેજી ૧૬+૨૧૪+૪૦ પેજ.

(૧૦) **આત્મનિદર્શન** : લે. પૂ. આચાર્ય મ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. પ્રકા૦ શ્રી ભુવનતિલકસૂરીશ્વર જૈન ગ્રંથમાળા છાણી (વડોદરા) ભેટ. ક્રા. ૧૬ પેજી ૮+૮૮ પેજ.

(૧૧) **ચૂંટેલાં પુષ્પ** : શ્રી સુમતિ જિન સંગીત મંડળ મહેસાણા. ભેટ ક્રા. ૧૬ પેજી. ૧૦+૪૪ પેજ.

(૧૨) **સ્યાદ્વાદ** : (હિંદી અનુવાદ) લે. શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા પ્રકા. મનુભાઇ શંકરલાલ કાપડીયા. મૂ. ૧૨ આના. ક્રા. ૧૬ પેજી ૧૨+૮૮ પેજ.

(૧૩) Jainism : (હિંદી-ઇંગ્લીશ) પ્ર. શ્રી વલ્લભ સૂરિ સ્મારક નિધિ. ૮૯, તાંબાકાંટા, મુંબઇ-૩ મૂ. ૮ આના. પેજ ૯૨. ક્રા. ૧૬ પેજી.

(૧૪) **મહાવીર** : Mahavir : (હીંદી-ઈંગ્લીશ) પ્રકા. ઉપર મુજબ. મૂ. ૪ આના. ક્રા. ૧૬ પેજી. ૪+૪૪.

(૧૫) **પં. સુખલાલજીને શુભેચ્છા-પત્રનું સમર્પણ** : પ્રકા૦ પ્રભુદાસ બેચરદાસ પારેખ ૧૨, લોઅર ચિતપુર રોડ કલકત્તા ૧ મૂ. ૬ આના. ક્રા. ૮ પેજી. ૮+૫૮ પેજ.

**રીપોર્ટ** : શ્રી યશોવિજય જૈન ગુરુકુળ : તથા વાણિજ્ય વિદ્યા મંદિર-પાલીતાણા ૪૦ મો વાર્ષિક વૃત્તાંત : ઇ. સ. ૧૯૫૬ થી ૧૯૫૭ : ડેમી આઠ પેજી. ૪૪ પેજ.

**ધર્મબીજ** : લે. અનાહત પ્રકા. શ્રી હીરાલાલ મણિલાલ શાહ ગીરધરનગર અમદાવાદ ક્રા. ૧૬ પેજી. ૧૧૨ પેજ. મૂ. ભાવનામય જીવન રાખ્યું છે. પૂ. પંન્યાસજી ભદ્રંકરવિજયજી ગણિવર્ય લેખિત ઉપોદ્‌ઘાત તથા પવિત્રતાનો સંદેશ એ લખાણુનો પણ સમાવેશ થયો છે. શ્રી રમણલાલ મણીલાલ ઝવેરીની સુપુત્રી સ્વ. રંજનબાળાના સ્મરણાર્થે આ પુસ્તક પ્રગટ થયું છે. આ પુસ્તકમાં મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યયસ્થ ભાવનાનું સુંદર અને સચોટ શૈલીમાં નિરૂપણ થયું છે.

**ચંદ્રદીપક જૈન સ્તવનમાળા** : પ્રકા. શ્રી ચંદુલાલ જે. ખંભાતવાળા, ખેતવાડી ૩ જી ગલી ડાહ્યાભાઇ ઘેલાનો માળો મુંબઇ-૪. ક્રા. ૧૬ પેજી. ૧૫૮ પેજ. ચૈત્યવંદનો, સ્તવનો, સ્તોત્રો, થોયો તેમજ ઉપયોગી સંગ્રહ સાથે.

**ભ. મહાવીરના ૨૭ ભવ** : લે. મુનિરાજશ્રી જયપદ્મવિજયજી મહારાજ. પ્રકા૦ મેસર્સ આણંદજીની કું. ૩૧૭ નરશી નાથા સ્ટ્રીટ ખારેક બજાર મુંબઇ-૯. ક્રા. ૧૬ પેજી, ૪૮ પેજ મૂ. છપાયું નથી. ૨૭ ભવ ઉપરાંત કેટલીક સમજવા જેવી હકીકતો છે.

આ બધાં પ્રકાશનોની સમાલોચના ક્રમશઃ પ્રસિધ્ધ થશે. તા. ૮-૮-૫૮

★

# ક્ષમાની મહત્તા

લેખક—શ્રી રાજેશ

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

ક્ષમાની જીવનમાં છે અગત્યની જરૂર. જ્યાં સુધી નથી હોતી માનવમાં ક્ષમા, ત્યાં સુધી કરેલ તપ, ત્યાગ એકે વાત બાહ્યતામાં સિમિત રહી જાય છે. આંતરની ઉજ્જવલ જ્યોતમાં એ સહાયક બની શકતા નથી. માટે જ ક્ષમા એ એક અગત્યનું સાધના અંગ છે; પવિત્ર પર્વ પર્યુષણા પણ એ જ ક્ષમાનાં પવિત્ર સંદેશ સુણાવવા આપણી સમક્ષ આવી રહેલ છે.

क्षमाशस्त्रं करे यस्य, दुर्जनः किं करिष्यति॥

ક્ષમા શસ્ત્ર છે જે પ્રાણીનાં હાથમાં, દુર્દાન્ત દુષ્ટ શત્રુઓ એની સામે આંગળી પણ ચીંધી શકતા નથી.

ક્ષમાને ધારણ કરવાના કારણે શ્રી ગજસુકુમાળે અંત સમયે અનેક કષ્ટો સહ્યાં છતાં પણ અલબેલી મુક્તિ નગરીના પથિક બન્યા.

અમરકુમારે વૈરિણી માતા પ્રત્યે પણ ક્ષમા રાખી અનન્ત સુખના ભોક્તા બન્યા.

ક્ષમા જ છે જીવનનું નવનીત; પરમ પુનિત પંથનું પાથેય પણ કેવળ ક્ષમા જ બની શકે છે.

ક્રોધ પાપ કા મૂલ હૈ ક્રોધ આપ હી પાપ;
ક્રોધ મિટે વિનુ નવિ મિટે, કબહુ જીવન સંતાપ.

ક્રોધ જીવનના પ્રત્યેક શુભ ભાવનાના પરમાણુઓને અશુભ બનાવે છે. જીવનની લીલીછમ વાડીને શુષ્ક બનાવી દે છે. એ ક્રોધ ખાળનાર કોઇ પણ હોય તો તે કેવળ એક ક્ષમા જ છે.

એટલે જ કલિકાલ સર્વજ્ઞ ભ. ફરમાવે છે કેઃ—

क्षमयामि सर्वान् सत्त्वान्, सर्वे क्षाम्यन्तु ते मयि।
मैत्र्यस्तु तेषु सर्वेषु त्वदेकशरणस्य मे ॥

સર્વ જીવોને હું ખમાવું છું. તે સર્વ જીવો મને ખમાવો. હે ભગવન્ ! તારા જ એક શરણને સ્વીકારનાર જગતના સર્વ જીવો સાથે મારે મૈત્રી હો. અને આવી પવિત્રતમ ક્ષમાનો આદર્શ પૂરો પાડનાર પર્વાધિરાજ પર્યુષણા પર્વ આપણી નજીક આવી રહેલ છે.

તે પર્વાધિરાજની પવિત્ર આરાધના ક્ષમાને ધારણ કરી આપણે સુંદર રીતે કરી આત્મ-કલ્યાણ સાધવા સમુદ્યત બનીએ !

# ★ દેશ અને દુનિયા ★

શ્રી સંજય

મહા મંગલકારી પર્વાધિરાજ શ્રી પર્યુષણાનો અમૂલ્ય અવસર આંગણે આવી રહ્યો છે. સંસાર સમસ્તના વર્તમાન પ્રવાહનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે જરૂર દુઃખ થાય છે કે, વૈર-ઝેરના, મારા-તારાના, સત્તા તથા સંપત્તિના મોહમાં ભાનભૂલી દુનિયા કયારે જાગશે, ને સંસારના પ્રત્યેક પદાર્થની ક્ષણભંગુરતા સમજી, પોતાની જાતને વૈર-વૈમનસ્યના અજંપાથી દૂર રાખી વિશ્વના પ્રત્યેક જીવાત્માઓ સાથે કયારે વાત્સલ્યભાવ રાખશે ? સંસારના સર્વ કોઇ જીવો વાત્સલ્યભાવના આ અમૃતવહેણમાં સ્નાન કરે કે ના કરે, આપણે સહુ 'ખામેમિ સવ્વજીવે'ના મંગલ મધુર નાદથી હૃદયને અજવાળી, જીવનને વિશુધ્ધ બનાવીએ.

★

છેલ્લા બે મહિનામાં જૈનસમાજમાં ઘણા અવનવા બનાવો બની ગયા, તેમાંયે રતલામનિવાસી ભાઇઓના અમદાવાદનાં આંગણે આદરાયેલા અનશને અને તેના થયેલા પારણાએ તો સમાજના વાતાવરણમાં ખૂબ જ ગરમી આણી; છતાં એટ ' ભૂલવું ન જોઇએ કે, કોઈપણ પ્રશ્નનો સંતોષકારક ઉકેલ લાવવા માટેનો આ ન્યાયી માર્ગ તો નથી જ. આ માર્ગ ભલે વિશુદ્ધ હૃદયનો હશે, પણ વ્યાજબી કે શાંતિભર્યો સમાધાનનો તો આ માર્ગ ન કહેવાય.

★

ભારતમાં ચાતુર્માસના પ્રારંભમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મુંબઈ આદિ પ્રદેશોમાં મેઘરાજાએ જોર-શોરથી તાંડવ મચાવેલું, જ્યારે ઉત્તર પ્રદેશમાં પાણીની તીવ્ર તંગી હતી. બાદ વરસાદની અછત સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં રહી, ને ફરી પાછો વરસાદ ચોમેર માઝા મૂકીને પડયો. આસામમાં તો બ્રહ્મપુત્રાએ માઝા મૂકી દીધી છે, ને ગામોના ગામો મુશ્કેલીમાં મૂકાયા છે. કુદરતનો કોપ માનવોને ચેતવી રહ્યો છે.

★

એશીઆના દેશોમાં મધ્યપૂર્વમાં ઇરાકમાં બળવો ફાટી નીકળતાં ત્યાંના રાજા, વડાપ્રધાન તથા રાજાનો કાકો માર્યા ગયા. ઇરાક, ઇજીપ્ત-સીરીયાના આરબ જોડાણમાં જોડાઈ ગયું છે. તેથી અમેરીકા-બ્રિટન તથા ફ્રાંસના સામ્રાજ્યશાહી માનસને આંચકો આવી ગયો, છતાં ઇરાક મક્કમ રહ્યું છે. લબનાન અને જોર્ડન હજુ અમેરીકાનાં વર્ચસ્વ હેઠળ છે. રશિયા દિનપ્રતિદિન વિકાસ પામતું જાય છે, ને અમેરિકી વર્ચસ્વના દેશો તેની સામે ચીડીયા કરી રહ્યા છે.

★

રશીયાનું પણ સામ્રાજ્યવાદી માનસ છેવટે ઉઘાડું પડયું છે. અમેરિકાના સામ્રાજ્યવાદની વારે-તહેવારે ઝાટકણી કાઢનાર રશિયાએ હંગેરીના દેશનાયકોને ફાંસીના લાકડે ચડાવી, હંગેરીના પ્રજાશાસનને ભયંકર ફટકો માર્યો છે. શું અમેરિકા કે શું રશિયા, આજે તો આ બધા સત્તા તથા સંપત્તિના નશામાં પાગલ બનીને ભાનભૂલા બની રહ્યા છે. તેની આ સ્પષ્ટ

સાબીતી છે.

★

દુનિયામાં સૌથી વધુ વસતિ અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં છે. તેના પાંચ શહેરી વિસ્તારોમાં ૭૭૯૫૪૭૧ ની માનવ વસતિ છે. અને પરાની વસતિ ૧૪૦૬૬૦૦૦ છે. બીજા નંબરમાં ટોકીયા શહેર આવે છે. જાપાનના પાટનગરના આ શહેરના ૨૩ વિભાગોની વસતિ ૭૧૬૧૫૧૩ છે. અને તે શહેર વિસતારની વસતિ ૮૪૭૧૬-૩૭ ની છે. લંડનની વસતિ ૮૧૭૦૪૭૦ ની છે. બૃહત્ પેરિસની વસતિ ૬૪૩૬૨૯૬ ની છે. છતાં દુનિયાની વધુ વસતિ ધરાવતા પાંચ શહેરોમાં પેરીસ કે લંડનનું નામ નથી. તે પાંચ શહેરો આ મુજબ છે. ન્યુયોર્ક, ટોકીયો, શાંગહાઇ, મોસ્કો, અને લુ એન સર્ચરી છે.

★

સૌરાષ્ટ્રના કીર્તિ એકસ્પ્રેસના અકસ્માત પછી છેલ્લા બે મહિનામાં નીચે મુજબ રેલ્વે અકસ્માતો નોંધાયા છે. (૧) તા. ૧૩-૬-૫૮ નોર્ધન રેલ્વેના શાહજહાપુર ને લખનૌ વિસ્તારમાં રહીમાબાદ ને દીલાવરનગર સ્ટેશનો વચ્ચે હાવરા તરફ જતા પંજાબમેલના ચાર ડબ્બાઓ પાટાપરથી ઉતરી પડતાં સંખ્યાબંધ માણુસોને ઇજા થઇ હતી. (૨) ૧૨-૬-૫૮ ની રાતની ઓખાથી રાજકોટ આવતી લોકલ ટ્રેન ૧ વાગ્યે જામનગર સ્ટેશનથી ઉપડી ત્યારે પાટાના સાંધાના ખોટા જોડાણુના કારણે ટ્રેન સ્ટેશન પરના બીજા પાટે ચડી ગઇ હતી. તે સ્ટેશનમાં પડેલા ચાર ખાલી વેગનો સાથે અથડાતાં રહી ગઇ હતી. (૩) તા. ૨૪-૬-૫૮ ના મુંબઇ નજીક સેંટ્રલ રેલ્વેના મુંબ્રા તથા દીવા સ્ટેશન વચ્ચે થાણાથી આવેલી એક ગાડી ઉભી હતી. ને તેની પાછળ બીજી પેસેંજર ટ્રેન આવીને અથડાઈ પરિણામે કેટલાયે માણુસો માર્યા ગયા, એક ડબ્બો ખાડીમાં જઇ પડયો હતો. (૪) ૧૩-૭-૫૮ ના સમસ્તીપુર ખાતે ૩૦૨ ડાઉન ઔંધ મેલના છ ડબ્બઓ ઉથલી પડયા હતા. મેલ જ્યારે ઔંધ ઉત્તર-પૂર્વ રેલ્વેના સમસ્તીપુર-ઉજીયાવીપુર વચ્ચેના પુલ પરથી પસાર થતો હતો ત્યારે આ અકસ્માત થયો હતો. જેમાં બીજા વર્ગના બે ને ત્રીજા વર્ગના ત્રણુ ડબ્બા ઉંધા પડી ગયા હતા. સંખ્યાબંધ જાન-માલની નુકસાની થઈ હતી. (૫) ૧૯-૮-૫૮ ના દક્ષિણુ રેલ્વેના તિરૂચી-વીલ્લીપુરમ વિસ્તારમાં દાલમીયાપુરમ અને વીલ્લીપુરમ વચ્ચે દોડતી માલગાડીના ૨૭ વેગનો પાટા પરથી ઉતરી પડયાં હતાં. તેમાં ૨૪ વેગનો તો મરૂયાર નદીમાં પડી ગયા હતા. આવા તો બીજા ન્હાના-મોટા સંખ્યાબંધ અકસ્માતો થઇ ગયા છે. એટલું નશીબ સીધું છે, કે-આ બધા અકસ્માતોમાં જાનમાલની ખુવારી ઓછી થઇ છે. બાકી આજનાં તંત્રમાં અકસ્માત ન થાય તે અકસ્માત ગણાય છે.

★

અમેરિકામાં દર ૧૧ સેંકડે ૧ મોટો ગુન્હો થાય છે. ખૂન, કતલ, તથા બળાત્કારનો ગુનો દર ત્રણુ મિનિટે નોંધાય છે. ૧૯૫૭ માં ૨૭૯૬૪૦૦ જેટલા મોટા ગુનાઓ થયા હતા. નાના-મોટા ગુના માટે ૨૦ લાખથી વધુ માણુસો પકડાયેલા હતા, જેમાં ૧૪૦૫૯૬૭ ગોરા, ૬૧૬૦૨૮ હબસી હતા. દરેક સો ગુન્હેગારોમાં એક સ્ત્રી હતી. રે યૂરોપ! તારી આ કાલી બાજુ!

★

સામ્યવાદી પક્ષના દૈનિક પ્રવદા પત્રનો દરરોજનો ફેલાવો ૫૬૫૦૦૦૦ નો છે, (૫૬ લાખ ૫૦ હજારનો છે) રશિયામાં ૩૦૦૭ સામયિકો છે. જેનો ફેલાવો ૩ કરોડ ૩૦ લાખનો

છે. સોવિયેત સંઘે ગયા વર્ષે ૬૧ ભાષાના પુસ્તકો પ્રસિધ્ધ કર્યાં હતા, પણ આ બધા પત્રોને કેવળ રશીયાનાં રાજ્યતંત્રના ગુણગાન જ ગાવાના !

★

તાજેતરમાં રશિયાએ સવા ટન વજનનો ઉપગ્રહ ૧૨૫૦ માઇલની ઉંચાઇયે આકાશમાં ઉડતો કર્યો છે. જેસ્પુટનિક નં. ૩ છે....

સિકંદરાબાદ ખાતે એક પોલીસ કોંસ્ટેબલના કુટુંબમાં પાંચ માણસો વાશી ખાવાના પરિણામે મૃત્યુ પામ્યા છે. વાશી ખાવામાં અનેક અનર્થો છે, તે જૈન શાસ્ત્રે કહેલી વાત કેટલી સત્ય છે....

કેરલમાં ઉંદર મારવાના ઝેરનો પાવડર ખાંડ તથા ઘઉંના લોટમાં ભેગો થઈ જવાથી સેંકડો મૃત્યુ થયા. અન્ય જીવોને મારવાની વૃત્તિનું પરિણામ સ્પષ્ટ જણાય છે. તોયે આજનો માનવ અન્યને મારવાની અધમ વૃત્તિને કેમ ત્યજી શકતો નહિ હોય?....

★

દુનિયાની વસતિમાં દર કલાકે ૫૪૦૦ માનવોનો વધારો થતો રહે છે. દર વર્ષે ૪ કરોડ ૭૦ લાખની વસતિ વધી રહી છે....

ભારતના વડાપ્રધાન પં૦ જવાહરલાલજી વસતિ વધારાથી અકળાઇ રહ્યા છે. તેમને આ હકીકત જરૂર સખ્ત આંચકો આપશે. પણ તેમણે એ સમજવું જોઇએ કે સૌ પોતપોતાનું પુણ્ય લઈને આવે છે.

★

અમેરિકાનો ત્રીજો બાલચંદ્ર પુરા ૩૧ રતલનો નથી. અને તે ૧૬૦૦ માઈલની ઉંચાઈએ ચઢેલ છે. જ્યારે રશિયાનો બાલચંદ્ર ૨૯૨૫ રતલનો છે, ૧૧૬૮ માઈલ ઉંચે ગતિ કરે છે. આ બન્ને દેશોની આવી આકાશમાં સ્પુટનિકો ઉડાડવાની ખર્ચાળ હરિફાઇથી કોઈને કશો જ લાભ નથી. વિશ્વમાં શાંતિ તથા વિશ્વાસનું વાતાવરણ તો જ સર્જાય કે જ્યારે સત્તા તથા શસ્ત્રોની આંધળી દોટ આ બે દેશો વચ્ચે જો બંધ થાય !

★

રશિયાના એક પ્રસિધ્ધ વૈજ્ઞાનિકે જાહેર કર્યું છે, કે-એટલાન્ટીસ નામનો ખંડ આજે અસ્તિત્વ ધરાવતો નથી, પણ આજથી હજારો વર્ષ પહેલાં તે હતો. ને તે બાદ તે ખંડની પ્રજા અનીતિના માર્ગે જતાં તે ખંડ ઉપર દરિયો ફરી વળતાં તે ખંડ કાયમને માટે નાશ પામ્યો, માટે આ ખંડનું અસ્તિત્વ જ નથી. એમ જે કેટલાકો કહે છે, તે ખોટું છે. આ રશિયન વૈજ્ઞાનિક ડો૦ લેડનેવે વીશ વર્ષ પર્યંત અભ્યાસ કર્યા બાદ જાહેર કર્યું છે કે તે ખંડ હતો. જે લોકો પ્રાચીન પુરૂષોએ કરેલાં વિધાનોને ખોટા ઠરાવવા એકદમ ઉતાવળા બને છે, તેમને આ રશિયાના વૈજ્ઞાનિકની આ જાહેરાત પડકાર કરે છે.

આયુર્વેદ માટે ભારત સરકારે ફકત ૪ કરોડ કાઢ્યા છે. ને ૪૪ કરોડ એલોપેથીના વિકાસને માટે પાસ કર્યાં છે....

વિશ્વમાં ચા પીનારાઓમાં અમેરિકાનો ચોથો નંબર આવે છે. પ્રથમ ચીન, બીજું બ્રીટન, ત્રીજું ભારત, અને ચોથા નંબરે અમેરિકા આવે છે. અમેરિકામાં દર વર્ષે ૧ અબજ રતલ ચા વપરાય છે. ભારતનો નંબર અમેરિકાથી આગળ આવ્યો તે કાંઇ ખુશ થવા જેવું નથી....

વિશ્વની સૌથી વધારે ઉંડાઇનો વિક્રમ ૧૧૦૦૦ ફુટનો બોકસબર્ગ ખાતેની ખાણોએ નોંધાવ્યો છે. આ પહેલાં ભારતની સોનાની

કોલરખાણોએ ૧૦૫૦૦ ફુટની ઉંડાઇનો વિક્રમ નોંધાવ્યો હતો.

★

મુંબઈ–નાયગામ ખાતે મુંબઇ સરકાર હસ્તકની અનાજની ૧૦ હજાર ગુણો સડી જતાં લાખ્ખો મણ અનાજ નાશ પામ્યું છે. ઘઉં સડી ગયા, હજારો કોથળા, બારદાન તથા તાડપત્રી પણ ગંધાઈ ઉઠી છે. આ અનાજની કિં ૩ લાખ રૂપિયા થાય, ૧૦ હજાર ખાલી ગુણીની કિં. ને ૫ હજાર રૂા. ની તાડપત્રી સડી ગઇ છે. દરરોજ આ અનાજને સ્વચ્છ રાખવા ૧૨૫ રૂા. ની દવા છંટાતી હતી.... માછલા ખવડાવી અનાજની બચત માટેની વાહી-યાત વાતો કરી, લાખ્ખો જીવદયા પ્રેમીઓની ધાર્મિક લાગણી સાથે ચેડા કરવા, ને બીજી બાજુયે લાખ્ખો મણ અનાજ સડી જાય ત્યાં સુધી કોઇ દેખરેખ રાખનાર ન મળે એ કેવી વિચિત્ર નીતિ !

★

ભારત સરકારને મત્સ્ય ઉદ્યોગમાં રૂા. ૬૦ કરોડની ઉત્પન્ન થાય છે. દરરોજ ૭૩ હજાર ને ૪૦૦ મછવાઓમાં લાખ્ખો માછીમારો માછલાઓ પકડી લાવે છે. ભારત સરકારની વિનાશકાળે વિપરીત બુધ્ધિનો આ નમૂનો છે. અહિંસક સરકાર કહેવાય છતાં મત્સ્ય ઉદ્યોગના નામે કેવો ભયંકર વિનાશ કરે છે.

★

યૂરોપમાં તુલસા એકલાહોમા ખાતે ૫–૮–૫૮ ના એક ૩૨ વર્ષની શ્રીમતી મેરી ઇ. ડેવીસ નામની સ્ત્રીએ લાગલાગટ ૯૬ કલાક, ૩૨ મીનીટ ૫ સેકંડ સુધી સતત બોલીને વિશ્વમાં બોલવાનો રેકર્ડ તોડયો છે. આ હરિફાઇ યોજનાર રેડીઓ સ્ટેશને જણાવેલ છે કે, અત્યાર અગાઉ કુ. સુ હુ રોજે ૯૨ કલાક ૩૦ મીનીટ બોલીને રેકર્ડ તોડયો હતો....

★

૧૯૫૮ ના એપ્રીલ માસ દરમ્યાન કોલર–બેંગલોરની ખાણોમાંથી સરકારે ૩૯૪૯-૧૮૩ રૂા. ની કિંમતનું ૧૩૧૩૦૩૫ ઔંસ સોનું મેળવેલ છે. ભદ્રાવતી ખાતેના સરકારી લોખંડના કારખાનામાં ૪૨૯૬૬૨૫ની કિંમતની લોખંડની વિવિધ સામગ્રીનું ઉત્પાદન કર્યું છે.

★

ઓસ્ટ્રેલીયાના આલ્બર્ટ થોમસે દોડવાની હરિફાઈમાં ૮ મીનીટ ૩૨ સેકંડમાં બે માઈલનું અંતર પુરૂં કરી નવો વિક્રમ નોંધાવ્યો હતો....

અમેરિકાની સબમરીન નોરીલસ જે અણુ શક્તિથી ચાલતી દુનિયાની પહેલી સબ-મરીન છે. તેણે આરકટીક મહાસાગરના બરફની અંદરથી પસાર થઈને પેસેફીકમાં થઇને આટલાંટીકનો ૧૬ દિવસનો પ્રવાસ ખેડયો હતો. જુલાઇની ૨૩ મીએ તે પર્લ હાર્બરથી ઉપડી હતી.

★

મુંબઇ–શીવરી ખાતે જ્યુબીલી મીલને આગ લાગતાં એક કરોડ રૂા. નું નુકશાન થયેલ....

વડોદરા જિલ્લા સ્કુલ લોકલબોર્ડ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ૩૫૦ શિક્ષકો માટે અરજી માગવામાં આવતાં ૪૨૮૫ અરજીઓ આવેલી. ભણેલા બેકારો કેટ–કેટલા વધી રહ્યા છે, તે આથી સમજાય છે.

★

અમદાવાદ ખાતે તા. ૧૨–૮–૫૮ ના શહીદોની ખાંભીના પ્રશ્ન પર તોફાનો જાગતાં રૂા ૪૦ લાખનું નુકશાન થયું છે..... ભાંગ–

તોડ સહેલી છે. પણ કોઈ સ્થાયી કાર્ય કરવું મુશ્કેલ છે.

★

ચિકાગો યુનિવર્સિટીના ડૉ૦ લોવેલ ટી. કોગશેલે લંડન ખાતે જાહેરાત કરી છે, કે–કેન્સરના રોગનું અત્યારે જે પ્રમાણ છે, તે ગતિ જો ચાલુ રહેશે તો ૪ કરોડ અમેરિકનો આ રોગમાં સપડાઈ જશે. 'અમેરિકા દેશ સુખી છે' તેમ કહેનારાને આ આગાહી ચેતવણી આપે છે, કે–અસંયમ જેટલા પ્રમાણમાં વધતો ચાલે છે, તે દેશની પ્રજા જલ્દીથી વિનાશના મુખમાં ધકેલાઇ જાય છે....

★

ફ્રેંચ લશ્કરી મથકેથી જણાવવામાં આવે છે કે, છેલ્લા સાત મહિનામાં ૨૦૭૫૭ અલ્જીરિયાના રાષ્ટ્રવાદીઓ માર્યા ગયા છે. વધુમાં ૩૨૭૭૭ રાષ્ટ્રવાદીઓને પકડવામાં આવ્યા છે. ખરેખર સત્તાની પકડ ભયંકર છે. હિંસા, વૈર, વૈમનસ્ય તથા વિનાશની આગ સળગાવનારા આ પાપોથી યૂરોપ–એશીયાના દેશો બચવા પામે તો કેવું સારૂં ?

★

પર્વાધિરાજની મહામંગલકારી આરાધનાના પુણ્ય પ્રસંગે સર્વ કોઈને ખમાવવા પૂર્વક સર્વ કોઈની ક્ષમાપનાને અમે માંગી લઇએ છીએ ને કલ્યાણના સર્વ વાચકો, શુભેચ્છકો, લેખકો ઇત્યાદિ સર્વને વિનમ્ર નિવેદન છે, કે–પર્વાધિરાજની નિર્મલ આરાધના કરી સર્વ કોઇ જીવનને ઉજ્જવલ બનાવો !

---


પર્યુષણ અને બીજા ધર્મ દિવસોમાં પ્રાણીઓને–

**અકાલ મૃત્યુથી બચાવો**

ખરા અર્થમાં દયા પાળી ત્યારે જ કહેવાય કે જ્યારે આપ આપનો પૈસો મુંગા પ્રાણીઓના જીવિતદાનમાં ખર્ચો

અખીલ ભારતીય જીવદયા સોસાયટી દ્વારા આજે આટલા વર્ષોથી સેંકડો પશુબલિ સ્થાનો પર દેવી–દેવતાઓની સામે ભયંકર રીતે કપાનારા લાખો નિઃસહાય પશુઓને બચાવવા વિદ્વાન ઉપદેશકો ધર્માદા ઔષધાલયોની સાથે ફરીને મફત દવાઓ આપી વ્યાખ્યાન આદિથી પ્રભાવિત કરીને માંસ–મદિરા અને પશુ બલિદાનનો ત્યાગ કરાવે છે.

પ્રાણીઓને બચાવવાનું કામ કરતી આ સંસ્થાને શીઘ્રદાન મોકલી પુણ્ય ઉપાર્જન કરો.

મદદ મોકલવાનું સ્થળ :

**સિધ્ધસાગર જૈન પ્રાણાચાર્ય**

અ. ભા. જીવદયા સોસાયટી **લલીતપુર**

(ઝાંસી) ઉ. પ્ર.



પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે તેમજ દરેક ધાર્મિક માંગલિક શુભ પ્રસંગે ખાસ પ્રભાવના લાયક તેમજ પૂ. મુનિ મહારાજોને, પ્રવાસમાં ભાઇ–બ્હેનોને અને ગામડામાં જ્યાં દહેરાસર ન હોય ત્યાં દર્શન કરવાને માટે ખાસ ઉપયોગી

આકર્ષક સુંદર બોક્ષમાં

**સિદ્ધચક્રજી**

**કીંમત :– રૂા. ત્રણ ફક્ત**

**પોસ્ટેજ ખર્ચ અલગ**

લખો અગર રૂબરૂ જોઇ ખરીદ કરો

બ ના વ ના ર

**ભાઇચંદ બી. મહેતા** દીવાનપરા **રાજકોટ.**

: મળવાનાં સ્થળો :

**શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર,** કીકા સ્ટ્રીટ, ગોડીજીની ચાલ **મુંબઈ–૨**

**સોમચંદ ડી. શાહ પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

# સ ૦ મા ૦ ચા ૦ ર — સા ૦ ર

## સંકલિત

**'કલ્યાણ' એ માસિક છે. એટલે સમાચારો ટુંકમાં લેવાય છે, મહેરબાની કરીને સમાચારો ટુંકમાં જ મોકલવાની વિનંતિ કરીએ છીએ. 'કલ્યાણ' એક મહિને પ્રગટ થતું હોવાથી ત્યાં સુધીમાં કેટલાક સમાચારો સાપ્તાહિક તેમજ પાક્ષિકોમાં પ્રગટ થઇ ચૂક્યા હોય છે. અમારો ઉદ્દેશ એ છે કે, 'કલ્યાણ'ના વાંચકોને ટુંકમાં સઘળા સમાચારોનું વાંચન મળી રહે. માટે સમાચારો જેઓ અમારા ઉપર મોકલે છે, તેઓ મુદ્દાસર અને ટુંકમાં જ મોકલે.**

**પુસ્તક અભ્યાસક્રમમાંથી રદ થયું :** જૈન એજ્યુકેશન બોર્ડના કોર્સમાં 'મહાવીરસ્વામીનો આચાર ધર્મ' એ પુસ્તક રખાયું હતું. એ પુસ્તકમાં મહાવીરસ્વામીના આચારધર્મ રૂપે માંસ–મચ્છીના આહારનો ઉલ્લેખ કર્યો હતો. એથી એ પુસ્તકને રદ કરાવવા અંગે ઉહાપોહ થયો હતો. અમે પણ બોર્ડને આ પુસ્તકને રદ કરવા અંગે પત્ર વ્યવહાર કર્યો હતો. પુસ્તક રદ થયું હોવાથી એ પત્ર વ્યવહારને જાહેરમાં મૂકવાનો કાંઈ અર્થ નથી, શ્રી જૈન શ્વે૦ એજ્યુકેશન બોર્ડે 'જૈન યુગ (જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું મુખપત્ર)ના ઓગસ્ટ ૧૯૫૮ના અંકમાં આ મુજબ જાહેરાત કરી છે- **'શ્રી મહાવીરસ્વામીનો આચારધર્મ'** પુસ્તક અંગે વિદ્યાર્થીઓને અગત્યની સૂચના: શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તરફથી લેવાતી ધાર્મિક પરીક્ષાઓના પુરુષ ધોરણ ૬ અને સ્ત્રી ધોરણ ૭ ના અભ્યાસ ક્રમમાંથી **'શ્રી મહાવીરસ્વામીનો આચારધર્મ'** નામનું પુસ્તક કમી કરવામાં આવેલ છે. મુંબઈ તા. ૨૭–૭–૧૯૫૮ ચંદુલાલ વર્ધમાન શાહ મંત્રી, શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ.

આ મુજબની જાહેરાત 'જૈન યુગ' માં થઈ છે પણ ખરી રીતે આની નકલ દરેક લાગતા વળગતા છાપાઓ ઉપર મોકલી આપવી જોઈએ. જેથી સારીયે જૈન જનતાને જાણ સુલભ રીતે થઇ શકે. શા કારણથી આ પુસ્તકને રદ કરવામાં આવે છે, તેનો ઉલ્લેખ બોર્ડે કર્યો નથી.

**ન્યુ ઇન્ડિઆ રીડર :** આ પુસ્તકને રાજસ્થાન સરકારી કેળવણી ખાતાએ સાતમા–આઠમા ધોરણના અંગ્રેજી અભ્યાસક્રમ માટે નક્કી કર્યું છે. તેમાં ૨૩ મો પાઠ 'આબુગિરિનું પર્યટન' છે. આ રીડરના યોજક શ્રી જયપુરની મહારાજા કોલેજના પ્રાધ્યાપકો ડૉ. ઉમરાવ બહાદુર અને પ્રો. એસ. જે. બી. માથુર છે. આ ૨૩ મા પાઠમાં ૧, આબુરોડ સ્ટેશનથી માઉન્ટ આશરે દોઢ માઇલ છે, ૨, આબુમાં પહેલું ધ્યાન નખી તળાવ દોરે છે. ૩, આબુ–દેલવાડાના આરસનાં મંદિરોમાં બૌદ્ધ પ્રતિમાઓ છે આ ત્રણે હકીકત ઉપર 'જૈન' પત્રના અધિપતિએ 'સામાયિક સ્ફુરણ'માં નોંધ લખી છે. ઉપરની ત્રણે હકીકતો સત્યથી કેટલી વેગળી છે? એ તરફ 'જૈન'ના અધિપતિએ લક્ષ્ય ખેંચ્યું છે. આંદોલન જગાવવાની ના લખી છે.

**હિંસા બંધ થઇ :** સમેતશીખર તીર્થે નજીક મધુવન ગામમાં વસતા માણસો પશુઓનું બલિદાન આપતા હતા. તે લોકોનો સંપર્ક સાધી દિગંબર જૈન કોઠીના મેનેજર, શ્રી શ્વેતામ્બર જૈન કોઠીના મેનેજર તથા અન્ય ભાઇઓના સહકારથી બલિદાન આપવાનું બંધ થયું છે. પૂજા અવસરે પ્રસાદ વહેંચવા માટે દિગમ્બર બે કોઠી તરફથી ૨૦૦ અને શ્વેતામ્બર કોઠી તરફથી રૂા. ૧૦૦, એમ કુલ રૂા. ૩૦૦, આપવાનું નક્કી થયું છે. પશુ બલિદાન નહિ કરવાનું ગામના આગેવાનોએ પ્રતિજ્ઞાપત્ર લખી આપ્યું છે.

**વર્ધમાનતપ ખાતુ :** મિયાગામ ખાતે પૂ૦ નિત્યાનંદવિજયજી મહારાજના સદુપદેશથી આયંબિલ ખાતું શરૂ થયું છે ગામના ભાઈ–બ્હેનો તથા કરમડી વગેરે ગામના પટેલ ભાઇઓ વગેરે લાભ લે છે. નવકાર મંત્રના તપની આરાધના થઈ હતી. પ્રૌઢ

પાઠશાળામાં મોટા ભાઇઓ અભ્યાસ કરે છે.

**નવકાર મંત્રનો તપ:** નડીઆદ ખાતે પૂ૦ ઉપાધ્યાયજી ધર્મવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં ૧૧૫ ભાઇ-બ્હેનોએ શ્રી નવકાર મંત્રના તપની આરાધના કરી હતી. આઠ-આઠ વર્ષનાં નાના બાળકો પણ જોડાયા હતા. શ્રી ગજાનન મંડળી બોલાવીને છેલ્લા દિવસે પૂજા ઠાઠથી ભણાવવામાં આવી હતી. નવે દિવસે જુદા-જુદા ભાઇઓ તરફથી એકાસણાં કરાવવામાં આવ્યાં હતાં. શ્રી કંચનબેને બે પ્રતિક્રમણ મૂળના પુસ્તકની પ્રભાવના કરી હતી.

**મંડળની સ્થાપના :** નડીઆદ જૈન યુવક મંડળની છ માસથી સ્થાપના થઇ છે. દર રવિવારે સ્નાત્રપૂજા સામુદાયિકપણે ભણાવવામાં આવે છે. મંડળ તરફથી પાઠશાળા અને લાઇબ્રેરી ચાલુ કરવામાં આવી છે.

**ભગવાન બુદ્ધ.** પુસ્તકમાં સુધારો-સંશોધન કરવાનું ગયા વર્ષે પં૦ નહેરૂજીએ જણાવ્યું હોવા છતાં કશું નહી થવાથી માંડવલા શ્રી મહાવીર જૈન સભાના મુખ્ય મંત્રી શ્રી હીરાચંદજી જૈન દિલ્હીમાં ગૃહમંત્રી શ્રી ગોવિંદવલ્લભપંતને આ પુસ્તક અંગે મળ્યા હતા અને પંત પ્રધાન સાહેબે આ અંગે આવશ્યક શીઘ્ર કરવા જણાવ્યું છે.

**પરીક્ષા અને મેળાવડો:** સુરબાડ શ્રી ચંદનબેન જૈન પાઠશાળાની પરીક્ષા શ્રી રામચંદ્ર ડી. શાહે લેતાં પરિણામ ૯૦ ટકા આવ્યું હતું. તા. ૧૪-૮-૫૮ ના રોજ ચેવલા નિવાસી શ્રી ભોગીલાલ વેલચંદ પદણીના પ્રમુખ સ્થાને ઇનામી મેળાવડો યોજવામાં આવ્યો હતો. શ્રી પોપટલાલ મગનલાલ શાહની પાઠશાળા પ્રત્યે સારી એવી લાગણી છે. એનો પરીક્ષકશ્રીએ નિર્દેશ કર્યો હતો.

**લુનાવલા:(પુના)** જૈન પાઠશાળાની પરીક્ષા શ્રી રામચંદ્ર ડી. શાહે લીધી હતી. મેળાવડા વખતે સારા નંબરે પાસ થનારને ઇનામો વહેંચાયા હતા. શ્રી છોગમલજી નેમાજી તરફથી પરીક્ષામાં બેઠેલા દરેકને શ્રીફળની પ્રભાવના કરી હતી. શ્રી છોટાલાલ બી. શાહ ધાર્મિક શિક્ષક તરીકેની સુંદર કામગીરી બજાવે છે.

**વર્ધમાન તપની ઓળી:** શીનોર પૂ. મુનિરાજ શ્રી કૈલાસવિજયજી મહારાજની શુભપ્રેરણાથી આયંબીલ ખાતું શરૂ થયું છે. ઘણા ભાઇ-બ્હેનોએ શ્રી વર્ધમાન તપની ઓળીના પાયા નાખ્યા છે, પૂ. વિનયવિજયજી મહારાજે ૫૦ ઓળી પૂર્ણ કરી ઉપર અટ્ઠાઇની તપશ્ચર્યા કરી. પારણું કર્યા સીવાય પાછી એકાવનમી ઓળી શરૂ કરી છે. આ અંગે અઠ્ઠાઇ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જનતાનો ઉત્સાહ સારો છે.

**નાગપુર:** ખાતે પૂ. મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજ આદિ ચાતુર્માસ બિરાજમાન છે. વ્યાખ્યાન વગેરેમાં જનતા સારો લાભ ઉઠાવે છે. પાંચ પચ્ચકખાણ, સ્વર્ગસ્વસ્તિક, સાત સૌખ્ય અટ્ઠમો અને શત્રુંજયમોદક વગેરે તપોની આરાધના થઇ હતી. તપસ્વીઓનાં પારણા જુદા જુદા ભાઇઓ તરફથી થયાં હતાં. સાધ્વી શ્રી ચંપકશ્રીજી મહારાજે ૩૯ મી ઓળી પૂર્ણ કરી પારણું કર્યા સીવાય ૪૦ મી ઓળી શરૂ કરી છે, સાધ્વી શ્રી ત્રિલોચનાશ્રીજીને છઠ્ઠને પારણે છઠ્ઠ ચાલે છે. ઉપાશ્રયનું કામ ચાલુ છે. સંઘમાં આયંબિલ રોજ ચાલે છે.

**ધર્મઆરાધના:** પાલી (મારવાડ) પૂ૦ આ૦ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા પૂ૦ મુનિરાજ શ્રી જનકવિજયજી મહારાજ આદિએ નાડોલ બિજોવા, વરકાણા હરજી વગેરે ૧૧ ગામોમાં ધામધુમથી પ્રતિષ્ઠા કરાવી અને પાઠશાળાનું સ્થાપન કરાવ્યું. અત્રે ચાતુર્માસ બિરાજમાન છે, વ્યાખ્યાન વગેરેનો જનતા સારો લાભ લઇ રહી છે. કાપડ માર્કેટમાં પૂ૦ આચાર્યશ્રીની નિશ્રામાં મુનિરાજ શ્રી જનકવિજયજી મહારાજે 'જીવન વિકાસ' એ વિષય ઉપર જાહેર પ્રવચન કર્યું હતું. જૈન-જૈનતરોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

**સ્વર્ગારોહ તિથિ:** મુંબઇ લાલબાગ ખાતે પૂ૦ પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવરની નિશ્રામાં કચ્છ-વાગડ દેશ ઉપર જેઓનો મહાન ઉપકાર છે, તેઓ શ્રી દાદા શ્રી જિતવિજયજી મહારાજશ્રીની તા. ૭-૭-૫૮ના રોજ સવારના નવ વાગે સ્વર્ગારોહ તિથિ ઉજવવામાં આવી હતી. પૂ૦ જિતવિજયજી દાદાનું સંસારી નામ જયમલભાઇ હતું. ૧૨ વર્ષની નાની

વયમાં આંખો ગઈ હતી તેઓશ્રીએ અભિગ્રહ કર્યો હતો કે, 'મારી આંખો સારી થાય તો સંયમ અંગીકાર કરું' આંખે સારૂં થતા રાયણના વૃક્ષ નીચે દીક્ષા અંગીકાર કરી તે રાયણ વૃક્ષ સુકું હતું તે લીલુંછમ બની ગયું. પાસેના કુવામાં પાણી ખારૂં હતું તે મીઠું થઇ ગયું. વિહાર કરતાં આંબરડી ગામે એક લંગડી બાઈ દર્શનાર્થે આવતાં બાઇને ઘોડી છોડી દેવાનું જણાવતાં બાઇ બન્ને પગે ચાલતી થઇ ગઈ. મહાત્મા વચનસિદ્ધિવાળા હતા. ૫૫ વર્ષ દીક્ષાપર્યાય પાળી ૮૪ વર્ષની વૃદ્ધ વયે પ્લાંસ્વા ગામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. સ્વ૦ પૂ૦ ગુરુદેવની સ્વર્ગારોહણ તિથિના દિવસે પૂજા, ભાવના તથા પ્રભાવના વગેરે થયું હતું. સાકરની પ્રભાવના શ્રી મનફરા જૈન સંઘ તરફથી થઇ હતી.

**ભોરોલ:** પૂ૦ મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજની નિશ્રામાં અસાડ વદિ ૬ ના રોજ દાદાશ્રી જિતવિજયજી મ૦ ની સ્વર્ગારોહણ તિથિ ઉજવવામાં આવી હતી. આયંબિલ, પૂજા, ભાવના, પ્રભાવના વગેરે થયું હતું મુનિ શ્રી મહિમાવિજયજી મહારાજે નવ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.

**ભાભર**: પૂ૦ આ૦ શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં કચ્છ-વાગડ દેશોદ્ધારક સ્વ૦ શ્રી જિતવિજયજી દાદાની સ્વર્ગારોહણ તિથિ ઉજવવામાં આવી હતી. પૂ૦ આચાર્યદેવે દાદાશ્રીના જીવન ઉપર સુંદર પ્રકાશ પાડયો હતો. રોજ ઘર દીઠ આયંબિલ ચાલુ છે. પૂ૦ મુનિરાજ શ્રી રંજનવિજયજી મ૦ ભગવતિજીના યોગોદ્વહન કરી રહ્યા છે.

**દુર્ગાપુર:** (કચ્છ) મુનિરાજ શ્રી બાલચંદ્રજી મહારાજ તથા મુનિરાજ શ્રી વિનયજી મ૦ ચાતુર્માસ છે. વ્યાખ્યાન વગેરેમાં લોકો સારો રસ લઇ રહ્યા છે. ધર્માશધના સુંદર થઇ રહી છે.

**લાંઘણજ.** (મહેસાણા) અત્રેના સંઘની વિનંતિથી પૂ૦ મુનિરાજ શ્રી સુબોધવિજયજી મહારાજ ચાતુર્માસ છે. સામાયિક, પ્રતિક્રમણ, પૂજા અને વ્યાખ્યાન વગેરેમાં સારી સંખ્યામાં ભાઈ-બ્હેનો લાભ લે છે.

**વિદ્યાર્થી વ્યાખ્યાનમાળા:** મુંબઇ ખાતે હાઈસ્કુલ તથા કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓમાં સંસ્કાર અને સદાચારની વૃદ્ધિ થાય એ હેતુથી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ મુંબઈ તરફથી વિદ્યાર્થી વ્યાખ્યાન માળા શરૂ કરવામાં આવી છે. ખાલસા કોલેજના પ્રોફેસર શ્રી ધનશ્યામભાઈ જોષી એમ. એ. એ નિ:સ્વાર્થભાવે સેવા આપવાનું સ્વીકાર્યું છે.

**સ્વર્ગારોહણ તિથિ:** ગોળ (ફત્મેદાબાદ) પૂ૦ મુનિરાજ શ્રી સુજ્ઞાનવિજયજી મહારાજની નિશ્રામાં સ્વ૦ પૂ૦ જિતવિજયજી દાદાની સ્વર્ગારોહણતિથિ ઉજવવામાં આવી હતી. વર્ધમાન તપ આયંબિલ ખાતું શરૂ થયું છે. નવલાખ શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ સામુદાયિકપણે નવ દિવસ થયો હતો. જાપમાં ૪૦ ની સંખ્યા હતી.

**મોટા અંગીઆ:** (કચ્છ) પૂ૦ મુનિરાજ શ્રી સુબોધવિજયજી મ૦ તથા મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મ૦ ચાતુર્માસ બિરાજમાન છે. મહારાજશ્રીના ઉપદેશથી બકરી ઇદના દિવસે શા લાલજીભાઇ પોપટલાલ તરફથી સારી સંખ્યામાં આયંબિલો થયાં હતાં. ચંદનબાળાનો અટ્ઠમ આઠ બ્હેનોએ તથા અભિગ્રહનો અટ્ઠમ ત્રણ બાળકોએ કર્યો હતો. સ્નાત્રમંડળની સ્થાપના થઇ છે.

**શીહોર:** (સૌરાષ્ટ્ર) મુનિ શ્રી માનતુંગવિજયજી મ૦ ના સદુપદેશથી વર્ધમાન તપ આયંબિલ ખાતું શરૂ થતાં આયંબિલની ઓળીઓ તથા છૂટક આયંબિલ સારા પ્રમાણમાં થાય છે. શ્રી સંઘમાં રોજ એક આયંબિલ થાય છે. અસાડ શુદિ ૧૪ ના રોજ બાળકોએ પૌષધ કરતાં શ્રી હીરાભાઇ ગોરધનદાસ તરફથી એકાસણાં કરાવવામાં આવ્યાં હતાં. કર્મસુદનના તપનું આરાધન થયું હતું.

**દીર્ઘ તપસ્વી:** પૂ૦ મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજે દીક્ષા લીધા પહેલાં વર્ષીતપ કર્યો હતો. ત્યારબાદ તળાજામાં સં૦ ૧૯૮૯ માં દીક્ષા લીધા પછી એઓશ્રીએ અભિગ્રહ કર્યો કે 'જીવન પર્યંત એકાસણાથી ઓછો તપ ન કરવો. ઉપવાસના પારણે બેસણું કરવું.' આજ સુધીમાં ત્રણ વર્ષીતપ, વીસ સ્થાનક ઓળી, ભવ આલોચના, મહાનિશીથના યોગ, વચ્ચે વચ્ચે, ચાર વખત અટ્ઠાઇ અને ચાર વખત સોળ ઉપવાસની તપશ્ચર્યા કરી છે. તપશ્ચર્યા

કરવા સાથે શ્રી વર્ધમાન તપની સો ઓળી પૂર્ણ કરી, તેનું પારણું શંખેશ્વર મહાતીર્થમાં કર્યું હતું. પારણા નિમિત્તે સુરેન્દ્રનગરવાળા શ્રી ધારશીભાઈ માણેકચંદ વોરાએ પોતાની ઓરડીએ પગલાં કરાવી ગીનીથી પૂજન કર્યું હતું. હાલ અઠ્ઠમના પારણે અઠ્ઠમથી ચોથો વરસીતપ ચાલુ છે. ચાલુ વરસીતપે અઠ્ઠાઇની તપશ્ચર્યા કરી છે. પૂ૦ મુનિ શ્રી દોલતવિજયજી મહારાજ તેમની સારી એવી વૈયાવચ્ચ કરી લાભ ઉઠાવે છે.

**ખંભાત:** પૂ૦ મુનિશ્રી યશોભદ્રવિજયજી મહારાજની નીશ્રામાં શ્રી નવકાર મહામંત્રના તપની આરાધના ૩૦૦ જેટલા ભાવિકોએ કરી હતી. તપના છેલ્લા દિવસે શેઠ શ્રી ચીમનલાલ હુકમચંદ તરફથી દુધપાકપુરીનું જમણ અપાયું હતું. પારણાના દિવસે શેઠ શ્રી શાંતિલાલ મણિલાલ શ્રોફ તરફથી આરાધકોને જમણ અપાયું હતું. શેઠ શ્રી કાંતિલાલ મણિલાલ શ્રોફ તરફથી શેર–શેર સાકરની પ્રભાવના કરવામાં આવી હતી. બાર વ્રતની પૂજા તથા પ્રભાવના વગેરે થયું હતું.

**ઇનામી મેળાવડો:** જુન્નેર શ્રી મહારાષ્ટ્રીય જૈન વિદ્યાભવનની જૈન પાઠશાળાની તથા શ્રાવિકાશાળાની ધાર્મિક પરીક્ષા શ્રી રામચંદ્ર ડી. શાહે લીધી હતી. તેનો ઇનામી સમારંભ શેઠ શ્રી ઉત્તમચંદ આનંદરામજીના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો પ્રમુખશ્રીના શુભ હસ્તે પુના જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તથા જૈન એજ્યુકેશન બોર્ડના પરીક્ષાના પ્રમાણપત્રો અને ઇનામો વહેંચાયાં હતાં.

**ધાર્મિક પરીક્ષા:** પુના કેમ્પ શાહ ઇશ્વરલાલ ગુલાબચંદ જૈન જ્ઞાનદાન પાઠશાળાની ધાર્મિક પરીક્ષા શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ્રભાઇ ડી. શાહે લીધી હતી. તેનો ઇનામી મેળાવડો ચાતુર્માસ બિરાજમાન પૂ૦ પંન્યાસજી નવિનવિજયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં થયો હતો. આ પ્રસંગે શેઠ શ્રી પુનમચંદભાઇ સંઘવી તરફથી સંગીત સંવાદમાં રહેલી બાળાઓને વીશ રૂ. ના ઇનામો આપવામાં આવ્યાં હતાં અને એક માસમાં અતિચાર પુરા કરનારને રૂ. ૧૧, એક વર્ષમાં ૩૫૦ ગાથા કરનારને રૂ. સાત, દોઢસો ગાથા કરનારને પાંચ રૂ. અને સો ગાથા કરનારને રૂ. ત્રણ ઇનામ આપવાની જાહેરાત કરી છે. પાઠશાળા તરફથી બસો રૂ.નું ઇનામ વહેંચાયું હતું. જૈન પઠશાળાના અભ્યાસકોને શ્રી રીખવચંદ પ્રાગજી તરફથી પેંડાની પ્રભાવના થઈ હતી, ધાર્મિક શિક્ષક તરીકે શ્રી કેશરીચંદભાઇ કામ કરી રહેલ છે.

**હજાર સામાયિક:** લુણાવા જૈન કન્યાશાળાના શિક્ષિકા શ્રી કાંતાબેનની પ્રેરણાથી તેમની હાજરીમાં એક મહિનામાં એક હજાર સામાયિક થાય છે. શ્રી વર્ધમાન તપની ઓળીના તેર બહેનોએ પાયા નાંખ્યા છે.

**સ્ફટીક જયંતિ:** શ્રી વર્ધમાન જૈન પાઠશાળા પંદર વર્ષ પુરાં કરતી હોવાથી તે નિમિત્તે પાઠશાળાના વિદ્યાર્થીઓને ઇનામો અને પ્રમાણપત્રો આપવાનો એક સમારંભ લાલબાગ ઉપાશ્રય ખાતે શેઠ શ્રી ગોવિંદજી ખોનાના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પાઠશાળાના વિદ્યાર્થીઓએ જૈનદર્શન અને તત્ત્વજ્ઞાનને સરળતાથી સમજાવવા માટે હસ્તકામ ચિત્રકામની વસ્તુઓનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનનું ઉદ્ઘાટન શેઠ શ્રી ગુલાબચંદ ગફલભાઇએ કર્યું હતું. લોકોએ સારો એવો લાભ લીધો હતો.

**૮૧ આયંબિલ.** તેરવાડા ખાતે પૂ૦ આ૦ શ્રી વિજયશાંતિચંદ્રસૂરિજી મહારાજના સદુપદેશથી વિઘ્ન નિવારણ અર્થે ૮૧ આયંબિલ કરવાનાં હતાં, પણ વીસ ઘરની વસ્તુમાં ૯૩ આયંબિલ ૧૧–૮–૫૮ ના રોજ થયાં હતાં. ૨૦ બહેનોએ શ્રી વર્ધમાનતપની ઓળી શરૂ કરી હતી. ૫–૬–૭–૮ અને ૯ વર્ષનાં નાનાં બાળકોએ પણ આયંબિલ કર્યું હતું.

**અઠ્ઠાઇ મહોત્સવ:** મુંબઇ–શીવ ખાતે રહેલા શ્રી ધનજી હીરજીભાઇનાં ધર્મપત્ની શ્રી દેવકાબાઇ લોહીના દબાણથી બીજા શ્રાવણ શુદિ ૨ ના રોજ એકાએક અવસાન પામતાં શ્રી ધનજીભાઇએ દુન્યવી રીવાજો તજીને કચ્છ મોટી ખાખર આવી અઠ્ઠાઈ મહોત્સવ શરૂ કરાવ્યો, રોજ આંગી, પૂજા, ભાવના અને પ્રભાવના વગેરે કરી ધર્મ મહોત્સવને ખુબ સારી રીતે ઉજવ્યો

હતો. સાધ્વી શ્રી મણિશ્રીજીની પ્રેરણાથી કર્મસુદનનો તપ કરાવી લાભ લીધો હતો. બીજા પણ પારમાર્થિક કાર્યોમાં સારી એવી રકમનો સદ્વ્યય કર્યો હતો.

**નવલાખ નવકારનો જાપ :** મદ્રાસ નજીક પુડલ તીર્થ (રેડહિલ્સ)માં શ્રી રીખવદાસ જૈન દ્વારા યોજિત નવલાખ નમસ્કાર મહામંત્રની આરાધના સુંદર રીતે થઇ રહી છે. અહિં પધારેલા સાધકોમાંથી બે ખાસ સાધકો દ્વારા સામુદાયિક પ્રાર્થના, શ્રી નવકારની ધૂન અને વિશિષ્ટ મૌનના મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રયોગો થઇ રહ્યા છે. આ સ્થળને જૈન દર્શનની પ્રયોગ-ભૂમિમાં ફેરવી નાંખવાની વિચારણા થઇ રહી છે. અને તે માટે સૌથી પ્રથમ જૈન સંસ્કૃતિ અનુસાર ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણના સમન્વય વડે બાળકોને ઘડતું એક ગુરૂકુળ સ્થાપવામાં આવ્યું છે.

શ્રી રીખવદાસજી જૈન તરફથી આ પ્રદેશની સુધરાઇઓ દ્વારા અમુક દિવસો માટે કતલખાનાઓ બંધ કરાવવાની પ્રવૃત્તિ વધુને વધુ સફળતા પ્રાપ્ત કરી રહી છે.

**માંડલ :** (રાજસ્થાન) મુનિ શ્રી શાંતિવિજયજી મ૦ ચાતુર્માસ બિરાજમાન છે. તેઓના સદુપદેશથી ધર્મકરણી સારા પ્રમાણમાં થઇ રહી છે. વ્યાખ્યાનનો સારી સંખ્યામાં જનતા લાભ લે છે. સાંચોડી ગામથી બાળકો અત્રે વંદનાર્થે આવતાં પૂજા ભાવના અને પ્રભાવના વગેરે થયું હતું. સાધર્મિક ભક્તિનો લાભ શેઠ હિરાચંદજીએ લીધો હતો.

**ઇનામી મેલાવડો :** ગોધરા શ્રી રિદ્ધિવિજયજી જૈન પાઠશાળાનો વાર્ષિકોત્સવ અને ઈનામી સમારંભ તા. ૨૭-૭-૫૮ ના રોજ સવારના નવ વાગે પૂ૦ મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો. પુના વિદ્યાપીઠ અને એજ્યુકેશન બોર્ડના પ્રમાણપત્રો તથા ઈનામો દોશી મણિલાલ પાનાચંદના હસ્તે વહેંચાયા હતાં. પૂ૦ મહારાજશ્રીએ ધાર્મિક શિક્ષણના વિકાસ અંગે વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે ગરબામાં ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને શ્રી મણિલાલ મગનલાલ ચોકસી તરફથી પીત્તળના પ્યાલા આપવામાં આવ્યા હતા. શ્રી બાબુભાઇ રાઈસમીલવાળા તરફથી રૂા. ૧૧ સૂત્રોના ઈનામ માટે મળેલા, અને દોશી મંગળદાસ લલ્લુભાઇ તરફથી રૂા. ૧૧ શ્રી ઉમંગલાલભાઇ શિક્ષકને કદર રૂપે અપાયા હતા.

**શીવગંજ ;** [એરણપુરા] શ્રી આત્માનંદ જૈન વાચનાલયની સ્થાપના તા. ૨૭-૭-૫૮ ના થઈ છે. તેનું ઉદ્ઘાટન જિલ્લા કોંગ્રેસ ઉપાધ્યક્ષ શ્રી કેસરાજજી દ્વારા થયું હતું.

**અટ્ઠમ તપશ્ચર્યા :** વિરમગામ પૂ૦ મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજના ઉપદેશથી પ્ર. શ્રાવણ શુ. ૧૨-૧૩-૧૪ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના અટ્ઠમ તપની આરાધના ૧૪૦ જણે કરી હતી. અટ્ઠમ તપના ઉદ્યાપન નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન કરાવવાનો શ્રી સંઘે નિર્ણય કર્યો છે. દર મંગળવારે 'માનવધર્મ' ઉપર જાહેર વ્યાખ્યાન અપાય છે.

**ધર્મપ્રવૃત્તિ :** લુણાવા (મારવાડ) આ સાલ પૂ૦ સાધુ-સાધ્વીજી મહારાજ ચાતુર્માસ નથી છતાં જૈન પાઠશાળાના માસ્તર ભોગીલાલ તથા જૈન કન્યાશાળાનાં શિક્ષિકા બેન શ્રી કાંતાબેનના પ્રયત્નથી સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ વગેરે ક્રિયાઓ સારા પ્રમાણમાં થાય છે, ચોમાસી ચૌદશના પૌષધ કરનાર ભાઇ-બ્હેનોની સંખ્યા ૭૫ ની હતી. અસાડ વદિ ૧૪ ના પૌષધ ૪૦ થયા હતા. તેઓની ભક્તિ શ્રી ચુનીલાલજી ખેતાજીએ કરી હતી. શ્રાવણ શુદિ ૧૪ ના પૌષધ ૬૬ થયા હતા. તેમાં પાઠશાળાના ૩૫ વિદ્યાર્થીઓએ પૌષધ કર્યા હતા. તેઓની ભક્તિ શ્રી ચુનીલાલ હંસાજી તરફથી થઇ હતી.

**આજે બેફામ હિંસા વધી છે. :** અફસોસની વાત છે કે જે રાજ્ય અહિંસાથી આવેલું છે, તે રાજ્યમાં આજે હિંસા બેફામ વધી રહી છે. જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં ૬૯૦૦૦ વાંદરાઓ પ્રયોગો માટે અમેરિકા મોકલ્યા. પાંચ લાખ જંગલી પક્ષીઓને યુરોપ મોકલવામાં આવ્યા. વળી દર વર્ષે મુંબઈમાંજ આશરે દશથી બાર હજાર કુતરાઓને ઈલેકટ્રીક કરંટથી મારી નાંખવામાં આવે છે. વર્ષે એક કરોડ જેટલી ગાયોની કતલ થાય છે, લાખો ઉંદરોને પુંછડીથી પકડીને જમીન સાથે પછાડીને મારી નાંખવામાં આવે છે. માંખી, મચ્છર, માંકડ અને માછલાઓની હિંસાનો તો પાર નથી. આજે

આ છે આપણો આર્યાવર્ત દેશ! આ છે આપણું સ્વતંત્ર રાજ્ય! અત્રે સૌ કોઇ સજ્જનોને નમ્ર ભલામણુ છે કે, તમામ પ્રાણીઓની રક્ષા માટે તન, મન, ધન, સત્તા, લાગવગ અને બુદ્ધિ-બળનો ઉપયોગ કરી હિંસાને અટકાવવા કટિબદ્ધ બનો, જીવદયા માટે પૈસા મોકલવાની ઇચ્છા હોય તેઓએ અમારા ઉપર મોકલી આપવા, તેની પાઇએ-પાઇનો સદુપયોગ પ્રાણીઓને બચાવવામાં થશે, **શાંતુભાઇ સારાભાઇ ઝવેરી** ૫૮/૬૭ મીરઝા સ્ટ્રીટ મુંબઇ-૩

**અમી ઝર્યાં:** અગીઆળી (શીહોર) એક નાનુ દહેરાસર છે. શ્રી પાર્શ્વનાથ ભ. મૂળનાયક છે. પંદર દિવસ સુધી સ્ફટિક જેવું અમી ઝરતું હતું. આ હકીકતની જાણુ બીજા ગામોમાં થતાં સેંકડો માણસો દર્શનાર્થે આવી ગયા છે, અને દરેકે નજરે જોયું છે. શિહોરના વતની શ્રી જયંતિલાલ ટી. શાહે તથા શિહોરના પોલીસ ખાતાના કોન્સ્ટેબલે પણુ આ નજરે જોયું છે. આ પણુ એક ચમત્કારિ ઘટના છે. વિજ્ઞાનને વધું પડતું મહત્ત્વ આપનાર આજના કેળવાયેલા માનવા તૈયાર નહિ થાય પણુ શિહોરના તેમજ આજુ-બાજુના હજારો ભાઈ બહેનો જઇ આવ્યા છે. અને તેઓએ નજરે જોયું છે. અંગલુંછણાંથી બરાબર સાફ કરી નાંખ્યા પછી રોજના ૪૦-૫૦ તોલા અમી ઝરતું: અમી આજ સુધી ઝરે છે, એવા સમાચાર આ લખાય છે ત્યાં સુધી મળે છે. અગીઆળીમાં જૈનોના ૭ ઘરો છે.

**આમરણાંત ઉપવાસ:** મહાવીર સ્વામિનો આચાર ધર્મ (આચારાંગ સૂત્રનો છાયાનુવાદ) શ્રી ગોપાળદાસ પટેલે કર્યો છે. અને તે પુસ્તકના ૮૧ અને ૮૪ મા પાના ઉપર માંસ-મચ્છીના આહારને આચાર રૂપે જણાવેલ છે. એથી એ પુસ્તકને પ્રચાર પામતું અટકાવવા અને રદ કરવા શ્રી માંડવલા મહાવીર જૈન સભાના પ્રધાનમંત્રી શ્રી હીરાલાલ જૈને શ્રી ગોપાળદાસ સાથે પત્ર વ્યવહાર કર્યો હતો. શ્રી પટેલ જવાબમાં એવા આશયનું જણાવે છે, કે 'પહેલા પણુ માંસાહાર થતો હતો એટલે ઉદારતા રાખવી જોઈએ.' એટલે હવે આ પુસ્તકને પાણીમાં પધરાવી દેવા માટે શ્રી હીરાચંદજી જૈન શ્રાવણુ વદિ ૧૩ થી ઉપવાસ ઉપર ઉતરવાના છે. શ્રી ગોપાળદાસ પટેલે જે શબ્દોનો માંસ-મચ્છી અર્થ કર્યો છે તે વનસ્પતિ વાચક શબ્દો છે અને તે અનેક રીતે સ્વ૦ પૂ૦ આ૦ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબે સાબીત કરી બતાવેલ છે.

**જીવો અને જીવવા દો:** શ્રી ચીખલી તાલુકા પશુવધ કમિટિના નિઃસ્વાર્થી અને સેવાભાવી કાર્યકરો 'જીવો અને જીવવા દો' નું જબ્બર આંદોલન ચલાવી સુરત જિલ્લાના ગામોમાં દેવી-દેવતાઓના મંદિરોમાં અજ્ઞાન અને પછાત વર્ગના માનવો પશુઓનું જે બલિદાન આપતા હતા તે ગામ લોકોનો સહકાર મેળવી સમજાવીને બંધ કરેલ છે. હજુ કેટલાક મંદિરોમાં આ સંહાર ચાલી રહ્યો છે તેને બંધ કરાવવા કમિટિ પ્રયાસ અને પ્રયત્ન કરી રહી છે. આર્થિક સહાયની પણુ એટલી જ જરૂર રહે છે. તો જીવદયા-પ્રેમી દાનેશ્વરી બંધુઓને જીવોને અભયદાન અપાવવા આર્થિક સહાય કરવા નમ્ર વિનંતિ કરીએ છીએ, મદદ મોકલવાનું સ્થળ-શ્રી ખુબચંદ ગુલાબચંદ વાયા-નવસારી, સીસોદરા (ગણેશવડ.)

**પબ્લિક ટ્રસ્ટ:** બ્યાવર-રાજસ્થાન જૈન સંસ્કૃતિ રક્ષક સભાએ રાજસ્થાનમાં હિન્દુ પબ્લિક ટ્રસ્ટ આવી રહ્યું છે તેનો તા. ૧૭-૭-૫૮ ના રોજ વિરોધનો ઠરાવ કર્યો છે. આ બીલ આવવાથી ધાર્મિક સંસ્થાઓ અને મંદિરોને કેટ-કેટલું નુકશાન થશે તે કેશરીયાજીનો દાખલો આપી વિદિત કર્યું છે, સાથે-સાથે જ્યાં જ્યાં ટ્રસ્ટો વ્યવસ્થિત રૂપે ન હોય ત્યાં વ્યવસ્થિત રૂપે રાખવાનો આગ્રહ કર્યો છે.


## ધાર્મિક શિક્ષક જોઇએ છે.

અત્રેની પાઠશાળા તથા જૈન બોર્ડીંગમાં ધાર્મિક શિક્ષકની જરૂર છે. તો ઉંમર, અભ્યાસ, અનુભવ વગેરે નીચેના સ્થળે લખો. અથવા રૂબરૂ મળો.

મુનિરાજ **શ્રી મુક્તિવિજયજી મહારાજ**
ઠે. પેચકાવાળી ધર્મશાળા પોસ્ટ એરણપુરા
**શીવગંજ** (રાજસ્થાન)

## નવા સભ્યોનાં શુભ નામો

રૂ. ૧૧, શ્રી મનસુખલાલ ચીમનલાલ મુંબઇ-૪ શ્રી જયંત પી. શાહની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી ભંવરલાલ ખુશાલચંદ ખાપર શ્રી રીખવચંદ હાથીચંદની શુભપ્રેરણાથી.

રૂ, ૧૧, શ્રી વેલજી રાયશી ચંદેરીઆ ખારાબેરાજા.

રૂ. ૧૧, શ્રી જેઠમલજી સુકનરાજ મદ્રાસ ૧

રૂ. ૧૧, શ્રી વલમચંદ મંછારામ રાતા

રૂ. ૧૧, શ્રી જીવરાજ જુઠાભાઈ ચલાળા

રૂ. ૧૧, શ્રી છોટાલાલ મલુકચંદ મુંબઇ-૪

રૂ. ૧૧ શ્રી મુગટલાલ જેચંદભાઈ મુંબઇ-૭

રૂ. ૧૧ શ્રી જિતેન્દ્રભાઇ ભગવાનદાસ મુંબઇ-૨

રૂ. ૧૧ શ્રી ડાહ્યાભાઈ ગણેશભાઇ રાજકોટ

રૂ. ૧૧ શ્રી ચંપકલાલ ખુશાલદાસ મીયાગામ

રૂ. ૧૧ શ્રી બેંતાલીસ વીશા શ્રીમાલી જૈન છાત્રાલય વિશનગર.

વેલજીભાઇ મેઘજીની શુભપ્રેરણાથી થયેલા સભ્યો નીચે મુજબ.

૧૧, શ્રી ગુઢકા સ્ટોર્સ મુંબઇ-૨૨

૧૧, શ્રી ઝવેરચંદ તેજશી મુંબઇ-૪૮

૧૧, શ્રી હરખચંદ લખમશી થાણા

૧૧, શ્રી કાનજીભાઇ પુંજા મુંબઇ-૯

૧૧, શ્રી ખેતસીભાઈ દેપાર મુંબઇ-૧૧

રૂ. ૧૧, શ્રી પ્રેમચંદ મોહનલાલ માંડલા શ્રી હીરાલાલ ઉણુવાળાની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી જીવરાજ મેત્રજીભાઈ મુંબઇ-૧૨ શ્રી દેવજીભાઇ જેઠાભાઇની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી કેશવજી જીવરાજ માલ્હે મલાડ ઉપર મુજબની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી નરભેરામ જગજીવનદાસ સંઘવી મુંબઇ-૨ પૂ૦પંન્યાસજી કનકવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂ. ૧૧, શ્રી છોટાલાલ મોરારજી ધામી મેંગલોર શેઠ શ્રી અમરચંદ કુંવરજીની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી દલસુખભાઇ પાનાચંદ અમદાવાદ

રૂ. ૧૧, શ્રી હીરાચંદ કસ્તુરચંદ સુરેન્દ્રનગર શ્રી ચંપકલાલ ચુનીલાલની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી ભાઇલાલ હરિલાલ અમદાવાદ

રૂ. ૧૧, શ્રી નગીનદાસ અમૃતલાલ શાહ શ્રી ચંદ્રસેન મગનલાલ નાણાવટીની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી આત્મવલ્લભ જૈન લાઇબ્રેરી બિજાપુર.

રૂ. ૧૧, શ્રી તારાચંદ રાજમલની કું૦ મુંબઇ-૩.

★

## ★ ક્ષ ૦ મા ૦ પ ૦ ના ★

ક્ષણે ક્ષણે પલટાતી મનોભાવનાને આત્મામાં સ્થિર કરી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવામાં પર્વાધિરાજ પર્યુષણા પર્વ એક મહાન આલંબનરૂપ મહાપર્વ છે.

માનવદેહથી સુંદર આરાધના કરી નિર્મળ અને નિષ્પાપ થવા માટેનું સર્વ શિરોમણિ પર્યુષણાપર્વ એક મહાન કલ્યાણકારી પર્વ છે.

પરિમિત અને આધ્યાત્મિક જીવનની ઉન્નત ભાવના કેળવવા માટે પર્વોનો મુકુટમણિ પર્યુષણા પર્વ એક મહામંગલકારી પર્વ છે.

નાશવંત અને ક્ષણભંગુર દેહની વિષમતા વિચારી સરળ અને સાત્વિક જીવન જીવવા હૃદયના ઉત્કૃષ્ટ ભાવે ક્ષમા માંગી આત્માને હળવો બનાવવા માટે પર્વાધિરાજ પર્યુષણા પર્વ એક ક્ષમાપના પર્વ છે.

શ્રી દલીચંદ ભુદરભાઇ ગાંધી

# —:૦ કથા–વાર્તાનાં અનુપમ પ્રકાશનો ૦:—

## શ્રી મોહનલાલ ધામી કૃત

| | |
|---|---|
| મગધેશ્વરી ત્રણ ભાગ | ૧૩–૮ |
| બંધન તુટયાં ત્રણ ભાગ | ૧૩–૮ |
| રૂપકોશા બે ભાગ | ૯–૦ |
| સિદ્ધ વેતાલ ત્રણ ભાગ | ૫–૮ |
| વિશ્વાસ | ૬–૪ |
| પચરંગી ફુલો | ૩–૦ |
| અમર બલિદાન | ૧–૮ |

## પંન્યાસજી કનકવિજયજી ગણિ કૃત

| | |
|---|---|
| કથારત્ન મંજુષા | ૩–૦ |
| સંપત્તિનો નશો | ૦–૧૨ |
| પવિત્રતાના પથ પર | ૦–૧૨ |
| સંસ્કાર દીપ | ૨–૦ |
| દીપમાળ | ૧–૪ |
| ધર્મની દિશા | ૨–૦ |

## જયભિક્ખુ

| | |
|---|---|
| ભ૦ મહાવીર | ૩–૦ |
| [ વીશ ચિત્રો સાથે ] | |
| સદ્વાંચનમાળા સેટ બે | ૫–૦ |
| [ ૨૨ બાળ પુસ્તિકાઓ ] | |
| બાળ ગ્રંથાવલિ ત્રણ સેટ | ૯–૦ |
| [ ૪૮ પુસ્તિકાઓ ] | |
| જૈનધર્મની પ્રાણીકથાઓ | ૧–૪ |
| લાખેણી વાતો | ૨–૦ |
| વીરધર્મની વાતો | ૩–૦ |
| મલ્લીનાથ | ૨–૮ |
| અંજના | ૩–૮ |
| સતની આંધી પૃથ્વી | ૨–૦ |
| ચક્રવર્તી ભરતદેવ | ૪–૮ |

## આત્માનંદ સભા

| | |
|---|---|
| આદિનાથ ચરિત્ર | ૧૦–૦ |
| પાર્શ્વનાથ ચરિત્ર | ૧૩–૦ |
| શાંતિનાથ ચરિત્ર | ૭–૮ |
| તીર્થંકર ચરિત્ર | ૬–૮ |
| [ ૨૪ ફોટા સાથે ] | |
| શ્રેયાંસનાથ ચરિત્ર | ૭–૮ |
| દમયંતી ચરિત્ર | ૭–૮ |
| સંઘપતિ ચરિત્ર | ૬–૮ |
| કથારત્નકોષ ભા. ૧ | ૧૦–૦ |
| કથારત્નકોષ ભા. ૨ | ૭–૮ |
| આદર્શ સ્ત્રીરત્નો | ૨–૦ |
| અનેકાંતવાદ | ૧–૦ |
| નમસ્કાર માહાત્મ્ય | ૧–૦ |

## શ્રી ચંદુલાલ એસ. શાહ

| | |
|---|---|
| તેજતર્પણ | ૪–૦ |
| [જગડુશાહનું જીવન] | |
| ઇલાચીકુમાર | ૩–૦ |
| કયવન્ના શેઠ | ૩–૪ |
| મયણાસુંદરી | ૩–૦ |
| અમરકુમાર | ૪–૦ |
| શાલિભદ્ર | ૪–૦ |

## સારાભાઇ નવાબ

| | |
|---|---|
| પુરીષાદાણી પાર્શ્વનાથ | ૪–૦ |
| કથામંજરી ભા. ૧ લો | ૨–૮ |
| કથામંજરી ભા. ૨ જો | ૨–૮ |
| શ્રીપાલ કથા | ૪–૦ |

## હિન્દી પ્રકાશનો

| | |
|---|---|
| રાજા ભીમકુમાર | ૦–૮ |
| ત્રિષષ્ઠિ શલાકાપુરૂષ | ૭–૮ |
| ભ૦ મહાવીર | ૪–૦ |
| સંભવનાથ | ૦–૧૦ |
| વિક્રમચરિત્ર | ૫–૦ |
| વીરધર્મકી કહાનીયાં | ૨–૦ |
| જૈનધર્મકી પ્રાણીકથાએ | –૮ |
| રાજા તેજસિંહ | ૦–૬ |

## વાર્તાના જુદાજુદા લેખકોના પ્રકાશનો

| | |
|---|---|
| નર્મદાસુંદરી | ૨– |
| સૌરભ | ૨– |
| કુમારપાળ ભૂપાળ ભા. ૧–૨ | ૪–૮ |
| મોતીશા શેઠ | ૨–૮ |
| વિક્રમચરિત્ર | ૪– |
| સુદર્શના ચરિત્ર | ૫– |
| ગુણસેન અગ્નિશર્મા | ૨– |
| શૌર્યનાં તેજ | ૧– |
| વર્ધમાન દેશના | ૪– |
| સમરાદિત્ય કેવલી | ૫– |
| સતી રત્ન કથા સંગ્રહ | |
| વાર્તાવિહાર | ૧– |
| ગંગાપ્રવાહ | |
| જીવનની દિશા | |
| ભવડ–ભાવડ | ૭– |

## તીર્થ અંગેનાં પ્રકાશનો

| | |
|---|---|
| શત્રુંજય માહાત્મ્ય | |
| શત્રુંજય મહાતીર્થોદ્ધાર વર્ણ[ન] | |
| શત્રુંજય તીર્થદર્શન | |
| શત્રુંજય દિગ્દર્શન | |
| શત્રુંજય [આલ્બમ] | |
| ભારત જૈન તીર્થદર્શન | |
| શંખેશ્વર મહાતીર્થ | |
| તીર્થરાજ આબુ | |
| અચલગઢ | |
| રાણકપુર પંચતીર્થિ | |
| ઉપરીયાળા તીર્થ | |
| પ્રાચીન તીર્થભૂમિઓ | |
| આબુ પ્રદક્ષિણા | |
| ચાર તીર્થો | |

## અધ્યાત્મનાં પ્રકાશનો

| | |
|---|---|
| કર્મયોગ | |
| નિશ્ચય–વ્યવહાર | |
| અધ્યાત્મ કલ્પદ્રુમ | |
| આનંદઘન પદો | |
| આનંદઘનપદસંગ્રહ | |
| આંતર જ્યોતિ | |

**સોમચંદ ડી. શાહ** ઠે૦ જીવનનિવાસ સામે **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

:: મુદ્રક :: કાંતિલાલ ડી. શાહ :: કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ :: પાલીતાણા (સૌરાષ્ટ્ર)